સંસ્કૃતશિક્ષિકા.

નવીન પદ્ધતિને આધારે.

સંસ્કૃત સાહિત્યનાં રસમય વાક્યો ને શ્લોકોથી ભરપૂર.

કર્તા

રાવ બહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,

પ્રિન્સિપલ, પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ,

(મુંબઈ યુનિવર્સિટિના ઑનરરિ ફેલો, એક વખત, સામળદાસ, એલ્ફિન્સ્ટન, ને ડેક્કન કૉલેજના સંસ્કૃત ભાષાના પ્રૉફેસર, ને મુંબઈ તેમજ પંજાબ યુનિવર્સિટિના સંસ્કૃત પરીક્ષક).

દ્વિતીય આવૃત્તિ (શોધિતવર્ધિત).

सुखार्थिनः कुतो विद्या नास्ति विद्यार्थिनः सुखम् ।
सुखार्थी वा त्यजेद्विद्यां विद्यार्थी वा त्यजेत् सुखम् ॥

સંવત્ ૧૯૬૮, ઇ. સ. ૧૯૧૨.

મુંબઈ,

" તત્ત્વવિવેચક " પ્રેસમાં છાપ્યું.

કિંમત રૂા. ૧-૪-૦.

કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ પ્રકાશિત કરેલા અન્ય ગ્રન્થોઃ—

संस्कृतग्रन्थो—

(બૉમ્બે સંસ્કૃત સીરીઝ્માં)

१ **भट्टिकाव्यम्** (मल्लिनाथप्रणीतसर्वपथीनसमेतम्) । (બે ભાગમાં).

२ **रेखागणितम्** (सम्राड्जगन्नाथप्रणीतम्) । (બે ભાગમાં).

३ **एकावली** (विद्याधरप्रणीता) मल्लिनाथरचिततरलोपेता ।

४ **प्रतापरुद्रयशोभूषणम्** (विद्यानाथप्रणीतम्) ।

५ **वैयाकरणसिद्धान्तभूषणम्** (कोण्डभट्टविरचितम्) (છપાય છે).

६ **षड्भाषाचन्द्रिका** (लक्ष्मीधरप्रणीता) (છપાય છે).

ગુજરાતી—

૧ **શ્રીબ્રહ્મસૂત્રશાંકરભાષ્યાનુવાદ**—બે ભાગમાં (ગુ૦ વ૦ સો૦).

૨ **સંસ્કૃત પ્રથમ પુસ્તક**—(વડોદરાની ' જ્ઞાનમંજુષા ' માં).

૩ **સંસ્કૃત દ્વિતીય પુસ્તક**—(ડૉ. ભાંડારકરનાનું ભાષાન્તર. સરકારી).

૪ **કર્તવ્ય**—(સ્માઇલ્સકૃત ' ડ્યૂટિ ' નું ભાષાન્તર, ૨ જી આવૃત્તિ. ગુ૦ વ૦ સો૦).

૫ **ઇંગ્લંડની ઉન્નતિનો ઇતિહાસ**—(બકલકૃત અંગ્રેજી પુસ્તક ઉપરથી. ગુ૦ વ૦ સો૦).

English—

Brief History of England.

The Sanskrit Teacher.

' સંસ્કૃતશિક્ષિકા ' તેમજ ' The Sanskrit Teacher '
મળવાનાં ઠેકાણાંઃ—

રા. રા. **કેરસનદાસ નારણદાસ**, બુક–સેલર, નાણાવટ, **સુરત**
તથા
મુંબાઈ ને બીજાં મુખ્ય સ્થળોના ચોપડી–વેચનારાઓ.

પ્રસ્તાવના.

અમૂલ્ય પ્રાચીન સાહિત્યના ભંડારરૂપ સંસ્કૃત ભાષાનો અભ્યાસ, પ્રાચીન શોધ, ભાષાવિજ્ઞાન, આદિ અનેક દૃષ્ટિબિંદુથી વિચારતાં સર્વ પ્રજાને લાભકારક છે; પણ હિંદુ પ્રજાને તે વિશેષ લાભકારક છે; કેમકે તેનું જીવન ધર્મના વિચારોથી ગ્રથિત થયલું છે. દેશી ભાષાઓના પરિપૂર્ણ જ્ઞાન અને ખિલવટ માટે તેમજ ધર્મશાસ્ત્ર અને ષડ્દર્શનના ગ્રન્થ વગેરે સમજવા માટે એ જ્ઞાન આવશ્યક છે. જે સાહિત્યથી સુધરેલા દેશોની પ્રજા ચકિત થાય છે અને જર્મન, અંગ્રેજ, અમેરિકન વગેરે વિદ્વાનો જેના અભ્યાસમાં પોતાનું જીવન અર્પણ કરે છે તે આપણું પોતાનું સાહિત્ય સમજવાની આપણા પોતામાં ઇચ્છા હોવીજ જોઈએ.

હાઇસ્કૂલો ને કૉલેજોમાં મારી નોકરીના દર્મિયાનમાં મને માલમ પડ્યું છે કે શિષ્યવર્ગમાં રસ ઉત્પન્ન ન થવાથી સંસ્કૃત ભાષાના અભ્યાસને ઘણી હાનિ થાય છે. ખરેખર, વિષય યોગ્ય રીતે શિખવાય અને સાહિત્યના કીમતી ખજાનાનું દિગ્દર્શન કરાવવામાં આવે તો તે પર વિદ્યાર્થીને એવો પ્રેમ થાય છે કે તે જીવનપર્યન્ત ટકે છે. આમ અભ્યાસમાં રસ ઉત્પન્ન કરી માર્ગ સુગમ કરવાના ઉદ્દેશથી કંઈક નવીન પદ્ધતિ પર આ '**संस्कृतशिक्षिका**' રચવામાં આવી છે.

આ પુસ્તકનાં ખાસ લક્ષણ નીચે પ્રમાણે છે:—

(**અ**) દરેક પાઠમાં શિષ્યવર્ગને ઉત્તમ સાહિત્ય પૂરૂં પાડવામાં આવ્યું છે. ગદ્ય ને પદ્યના ઉલ્લેખો ઘણો શ્રમ લઈ પસંદ કર્યા છે. પ્રાચીન કાવ્ય, નાટક, રામાયણ, મહાભારત, ગીતા, ઉપનિષદ્ વગેરે ઉત્કૃષ્ટ સાહિત્યમાંથી એ વાક્યો લીધાં છે. સંભાષણમાં સામાન્ય પ્રચાર પામેલાં, દર રોજના જીવનમાં ઉપયોગી, ને શિષ્ટ વર્ગથી બહુધા પ્રયોજાતાં, એવાં કહેવતરૂપ થયલાં ઘણાં વાક્યો (જેમકે **गतानुगतिको लोको न लोकः पारमार्थिकः, अयमपरो गण्डस्योपरि स्फोटः, आम्रान् पृष्टः कोविदारान् व्याचष्टे, क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः, महदपि परदुःखं शीतलं सम्यगाहुः**), તેમજ નીતિ ને જ્ઞાનથી પરિપૂર્ણ પદ્યો આ રીતે દાખલ કરવામાં આવ્યાં છે. આથી ધર્મ ને નીતિના ઉચ્ચ વિચારો મનમાં આવ્યા વિના રહેશે નહિ અને સૃષ્ટિમાં જે કંઈ ઉચ્ચ ને ઉત્કૃષ્ટ છે તે તરફ આદર ને આસ્થા, વિદ્યા ને નીતિ પ્રતિ ભાવ, અધિકાર ને આપ્તવર્ગ પ્રતિ સન્માન, ને ઈશ્વર પ્રતિ પૂજ્યભાવ ઉત્પન્ન થયા વિના રહેશે નહિ.

(**આ**) ગ્રન્થને અન્તે ગદ્ય ને પદ્યનો મોટો સંગ્રહ આપ્યો છે. ગદ્યના ઉતારા **पञ्चतन्त्र, दशकुमारचरित, कादम्बरी,** ને **शंकराचार्य**ના ગ્રન્થોમાંથી કર્યા છે. આથી વાચકવર્ગને ભિન્ન ભિન્ન ભાષાશૈલીનો ખ્યાલ આવશે. પદ્યો **चाणक्य, भर्तृहरि, कालिदास, भवभूति** વગેરેના ગ્રન્થો, **रामायण, महाभारत** આદિ અનેક ગ્રન્થોમાંથી લેવામાં આવ્યાં છે.

(ઘ) કોઈ પણ ભાષા તેના કાવ્યસાહિત્યના અભ્યાસથી સુગમ થાય છે; કેમકે કાવ્યોમાં નીતિ ને જ્ઞાનના પરિપૂર્ણ વિચારો લલિત પદોમાં ગૂંથેલા હોય છે. એવાં ઉત્કૃષ્ટ પદ્યો સાહિત્યનાં રત્ન છે. તેને મોંએ કરવાથી ભાષા આપણુને વશ થાય છે ને તે પ્રતિ આપણા પ્રેમ ને રસમાં વૃદ્ધિ થાય છે. દરેક પાઠમાં તેમજ ગ્રન્થને અન્તે ઉત્તમ ગદ્યનો અને લગભગ બસેં પદ્યનો મોટો સંગ્રહ કરવામાં આજ ઉદ્દેશ લક્ષમાં રાખવામાં આવ્યો છે.

(ઈ) રસ ઉત્પન્ન કરવા સંસ્કૃત વૃત્તો ને અલંકારનું પણ કંઈક જ્ઞાન આપવામાં આવ્યું છે. ગણોની રચના સમજાવી, **मालिनी, वसन्ततिलका, हरिणी, शिखरिणी** આદિ છન્દોનાં લક્ષણ આપ્યાં છે, ને **उपमा, रूपक, अर्थान्तरन्यास, अन्योक्ति** આદિ અલંકારનું સ્વરૂપ પાઠોમાં તેમજ ગ્રન્થને અન્તે આપેલાં ટિપ્પણમાં સમજાવ્યું છે.

(ઉ) વાક્યથી આરંભ કરી શિષ્યવર્ગનો પ્રવેશ લાગલો સાહિત્યમાંજ કરાવ્યો છે ને વ્યાકરણને આપવું જોઈએ તેમ ગૌણજ સ્થાન આપ્યું છે. આની યોજના નીચે પ્રમાણે કરી છે. દરેક પાઠના આરંભમાં થોડાંક વાક્યો આપી તેનો અર્થ સમજાવ્યો છે ને તેમાં તે પાઠમાં આવતાં નવીન વ્યાકરણનાં રૂપ તરફ શિષ્યવર્ગનું લક્ષ ખેંચવા તેમને મોટે અક્ષરે છપાવ્યાં છે. પછી વ્યાકરણનાં રૂપો તૈયાર આપ્યાં છે, ને છેવટે તેમાંથી નીકળતા નિયમો દર્શાવ્યા છે. આ પ્રમાણે પૃથક્કરણની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એ પદ્ધતિ શાળામાં ભણતા શિષ્ય તેમજ મોટી ઉમ્મરના અભ્યાસક બંનેની બુદ્ધિ ખિલવશે ને રસિક પણ થશે. વિદ્યાર્થીએ પ્રથમ રૂપો ઓળખતાં શીખવું ને પછી તેનો અભ્યાસ કરવો. મોટી વયના અભ્યાસક રૂપો ઓળખતાં શીખશે તો બસ છે.

(ઊ) સંસ્કૃત સાહિત્યના અભ્યાસ માટે વ્યાકરણની જે મુખ્ય બાબતોનું જ્ઞાન આવશ્યક છે તે સર્વનો સંક્ષેપમાં આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભાષામાં કવચિતજ માલમ પડતાં અપ્રસિદ્ધ રૂપોનો ત્યાગ કરવામાં પૂરી સંભાળ લેવામાં આવી છે. શિક્ષક ને પરીક્ષક તરીકેના મારા અનુભવથી મને સમજાયું છે કે વિદ્યાર્થીઓ નિયમવિરુદ્ધ રૂપો પરીક્ષાને માટે ગોખી નાંખે છે ને પરીક્ષા થઈ રહે છે કે તરતજ તે રૂપો તદ્દન ભૂલી જાય છે. ભાષામાં પ્રચલિત રૂપોના કયા સામાન્ય નિયમો છે તે તેમના મનમાં ઠસતું નથી. આ અનિષ્ટ પરિણામ ન આવે માટે તેમનું લક્ષ સામાન્ય પ્રયોગો પર ખેંચવામાં આવ્યું છે ને જે નિયમો ઘણાં રૂપોમાં આવે છે તેનું દૃષ્ટાન્તસહિત બરોબર નિરૂપણ કર્યું છે.

(એ) વધારે સહેલાં ને પ્રચાર પામેલાં રૂપોની સમજુતી પ્રથમ આપી છે ને પછી અઘરાં ને ઓછા પ્રચાર પામેલાં રૂપોની. સમાસ ને ભૂતકૃદન્તનું વિવેચન પુસ્તકના આરંભના પાઠોમાં કર્યું છે; કેમકે સંસ્કૃત સાહિત્યમાં તેઓ બહુ વપરાતા દેખાય છે. વળી એજ કારણથી પરોક્ષભૂતકાળની પહેલાં ભવિષ્યકાળોનું નિરૂપણ કર્યું છે ને અદ્યતન ભૂતકાળના ચોથા ને પાંચમા પ્રકારો અન્ય પ્રકારની પહેલાં આપ્યા છે.

(ઐ) છેલ્લા પાઠમાં ભાષામાં સામાન્ય વપરાતા તદ્ધિત ને કૃત્પ્રત્યયો દાખલા સાથે સમજાવ્યા છે.

(ઓ) સંસ્કૃત વ્યાકરણમાં સંજ્ઞાશબ્દો બહુધા અન્વર્થ છે ને એમાંજ તેમની ખૂબી રહેલી છે. વિદ્યાર્થીને આ બરોબર સમજાવાય તો તેમનું ઘણું કામ સહેલું થાય. પણ યુનિવર્સિટિના પરીક્ષક તરીકે મારા જોવામાં આવ્યું છે કે વિદ્યાર્થીનું લક્ષ આ તરફ ખેંચવામાં આવતું નથી એ શોચનીય છે. આજ કારણને લીધે **बहुव्रीहि** જેવા શબ્દોની જોડણી અનેક વિલક્ષણ રીતે થતી જોવામાં આવે છે; ને કેટલાક તો **बहुरि** લખતાં પણ શરમાતા નથી. વિદ્યાર્થીઓ આવી ભૂલો ન કરે ને તેમના મન પર સંજ્ઞાશબ્દો બરાબર ઠસે માટે આ પુસ્તકમાં દરેક પારિભાષિક શબ્દનો અર્થ બરાબર સમજાવવામાં આવ્યો છે. [1]**बहुव्रीहि** શબ્દ જાતેજ, બહુ છે વ્રીહિ–ડાંગર જેની પાસે તે—એ અર્થમાં, **बहुव्रीहि** સમાસ છે ને તેનું સ્વરૂપજ એ સમાસનું સ્વરૂપ દર્શાવે છે કે તેમાં પૂર્વપદ વિશેષણ હોય છે, ઉત્તરપદ વિશેષ્ય હોય છે, ને આખું પદ અન્ય પદનું વિશેષણ થાય છે. **तत्पुरुष** શબ્દનો વિગ્રહ બે રીતે થાય છે–**तस्य पुरुषः** ને **स चासौ पुरुषश्च**. આ રીતે **तत्पुरुष** બે પ્રકારનો છે ને **कर्मधारय** સમાસ એ **तत्पुरुष**નો પેટા ભાગ છે. **वर्तमान** ને **भूत** એ શબ્દો જાતેજ વર્તમાન ને ભૂતકૃદન્ત છે ને તેના સ્વરૂપનું સૂચન કરે છે. વળી સંસ્કૃત વૃત્તોનાં લક્ષણ પણ બહુધા તેજ વૃત્તના પાદમાં આપ્યાં છે. શિષ્યને જ્યારે આ બધું સમજાય છે ત્યારે તેનું શિક્ષણ ઘણું સુગમ ને રસિક થાય છે ને જ્ઞાન ચિરસ્થાયી ને પરિપક્વ બને છે.

(ઔ) વિષયમાં કંઈક પ્રવેશ થાય ત્યાર પછીજ ભાષાન્તર માટે મનોયત્નો આપવામાં આવ્યા છે. આગળ જતાં એ મનોયત્નો લાંબા થાય છે; પણ કંટાળો આપે એવા લાંબા કર્યા નથી. વળી ગુજરાતીમાંથી સંસ્કૃતમાં ભાષાન્તરને માટે થોડાંજ વાક્યો દરેક પાઠમાં આપ્યાં છે.

(ક) સ્વાશ્રયની ટેવ કેળવાય તેટલા માટે પુસ્તકને અન્તે આપેલા 'ગદ્યપદ્યસંગ્રહ' માટે કોશ આપવામાં આવ્યો નથી; પણ ટિપ્પણી આપી છે તેમાં કેટલાક શબ્દો, અઘરી રચના, કઠિન સમાસના અર્થ, ને પૂર્વાપરસંબન્ધ સમજાવવામાં આવ્યાં છે.

(ખ) સરકારી શિષ્યવર્ગ માટે પરિશિષ્ટ આપ્યું છે. સંસ્કૃત શૈલી પ્રમાણે વ્યાકરણ શીખનારને તેમજ આ પુસ્તકના અધ્યયનનું પુનરાવર્તન કરતી વખત ચપળ શિષ્યને તે ઉપયોગી થશે એવી આશા છે.

અમદાવાદ.
ફેબ્રુઆરી ૧૯૧૧. } **કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.**

---

[1] **बहुव्रीहि** એ શબ્દ દ્રવ્યનું માપ ધાન્યથી થતું એવી સામાજિક સ્થિતિનું ભાન કરાવે છે. આ અને બીજા શબ્દોથી ભાષા ઇતિહાસ પર કેવો પ્રકાશ પાડે છે તે પર શિક્ષક ઉત્તમ બોધ આપી શકે.

દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના.

ઘણા થોડા વખતમાં પ્રથમ આવૃત્તિની ૨,૦૦૦ નકલ ખપી જવાથી આ બીજી આવૃત્તિ સંશોધન ને વૃદ્ધિ સાથે છાપી છે. એમાં **કારક**, **સમાસ**, તેમજ **વિશેષણ અને અવ્યય** એ ત્રણ નવા પાઠો ઉમેર્યા છે, ને **સંખ્યાવાચક શબ્દોનો** તેમજ **નિયમવિરુદ્ધ રૂપોનો**—એ બે પાઠ જુદા કર્યા છે. એ પ્રમાણે પાંચ પાઠ વધાર્યા છે, તેમજ **ગદ્યપદ્યસંગ્રહ**માં **ગદ્ય**માં ત્રણનો ને **પદ્ય**માં કેટલાંક પદ્યોનો વધારો કર્યો છે. **ટિપ્પણી**માં વધારો કર્યો છે. સંસ્કૃતમાં ભાષાન્તર માટે ગુજરાતી વાક્યો તો જેને વધારેની જરૂર હશે તે સહજ બનાવી શકશે.

આ પુસ્તક ટ્રેનિંગ કૉલેજો તેમજ હાઈસ્કૂલોમાં ચાલે છે, ત્યાં ધોરણોને અનુસરી નીચે પ્રમાણે શિખવી શકાશે :—

ટ્રેનિં૦ કૉ૦ નું પહેલું વર્ષ તથા અંગ્રેજી ચોથું ધોરણ—પાઠ ૧ થી પાઠ ૨૨ સુધી. પૃ૦ ૧–૭૯.

ટ્રેનિં૦ કૉ૦ નું બીજું વર્ષ તથા અંગ્રેજી પાંચમું ધોરણ—પાઠ ૨૩ થી પાઠ ૩૦ સુધી. પૃ૦ ૭૯–૧૨૮.

ટ્રેનિં૦ કૉ૦ નું ત્રીજું વર્ષ તથા અંગ્રેજી છઠ્ઠું ધોરણ—પાઠ ૩૧ થી પાઠ ૩૮ સુધી. પૃ૦ ૧૨૮–૧૮૩.

ગદ્યપદ્યસંગ્રહમાંથી પાત્રને અનુસારે વિભાગ સહેલાઈથી કરી શકાશે. ૧ **નીતિઃ** એ ચોથા ધોરણના ને ટ્રે૦ કૉ૦ ના પહેલા વર્ષના શિષ્યોને શિખવી શકાશે. બાકીના સંગ્રહમાંથી યથાયોગ્ય વિભાગ કરી લેવા.

વ્યાકરણને ગૌણ રાખી સાહિત્યને પ્રાધાન્ય આપવું એ ભાષાશિક્ષણનો ઉદ્દેશ હોવો જોઈએ ને તે આ ગ્રન્થમાં રાખ્યો છે. વ્યાકરણ રસિક રીતે શિખવવા પૃથક્કરણની પદ્ધતિ આવા સ્વલ્પ, પણ સંસ્કૃતભાષા સમજવા માટે જરૂર જેટલું તમામ વ્યાકરણનો જેમાં સમાવેશ છે એવા, ગ્રન્થમાં બને ત્યાંસુધી વાપરી છે. એ પદ્ધતિજ યુક્ત છે. એ રીતેજ નિયમોનું સંશોધન થયું છે ને એ રીત સંપૂર્ણ રીતે અનુસરાય એમ છે; પરંતુ તેને માટે ઘણાં ઉદાહરણો આપવાં જોઈએ ને એમ કરવાથી ગ્રન્થ ઘણો મોટો થાય. સુજ્ઞ શિક્ષક ઉદાહરણોમાં વધારો કરી શકશે; કેમકે તેને માર્ગસૂચન થયું છે. તેમ નહિ થાય તોપણ શિક્ષણ રસિક થવાનો મૂળ ઉદ્દેશ તો ઉદાહરણો આપ્યાં છે તેટલાંથી પણ પરિપૂર્ણ થશે. આપણી જૂની પદ્ધતિ પ્રમાણે રૂપાવળી ગોખાવી **રઘુવંશ** જેવા કાવ્યનો આરંભ થાય છે ને વ્યાકરણનું જ્ઞાન ભાષાના જ્ઞાન સાથે થતું જાય છે. કોઈ પણ ભાષાનું શિક્ષણ રસિક કરવાની હાલ પણ એજ પદ્ધતિ સર્વત્ર સુધરેલા દેશોમાં અનુસરાય છે.

આ પુસ્તક તેમજ એની અંગ્રેજી પ્રતિકૃતિ આ ઇલાકામાં શાળાઓ માટે સરકારે મંજુર કર્યાં છે, ને તે હાઈસ્કૂલો, ટ્રેનિંગ કૉલેજો, તથા સંસ્કૃત શાળાઓમાં વપરાય છે એ જોઈ સંતોષ થાય છે. અંગ્રેજી પુસ્તક **મધ્ય પ્રાન્તોની** શાળા માટે પણ મંજુર થયું છે, તેમજ **વડોદરા**, **ત્રાવણકોર**, **મહિસુર** વગેરે સ્થળોની શાળામાં વપરાય છે. હિંદુસ્તાનના જુદા જુદા ભાગોના વિદ્વાનોને, પ્રૉ. **મેકડોનેલ** ને પ્રિન્સિપલ **વેનિસ** જેવા પાશ્ચાત્ય વિદ્વાનોને, તેમજ શિષ્યવર્ગને પુસ્તક રુચ્યું છે એથી મારો પરિશ્રમ સફળ થયો છે એમ હું માનું છું.

અમદાવાદ.
સપ્ટેંબર ૧૯૧૨. } **કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.**

અનુક્રમણિકા.

પૃષ્ઠ.

વૃદ્ધિપત્રક.

પૃ૦ ૪ ૩૨ લી૦ માં 'થાય છે' ની પછી ઉમેરો—ને અન્ત્ય સ્વરની વૃદ્ધિ થાય છે (धृ–धारयति).

પૃ૦ ૩૩ भगवद्भ्याम् જેવે સ્થળે સંધિનિયમ માટે જુઓ પૃ૦ ૧૦૪ (आ).

પૃ૦ ૩૭ તૃ૦ એ૦ વ૦ નિયમિત છે. मति+आ=मत्या.

પૃ૦ ૪૧ वत्स इमे—આ વાક્ય કણ્વે શકુન્તલાને તેની બે સખીસંબંધી કહ્યું છે. प्रदेये=લગ્નમાં આપવાની. तत्र=તારે સાસરે.

પૃ૦ ૪૯ સંધિ કરતાં पुनः ની પેઠે कर्तः જેવાં રૂપો रકારાન્ત ગણવાં. पुनरिह; कर्तरिह.

પૃ૦ ૫૪ किंचिच्छोषयितृ—પદને અન્તે આવેલા, વર્ગીય પહેલા ચાર વ્યંજન પછી श आव्यो હોય ને તે श ની પછી સ્વર, અન્તઃસ્થ, કે અનુનાસિક હોય તો श નો વિકલ્પે छ થાય છે. तच्छिवः—तच्शिवः ; तच्छ्लोकः–तच्श्लोकः ; પણ वाक् श्च्योतति.

પૃ૦ ૬૪ ૧૮ લી૦–ઉમેરો—સંપ્રસારણ પછીનો સ્વર લોપાય છે.

૬ (अ)–अर्यते, स्मर्यते—ऋ ધાતુના તેમજ પૂર્વે જોડાક્ષર હોય એવા ऋકારાન્ત ધાતુના ऋનો ગુણ થાય છે.

૬ (आ) तीर्यते, कीर्यते, पूर्यते—ॠનો इर् ને ॠની પૂર્વે ઓષ્ઠ્ય વ્યંજન કે व् હોય તો ऊर् થાય છે.

પૃ૦ ૬૬ કોશ—सौम्य શબ્દ બ્રાહ્મણને અભિનંદન કરતાં વપરાય છે, તેનામાં ક્ષત્રિયાદિને મુકાબલે શીળાપણું છે માટે.

પૃ૦ ૯૬ કોશ मन्थ् (मथ्नाति) (૯ ગ૦ પ૦)–વલોવવું (દ્વિકર્મક),
चि કે वि चि (૯ ગ૦ ઉ૦)–એકઠું કરવું.

પૃ૦ ૧૦૧ त्राहि માં त्रा ધાતુ ગણ્યો છે. પણ त्रै ૧ ગ૦ આ૦ છે, त्रा નથી. આર્ષ પ્રયોગ त्रायस्वને બદલે.

પૃ૦ ૧૪૧ વિવશ=ગાભરૂં; ઇન્દ્રિયો વશ નહિ એવું.

પૃ૦ ૧૪૩ आसने आस्ते સામાન્ય પ્રયોગ છે. પણ आसनमास्ते પણ શુદ્ધ છે (જુઓ वररुचिकृत प्रयोगसंग्रह પૃ૦ ૩૦; તેમજ कालभावाध्वगन्तव्याः कर्मसंज्ञा ह्यकर्मणाम् । देशश्चाकर्मणां कर्मसंज्ञो भवतीति वक्तव्यम् । कुरून् स्वपिति । पञ्चालान् स्वपिति ।

પૃ૦ ૧૫૪ કોશ विद् (विन्दति–ते) (૬ ગ૦ ઉ૦)—ઓળખી કાઢવું.

પૃ૦ ૧૬૯ કોશ मधुगन्धि—મધુનો અર્થ મધ લેવો. મધના જેવી જેમાં ગંધ છે એવું. गन्ध नो गन्धिन् થવા માટે જુઓ પૃ૦ ૨૩૬ અથવા मधुगन्धिन् શબ્દ લેવો. मधुनः गन्धः मधुगन्धः स एषामस्तीति मधुगन्धीनि–જેમાં મકરન્દનો–પુષ્પરસનો ગંધ છે એવાં.

પૃ૦ ૧૯૦ કોશ शकलः—કકડો ; शकृत् (ન૦)–વિષ્ઠા.

શુદ્ધિપત્રક.

મોટી શુદ્ધિ—

પૃ૦	પંક્તિ	અશુદ્ધ.	શુદ્ધ.
૧૩	૨	ऌवर्ण + ऌवर्ण	ऌ + ऌ.
૩૪	કોશ	विभम ને સ્થળે	विभत्र કરો.
૩૬	૧૭	वर्तामहे	वर्तामहै
,,	૨૩	तम	त
૪૧	૫ વાંચો—न्यायशास्त्रं शिक्षेवहि इतीच्छामि (शिक्षेवहीति°)		
૪૨	૬૩	વાંચો—પદાન્તે આવેલા અનુનાસિક.	
૪૬	૨૫	कौसल्या	दशरथो
૫૮-૫૯	(अ), (ब), ને (क) માં વાંચો—પું૦ માં તથા સ્ત્રી૦ માં.		
૬૧	૧૭-૧૮	વખાણવા લાયક	વખણાયલું
૬૩	૨૨-૨૩	ક્રિયાનામાં	ક્રિયાપદમાં
૬૬	કોશમાં	જવું	આવવું.
૭૨	૧૩	या संपदो	याः संपदो
૭૭	૨૫	प्र० ए०	प्र० ब०
૭૯	કોશ	जोतिस्	ज्योतिस्
૮૬	૨૫	शक्नुमः	शक्नुमः
૯૯	૬	शयामहे	शयामहै
૧૦૦	છેલ્લી	जीर्णे	दीर्णे
૧૦૪	૨૦	ऐन्द्राः	ऐन्द्राः
,,	૨૧	ई આગમ	इ આગમ
૧૦૯	૧૧	स्निह्यत्	स्निह्यत्
૧૧૭	૨૭	सच्चिव्य, व्रजत्	साचिव्य, व्रजेत्
૧૧૯	કોશ	जा+दृ	आ+दृ
૧૩૩	૧૦	द्वादशभिर्वर्षम् ।	द्वादश वर्षम् ।
૧૩૬	૨૮	'पुण्य' પછી ઉમેરો—સંખ્યાવાચક પદ કે અવ્યય.	
૧૩૯	૧૭	शक्नामि	शक्नोमि
૧૬૬	૨૦	नश्	नश्
૧૬૯	કોશ વાંચો—मधु=मद्य		'મદ્યની'.
૧૮૦	૧૬	°दुर्पासर्प°	°दुपासर्प°
૧૮૫	૨૪	વચમાં	પછી
૧૯૪	૧૩	स्त्रग°	स्वग°
૨૧૨	૧૫	लक्ष्मणः	लक्ष्मण
૨૧૩	છેલ્લી	जितन्द्रिये	जितेन्द्रिये
૨૨૫	૧૮	नादद्ये	नादत्ते

મેળે સુધારાય એવી શુદ્ધિ—

૧૪	પાઠ ૮ માં છેકી નાખો—તકારાન્ત.		
૧૬	પૃ૦ ટિપ્પણ	પર્વના	પૂર્વના
૨૨	૯	સર્વના	સર્વના
૨૭	૨૨	तपोधननां	तपोधनानां

૩૦	૧	ઘણુંખ રૂ	ઘણુખરૂં રૂ
૩૧	૧૬	આચરવુ	આચરવું
૩૮	૧૩	क्रीमौषधैः	क्रिमौषधैः
૩૯	પૃ૦ ટિપ્પણ	आर	आर्
૪૪	,,	બ શબ્દોની	બે શબ્દોની
૪૬	૨૭	प्रमण	प्रमाण
૭૪	૧૯	क्षमा ।	क्षमा ॥
૭૫	કોશ	સતાપે	સંતાપે
૭૮	૨	रेफौस्तः	रेफौ स्तः
૮૨	પૃ૦ ટિ૦	ही	ह्री
૮૭	૪	રૂપાના	રૂપોના
,,	૨૬	નીચો	નીચે
૯૭	૧૭-૧૮ વાંચો--अस्तु, आस्तम्		
૯૯	પૃ૦ ટિ૦ વાંચો—અર્થમાં-ને-વિશિષ્ટ		
૧૦૦	૨૪	ब० व०	ब० व०
૧૦૪	૨૩	ब्रश्च्	व्रश्च्
૧૦૫	૯	श्वम्यात्	श्वस्यात्
,,	૨૮	વાંચો—शास्ति	
૧૦૯	૧૦	વાંચો—ताद्धि	
,,	પૃ૦ ટિ૦ વાંચો—याचते वसुधाम्		
૧૧૧	કોશ	साचन्	साचिन्
૧૧૪	છેલ્લી	વાંચો—૨૭ પા૦	
૧૧૫	૨૬	ચેથું	ચોથું
૧૨૧	૨૧	ચતુર્થાશ	ચતુર્થાંશ
૧૨૭	કોશ	વાંચો—सर्वदमन	
૧૩૦	૧૬	વાંચો—લિંગના	
૧૩૬	૬	વાંચો—निर्मक्षिकम्	
૧૪૧	૨૫	बिशषण	विशेषण
૧૪૨	૨૫	ગાણુ	ગૌણ
૧૪૪	૮	चतुथी	चतुर्थी
,,	૧૩	कघ्	कुघ्
૧૪૯	૧૩	वर्षाम्वौ	वर्षाभ्वौ
૧૫૦	૧૩	मघवन्	मघवन्
,,	૧૫	सं०	स०
૧૫૧	પૃ૦ટિ૦	આષ	આર્ષ
૧૫૨	૨૨	વાંચો—अभिलाषबन्ध	
૧૫૩	પૃ૦ટિ૦	बृहत्ने	बृहत्नो
૧૫૪	કોશ	વાંચો—द्रुतम् ને संप्रति	
૧૬૪	૮	વાંચો—ક્રિયાતિપત્ત્યર્થ	
૨૩૪	૧૭	રત્નન	રત્નના

शरणं करवाणि कामदं ते चरणं वाणि चराचरोपजीव्यम्
करुणामसृणैः कटाक्षपातैः कुरु मामम्ब कृतार्थसार्थवाहम् ॥

कल्याणानां त्वमसि महसां भाजनं विश्वमूर्ते
धुर्यां लक्ष्मीमथ मयि भृशं धेहि देव प्रसीद ।
यद्यत् पापं प्रतिजहि जगन्नाथ नम्रस्य तन्मे
भद्रं भद्रं वितर भगवन् भूयसे मङ्गलाय ॥

---

१ हे अम्ब, हे अक्क, हे अल्ल એમ માતાના અર્થના अम्बा, अक्का, ને अल्ला શબ્દોનું એ૦ વ૦ થાય છે; પરંતુ हे अम्बिके, हे अम्बाडे, हे अम्बाले એ વિરુદ્ધ નથી.

સંસ્કૃતશિક્ષિકા.

પાઠ ૧ લો.

અક્ષરવિચાર.

ક કા કિ કી કુ કૂ કે કૈ કો કૌ કં કઃ—

ગુજરાતીમાં આને બાર અક્ષર ગણી ક ની બારાખડી (બારાક્ષરી) કહે છે; પણ સંસ્કૃત ભાષામાં એ અક્ષરો નીચે પ્રમાણે બનેલા છે:—

ક્+અ=ક; ક્+આ=કા; ક્+ઇ=કિ; ક્+ઈ=કી; ક્+ઉ=કુ; ક્+ઊ=કૂ; ક્+એ=કે; ક્+ઐ=કૈ; ક્+ઓ=કો; ક્+ઔ=કૌ; ક્ + અ + અનુસ્વાર (માથે મીડું)=કં; ક્ + અ + વિસર્ગ (આગળ બે મીડાં)=કઃ.

આમાં અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ને ઔ—એને **સ્વર** કહે છે. એ ઉપરાંત ऋ, ॠ, ને ऌ, એ ત્રણ સ્વરો સંસ્કૃતમાં વપરાય છે. આ બધા અક્ષરોના ઉચ્ચાર એની મેળે થઈ શકે છે. જેમ ક્ માં અ વગેરે ઉમેર્યાં વગર ઉચ્ચાર થઈ શકતો નથી, તેમ અ, આ વગેરે અક્ષરોમાં ઉચ્ચારને માટે કંઈ ઉમેરવું પડતું નથી, માટે એને સ્વર કહે છે. ક્, ખ્ વગેરે અક્ષરોને **વ્યંજન** કહે છે; કેમકે એમાં સ્વરનું વિશેષ અંજન એટલે મેળવણી કર્યાં વગર એના ઉચ્ચાર થઈ શકતા નથી.

આ પ્રમાણે સ્વર અને વ્યંજન મળી સંસ્કૃત ભાષામાં અક્ષરો નીચે પ્રમાણે છે:—

સ્વરો:—अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ए, ऐ, ओ, औ.

आ એ अ નું દીર્ઘ રૂપ છે, એટલે अ ને લંબાવીને બોલતાં એવું રૂપ થાય છે.

ई, ऊ, ને ॠ, એ પણ इ, उ, ને ऋ નાં અનુક્રમે દીર્ઘ રૂપો છે.

ऌ નું દીર્ઘ રૂપ નથી.

વ્યંજનો:—क्, ख्, ग्, घ्, ङ्, च्, छ्, ज्, झ्, ञ्, ट्, ठ्, ड्, ढ्, ण्, त्, थ्, द्, ध्, न्, प्, फ्, ब्, भ्, म्, य्, र्, ल्, व्, श्, ष्, स्, ह्.

સંસ્કૃતમાં ळ નથી; વેદની ભાષામાં છે, લોકભાષામાં નથી.

બે કે વધારે વ્યંજનો એકઠાં થાય ત્યારે જોડાક્ષર બને છે.

चक्र વગેરે શબ્દોમાં क्र એ જોડાક્ષર છે ને તે क् ને र् નો બનેલો છે.

वृक्ष, यज्ञ વગેરેમાં क्ष ને ज्ञ પણ જોડાક્ષર છે.

क्ष = क् + ष्; ને ज्ञ=ज् + ञ्.

કેટલાંક વ્યંજનો જોડાય છે ત્યારે કેવી રીતે લખાય છે તે લક્ષમાં રાખવા માટે નીચેના દાખલા આપ્યા છે:—बुद्धि (द् + ध् + इ=द्धि); ह्य=ह्+य्; ह्व=ह्+व्; ह्म=ह्+म्; र्क=र्+क; ह्ल=ह्+ल्; ह्न=ह्+न् (चिह्न).

પાઠ ૨ જો.

વર્તમાનકાળ.

सृजति–તે સર્જે છે.	**नश्यति**–તે નાશ પામે છે.
लिखति–તે લખે છે.	**नृत्यति**–તે નૃત્ય કરે છે; નાચે છે.
विशति–તે પેસે છે.	**कुप्यति**–તે કોપે છે.
स्पृशति–તે સ્પર્શ કરે છે.	**लुभ्यति**–તે લોભ કરે છે.
दिशति–તે બતાવે છે.	**क्रुध्यति**–તે ક્રોધ કરે છે.

પૂરો વિચાર દર્શાવવા જે વપરાય છે તે **વાક્ય** કહેવાય છે. ક્રિયાપદ વગર વાક્ય બની શકતું નથી. ક્રિયા કહેનાર પદ એટલે શબ્દ તે **ક્રિયાપદ**. 'કરે છે', '**ફર્યો**', '**ફરશે**', 'હતો', 'હશે', 'બેસે છે', 'બેઠો', 'બેસશે' વગેરે ગતિ, સ્થિતિ, કે કૃતિ બતાવનાર શબ્દો ક્રિયાપદ છે. એ ક્રિયાપદોનાં ટૂંકાંમાં ટૂંકાં રૂપો—ફર, હો, બેસ—છે. એવાં ટૂંકાંમાં ટૂંકાં મૂળ તે **ધાતુ** કહેવાય છે. ચાલતો, ગયેલો, ને આવનારો કાળ તે અનુક્રમે **વર્તમાન, ભૂત,** ને **ભવિષ્યકાળ** કહેવાય છે. '**ફરે છે**' એ વર્તમાન, '**ફર્યો**' એ ભૂત, ને 'ફરશે' એ ભવિષ્યકાળ છે.

બોલનાર પુરુષ તે **પહેલો પુરુષ,** જેની સાથે વાત કરે છે તે **બીજો પુરુષ,** ને એ સિવાયનો **ત્રીજો પુરુષ** કહેવાય છે. 'હું' એ પહેલો પુરુષ, 'તું' એ બીજો પુરુષ, ને 'તે' એ ત્રીજો પુરુષ છે.

એકને વિષે કહીએ તે **એકવચન,** ને બે કે વધારેને વિષે કહીએ તે **બહુવચન** કહેવાય છે. 'હું' એ એકવચન, ને 'અમે' એ બહુવચન છે. સંસ્કૃતમાં બેને માટે જુદું રૂપ થાય છે તે **દ્વિવચન** કહેવાય છે.

પાઠને આરંભે આપેલા **लिखति** વગેરે દાખલાઓમાં બધાને છેડે **ति** આવે છે, તે વર્તમાનકાળના ત્રીજા પુરુષના એકવચનનો પ્રત્યય છે. એ **ति** પ્રત્યય લગાડતા પહેલાં ધાતુને શું લગાડવામાં આવ્યું છે તે તરફ નજર કરો.

सृजति (सृज् अ ति)	**नश्यति**
लिखति (लिख् अ ति)	**नृत्यति**
विशति (विश् अ ति)	**कुप्यति**
स्पृशति (स्पृश् अ ति)	**लुभ्यति**
दिशति (दिश् अ ति)	**क्रुध्यति**

सृजति વગેરે રૂપોમાં ધાતુને **अ** લગાડ્યો છે ને **नश्यति** વગેરે રૂપોમાં **य** લગાડ્યો છે.

આ ઉપરથી સમજાશે કે જુદા જુદા ધાતુઓનાં જુદાં જુદાં ચિહ્ન છે. એવાં જુદાં જુદાં કાર્ય પરથી ધાતુના દશ **ગણ** એટલે વર્ગ પાડવામાં આવ્યા છે. **सृजति**

વગેરે છઠ્ઠા ગણના ને **नश्यति** વગેરે ચોથા ગણના ધાતુનાં રૂપો છે. છઠ્ઠા ગણના ધાતુને **अ** ને ચોથા ગણનાને **य** લગાડાય છે.

ગુજરાતીમાં 'લખે છે' કહીએ ત્યારે 'તે લખે છે', 'તેઓ લખે છે', 'તું લખે છે', એમાંનું કંઈક સમજાય; 'લખું છું' કહેવાથી 'હું લખું છું' એમ સમજાય; આમ બધાં રૂપોમાં લખનાર એટલે લખવાની ક્રિયા કરનાર, **કર્તા** ખુલ્લો સમજાતો નથી, માટે લખનાર કોણ છે તે સ્પષ્ટ કહેવામાં આવે છે, ને 'હું લખું છું', 'અમે લખીએ છીએ' એમ કર્તા ને ક્રિયાપદ બંને લખાય છે. સંસ્કૃતમાં તો **लिखति** એ રૂપમાં કર્તાનો અર્થ આવી જાય છે, તેથી 'તે' ને માટે શબ્દ વાપરવાની જરૂર નથી.

શબ્દકોષ.

છઠ્ઠો ગણ.

दिश्—બતાવવું.
लिख्—લખવું.
विश्—પેસવું.
सृज्—સર્જવું.
स्पृश्—સ્પર્શ કરવો.

ચોથો ગણ.

कुप्—કોપવું.
क्रुध्—ક્રોધ કરવો.
नश्—નાશ પામવો.
नृत्—નૃત્ય કરવું, નાચવું.
लुभ्—લોભ કરવો.

પાઠ ૩ જો.

વર્તમાનકાળ.

वसतः–તેઓ બે વસે છે.
चरतः–તેઓ બે ફરે છે (ચરે છે).
पठन्ति–તેઓ પઠે છે, ભણે છે.
दहन्ति–તેઓ બાળે છે.
पतन्ति–તેઓ પડે છે.

कथयतः–તેઓ બે કહે છે (કથે છે).
पूजयतः–તેઓ બે પૂજા કરે છે.
गणयन्ति–તેઓ ગણે છે.
पीडयन्ति–તેઓ પીડે છે.
सूचयन्ति–તેઓ સૂચવે છે.
रचयन्ति–તેઓ રચે છે.

तः એ ત્રીજા પુરુષના દ્વિવચનનો ને **अन्ति** એ ત્રીજા પુરુષના બહુવચનનો પ્રત્યય છે.

वसतः (वस् अ तः)
चरतः (चर् अ तः)
पठन्ति (पठ् अ अन्ति)
दहन्ति (दह् अ अन्ति)
पतन्ति (पत् अ अन्ति)

कथयतः (कथ् अय तः)
पूजयतः (पूज् अय तः)
गणयतः (गण् अय तः)
पीडयन्ति (पीड् अय अन्ति)
सूचयन्ति (सूच् अय अन्ति)
रचयन्ति (रच् अय अन्ति)

ગયા પાઠમાં सृजति વગેરે રૂપોમાં છઠ્ઠા ગણના ધાતુમાં अ લગાડાય છે એમ બતાવ્યું છે, તેમ वसतः, चरतः વગેરેમાં પણ अ લગાડાય છે; પણ એ પહેલા ગણના ધાતુ છે. પહેલા ને છઠ્ઠા બન્ને ગણના ધાતુને अ લગાડાય છે; તોપણ એ ધાતુઓને જુદા ગણમાં શા માટે મૂક્યા છે તે આગળ સમજાશે.

कथयतः વગેરે રૂપોમાં ધાતુને अय લગાડ્યો છે. એ ધાતુઓ દશમા ગણના છે.

वसतः = वस् + अ + तः, આમ वस् ધાતુ, अ ગણનું ચિહ્ન, ને तः એ ત્રીજા પુરુષના દ્વિવચનનો પ્રત્યય છે.

पठन्ति = पठ् ધાતુ + अ ગણનું ચિહ્ન + अन्ति ત્રીજા પુરુષ બહુવચનનો પ્રત્યય. पठ् + अ=पठ. पठ + अन्ति—આહિં બે સ્વર સાથે આવ્યા છે. તેમાં पठ-માંના ठ નો अ લોપાયો, એટલે पठ् + अन्ति થઈ पठन्ति રૂપ થયું. આ પ્રમાણે अन्ति ની પહેલાંનો अ લોપ પામે છે.

बोधति–તે બોધ પામે છે.
जयति–તે જય પામે છે, જીતે છે.
नयति–તે દોરે છે.
स्मरति–તે સ્મરે છે, યાદ કરે છે.
तरति–તે તરે છે.

भवति–તે થાય છે, છે.
चोरयति–તે ચોરે છે.
नाटयति–તે ભજવી બતાવે છે.
क्षालयति–તે ધુએ છે.

આ બધાં ૧ લા ને ૧૦ મા ગણના ધાતુનાં રૂપો છે. बोधति માં बुध् ધાતુ છે, તેને ગણચિહ્ન अ લગાડતાં बोध થયું છે. છેડાના અક્ષરની પહેલાંના उ નો ओ થયો છે. जयति માં जि ધાતુ છે. તેને अ લગાડતાં છેડાના इ નો ए થઈ जे + अ થઈ जय થયું છે. એજ પ્રમાણે स्मरति ને तरति માં स्मृ ને तृ ધાતુનું स्मर् ને तर् થઈ अ લાગ્યો છે. भवति માં भू ધાતુ છે, તેનું भो થઈ भो + अ=भव થયું છે. આ પ્રમાણે પહેલા ગણમાં ધાતુને अ લગાડતાં, તેને અન્તે હ્રસ્વ કે દીર્ઘ સ્વર હોય ને ઉપાન્તે એટલે અન્તના વર્ણની પહેલાં હ્રસ્વ સ્વર હોય તો તેમાં ફેરફાર થાય છે. इ કે ई નો ए, उ કે ऊ નો ओ, ऋ કે ॠ નો अर्, ને ऌ નો अल्, એવા ફેરફારને ગુણ કહે છે. આમ भू માંના ऊ નો ગુણ થઈ भो થયું. હવે अ જોડવો છે. સંસ્કૃતમાં બે સ્વર સાથે આવે કે બહુધા તેમાં ફેરફાર થાય છે; તેમની સંધિ થાય છે, એટલે તેઓ એકરૂપ થાય છે. ए ની પછી કોઈ સ્વર આવે તો ए નો अय् થાય છે ને ओ ની પછી કોઈ સ્વર આવે તો ओ નો अव् થાય છે. जि + अ=(ગુણ થઈ) जे+अ=जय्+अ=जय; भू+अ=भो+अ=भव्+अ=भव.

चोरयति એ चुर् નું રૂપ છે. ૧૦ મા ગણને अय લગાડતાં સામાન્ય રીતે ૧ લા ગણના જેવો ફેરફાર થાય છે. વધારામાં ઉપાન્તે अ હોય તો ઘણુંખરૂં તેની વૃદ્ધિ થઈ आ થાય છે. अ ની વૃદ્ધિ आ, इ કે ई ની ऐ, उ કે ऊ ની औ, ऋ કે ॠ ની आर्, ને ऌ ની आल् છે. એવા ફેરફારને વૃદ્ધિ કહે છે. क्षालयति ને नाटयति માં क्षल् ને नट् ધાતુ છે. તેમાં ઉપાન્તે આવેલા अ ની વૃદ્ધિ થઈ છે. कथयति, गणयति, ને रचयतिમાં થઈ નથી.

છઠ્ઠા ગણમાં ધાતુને अ લગાડતાં પહેલા ગણની માફક ગુણનો ફેરફાર થતો નથી. सृजति, विशति, स्पृशति એ છઠ્ઠા ગણનાં રૂપો છે. એ ધાતુઓ પહેલા ગણના હોત તો सर्जति, वेशति, स्पर्शति વગેરે રૂપો થાત.

શબ્દકોષ.

૧ લો ગણ.

चर्—ફરવું, ચરવું.
जि—જય મેળવવો, જીતવું.
तृ—તરવું.
दह्—બાળવું.
नी—દોરવું.
पठ्—પઠવું, ભણવું.
पत्—પડવું.
बुध्—બોધ મેળવવો, જાણવું.
भू—થવું, હોવું.
वस्—વસવું.
स्मृ—સ્મરવું, યાદ કરવું.

૧૦ મો ગણ.

कथ्—કહેવું.
क्षल्—ધોવું.
गण्—ગણવું.
चुर्—ચોરવું.
नट्—ભજવવું.
पीड्—પીડવું.
पूज्—પૂજવું.
रच्—રચવું.
सूच्—સૂચવવું.

પાઠ ૪ થો.

વર્તમાનકાળ.

गच्छसि—તું જાય છે.
इच्छसि—તું ઇચ્છે છે.
तिष्ठथः—તમે બે ઊભા રહો છો.
पृच्छथः—તમે બે પૂછો છો.
शुष्यथ—તમે સુકાઈ જાઓ છો.
क्षुभ्यथ—તમે ક્ષોભ પામો છો, ઉશ્કેરાઓ છો.
क्षाम्यामि—હું ક્ષમા કરૂં છું, સહન કરૂં છું.
शाम्यामि—હું શાન્ત થાઉં છું.
भ्रम्यावः—અમે બે ભટકીએ છીએ.
माद्यावः—અમે બે ગાંડા થઈએ છીએ; મદમાં આવીએ છીએ.
भ्रमामः—અમે ભટકીએ છીએ.
गच्छामः—અમે જઈએ છીએ.
आगच्छामः—અમે આવીએ છીએ.
पश्यसि—તું જુએ છે.
पिबसि—તું પીએ છે.
नयथः—તમે બે દોરવો છો.
आनयथः—તમે બે આણો છો.
क्षयथः—તમે બે ક્ષય પામો છો.
हरथ—તમે હરો છો.
वदथ—તમે વદો છો.
श्राम्यामि—હું શ્રાન્ત થાઉં છું, થાકું છું.
भ्राम्यामि—હું ભમું છું.
स्नावः—અમે બે સ્નાન કરીએ છીએ, નહાઈએ છીએ.
त्यजावः—અમે બે તજીએ છીએ.
निवसामः—અમે નિવાસ કરીએ છીએ, વસીએ છીએ.
अवतरामः—અમે નીચે ઊતરીએ છીએ.

ઉપલા દાખલાઓ પરથી નીચેના નિયમો નીકળે છે તે લક્ષમાં રાખવા:—

૧. વર્તમાન કાળના બીજા પુરુષના એકવચનનો પ્રત્યય **सि**, દ્વિવચનનો **थः**, ને બહુવચનનો **थ** છે; અને **પહેલા** પુરુષના એકવચનનો **मि**, દ્વિવચનનો **वः**, ને બહુવચનનો **मः** પ્રત્યય છે.

૨. **मि**, **वः**, ને **मः** પ્રત્યયોની પૂર્વેનો **अ** દીર્ઘ થાય છે.

૩. **भ्रम्** ધાતુનાં ત્રણ રૂપો થાય છે; કેમકે એ ૧ લા ને ૪ થા ગણનો છે ને ૪ થા ગણમાં એના **अ** નો *વિકલ્પે **आ** થાય છે; **भ्रम्यति**, **भ्राम्यति**, **भ्रमति**.

૪. કેટલાક ધાતુના આદેશ (બીજાં રૂપ) થઈ, તેને પ્રત્યયો લાગે છે; **गम्** ધાતુનો **गच्छ्**, **इष्** નો **इच्छ्**, **प्रच्छ्** નો **पृच्छ्**, ને **दृश्** નો **पश्य्** આદેશ થાય છે.

૫. **आ**, **नि**, **उद्** એવા શબ્દો ધાતુઓની પૂર્વે મૂકવામાં આવે છે, કે એનો અર્થ ક્રિયા સાથે જોડાય છે, તેને **ઉપસર્ગ** કહે છે. એથી ધાતુના મૂળ અર્થમાં ઘણો ફેરફાર થાય છે.

૬. **स्नाव:** માં **स्ना** ધાતુ છે, એને કંઈ પણ ગણચિહ્ન લાગ્યા વગર લાગલાજ પ્રત્યય લાગ્યો છે. એ ૨ જા ગણનો ધાતુ છે. એ ગણમાં કંઈ પણ ગણચિહ્ન વગર લાગલાજ ધાતુને પ્રત્યયો લાગે છે.

શબ્દકોષ.

૧ લો ગણ.

गम् (**गच्छ्**)—જવું.
आ गम्—આવવું.
क्षि—ક્ષય પામવો.
तॄ—તરવું.
अव तॄ—ઊતરવું, નીચે ઊતરવું (**अव**= નીચે).
त्यज्—તજવું.
दृश् (**पश्य्**)—જોવું.
आ नी—આણવું.
पा (**पिब्**)—પીવું.
भ्रम्—ભમવું.
वद्—વદવું, બોલવું.
नि वस्—નિવાસ કરવો, રહેવું.
स्था (**तिष्ठ्**)—રહેવું, ઊભા રહેવું.
हृ—હરવું.

૪ થો ગણ.

क्षम् (**क्षाम्**)—ક્ષમા કરવી, સહન કરવું.
क्षुभ्—ક્ષોભ પામવો, ઉશ્કેરાવવું.
भ्रम् (**भ्राम्** કે **भ्रम्**)—ભમવું.
मद् (**माद्**)—મદ પામવો, ગાંડા થવું.
शम् (**शाम्**)—શાન્ત થવું.
शुष्—સુકાઈ જવું, શોષવું.
श्रम् (**श्राम्**)—થાકવું, શ્રાન્ત થવું.

૬ ઠ્ઠો ગણ.

इष् (**इच्छ्**)—ઇચ્છવું.
प्रच्छ् (**पृच्छ्**)—પૂછવું.

૨ જો ગણ.

स्ना—સ્નાન કરવું, નહાવું.

---

* આપણી ઇચ્છા પ્રમાણે કરવો હોય તો થાય ને ન કરવો હોય તો ન થાય. એવાં રૂપો વૈકલ્પિક રૂપો કહેવાય છે.

પાઠ ૫ મો.

ઉપસર્ગ.

अपनयति–તે દૂર લઈ જાય છે.

अनुसरति–તે અનુસરે છે, પાછળ જાય છે, નકલ કરે છે.

उत्पतामि–હું કૂદું છું, ઊડું છું.

विनश्यथः–તમે બે વિનાશ પામો છો.

प्रतिवदामः–અમે જવાબ દઈએ છીએ.

उपगच्छतः–તે બે પાસે જાય છે.

अवगच्छावः–અમે બે જાણીએ છીએ.

प्रचरसि તું આગળ જાય છે.

अप, अनु, उद्, वि, प्रति, उप, अव, ने प्र એ ઉપસર્ગ છે.

૧ લા, ૪ થા, ૬ ઠ્ઠા, ૧૦ મા, તથા આકારાન્ત ૨ જા ગણના ધાતુના વર્તમાન કાળનાં રૂપો અગાઉ આપ્યાં છે, તે અત્ર બધા પુરુષોનાં ભેગાં આપ્યાં છે.

गम् १ ग.

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ પુ૦	गच्छामि	गच्छावः	गच्छामः
૨ પુ૦	गच्छसि	गच्छथः	गच्छथ
૩ પુ૦	गच्छति	गच्छतः	गच्छन्ति

पुष् ४ ग.

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ પુ૦	पुष्यामि	पुष्यावः	पुष्यामः
૨ પુ૦	पुष्यसि	पुष्यथः	पुष्यथ
૩ પુ૦	पुष्यति	पुष्यतः	पुष्यन्ति

इष् ६ ग.

૧ પુ૦	इच्छामि	इच्छावः	इच्छामः
૨ પુ૦	इच्छसि	इच्छथः	इच्छथ
૩ પુ૦	इच्छति	इच्छतः	इच्छन्ति

चुर् १० ग.

૧ પુ૦	चोरयामि	चोरयावः	चोरयामः
૨ પુ૦	चोरयसि	चोरयथः	चोरयथ
૩ પુ૦	चोरयति	चोरयतः	चोरयन्ति

स्ना २ ग.

૧ પુ૦	स्नामि	स्नावः	स्नामः
૨ પુ૦	स्नासि	स्नाथः	स्नाथ
૩ પુ૦	स्नाति	स्नातः	स्नान्ति

उद्+पतामि=उत्पतामि. **द्** ને **प्** એ વ્યંજનોની સંધિ થઈ **त्प** થયું છે. વ્યંજનો વિષે અત્ર થોડુંક જાણવું જરૂરનું છે. **क्** થી **म्** સુધીનાં ૨૫ વ્યંજનો **સ્પર્શ** કહેવાય છે; કેમકે એનો ઉચ્ચાર કરતાં જીભનું ટેરવું, તાલુ વગેરે ઉચ્ચારનાં **સ્થાનોને** બરોબર અડકે છે. એ ૨૫ વ્યંજનોના ૫ વર્ગ છે. કવર્ગ, ચવર્ગ, ટવર્ગ, તવર્ગ, ને પવર્ગ. દરેક વર્ગમાં પાંચ પાંચ અક્ષરો છે. **श्, ष्, स्, ह्**, એ **ઊષ્મ** વ્યંજન કહેવાય છે; કેમકે એનો ઉચ્ચાર કરવામાં **ऊष्म** નામનો વાયુ પ્રધાન છે. સ્પર્શ ને ઊષ્મ વ્યંજનોની વચ્ચે **य्, र्, ल्, व्** આવ્યા છે, તેમજ એ અક્ષરોનો ઉચ્ચાર સ્વર ને વ્યંજનના ઉચ્ચારની વચ્ચે છે, માટે એ **અન્તઃસ્થ** કે **અન્તઃસ્થા** કહેવાય છે.

ડુંટીમાંથી પ્રયત્ને કાઢેલો વાયુ ઊંચે જઈ કંઠ, તાળવું વગેરે ઠેકાણે અથડાય છે ત્યારે વર્ણ કે અક્ષર ઉત્પન્ન થાય છે. એ ઉપરથી અક્ષરનાં નીચે પ્રમાણે સ્થાન એટલે ઉચ્ચારસ્થાન છે:—

अ, **आ**, **कवर्ग**, **ह्**, ને વિસર્ગ નું **કંઠસ્થાન** છે; કેમકે કંઠથી બોલાય છે.

इ, **ई**, **चवर्ग**, **य्**, ને **श्** નું **તાલુસ્થાન** છે; કેમકે તાળવાથી બોલાય છે.

ऋ, **ॠ**, **टवर्ग**, **र्**, ને **ष्** નું **મૂર્ધસ્થાન** છે; કેમકે માથામાંથી બોલાય છે.

ऌ, **तवर्ग**, **ल्**, ને **स्** નું **દન્તસ્થાન** છે; કેમકે દાન્તથી બોલાય છે.

उ, **ऊ**, ને **पवर्ग** નું **ઓષ્ઠસ્થાન** છે; કેમકે તે ઓઠથી બોલાય છે.

ए ને **ऐ** નું **કંઠતાલુસ્થાન** છે; **ए=अवर्ण + इवर्ण** છે: ને **अ** નું કંઠસ્થાન ને **इ** નું તાલુસ્થાન છે. અવર્ણ એટલે **अ** કે **आ** ને ઇવર્ણ એટલે **इ** કે **ई** સમજવા; કેમકે **आ** એ **अ** નું ને **ई** એ **इ** નું દીર્ઘ રૂપ છે. **ऐ=अवर्ण+ए.**

ओ ને **औ** નું **કંઠોષ્ઠસ્થાન** છે; કેમકે એ કંઠ ને ઓષ્ઠ (ઓઠ)એથી બોલાય છે. **ओ=अवर्ण + उवर्ण** (**उ** કે **ऊ**) અને **औ=अवर्ण + ओ.**

व् નું **દન્તૌષ્ઠસ્થાન** છે: કેમકે દાંત અને ઓઠથી બોલાય છે.

ङ्, **ञ्**, **ण्**, **न्**, ને **म्** નું **નાસિકાસ્થાન** પણ છે; કેમકે અનુક્રમે કંઠ, તાલુ, મૂર્ધા, દન્ત, ને ઓષ્ઠ એ સ્થાનોથી ઉચ્ચારાય છે, તે ઉપરાંત નાકમાંથી પણ બોલાય છે.

य्, **व्**, ને **ल्**, એ વિકલ્પે **અનુનાસિક** છે. અર્થાત્, **અનુનાસિક** છે તેમજ **અનનુનાસિક** પણ છે. નાકમાંથી બોલાય છે, તેમજ નથી પણ બોલાતા.

આ પ્રમાણે વર્ણોનાં સ્થાન છે.

क् કરતાં **ख्** ઉચ્ચારતાં વધારે દમ લેવો પડે છે ને એજ પ્રમાણે દરેક વર્ગમાં બીજો ને ચોથો વર્ણ, તેમજ **श**, **ष**, **स**, ને **ह्** એટલા વર્ણો ઉચ્ચારતાં બીજા વર્ણો કરતાં વધારે દમ લેવો પડે છે, માટે એ **મહાપ્રાણ** કહેવાય છે; બાકીના વર્ણો **અલ્પપ્રાણ** છે.

દરેક વર્ગનો પહેલો તથા બીજો, **श्**, **ष्**, ને **स्**, એટલા **અઘોષ** છે, બાકીના **ઘોષ** છે. ઘોષ અક્ષરનો ઉચ્ચાર કોમલ છે, અઘોષનો એથી ઊલટો છે.

હવે **उद् + पतति=उत्पतति**; **उद् + तरति=उत्तरति.** નિયમઃ—

૧. અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયના વ્યંજનની પછી અઘોષ વ્યંજન આવ્યું હોય તો પૂર્વ વ્યંજનને સ્થાને તેજ વર્ગનો પહેલો અક્ષર મુકાય છે. આ નિયમથી **द्** ને સ્થાને તેજ વર્ગનો **त्** થયો છે.

શબ્દકોષ.

अनु सृ (૧ ગ.)—**અનુસરવું, પાછળ જવું, નકલ કરવી.**

अप नी (૧ ગ.)—**દૂર લઈ જવું, દૂર કરવું.**

अव गम् (१ ગ)–જાણવું.
उद् पत् (૧ ગ.)–ઊંચું પડવું, કૂદવું, ઊડવું.
उप गम् (૧ ગ.)–પાસે જવું.
प्र चर् (૧ ગ.)–આગળ જવું.
प्रति वद् (૧ ગ.)–સામું-જવાબમાં બોલવું, ઉત્તર આપવો.
वि नश् (૪ ગ.)–વિશેષ નાશ પામવો, વિનાશ પામવો.

પાઠ ૬ ઠ્ઠો.

અકારાન્ત શબ્દો.

बालः क्रीडति—બાળક ક્રીડા કરે છે, રમે છે.

अश्वः चरति=अश्वश्चरति—ઘોડો ચરે છે.

जनः तरति=जनस्तरति—માણસ તરે છે.

चौरौ चोरयतः— બે ચોરો ચોરે છે.

वृक्षौ पततः—બે ઝાડ પડે છે.

बुधाः पठन्ति—ડાહ્યા માણસો ભણે છે.

देवाः जयन्ति=देवा जयन्ति—દેવો જીતે છે.

शरीरम् क्षयति=शरीरं क्षयति—શરીર ક્ષય પામે છે, સુકાય છે.

पर्णम् शुष्यति=पर्णं शुष्यति—પાંદડું સુકાય છે.

नयने पश्यतः—બે આંખો જુએ છે.

पापानि नश्यन्ति—પાપો નાશ પામે છે.

दुःखानि गलन्ति—દુઃખો ગળી જાય છે, જતાં રહે છે.

धर्मम् उपदिशामि=धर्ममुपदिशामि—ધર્મને ઉપદેશું છું; હું ધર્મનો ઉપદેશ કરૂં છું

असत्यम् वदथ=असत्यं वदथ—(તમે) અસત્ય વદો છો.

बालौ ताडयति—બે બાળકોને (તે) મારે છે (તાડન કરે છે).

वेदान् पठामः—(અમે) વેદો પઠીએ છીએ.

पुस्तकानि लिखन्ति—(તેઓ) પુસ્તકો લખે છે.

वत्स सुष्ठु भणसि—હે બાલ, (તું) ઠીક ભણે છે.

વિભક્તિઓ સાત છે, પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી. છઠ્ઠી, ને સાતમી. **પહેલી વિભક્તિનો અર્થ નિર્દેશ**–શબ્દનો ઉચ્ચાર–એટલોજ છે. અર્થાત્, મૂળ શબ્દના

અર્થમાં એથી કંઈ વધારો થતો નથી. 'હું ચોપડી લખું છું', એમાં 'ચોપડી' શબ્દ કહ્યા વિના 'લખું છું' નો અર્થ પૂરો સમજાતો નથી. આ પ્રમાણે ક્રિયાનો અર્થ પૂરનાર શબ્દ કે ક્રિયાનું ફળ જેને લાગુ પડે તે **કર્મ** કહેવાય છે. 'ચોપડી' કર્મ છે. બીજી વિભક્તિ **કર્મ**ના અર્થમાં વપરાય છે. 'રામે રાવણને બાણે માર્યો', એમાં 'રામે' ને 'બાણે' એ ત્રીજી વિભક્તિમાં છે. પહેલો શબ્દ કર્તા–ક્રિયાનો કરનાર બતાવે છે; અને બીજો કરણ–ક્રિયા કરવાનું સાધન બતાવે છે. ત્રીજી વિભક્તિ **કર્તા**ના ને **કરણ**ના અર્થમાં વપરાય છે. 'રાજાએ બ્રાહ્મણને દક્ષિણા આપી', 'તેણે મને તારો બતાવ્યો', 'તે યજ્ઞ માટે જાય છે', એમાં 'બ્રાહ્મણને', 'મને', અને 'યજ્ઞ માટે' એ ચોથી વિભક્તિમાં છે. જેને કંઈ આપવામાં આવ્યું હોય, જેને ઉદ્દેશીને કંઈ કાર્ય થયું હોય, તેના એટલે **સંપ્રદાન**ના અને જેને માટે કંઈ થયું હોય તેના એટલે **તાદર્થ્ય**ના અર્થમાં ચોથી વિભક્તિ વપરાય છે. 'ગામથી જાય છે', 'તાવથી પીડાઉં છું', એમાં 'ગામથી' ને 'તાવથી' એ વિયોગ ને હેતુ બતાવે છે. પાંચમી વિભક્તિ **અપાદાન** (જેનાથી છૂટું પડવું તે) ને **હેતુ** બતાવે છે. 'રાજાનો માણસ', એમાં 'રાજાનો' એ છઠ્ઠી વિભક્તિ છે. એ **સંબન્ધ**વાચક છે. 'ગામમાં વસે છે', એમાં 'ગામમાં' એ સ્થળવાચક છે. **અધિકરણ**-વાચક–સ્થળવાચક શબ્દ સપ્તમીમાં આવે છે. આ ઉપરાંત, કોઈને બોલાવી કંઈ કહેવામાં આવે તો ત્યાં **સંબોધન** વપરાય છે. 'હે બાલ, તું ઠીક ભણે છે'—બોલે છે. એમાં 'બાલ' એ સંબોધન કહેવાય છે. સંબોધન એ આઠમી વિભક્તિ નથી. પણ પહેલી વિભક્તિનો એક અર્થ છે.

આ પાઠમાં અકારાન્ત (જેને છેડે **અ** હોય એવા) પુંલિંગ (નરજાતિ) ને નપુંસક લિંગ (નાન્યતર જાતિ) નાં રૂપોના દાખલા આપ્યા છે. એ રૂપો નીચે પ્રમાણે છે:—

	राम પું०			**फल** ન०		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
૧ લી	**रामः**	**रामौ**	**रामाः**	**फलम्**	**फले**	**फलानि**
૨ જી	**रामम्**	,,	**रामान्**	,,	,,	,,
સં०	**हे राम**	**हे रामौ**	**हे रामाः**	**फल**	,,	,,

કયો શબ્દ કયા લિંગનો છે તે પ્રયોગ પરથીજ–દાખલાઓ જોઈનેજ–જણાય છે. **सुष्ठु** એ **અવ્યય** છે. એટલે એના રૂપમાં જાતિ, વચન, કે વિભક્તિનો કંઈ ફેરફાર થતો નથી. વ્યય=ફેરફાર.

अश्वः + चरति=अश्वश्चरति ; जनः + तरति =जनस्तरति.

નિયમ:—૧. વિસર્ગની પછી **च्** કે **छ्** આવે તો વિસર્ગનો **श्** થાય છે ને **त्** કે **थ्** આવે તો વિસર્ગનો **स्** થાય છે. **श्** એ **च्** ને **छ्** ના સ્થાનનો–તાલુસ્થાનનો છે, ને **स्** એ **त्** ને **थ्** ના સ્થાનનો–દન્તસ્થાનનો છે.

देवाः + जयन्ति = देवा जयन्ति ; बालाः + आगच्छन्ति = बाला आगच्छन्ति.

૨. વિસર્ગની પૂર્વે **આ** હોય ને પછી સ્વર કે ઘોષ વ્યંજન હોય તો વિસર્ગનો લોપ થાય છે; લોપ થયા પછી બે સ્વરો સાથે હોય તેની સંધિ થતી નથી.

૩. વિભક્તિનો કે કાળનો પ્રત્યય લાગી વાક્યમાં વાપરવા લાયક શબ્દ **पद** કહેવાય છે. **रामः, फले, गच्छतः** એ બધાં પદો છે.

૪. (**अ**) પદને અન્તે **म्** હોય ને તેની પછી **श्, ष्, स्, ह्,** કે **र्** આવે તો તેનું નિત્ય અનુસ્વાર થાય છે; (**आ**) કોઈ પણ સ્પર્શ વ્યંજન આવે તો અનુસ્વાર કે તે વ્યંજનના સ્થાનનો અનુનાસિક થાય છે; ને (**इ**) **य्, व्,** કે **ल्** આવે તો અનુસ્વાર કે અનુનાસિક **य्, व्,** કે **ल्** થાય છે. **पुष्पम् + हरति = पुष्पं हरति; वनम् + गच्छति = वनं गच्छति** કે **वनङ्गच्छति; पुस्तकं लिखति** કે **पुस्तकँल्लिखति.** અનુનાસિક **य्, व्, ल्** લખવાનો બહુ પ્રચાર નથી.

નામ.

અકારાન્ત પું૦	અકારાન્ત નં૦
अश्वः—ઘોડો.	असत्यम्—અસત્ય, જૂઠું.
चौरः—ચોર.	दुःखम्—દુઃખ.
जनः—માણસ.	नयनम्—આંખ, નેન.
देवः—દેવ.	पर्णम्—પાંદડું.
धर्मः—ધર્મ, ફરજ.	पापम्—પાપ.
बालः—બાલ, છોકરો.	पुस्तकम्—પુસ્તક, ચોપડી.
बुधः—ડાહ્યો માણસ.	शरीरम्—શરીર.
वत्सः—પ્રિય બાળ.	
वृक्षः—ઝાડ.	
वेदः—વેદ.	

ધાતુ.

उपदिश् (**उपदिशति**) (૬ ગ. પ.)—ઉપદેશ કે બોધ કરવો.
क्रीड् (**क्रीडति**) ૧ ગ.—ક્રીડા કરવી, રમવું.
गल् (**गलति**) ૧ ગ.—ગળી જવું, જતું રહેવું.
तड् (**ताडयति**) ૧૦ ગ.—તાડન કરવું, મારવું.
भण् (**भणति**) ૧ ગ.—ભણવું, બોલવું.

અવ્યય.

सुष्ठु—સારી રીતે, ઠીક.

પાઠ ૭ મો.

અકારાન્ત શબ્દો.

रथेन आगच्छति=रथेनागच्छति—રથ વડે તે આવે છે.
पादाभ्यां चलति—તે બે પગે ચાલે છે.
अक्षराणि गणयति बालः—અક્ષરો ગણે છે બાળ—બાળક અક્ષરો ગણે છે.

बालैः सह क्रीडामि—બાળકો સાથે હું રમું છું.
रामाय नमः—રામને નમસ્કાર.
क्रोधात् भवति संमोहः—ક્રોધથી થાય છે સંમોહ; ક્રોધથી સંમોહ થાય છે.
चक्रं रथस्य अङ्गम्=चक्रं रथस्याङ्गम्—પૈડું રથનું અંગ—ભાગ (છે).
व्याघ्रेभ्यः भयम्=व्याघ्रेभ्यो भयम्—વાઘોથી ભય (છે).
चन्द्रो नक्षत्राणां भूषणम्—ચન્દ્ર નક્ષત્રોનું ભૂષણ (છે).
आकाशे शुकः उत्पतति=आकाशे शुक उत्पतति—આકાશમાં પોપટ ઊડે છે.
पुरुषेषु उत्तमः पुरुषोत्तमः=पुरुषेषूत्तमः पुरुषोत्तमः —પુરુષોમાં ઉત્તમ (તે) પુરુષોત્તમ.
हस्तयोः प्रहरति—બે હાથ પર તે પ્રહાર કરે છે.

આ પાઠમાં અકારાન્ત નામોનાં ત્રીજીથી સાતમી વિભક્તિનાં રૂપોના દાખલા આપ્યા છે. રૂપો નીચે પ્રમાણે છેઃ—

	राम પું૦			**वन** ન૦		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૩ જી	रामेण	रामाभ्याम्	रामैः	वनेन	वनाभ्याम्	वनैः
૪ થી	रामाय	रामाभ्याम्	रामेभ्यः	वनाय	,,	वनेभ्यः
૫ મી	रामात्-द्	,,	,,	वनात्-द्	,,	,,
૬ ઠ્ઠી	रामस्य	रामयोः	रामाणाम्	वनस्य	वनयोः	वनानाम्
૭ મી	रामे	,,	रामेषु	वने	,,	वनेषु

અકારાન્ત નામના પું૦ અને ન૦ નાં રૂપો ૩ જી થી ૭ મી વિભક્તિ સુધી સરખાંજ છે. **रामेण, रामाणाम्** એ રૂપોમાં **न्** નો **ण्** થાય છે, ને **वनेन, वनानाम्** એમાં થતો નથી. **न्** નો **ण्** થવાના નિયમો નીચે પ્રમાણે છેઃ—

૧. **ऋ** (હ્રસ્વ કે દીર્ઘ), **र्**, કે **ष्** પછી લાગલોજ **न्** આવે તો **न्** નો **ण्** થાય છે; જેમકે **कर्ण, वर्ण, कृष्ण.**

૨. **ऋ, र्**, કે **ष्**, અને **न्** ની વચ્ચે સ્વર, **कवर्ग, पवर्ग, ह्, य्, व्**, કે **र्** માંના કોઈ વર્ણ આવ્યા હોય તોપણ **न्** નો **ण्** થાય છે; **रामेण**–આમાં **र्** ને **न्** ની વચ્ચે **आ, म्**, ને **ए** આવ્યા છે.

૩. પદને અન્તે **न्** નો **ण्** થતો નથી; માટે **रामान्** માં **न्** પદને અન્તે હોવાથી તેનો **ण्** થતો નથી.

रथेन + आगच्छति=रथेनागच्छति, તેમજ **पुरुषेषु + उत्तमः=पुरुषेषूत्तमः**. આનો નિયમ નીચે પ્રમાણેઃ—

૪. **अ, इ, उ, ऋ** (હ્રસ્વ કે દીર્ઘ), અને **ऌ** પછી સવર્ણ એટલે તેજ સ્થાનનો સ્વર આવે તો બે મળીને તેજ સ્વરનું દીર્ઘ રૂપ થાય છે; જેમકે **देव + आलयम्=देवालयम्; कवि + ईश्वरः=कवीश्वरः; रघु + उत्तमः=रघूत्तमः**. અર્થાત્,

અવર્ણ[1] + અવર્ણ = आ ; इवर्ण + इवर्ण = ई ; उवर्ण + उवर्ण + ऊ ; ऋवर्ण + ऋवर्ण = ॠ ; ऌवर्ण + ऌवर्ण = ॠ (કેમકે ऌ નું દીર્ઘરૂપ નથી ને ऋ ને ऌ સવર્ણ છે).

व्याघ्रेभ्यः + भयम्—અહિં વિસર્ગનો उ થઈ, પાછલા अ સાથે મળી **ओ** થયો છે. તે નીચેના નિયમો પ્રમાણે થાય છે:—

૫. વિસર્ગની પૂર્વે अ હોય ને પછી अ કે ઘોષ વ્યંજન હોય તો વિસર્ગનો उ થાય છે. એ उ પાછલા अ સાથે મળીને એને ઠેકાણે **ओ** થાય છે, તેનો નિયમ:—

૬. अवर्ण પછી इवर्ण, उवर्ण, ऋवर्ण, કે ऌ આવે તો એને ઠેકાણે પાછલા સ્વરોના ગુણ થાય છે, એટલે અનુક્રમે ए, ओ, अर्, ને अल् થાય છે, અર્થાત્,

अवर्ण + इवर्ण=ए ; अवर्ण + उवर्ण=ओ; अवर्ण + ऋवर्ण=अर् ; ને अवर्ण + ऌ=अल्.

व्याघ्रेभ्यः + भयम्=व्याघ्रेभ्य उ भयम्=व्याघ्रेभ्यो भयम्.

शुकः + उत्पतति—આહિં વિસર્ગ લોપાયો છે, તેનો નિયમ:—

૭. વિસર્ગની પૂર્વે अ હોય ને પછી अ સિવાય કોઈ સ્વર હોય તો વિસર્ગ લોપાય છે. લોપાયા પછી બે સ્વરો સાથે આવે તેની સંધિ થતી નથી.

पुरुषेषु उत्तमः—એમાં **उत्तम** એ વિશેષણ છે. પ્રાણી, પદાર્થ, કે ગુણને ઓળખાવવાને તેમનાં નામ પાડ્યાં હોય છે તે **નામ** કહેવાય છે, ને તે પદાર્થ કેવો કે કેટલો છે એમ ગુણ બતાવનાર શબ્દ **વિશેષણ** કહેવાય છે.

૮. વિશેષણને જે નામનો તે ગુણ બતાવે છે તેનાં એટલે વિશેષ્યનાં જાતિ, વચન, ને વિભક્તિ લાગે છે.

નામ. અકારાન્ત પું૦.

आकाशः—આકાશ.	**रथः**—રથ.
क्रोधः—ક્રોધ.	**रामः**—રામ.
चन्द्रः—ચન્દ્ર.	**व्याघ्रः**—વાઘ.
पादः—પગ.	**शुकः**—પોપટ.
पुरुषः—પુરુષ.	**संमोहः**—અજ્ઞાન.
पुरुषोत्तमः—વિષ્ણુ.	**हस्तः**—હાથ.

નામ. અકારાન્ત ન૦.

अङ्गम्—અંગ; અવયવ.	**नक्षत्रम्**—નક્ષત્ર.
अक्षरम्—અક્ષર.	**भयम्**—ભય.
आकाशम्—આકાશ.	**भूषणम्**—અલંકાર, ભૂષણ.
चक्रम्—પૈડું, ચાક.	**वनम्**—વન.

1 અવર્ણ=अ કે आ, इवर्ण=इ કે ई, ઉવર્ણ=उ કે ऊ, ને ऋवर्ण=ऋ કે ॠ.

વિશેષણ.

उत्तम—ઉત્તમ, શ્રેષ્ઠ.

અવ્યય.

सह—સાથે (એને યોગે ત્રીજી વિભક્તિ વપરાય છે).

नमः—નમસ્કાર (એને યોગે ચોથી વિભક્તિ વપરાય છે).

ધાતુ.

चल् (चलति) (૧ ગ.) ચાલવું, ફરવું. | प्र हृ (प्रहरति) (૧ ગ.) પ્રહાર કરવો.

પાઠ ૮ મો.

ઇકારાન્ત, ઉકારાન્ત, તકારાન્ત, ને દકારાન્ત શબ્દો.

रविः उदयं याति=रविरुदयं याति—સૂર્ય ઉદય પામે છે.

रामः **कपिभिः** रावणं जयति=रामः कपिभी रावणं जयति—રામ વાનરો વડે રાવણને જીતે છે.

कवयः भूपतीनाम् चरितं वर्णयन्ति=कवयो भूपतीनां चरितं वर्णयन्ति—કવિઓ ભૂપતિઓનું ચરિત વર્ણવે છે.

गुरवे नमः—ગુરુને નમસ્કાર.

वीरः **अरीन्** जयति=वीरोऽरीञ्जयति—વીર પુરુષ શત્રુઓને જીતે છે.

हरये स्वस्ति—હરિનું કલ્યાણ (થાઓ).

अग्नये स्वाहा—અગ્નિને સ્વાહા.

शिशू वृक्षमारोहतः—બે બાળકો વૃક્ષ પર ચડે છે.

मनोः अपत्यानि मानवाः=मनोरपत्यानि मानवाः—મનુનાં છોકરાં માનવ (છે).

उदधिषु बहवः जन्तवः वसन्ति=उदधिषु बहवो जन्तवो वसन्ति—સમુદ્રોમાં બહુ જન્તુઓ વસે છે.

गुरौ अपि प्रहरति मूर्खः=गुरावपि प्रहरति मूर्खः—ગુરુને વિષે પણ પ્રહાર કરે છે મૂર્ખ (મૂર્ખ ગુરુને પણ પ્રહાર કરે છે).

विपदि धैर्यं रक्षन्ति धीराः—વિપત્તિમાં ધૈર્ય રક્ષે છે ધીરો (વિપત્તિમાં ધીરો ધૈર્ય રક્ષે છે).

भानुः दिनस्य मणिः=भानुर्दिनस्य मणिः—સૂર્ય દિવસનો મણિ છે.

सुहृदाम् वचनं नातिक्रामन्ति=सुहृदां वचनं नातिक्रामन्ति—તેઓ મિત્રોનું વચન ઉલ્લંઘતા નથી.

આ પાઠમાં इकारान्त ને उकारान्त પુંલિંગ નામોના રૂપોના દાખલા છે. રૂપો નીચે પ્રમાણે છેઃ—

हरि पुं० / **भानु पुं०**

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ લી	हरिः	हरी	हरयः	भानुः	भानू	भानवः
૨ જી	हरिम्	,,	हरीन्	भानुम्	,,	भानून्
૩ જી	हरिणा	हरिभ्याम्	हरिभिः	भानुना	भानुभ्याम्	भानुभिः
૪ થી	हरये	,,	हरिभ्यः	भानवे	,,	भानुभ्यः
૫ મી	हरेः	,,	,,	भानोः	,,	,,
૬ ઠ્ઠી	,,	हर्योः	हरीणाम्	,,	भान्वोः	भानूनाम्
૭ મી	हरौ	,,	हरिषु	भानौ	,,	भानुषु
સં૦	हरे	हरी	हरयः	भानो	भानू	भानवः

हरि અને भानुનાં રૂપો સરખાવતાં માલમ પડશે કે તેમાં સરખોજ ફેરફાર થાય છે.

વળી આ પાઠમાં दकारान्त અને तकारान्त નામોનાં રૂપોના દાખલા પણ છે. તેમનાં રૂપો નીચે પ્રમાણેઃ—

विपद् स्त्री०

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦		એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ લી	विपद्	विपदौ	विपदः	૫ મી	विपदः	विपद्भ्याम्	विपद्भ्यः
૨ જી	विपदम्	,,	,,	૬ ઠ્ઠી	,,	विपदोः	विपदाम्
૩ જી	विपदा	विपद्भ्याम्	विपद्भिः	૭ મી	विपदि	,,	विपत्सु
૪ થી	विपदे	,,	विपद्भ्यः	સં૦	विपद्	विपदौ	विपदः

હવે તમે राम, हरि, भानु, ને विपद् નાં રૂપો શીખ્યા તે સરખાવશો, ને મુખ્યત્વે विपद् નાં રૂપો જોશો, તો પ્રત્યયો નીચે પ્રમાણે છે એમ જણાશેઃ—

	એ. વ.	દ્વિ. વ.	બ. વ.
૧ લી	स	औ	अस
૨ જી	अम्	,,	,,
૩ જી	आ	भ्याम्	भिस
૪ થી	ए	,,	भ्यस
૫ મી	अस	,,	,,
૬ ઠ્ઠી	,,	ओस	आम्
૭ મી	इ	,,	सु
સં૦	स	औ	अस

વ્યંજનાન્ત શબ્દોમાં स પ્રત્યય લોપાય છે.

હવે પાઠમાં આપેલાં વાક્યોમાં સંધિના નિયમો વિષે.

रविः + उदयम् = रविरुदयम् ; **कपिभिः + रावणम् = कपिभिर् + रावणम् = कपिभी रावणम्** ; **मनोः + अपत्यानि = मनोरपत्यानि** ; **भानुः + दिनस्य = भानुर्दिनस्य.**

નિયમ એવા છે કે

૧. વિસર્ગની પૂર્વે **अ** કે **आ** સિવાયનો કોઈ સ્વર હોય ને પછી સ્વર કે ઘોષ વ્યંજન હોય તો વિસર્ગનો **र्** થાય છે.

૨. **र्** ની પછી **र्** આવે તો પહેલો **र्** લોપ પામે છે ને તેની પહેલાંનો સ્વર દીર્ઘ થાય છે.

वीरः + अरीन् = वीरोऽरीन्. નીચેના નિયમો પ્રમાણેઃ—

વિસર્ગની પૂર્વે **अ** હોય ને પછી **अ** હોય તો વિસર્ગનો **उ** થાય છે (પા. ૭ નિ. ૫). તે પ્રમાણે વિસર્ગનો **उ** થઈ તે **उ** પાછલા **अ** સાથે મળીને **अ + उ = ओ** થાય છે (પા. ૭ નિ. ૬). પછી નીચેનો નિયમ લાગુ પડે છેઃ—

૩. પદને અન્તે **ए** કે **ओ** હોય ને તેની પછી **अ** આવે તો તે **अ** પૂર્વના સ્વરમાં મળી *પૂર્વરૂપ થાય છે. એ **अ** પૂર્વરૂપ થયો છે તે બતાવવા ऽ ચિહ્ન મુકાય છે, તે ચિહ્નને અવગ્રહ કહે છે.

गुरौ अपि= गुरावपि. નિયમઃ—

૪. **ए, ऐ, ओ,** ને **औ** પછી કોઈ સ્વર આવે તો તેના અનુક્રમે **अय्, आय्, अव्,** ને **आव्** થાય છે.

એ નિયમને અનુસરી **हरये** ને **गुरवे** રૂપો થયાં છે. **हरि + ए =** પ્રથમ **इ** નો ગુણ થઈ **हरे + ए = हरय् + ए = हरये.** **गुरु + ए = उ** નો ગુણ થઈ **गुरो + ए = गुरव् + ए = गुरवे.**

૫. પદને અન્તે **ए, ऐ, ओ,** ને **औ** હોય તો તેને બદલે થયલા **अय्, आय्, अव्,** ને **आव्** ના **य्** ને **व्** વિકલ્પે લોપાય છે, ને લોપાયા પછી સ્વરોની સંધિ થતી નથી. ઉદા૰—**गुरौ+अपि=गुरावपि** કે **गुरा अपि.**

अरीन् + जयति. નિયમઃ—

૬. **स्** કે **त**વર્ગના કોઈ પણ વ્યંજનનો યોગ **श्** કે **च**વર્ગના કોઈ પણ વ્યંજન સાથે થાય, ત્યારે **स्** ને ઠેકાણે **श्** ને **त**વર્ગના વર્ણને ઠેકાણે **च**વર્ગનું તેટલામુંજ વ્યંજન મુકાય છે. આ પ્રમાણે **न्** ને બદલે **ञ्** થયો.

૭. **अतिक्रामन्ति—क्रम्** ધાતુ ૧ લા ને ૪ થા ગણનો છે ને એનો ઉપાન્ત્ય **अ** દીર્ઘ થાય છે, **क्रामन्ति, क्राम्यन्ति.**

---

* પૂર્વનાજ જેવા; અર્થાત્, **अ** લોપાય છે.

નામ.

अग्नि (પું०)—અગ્નિ.
अपत्य (अपत्यम्) (ન०)—છોકરૂં.
अरि (પું०)—શત્રુ.
उदधि (પું०)—સમુદ્ર.
उदय (उदयः) (પું०)—ઉદય.
कपि (પું०)—વાનર.
कवि (પું०)—કવિ.
गुरु (પું०)—ગુરુ.
चरित (चरितम्) (ન०)—ચરિત, વૃત્તાન્ત.
जन्तु (પું०)—પ્રાણી, જીવ.
दिन (दिनम्) (ન०)—દિવસ.
धीर (धीरः) (પું०)—ધીરો પુરુષ.
धैर्य (धैर्यम्) (ન०)—ધીરજ.
भूपति (પું०)—રાજા; પૃથ્વીનો ધણી.
भानु (પું०)—સૂર્ય.
मणि (પું०)—મણિ.
मनु (પું०)—મનુ.
मानव (मानवः) (પું०)—મનુષ્ય.
रवि (પું०)—સૂર્ય.
राम (रामः) (પું०)—રામ.
रावण (रावणः) (પું०)—રાવણ.
वचन (वचनम्) (ન०)—વચન.
विपद् (સ્રી०)—વિપત્તિ.
वीर (वीरः) (પું०)—વીર પુરુષ.
शिशु (પું०)—બાળ.
सुहृद् (પું०)—મિત્ર.
हरि (પું०)-૧ વિષ્ણુ; ૨ એ નામનો પુરુષ.

ધાતુ.

क्रम् [अतिપૂર્વક] (अतिक्रामति, अतिक्राम्यति) (૧ ગ., ૪ ગ.) ઓળંગવું, ઉલ્લંઘન કરવું.
या (याति) (૨ ગ.)—જવું.
रक्ष् (रक्षति) (૧ ગ.)—રક્ષણ કરવું.
रुह् [आપૂર્વક] (आरोहति) (૧ ગ.)—ચઢવું.
वर्ण् (वर्णयति) (૧૦ ગ.)—વર્ણવવું.

અવ્યય.

अपि—પણ.
न—નહિ.
स्वस्ति—કલ્યાણ (એને યોગે ચતુર્થી વપરાય છે).
स्वाहा—અગ્નિમાં આહુતિ આપતી વખતે એ શબ્દ ઉચ્ચારાય છે (એને યોગે ચતુર્થી વપરાય છે).

વિશેષણ.

बहु—બહુ.

પાઠ ૯ મો.

આત્મનેપદ વર્તમાનકાળ ને આકારાન્ત શબ્દો.

विद्या नाम नरस्य रूपमधिकम्—વિદ્યા, ખરેખર, નરનું રૂપ અધિક (અધિક રૂપ છે).

सीतया सह रामो रमते—સીતા સાથે રામ રમે છે.

नरपतिर्विघ्नेभ्यः प्रजाः त्रायते (प्रजास्त्रायते)—રાજા વિઘ્નોથી પ્રજાઓને રક્ષે છે.

मयूरा वर्षासु नृत्यन्ति—મોરો ચોમાસામાં નાચે છે.

रमायाम् हरिरुत्सुकः=रमायां हरिरुत्सुकः—લક્ષ્મીને વિષે હરિ ઉત્સુક (છે).

शालाभ्यः सायं निर्गच्छन्ति **बालिकाः**—શાળાઓમાંથી સાંજે નીકળે છે બાળાઓ (બાળાઓ શાળાઓમાંથી સાંજે નીકળે છે).

आकाश **उड्डयन्ते शुकाः**—આકાશમાં ઊડે છે પોપટો (પોપટો ઊડે છે).

वत्से सुष्ठु शोभसे विनयेन—પ્રિય બાલે, તું ઠીક શોભે છે વિનયે (વિનયે ઠીક શોભે છે).

असत्यं **भाषध्वे**—(તમે) અસત્ય બોલો છે.

पुष्पाणां गन्धं **हरन्ति** अलयः=पुष्पाणां गन्धं **हरन्त्यलयः**—પુષ્પોની ગન્ધ હરે છે મધમાખો. (મધમાખો પુષ્પોની ગન્ધ હરે છે).

बिडालान् **ताडयति**=बिडालांस्ताडयति—(તે) બિલાડાઓને મારે છે.

इषू **अस्यसि**—(તું) બે બાણો ફેંકે છે.

प्रतिपदश्चन्द्रकलेव दिने दिने **वर्धते** बाला—પડવાની ચન્દ્રકલાની પેઠે દિવસે દિવસે વધે છે બાલા (બાલા વધે છે).

कन्ययोःविवाहो (कन्ययोर्विवाहो) **वर्ततेऽद्य**—બે કન્યાઓનો વિવાહ છે આજ (આજ લગ્ન છે).

ગયા પાઠ સુધી વર્તમાનકાળનાં રૂપો આપ્યાં હતાં તે કરતાં આમાં જુદાં જણાશે. **रमते, शोभसे, भाषध्वे, उड्डयन्ते** આ બધાં એવાં રૂપો છે. ધાતુને કાળના પ્રત્યયો લાગે છે તે બે પ્રકારના છે, કેટલાક **परस्मैपद** ને કેટલાક **आत्मनेपद** કહેવાય છે. જે ધાતુઓને પરસ્મૈપદ પ્રત્યયો લાગે છે તે **परस्मैपदी** ને જેને આત્મનેપદ પ્રત્યયો લાગે છે તે **आत्मनेपदी** કહેવાય છે. કેટલાક ધાતુને બંને પ્રત્યયો લાગે છે તે **उभयपदी** કહેવાય છે. બંને પદનાં રૂપો નીચે આપ્યાં છે.

	भू ૧ ગ. ૫૦			**वृध्** ૧ ગ. આ૦		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ પુ૦	भवामि	भवावः	भवामः	वर्धे	वर्धावहे	वर्धामहे
૨ પુ૦	भवसि	भवथः	भवथ	वर्धसे	वर्धेथे	वर्धध्वे
૩ પુ૦	भवति	भवतः	भवन्ति	वर्धते	वर्धेते	वर्धन्ते

પ્રત્યયો.

૧	પુ૦ मि	वस्	मस्	ए	वहे	महे
૨	પુ૦ सि	थस्	थ	से	इथे	ध्वे
૩	પુ૦ ति	तस्	अन्ति	ते	इते	अन्ते

वस् ને **मस्** ની પૂર્વે થાય છે તેમ **वहे** ને **महे** ની પૂર્વે **अ** નો **आ** થાય છે; ને **अन्ति** ની પૂર્વેનો **अ** લોપાય છે તેમ **ए** અને **अन्ते** ની પૂર્વેનો પણ **अ** લોપાય છે. ઉપરના આત્મનેપદ બધા પ્રત્યયોને અન્તે **ए**કાર છે એ લક્ષમાં રાખવું.

આકારાન્ત સ્ત્રીલિંગનાં રૂપો પણ આ પાઠમાં વાપર્યાં છે. તે રૂપો નીચે પ્રમાણે થાય છે:—

रमा સ્ત્રી૦

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ લી	रमा	रमे	रमाः
૨ જી	रमाम्	,,	,,
૩ જી	रमया	रमाभ्याम्	रमाभिः
૪ થી	रमायै	,,	रमाभ्यः
૫ મી	रमायाः	,,	,,
૬ ઠ્ઠી	,,	रमयोः	रमाणाम्
૭ મી	रमायाम्	,,	रमासु
સં૦	रमे	रमे	रमाः

हरन्ति+अलयः—हरन्त्यलयः. નિયમ:—

૧. **इ**વર્ણ, **उ**વર્ણ, **ऋ**વર્ણ, ને **ऌ** પછી અસવર્ણ સ્વર આવે તો તેને સ્થાને અનુક્રમે **य्**, **व्**, **र्**, ને **ल्** થાય છે.

बिडालान् + ताडयति—बिडालांस्ताडयति. નિયમ:—

૨. પદાન્ત **न्** પછી, **च्**, **छ्**, **त्**, **थ्**, **ट्**, કે **ठ्** આવે તો તે **न्** નું અનુસ્વાર ને વિસર્ગ બંને થાય છે.

૩. વિસર્ગની પછી **च्** કે **छ्** આવે તો વિસર્ગનો **श्** થાય છે, **त्** કે **थ्** આવે તો **स्** થાય છે (પા. ૬ નિ. ૧), અને **ट्** કે **ठ्** આવે તો **ष्** થાય છે.

इष्व अस्यति—અહિં સંધિ થતી નથી. નિયમ:—

૪. નામ કે ક્રિયાપદના દ્વિવચનને અન્તે **ई**, **ऊ**, કે **ए** હોય તો તેની સંધિ થતી નથી. એ સ્વરો **પ્રગૃહ્ય** કહેવાય છે.

उद्+डयते=उड्डयते. નિયમ:—

૫. **स्** કે **त**વર્ગનો **ष्** કે **ट**વર્ગ જોડે યોગ થાય તો **स्** ને સ્થાને **ष्** ને **त**વર્ગને સ્થાને તેને મળતો **ट**વર્ગનો વર્ણ થાય છે. **द्** ને સ્થાને **ड्** થયો છે.

નામ.

अलि (પું०)—મધમાખી.
इषु (પું०)—બાણ.
कन्या (સ્ત્રી०)—કન્યા.
गन्ध (गन्धः) (પું०)—ગન્ધ.
चन्द्रकला (સ્ત્રી०)—ચન્દ્રની કળા.
नर (नरः) (પું०)—નર.
नरपति (પું०)—રાજા.
पुष्प (पुष्पम्) (ન०)—ફૂલ.
प्रजा (સ્ત્રી०)—રૈયત.
प्रतिपद् (સ્ત્રી०)—પડવો.
बाला (સ્ત્રી०)—બાળા.
बालिका (સ્ત્રી०)—બાળા.
बिडाल (बिडालः) (પું०)—બીલાડો.
मयूर (मयूरः) (પું०)—મોર.
रमा (સ્ત્રી०)—લક્ષ્મી.
रूप (रूपम्) (ન०)—રૂપ.
वत्सा (સ્ત્રી०)—પ્રિય બાલા.
वर्षा (સ્ત્રી०)—ચોમાસું (એ શબ્દ બહુવચનમાંજ વપરાય છે).
विघ्न (विघ्नः) (પું०)—વિઘ્ન, અડચણ.
विद्या (સ્ત્રી०)—વિદ્યા.
विनय (विनयः) (પું०)—નમ્રતા.
विवाह (विवाहः) (પું०)—લગ્ન.
शाला (સ્ત્રી०)—નિશાળ.
सीता (સ્ત્રી०)—સીતા.

વિશે०

अधिक—ઘણું, મોટું, અદકું.
उत्सुक—ઉત્સુક, આતુર.

અવ્ય०

अद्य—આજ.
इव—પેઠે.
नाम—ખરેખર.
सायम्—સાંજે.

ધાતુ.

अस् (अस्यति) (૪ ગ० પ०)—ફેંકવું.
उड्डी (उड्डयते) उड्डी (૧ ગ० આ०)—ઊડવું.
त्रै (त्रायते) (૧ ગ० આ०)—રક્ષણ કરવું.
निर्गम् (निर्गच्छति) (૧ ગ० પ०)—નીકળવું.
भाष् (भाषते) (૧ ગ० આ०)—ભાખવું, બોલવું.
रम् (रमते) (૧ ગ० આ०)—રમવું.
वृत् (वर्तते) (૧ ગ० આ०)—હોવું.
वृध (वर्धते) (૧ ગ० આ०)—વધવું
शुभ् (शोभते) (૧ ગ० આ०)—શોભવું.

પાઠ ૧૦ મો.

સર્વનામ.

सर्वः स्वार्थं समीहते=सर्वस्स्वार्थं समीहते—સર્વ સ્વાર્થ ઇચ્છે છે.
सर्वेभ्यः देवेभ्यो नमः=सर्वेभ्यो देवेभ्यो नमः—સર્વ દેવોને નમસ્કાર.

सर्वासु कलासु चतुर एषः बालः=सर्वासु कलासु चतुर एष बालः—સર્વે કળામાં ચતુર એ બાળ (એ બાળ ચતુર છે).

कस्य एषः पुत्रः=कस्यैष पुत्रः—કોનો આ પુત્ર ? (આ પુત્ર કોનો છે ?)

का वार्ता वर्तते—શી ખબર છે ?

अन्यः कः अपि एषः=अन्यः कोऽप्येषः—બીજો કોઈ આ (આ કોઈ બીજો છે).

किम् अपि एषा कथयति=किमप्येषा कथयति—કંઈક એ સ્ત્રી કહે છે. (એ સ્ત્રી કંઈક કહે છે).

भूपते एषा एव सा ऊर्मिका=भूपते एषैव सोर्मिका—હે રાજા, એજ તે વીંટી (છે).

स जनः अन्याम् कामयते=स जनोऽन्यां कामयते—તે પુરુષ અન્ય સ્ત્રીને ચાહે છે.

के एते कन्ये—કઈ આ બે કન્યા છે ? (આ બે કન્યા કઈ છે ?)

तेषाम् विद्या न विद्यते=तेषां विद्या न विद्यते—તેઓની—તેઓમાં વિદ્યા નથી.

	सर्व પું०			सर्वा સ્ત્રી०		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
૧ લી	सर्वः	सर्वौ	सर्वे	सर्वा	सर्वे	सर्वाः
૨ જી	सर्वम्	,,	सर्वान्	सर्वाम्	,,	,,
૩ જી	सर्वेण	सर्वाभ्याम्	सर्वैः	सर्वया	सर्वाभ्याम्	सर्वाभिः
૪ થી	सर्वस्मै	,,	सर्वेभ्यः	सर्वस्यै	,,	सर्वाभ्यः
૫ મી	सर्वस्मात्	,,	,,	सर्वस्याः	,,	,,
૬ ઠ્ઠી	सर्वस्य	सर्वयोः	सर्वेषाम्	,,	सर्वयोः	सर्वासाम्
૭ મી	सर्वस्मिन्	,,	सर्वेषु	सर्वस्याम्	,,	सर्वासु

सर्व ન०

૧ લી ને ૨ જી	सर्वम्	सर्वे	सर्वाणि

બાકીનાં પું० પ્રમાણે.

सर्व એ સર્વનામ છે; એનું સ્ત્રીલિંગ सर्वा છે. એનાં રૂપો પું० માં राम જેવાં, સ્ત્રી० માં रमा જેવાં, ને ન० માં फल જેવાં સામાન્ય રીતે થાય છે. સર્વનામનાં સંબોધનનાં રૂપો થતાં નથી. માત્ર નીચેનાં રૂપો જુદાં છે:—

	પું૦	સ્ત્રી૦	ન૦
૧ લી બ૦ વ૦	सर्वे		પું૦ જેવાં
૪ થી એ૦ વ૦	सर्वस्मै	सर्वस्यै	(૧લી બ૦ વ૦ સિવાય).
૫ મી એ૦ વ૦	सर्वस्मात्	सर्वस्याः ૬ ઠ્ઠી એ૦ વ૦ પણ.	
૬ ઠ્ઠી બ૦ વ૦	सर्वेषाम्	सर्वासाम्	
૭ મી એ૦ વ૦	सर्वस्मिन्	सर्वस्याम्	

पर (બીજું), **अन्य** (બીજું), **विश्व** (બધું), એ પણ સર્વનામ છે ને એનાં રૂપો સર્વના જેવાં થાય છે. **अन्य**નું નપું૦ ૧ લી ને ૨ જી નું એ૦ વ૦ **अन्यत्** થાય છે.

तद् (તે), **यद्** (જે), **एतद्** (એ), **किम्** (કોણ, શું), એ સર્વનામ છે. એ શબ્દોને પું૦ માં **त, य, एत,** ને **क** ગણી એનાં રૂપો **सर्व** ના જેવાં કરવાં; સ્ત્રી૦ માં **ता, या, एता,** ને **का** ગણી **सर्वा** જેવાં રૂપો કરવાં. **तद्** નું પું૦ માં ૧ લી એ૦ વ૦ **सः** ને **एतद्** નું **एषः** થાય છે; ને સ્ત્રી૦ માં **तद्**નું ૧ લી એ૦ વ૦ **सा** ને **एतद्** નું **एषा** થાય છે. ન૦ ૧ લી ને ૨ જીના એ૦ વ૦ માં **तद्**, **यद्**, **एतद्**, ને **किम्** થાય છે.

तद् પું૦

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ લી	सः	तौ	ते
૨ જી	तम्	,,	तान्
૩ જી	तेन	ताभ्याम्	तैः

વગેરે

यद् સ્ત્રી૦

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૪ થી	यस्यै	याभ्यां	याभ्यः
૫ મી	यस्याः	,,	,,
૬ ઠ્ઠી	,,	ययोः	यासाम्
૭ મી	यस्याम्	,,	यासु

किम् ન૦

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ લી	किम्	के	कानि
૨ જી	,,	,,	,,
૩ જી	केन	काभ्याम्	कैः

एतद् પું૦

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ લી	एषः	एतौ	एते
૨ જી	एतम्–एनम्	एतौ–एनौ	एतान्–एनान्
૩ જી	एतेन–एनेन	एताभ्याम्	एतैः
૪ થી	एतस्मै	एताभ्याम्	एतेभ्यः
૫ મી	एतस्मात्	,,	,,
૬ ઠ્ઠી	एतस्य	एतयोः–एनयोः	एतेषाम्
૭ મી	एतस्मिन्	,,	एतेषु

અર્થાત્, ૨ જી વિ૦ માં, ૩ જી ના એ૦ વ૦ માં, ને ૬ ઠ્ઠી ને ૭ મી ના દ્વિ૦ વ૦ માં **एन** ઉપરથી પણ રૂપો કરવાં.

એજ પ્રમાણે સ્ત્રી૦ માં તથા ન૦ માં.

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૨ જી	**एताम्-एनाम्**	**एते-एने**	**एताः-एनाः**
૩ જી	**एतया-एनया**		
૬ ઠ્ઠી		**एतयोः-एनयोः**	
૭ મી		,,	

सर्वः + स्वार्थम्=सर्वः स्वार्थम् કે **सर्वस्स्वार्थम्.** નિયમઃ—

૧. વિસર્ગની પછી **श्, ष्,** કે **स्** આવે તો વિસર્ગ એમનો એમ રહે અથવા તેનો અનુક્રમે **श्, ष्,** કે **स्** થાય.

कस्य + एषः=कस्यैषः. નિયમઃ—

૨. અવર્ણ પછી **ए** કે **ऐ** આવે તો બે મળીને **ऐ** થાય છે, અને **ओ** કે **औ** આવે તો બે મળીને **औ** થાય છે. અર્થાત્, અવર્ણ + **ए** કે **ऐ=ऐ**; ને અવર્ણ + **ओ** કે **औ=औ.**

एषः + बालः=एष बालः; सः + जनः=स जनः; एषः + पुत्रः=एष पुत्रः. નિયમઃ—

૩. **सः** અને **एषः** ના વિસર્ગ પછી કાંઈ પણ વ્યંજન આવે તો તે લોપાય છે.

૪. **कामयते-कम्** ધાતુ ૧ ગણનો આત્મનેપદી છે, તોપણ એનાં રૂપ ૧૦ ગણના જેવાં થાય છે.

સર્વ૦

अन्य—બીજું.
एतद्—આ.
किम्—શું, કોણ.
तद्—તે.
यद्—જે.
सर्व—સર્વ.

નામ૦

ऊर्मिका (સ્ત્રી૦) વીંટી.
कला (સ્ત્રી૦)—કળા.
पुत्र (**पुत्रः**) (પું૦)—પુત્ર, દીકરો.
वार्ता (સ્ત્રી૦)—વાર્તા, વૃત્તાન્ત, ખબર.
स्वार्थ (**स्वार्थः**) (પું૦)—સ્વાર્થ.

અવ્ય૦

एव—જ (નિશ્ચયવાચક).

વિશે૦

चतुर—હોશિયાર, ચતુર.

ધાતુ

कम् (**कामयते**) (૧ ગ૦ આ૦) ચહાવું.
विद् (**विद्यते**) (૪ ગ૦ આ૦) હોવું.
सम्+ईह् (**समीहते**) (૧ ગ૦ આ૦) ચહાવું, ઇચ્છવું.

પાઠ ૧૧ મો.

દ્વન્દ્વ ને તત્પુરુષ; ઈકારાન્ત ને ઊકારાન્ત સ્ત્રીલિંગ.

अप्येषा पञ्चवटी—શું આ પંચવટી છે?

अप्येषा गोदावरी—શું એ ગોદાવરી છે?

अप्येतत् तपोवनम्—શું એ તપોવન છે?

सा हि कुलपतेः प्राणाः—તે, ખરેખર, કુલપતિના પ્રાણ છે.

लक्ष्मीनारायणाभ्यां नमः—લક્ષ્મી અને નારાયણને નમસ્કાર.

विघ्नभयेन नीचाः कार्यं न प्रारभन्ते—વિઘ્નના ભયથી નીચ પુરુષો કાર્ય નથી આરંભતા (આરંભતા નથી).

उत्तमजनाः कदापि धर्मं न त्यजन्ति—ઉત્તમ જનો કદી પણ ધર્મ તજતા નથી.

पञ्चपात्रे पूजासामग्री वर्तते—પંચપાત્રમાં પૂજાની સામગ્રી છે.

सरस्वत्याः जलं पावनम्=सरस्वत्या जलं पावनम्—સરસ્વતીનું જળ પવિત્ર છે.

कुबेरः स्वनगर्याम् अ (म) लकायां वसति—કુબેર પોતાની નગરી અલકામાં વસે છે.

पत्न्यै कुप्यति माणवकः—પત્ની પર કોપે છે માણવક (માણવક)·પત્ની પર કોપે છે.

शरय्वाः तटे कश्चित्तापसः प्रतिवसति=शरय्वास्तटे कश्चित्तापसः प्रतिवसति—શરયૂના તટ પર કોઈક તપસ્વી વસે છે.

श्वश्र्वाः आज्ञामनुसरति वधूः=श्वश्र्वा आज्ञामनुसरति वधूः—સાસુની આજ્ઞા અનુસરે છે વહુ (વહુ અનુસરે છે).

આ પાઠમાં ઈકારાન્ત ને ઊકારાન્ત સ્ત્રીલિંગનાં રૂપોના દાખલા છે. રૂપો નીચે પ્રમાણે છેઃ—

	नदी સ્ત્રી०			वधू સ્ત્રી०		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
प्र०	नदी	नद्यौ	नद्यः	वधूः	वध्वौ	वध्वः
द्वि०	नदीम्	,,	नदीः	वधूम्	,,	वधूः
तृ०	नद्या	नदीभ्याम्	नदीभिः	वध्वा	वधूभ्याम्	वधूभिः
च०	नद्यै	,,	नदीभ्यः	वध्वै	,,	वधूभ्यः
पं०	नद्याः	,,	,,	वध्वाः	,,	,,
ष०	,,	नद्योः	नदीनाम्	,,	वध्वोः	वधूनाम्
स०	नद्याम्	,,	नदीषु	वध्वाम्	,,	वधूषु
सं०	नदि	नद्यौ	नद्यः	वधु	वध्वौ	वध्वः

---

१ किम् નાં રૂપોને चित्, चन, કે अपि લગાડાય છે. कश्चित्, कस्मिंश्चित्, कांश्चित्, कापि, केऽपि ઇત્યાદિ. કોઈક, કંઈક, એવો અર્થ થાય છે.

नदी ने **वधू** नां रूपोमां सरखोज फेरफार थाय छे; मात्र प्र० ए० व० मां **वधू** मां विसर्ग रहे छे ने **नदी** मां लोपाय छे. आ पाठथी पहेली, बीजी, त्रीजी, चोथी, पांचमी, छठ्ठी, ने सातमीने बदले अनुक्रमे संस्कृत शब्दो **प्रथमा, द्वितीया, तृतीया, चतुर्थी, पञ्चमी, षष्ठी,** ने **सप्तमी** वापर्या छे; ने तेनां संक्षिप्त रूपो **प्र०, द्वि०** वगेरे आप्यां छे.

लक्ष्मीनारायणाभ्याम्, कुलपतेः, पञ्चवटी, तपोवनम्, विघ्नभयेन, ने **उत्तमजनाः**—आ बधां पदो समास कहेवाय छे.

बे के वधारे पदो भेगां थई एक **अर्थ** उत्पन्न करे तेने **समास** कहे छे. एमां घणुंखरुं विभक्तिनो प्रत्यय छेल्ला पदनेज रहे छे, आगलां पदोमांथी लोपाय छे.

गमे तेम पदो एकठां करी समास करवानी छूट नथी. संस्कृत वैयाकरणोए ए विषे घणा नियमो आप्या छे.

समास मुख्य चार प्रकारना छे—**द्वन्द्व, तत्पुरुष, बहुव्रीहि,** ने **अव्ययीभाव.**

आ पाठमां **द्वन्द्व** ने **तत्पुरुष** ना दाखला आप्या छे. **द्वन्द्व** एटले जोडकुं. १. जेमां बे के वधारे पदो भेगां थाय ने ते बधांनो **अर्थ** प्रधान रहे, एटले एकनो **अर्थ** बीजाना पेटा पडतो न **थाय** ते **द्वन्द्व समास.** बे **पद** भेगां होय तो समास द्विवचनमां ने वधारे होय तो बहुवचनमां आवे छे. छेल्ला पदनुं लिंग ते समासनुं लिंग. थोडा स्वरवाळुं पद—अर्थात्, नानुं पद, पहेलुं मुकाय छे. बाईओनां नामो वचने क्रमे मुकाय छे.

रामलक्ष्मणौ, रामलक्ष्मणभरतशत्रुघ्नाः, भीमार्जुनौ, लक्ष्मीनारायणौ, पार्वतीपरमेश्वरौ, उमामहेश्वरौ वगेरे **द्वन्द्वना दाखला छे.**

२. पहेलुं पद बीजा जोडे बीजीथी सातमी सुधीनी कोई विभक्तिना संबंधथी जोडायुं होय ते समास **तत्पुरुष कहेवाय छे.**

तत्पुरुषः—तेनो पुरुष. आम **तत्पुरुषः** ए **पद** जाते **तत्पुरुष** समास होई समासनुं स्वरूप केवुं छे ते सूचवे छे.

कुलपतिः—कुळनो पति; **तत्पुरुषः**—तेनो पुरुष; **तपोवनम् (तपस्+वन=तपः + वन=तप उ वन=तपोवन)**—तपनुं वन. ए बधां पदो **षष्ठीतत्पुरुष** छे.

विघ्नभयम्—विघ्नथी भय. **पञ्चमीतत्पुरुष.**

तत्पुरुषः पदनो अर्थ 'ते पुरुष' पण थाय छे. एवो **अर्थ** लईए त्यारे पहेलुं पद विशेषण ने बीजुं विशेष्य थाय छे. ३. जे **समासमां** पहेलुं पद विशेषण ने बीजुं विशेष्य होय ते पण **तत्पुरुष** नो एक पेटा भाग छे ने तेने **कर्मधारय** समास कहे छे.

उत्तमजनाः ए **कर्मधारय समास छे. कर्म** एटले क्रिया. तेना धारण करनारां **पदो.** '**उत्तमजना गच्छन्ति**', '**उत्तमजनान् ताडयामि**' वगेरेमां 'उत्तम' **विशेषण** अने 'जन' **विशेष्यनो** एक क्रियामां अन्वय छे. जे पदोनो एकज **क्रियामां अन्वय छे एटले जे समानाधिकरण पद छे, तेओनो समास कर्मधारय समास कहेवाय छे. ४. वळी पूर्वपद विशेषण छे ते संख्यावाचक विशेषण होय**

તો તે સમાસ **कर्मधारय**નો પેટા ભાગ થાય છે. એવા સમાસને **द्विगु** કહે છે. **द्विगु** સમાસ નપુંસક એકવચનમાં બહુધા વપરાય છે ને સમાહાર–સમૂહ બતાવે છે; જેમકે **पञ्चपात्रम्**. **द्विगु** એ શબ્દ પણ **द्विगु** સમાસનું સ્વરૂપ દર્શાવે છે. એનું પહેલું પદ **द्वि** સંખ્યાવાચક ને બીજું પદ **गो** નામ છે (**द्वि** = બે, **गो** = ગાય એનું **गु** થયું છે). કેટલેક સ્થળે દ્વિગુ સમાસને અન્તે अકાર હોય તેનો ई થાય છે; જેમકે **पञ्चवटी**–પાંચ વટનો–વડનો સમૂહ.

प्रदोषो रजनीमुखम् ।
गङ्गायमुने प्रयागे संगच्छेते ।
गर्भिण्या इच्छा दोहदम् ।
भवस्य पत्नी भवानी रुद्रस्य रुद्राणी ।
सैषा परिसीमा स्नेहस्य ।

નામ.

अलका (સ્ત્રી૦)–કુબેરની નગરી.
आज्ञा (સ્ત્રી૦)–આજ્ઞા, હુકમ.
इच्छा (સ્ત્રી૦)–ઇચ્છા, મરજી.
कार्य (**कार्यम्**) (ન૦)–કાર્ય.
कुबेर (**कुबेरः**) (પું૦)–કુબેર.
कुलपति (પું૦)–૧ કુળનો પતિ, ઘરનો મુખ્ય પુરુષ; ૨ અન્ન, દાન વગેરેથી દસ હજાર શિષ્યને પોષી વિદ્યા શિખવનાર ગુરુ.
गङ्गा (સ્ત્રી૦)–ગંગા.
गर्भिणी (સ્ત્રી૦)–ગર્ભવન્તી સ્ત્રી.
गोदावरी (સ્ત્રી૦)–ગોદાવરી નદી.
जल (**जलम्**) (ન૦)–પાણી.
तट (**तटः–तटम्**) (પું૦, ન૦)–કિનારો.
तपोवन (**तपोवनम्**) (ન૦)–તપનું વન.
तापस (**तापसः**) (પું૦)–તપસ્વી પુરુષ.
दोहद (**दोहदः–दम्**) (પું૦, ન૦)–ગર્ભવન્તી સ્ત્રીની ઇચ્છા.
नगरी (સ્ત્રી૦)–નગરી, શહેર.
नारायण (**नारायणः**) (પું૦)–વિષ્ણુ.
पञ्चपात्र (**पञ्चपात्रम्**) (ન૦)–પાંચ પાત્રનો સમૂહ, પૂજાની સામગ્રી ભરવાનું પંચપાત્ર.
पञ्चवटी (સ્ત્રી૦)–પાંચ વડનો જ્યાં સમૂહ છે એવો દંડકારણ્યનો ભાગ.
पत्नी (સ્ત્રી૦)–સ્ત્રી.
परिसीमा (સ્ત્રી૦)–અવધિ, છેલ્લી હદ.
पूजा (સ્ત્રી૦)–પૂજા.
प्रदोष (**प्रदोषः**) (પું૦)–સાંજ, રાત્રીનો આરંભ.
प्रयाग (**प्रयागः**) (પું૦)–પ્રયાગ.
प्राण (**प्राणाः**) (પું૦)–(બહુવચનમાંજ વપરાય છે) પ્રાણ.
भव (**भवः**) (પું૦)–શિવ.
भवानी (સ્ત્રી૦)–પાર્વતી.
माणवक (**माणवकः**) (પું૦) પુરુષનું નામ છે.
मुख (**मुखम्**) (ન૦)–૧ મોં; ૨ આરંભ.
यमुना (સ્ત્રી૦)–યમુના.
रजनी (સ્ત્રી૦)–રાત્રી.
रुद्र (**रुद्रः**) (પું૦)–શિવ.
रुद्राणी (સ્ત્રી૦)–પાર્વતી.

लक्ष्मी (સ્ત્રી૦)–લક્ષ્મી.[1]
वधू (સ્ત્રી૦)–વહુ.
शरयू (સ્ત્રી૦)–શરયૂ નદી.
श्वश्रू (સ્ત્રી૦)–સાસુ.
सरस्वती (સ્ત્રી૦)–સરસ્વતી નદી.
सामग्री (સ્ત્રી૦)–સાહિત્ય, સામાન.
स्नेह (स्नेहः) (પું૦)–સ્નેહ.

વિશે૦

उत्तम—ઉત્તમ, શ્રેષ્ઠ.
नीच—નીચું, હલકું.
पावन—પવિત્ર.
स्व[2] (સર્વ૦)–પોતાનું.

અવ્ય૦

अपि—શું? (પ્રશ્નાર્થક છે.)
कदापि—કોઈ પણ દહાડો.
हि—ખરેખર (નિશ્ચય બતાવે છે).

ધાતુ.

कुप् (कुप्यति) (૪ ગ. પ.)—કોપવું (એને યોગે ચતુર્થી વિભક્તિ વપરાય છે).
प्र+आ+रभ् (प्रारभते) (૧ ગ. આ.)—પ્રારંભવું.
सम्+गम् (संगच्छते)–संगम् (૧ ગ. આ.)—સંગમ થવો.

પાઠ ૧૨ મો.

બહુવ્રીહિ ને અવ્યયીભાવ; સકારાન્ત શબ્દો; ભૂતકૃદન્ત.

रामः ससीतः सहलक्ष्मणो वनं गतः—રામ સીતા સાથે અને લક્ષ્મણ સાથે વનમાં ગયા (સંસ્કૃતમાં ભૂત કૃ૦ નો ઉપયોગ ભૂતકાળના જેવો છે).

अश्वमारूढो देवदत्तः—અશ્વને આરૂઢ થયો દેવદત્ત (દેવદત્ત અશ્વ પર બેઠો).

कः कोऽत्र भोः। कुत आगतोऽसि। કોણ, કોણ અહિં અરે (અરે, અહિં કોણ છે !), તું ક્યાંથી આવ્યો છે ?

प्रतिदिनं संध्यामाचरति—તે દરરોજ સંધ્યા કરે છે.

तपोधनानां तप एव परमं धनमस्ति—તપોધનોનું તપજ મોટું ધન છે.

ऋषयो जितेन्द्रिया जितक्रोधाश्च—ઋષિઓ જીતી છે ઇન્દ્રિયો જેણે અને જિત્યો છે ક્રોધ જેણે એવા છે.

परोपदेशवेलायां सर्वेऽपि पण्डिता भवन्ति—અન્યના ઉપદેશની વેળાએ-બીજાને ઉપદેશ કરતી વખતે-બધા પણ ડાહ્યા થાય છે.

अहो गृहस्यैतस्य रमणीयता—ઓહો ! આ ઘરની રમણીયતા !

चन्द्रमा नक्षत्राणां भूषणम्—ચન્દ્ર નક્ષત્રોનું ભૂષણ.

---

૧ પ્ર૦ એ૦ વ૦ लक्ष्मीः થાય છે. બીજાં બધાં રૂપો નદી જેવાંજ છે.

૨ स्व શબ્દ જ્ઞાતિવાચક કે ધનવાચક ન હોય ત્યારે સર્વનામ છે.

पयोदाः पयांसि वर्षन्ति—વાદળાં જળ વરસે છે.

कुतूहलेन तेषां चेतसि पदं लब्धम्—કુતૂહલે તેમના મનમાં સ્થાન મેળવ્યું.

આ પાઠમાં **बहुव्रीहि** ને **अव्ययीभाव** સમાસના દાખલા છે.

बहुव्रीहिः—આ પદનો અર્થ બહુ વ્રીહિ એટલે ડાંગેર એવો કરીએ તો સમાસ વિશેષણ ને વિશેષ્યનો બનેલો હોવાથી **कर्मधारय** થાય. પણ બહુ છે વ્રીહિ જેની પાસે એવો અર્થ છે, એટલે એ પદ જાતે **बहुव्रीहि** સમાસ છે.

जितेन्द्रियः—જીતેલી છે ઇન્દ્રિયો જેણે તે; **जितक्रोधः**—જીતેલો છે ક્રોધ જેણે તે. **पीताम्बरः**—પીત-પીળું છે વસ્ત્ર જેનું તે.

આ બધા **बहुव्रीहि** સમાસના દાખલા છે.

૧. **बहुव्रीहि** માં પહેલું પદ વિશેષણ છે, બીજું વિશેષ્ય છે, અને આખું સમસ્ત પદ બીજા કોઈ પદનું વિશેષણ છે. એ સમાસનો વિગ્રહ કરવામાં—એટલે એનો અર્થ સમજાવવામાં 'જે' ની પ્રથમા સિવાય કોઈ વિભક્તિનો ઉપયોગ કરવો પડે છે.

सहलक्ष्मणः અને **ससीतः**—

૨. **सह** પૂર્વપદ હોય એવા સમાસને પણ **बहुव्रीहि** ગણ્યો છે. **सह** ને સ્થાને **स** વિકલ્પે થાય છે.

૩. **बहुव्रीहि** સમાસને અન્તે સ્ત્રીલિંગનો આકારાન્ત શબ્દ હોય ને સમસ્ત પદ પુંલિંગ હોય તો આકારનો અકાર થાય છે. **सीता** સ્ત્રી૦ છે, પણ **ससीतः** એ **रामः** નું વિશેષણ હોવાથી આકારનો **अ** થયો છે.

૪. પૂર્વપદ અવ્યય હોય ને સમસ્તપદ પણ અવ્યય થાય, તો **अव्ययीभाव** સમાસ કહેવાય છે. **प्रति** એ ઉપસર્ગ—અવ્યય છે, અને **दिन** એ નામ છે, અને **प्रतिदिनम्** એ સમસ્તપદ પણ અવ્યય છે. **दिनम्** એ પદ અવ્યય નથી, તે પણ સમાસમાં આવવાથી અવ્યય થયું છે. **अव्ययीभाव** એ શબ્દનો અર્થ એવો છે કે જે અવ્યય નથી તેનું અવ્યય થવું. **अव्ययीभाव** સમાસનું રૂપ બહુધા નપુંસક દ્વિતીયાના એકવચનના રૂપ જેવું થાય છે.[1]

अस् ૨ ગણનો પરસ્મૈપદી ધાતુ છે. એના વર્તમાનકાળનાં રૂપ નીચે પ્રમાણે થાય છે:—

अस् ૨ ગ. પ. **વર્તમાનકાળ.**

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
૧ પુ.	अस्मि	स्वः	स्मः
૨ પુ.	असि	स्थः	स्थ
૩ પુ.	अस्ति	स्तः	सन्ति

સકારાન્ત પું૦ ને ન૦ લિંગના શબ્દોનાં રૂપોના પણ દાખલા આ પાઠમાં છે. રૂપો નીચે પ્રમાણે:—

૧ અવ્યયોને વિભક્તિના ને સ્ત્રીલિંગના પ્રત્યયો આવીને લોપાયા છે એમ સમજવાનું છે, માટે અવ્યય પણ પદ છે.

	चन्द्रमस् પું.			**पयस्** ન.		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	चन्द्रमाः	चन्द्रमसौ	चन्द्रमसः	पयः	पयसी	पयांसि
द्वि०	चन्द्रमसम्	,,	,,	,,	,,	,,
तृ०	चन्द्रमसा	चन्द्रमोभ्याम्	चन्द्रमोभिः	पयसा	पयोभ्याम्	पयोभिः
च०	चन्द्रमसे	,,	चन्द्रमोभ्यः	पयसे	,,	पयोभ्यः
पं०	चन्द्रमसः	,,	,,	पयसः	,,	,,
ष०	,,	चन्द्रमसोः	चन्द्रमसाम्	,,	पयसोः	पयसाम्
स०	चन्द्रमसि	,,	चन्द्रमःसु, चन्द्रमस्सु	पयसि	,,	पयःसु, पयस्सु
सं०	चन्द्रमः	चन्द्रमसौ	चन्द्रमसः	पयः	पयसी	पयांसि

રૂપો પ્રત્યયો લગાડી સંધિનિયમ પ્રમાણે બન્યાં છે. **प्र० ए० व०** માં **स**કારાન્ત **पुं०** શબ્દોનો ઉપાન્ત્ય **अ** દીર્ઘ થાય છે. **न०** ના **प्र०**, **द्वि०**, ને **सं०** ના **द्वि०** **व०** ને **ब० व०** ના પ્રત્યયો **ई** ને **इ** છે. **पयांसि** રૂપમાં ફેરફાર થયો છે તે લક્ષમાં રાખવો.

સંસ્કૃતમાં ક્રિયાપદને બદલે ભૂતકૃદન્તનો ઉપયોગ ઘણો થાય છે. **भूत** એ શબ્દ જાતેજ **भू** ધાતુનો ભૂતકૃદન્ત છે, એટલે ભૂતકૃદન્ત કેવી રીતે બને છે એ **भूत** એ શબ્દ પરથીજ સહેલાઈથી યાદ રહેશે. ૫. ધાતુને **त** પ્રત્યય લગાડવાથી **भूतकृदन्त** બને છે એવો સામાન્ય નિયમ છે.

ધાતુ.	ભૂતકૃદન્ત.	ધાતુ.	ભૂતકૃદન્ત.	
भू	भूत	गम्	गत	આ ધાતુઓમાં **म्** લોપાયો છે.
जि	जित	नम्	नत	
नी	नीत	रम्	रत	

क्षुभ्	क्षुब्ध	આ બધાં રૂપો સરખાં છે. ધાતુને અન્તે વર્ગનું ચોથું વ્યંજન હોય તો **त** પ્રત્યયનો **ध** થાય છે, ને પાછલા ચોથા વર્ણનો ત્રીજો વર્ણ થાય છે. ધાતુના અન્ત્ય **ह्** નો તેની પછી અન્તઃસ્થ કે અનુનાસિક સિવાય કોઈ પણ વ્યંજન આવે તો **ढ्** થાય છે. બે **ढ्** સાથે આવે તો એક લોપાઈ પૂર્વ સ્વર દીર્ઘ થાય છે.
रभ्	रब्ध	
लभ्	लब्ध	
लुभ्	लुब्ध	
क्रुध्	क्रुद्ध	
वृध्	वृद्ध	
रुह्	रूढ	

रुह् +त=रुढ्+त= रुढ् + ध= (**ध** દન્ત્યનો **ढ्** મૂર્ધન્યને યોગે **ढ** મૂર્ધન્ય થઈ) **रुढ् + ढ=रूढ.**

रमणीय શબ્દની વ્યુત્પત્તિ લક્ષમાં રાખવી. ૬. ધાતુને **अनीय**, **तव्य**, ને **य** પ્રત્યયો વિધિના ('જોઇએ' એવા), શક્યતાના, ને યોગ્યતાના અર્થમાં લાગે છે. **गम्** ધાતુ ઉપરથી **गमनीय**, **गम्य**, ને **गन्तव्य** રૂપો થાય છે. **अनीय** ને **तव्य** પ્રત્યય લગાડતાં ધાતુના અન્ત્ય સ્વરનો ને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. **य**

લગાડતાં અન્ત્ય સ્વરની ઘણુંખ વૃદ્ધિ થાય છે. **नी + तव्य-नेतव्य ; शुच् + अनीय-शोचनीय.**

૭. **ता** કે **त्व** પ્રત્યય ભાવવાચક છે. 'પણું' ના અર્થમાં નામ કે વિશેષણને લગાડાય છે. **रमणीयता**=રમણીયપણું.

गतं न शोचनीयम् ।
अचिन्त्यानप्यर्थान् विधिर्घटयति ।
भवन्ति नम्रास्तरवः फलागमैः ।
न खलु स उपरतो यस्य वल्लभो जनः स्मरति ।
तानि वचांसि तस्य हृदये शल्यानि संभूतानि ।
एतस्यां परिषदि बहवः पण्डिताः सन्ति ।
वयस्य कथं शून्यहृदयो भवसि ।
गुणेन शून्याः पशुभिः समानाः ।
पुरा यत्र स्रोतः पुलिनमधुना तत्र सरिताम् ।

નામ.

अर्थ (**अर्थः**) (પું०)—મનોરથ, ઇચ્છા.
आगम (**आगमः**) (પું०)—પ્રાપ્તિ, આવવું તે.
इन्द्रिय (**इन्द्रियम्**) (ન०)—ઇન્દ્રિ.
उपदेश (**उपदेशः**) (પું०)—ઉપદેશ, બોધ.
ऋषि (પું०)—ઋષિ.
कुतूहल (**कुतूहलम्**) (ન०)—કૌતુક.
क्रोध (**क्रोधः**) (પું०)—ક્રોધ.
गुण (**गुणः**) (પું०)—ગુણ.
चन्द्रमस् (પું०)—ચન્દ્રમા.
चेतस् (ન०)—ચિત્ત, મન.
तपस् (ન०)—તપ.
तरु (પું०)—ઝાડ.
देवदत्त (**देवदत्तः**) (પું०)—માણસનું નામ છે.
धन (**धनम्**) (ન०)—ધન.
पण्डित (**पण्डितः**) (પું०)—ડાહ્યો માણસ.
पद (**पदम्**) (ન०)—સ્થાન.
पयस् (ન०)—જળ.
पयोद (**पयोदः**) (પું०)—જળ આપનાર, મેઘ.
परिषद् (સ્ત્રી०)—વિદ્વાનોની સભા.
पशु (પું०)—પશુ.
पुलिन (**पुलिनः-नम्**) (પું०, ન०)—કિનારો.
फल (**फलम्**) (ન०)—ફળ.
रमणीयता (સ્ત્રી०)—શોભા, રમણીયપણું.
लक्ष्मण (**लक्ष्मणः**) (પું०)—લક્ષ્મણ.
वचस् (ન०)—વાણી, વચન.
वयस्य (**वयस्यः**) (પું०)—મિત્ર.
विधि (પું०)—બ્રહ્મા, નસીબ.
वेला (સ્ત્રી०)—વેળા, વખત.
शल्य (**शल्यम्**) (ન०)—કાંટો.
संध्या (સ્ત્રી०)—બ્રાહ્મણે સવારે, બપોરે, ને સાંજે કરવાની પ્રાર્થના.
सरित् (સ્ત્રી०)—નદી.
सीता (સ્ત્રી०)—સીતા.
स्रोतस् (ન०)—ઝરો, પાણીનો પ્રવાહ.
हृदय (**हृदयम्**) (ન०)—હઈયું.

---

1 **स्मृ** નું કર્મ ષષ્ઠીમાં પણ આવે છે.

विशे०

अचिन्त्य–चिंतवी–धारी न शकाय एवुं.
आगत (आ + गम्नो भू० कृ०)–आवेलुं.
आरूढ (आ + रुह्नो भू० कृ०)–चढेलुं.
उपरत (उप + रम् नो भू०कृ०)–मुएलुं.
गत (गम् नो भू० कृ०)–गयलुं.
जित (जि नो भू० कृ०)–जीतेलुं.
नम्र–नमेलुं.
पर (सर्व०)–बीजुं.
परम–मोटुं.
लब्ध (लभ् नो भू० कृ०)–मेळवेलुं, मेळव्युं.
वल्लभ–वहालुं.
शून्य–सूनुं, विचार वगरनुं.
शोचनीय–शोक करवा लायक.
संभूत (सम् + भू नो भू० कृ०)–थयलुं.
समान–तुल्य, सरखुं.

अव्य०

अत्र–अहिं.
अधुना–हमणां.
अहो–ओहो!
कथम्–केवी रीते!
कुतः–क्यांथी? शाथी?
खलु–नक्की.
तत्र–त्यां.
न–नहि.
पुरा–अगाउ.
प्रतिदिनम्–हररोज.
भोस् (भोः)–अरे.
यत्र–ज्यां.
अस् (अस्ति) (२ ग० प०)–होवुं.
आ + चर् (आचरति) (१ ग० प०)–आचरवु.
घट् (घटयति) (१० ग० प०)–घडवुं; सफळ करवुं.
वृष् (वर्षति) (१ ग० प०)–वरसवुं.

पाठ १३ मो.

इदम्; तकारान्त, चकारान्त, ने जकारान्त शब्दो.

कः अयम् ऋषिकुमारः=कोऽयमृषिकुमारः—कोण आ ऋषिनो कुमार? (आ ऋषिनो कुमार कोण छे?)

अलम् अनेन अतिविस्तरेण=अलमनेनातिविस्तरेण—बस आ अतिविस्तारथी (अतिविस्तारथी कहेवानुं नथी).

अलम् अयम् मल्लः तस्मै मल्लाय=अलमयं मल्लस्तस्मै मल्लाय—आ मल्ल ते मल्ल माटे समर्थ–पूरो छे.

महद्भिः महत्सु एव विक्रमः कर्तव्यः=महद्भिर्महत्स्वेव विक्रमः कर्तव्यः—महापुरुषोए महापुरुषोने विषेज पराक्रम करवो.

महान् अस्य (महानस्य) कवेर्वाचां विभवः—मोटो आ कविनी वाणीनो विभव (आ कविनी वाणीनी शक्ति मोटी छे).

---

१ एना स् के विसर्गनो स्वर के घोष व्यंजन पर छतां—एनी पछी आवे तो—लोप थाय छे.

बुधानां परिषदि अनेन (परिषद्यनेन) महद्यशो लब्धम्—પંડિતોની સભામાં એણે મોટો યશ મેળવ્યો.

महान्ति दुःखानि सोढानि आभ्याम् (सोढान्याभ्यां) कुमाराभ्याम्—મોટાં દુઃખો સહ્યાં એ બે કુમારોએ (આ બે કુમારે મોટાં દુઃખો સહ્યાં છે).

निःस्पृहस्य तृणं जगत्—સ્પૃહા જતી રહી છે એવા પુરુષને જગત્ તરણું-તરણાસમાન છે.

एभिः फलैः किं प्रयोजनम्[1]—એ ફળોનું શું પ્રયોજન છે?

इयम् अस्मि=इयमस्मि—આ હું છું.

अस्मिन् एव समये कोऽपि वन्यगजस्तत्रायातः—अस्मिन्नेव समये कोऽपि वन्यगजस्तत्रायातः—એજ સમયે કોઈક વનનો ગજ ત્યાં આવ્યો.

આ પાઠમાં इदम् નાં રૂપોના દાખલા છે. રૂપો નીચે પ્રમાણે:—

	इदम् પું०			इदम् સ્ત્રી०		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
प्र०	अयम्	इमौ	इमे	इयम्	इमे	इमाः
द्वि०	इमम्-एनम्	इमौ-एनौ	इमान्-एनान्	इमाम्-एनाम्	इमे-एने	इमाः-एनाः
तृ०	अनेन-एनेन	आभ्याम्	एभिः	अनया-एनया	आभ्याम्	आभिः
च०	अस्मै	,,	एभ्यः	अस्यै	,,	आभ्यः
पं०	अस्मात्	,,	,,	अस्याः	,,	,,
ष०	अस्य	अनयोः-एनयोः	एषाम्	,,	अनयोः-एनयोः	आसाम्
स०	अस्मिन्	,,	एषु	अस्याम्	,,	आसु

	इदम् ન०			जगत् ન०		
प्र०	इदम्	इमे	इमानि	जगत्	जगती	जगन्ति
द्वि०	,,	,,	,,	,,	,,	,,
	एनत्	एने	एनानि			

બાકીનાં પુંલિંગ જેવાં.

બાકીનાં विपद्‌ની પેઠે પ્રત્યયો લાગી થાય છે.

	भगवत् પું०			महत् પું०		
प्र०	भगवान्	भगवन्तौ	भगवन्तः	महान्	महान्तौ	महान्तः
द्वि०	भगवन्तम्	,,	भगवतः	महान्तम्	,,	महतः

---

[1] આવા અર્થમાં हेतुः, अर्थः, प्रयोजनम्, किम्, કે એવા અર્થના બીજા પદ સાથે तृ० वि० વપરાય છે.

तृ०	भगवता	भगवद्भ्याम्	भगवद्भिः	महता	महद्भ्याम्	महद्भिः
च०	भगवते	,,	भगवद्भ्यः	महते	,,	महद्भ्यः
पं०	भगवतः	,,	,,	महतः	,,	,,
ष०	,,	भगवतोः	भगवताम्	,,	महतोः	महताम्
स०	भगवति	,,	भगवत्सु	महति	,,	महत्सु
सं०	भगवन्	भगवन्तौ	भगवन्तः	महन्	महान्तौ	महान्तः

	वाच् स्त्री०			सुखभाज् पु०, स्त्री०		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
प्र०	वाक्-ग्	वाचौ	वाचः	सुखभाक्-ग्	सुखभाजौ	सुखभाजः
द्वि०	वाचम्	,,	,,	सुखभाजम्	,,	,,
तृ०	वाचा	वाग्भ्याम्	वाग्भिः	सुखभाजा	सुखभाग्भ्याम्	सुखभाग्भिः
च०	वाचे	,,	वाग्भ्यः	सुखभाजे	,,	सुखभाग्भ्यः
पं०	वाचः	,,	,,	सुखभाजः	,,	,,
ष०	,,	वाचोः	वाचाम्	,,	सुखभाजोः	सुखभाजाम्
स०	वाचि	,,	वाक्षु	सुखभाजि	,,	सुखभाक्षु
सं०	वाक्-ग्	वाचौ	वाचः	सुखभाक्-ग्	सुखभाजौ	सुखभाजः

	महत् न०			सुखभाज् न०		
प्र०, द्वि०, सं०	महत्	महती	महान्ति	सुखभाक्-ग्	सुखभाजी	सुखभाञ्जि

महत् नुं स्त्री० महती छे.

१. અન્તસ્થ કે અનુનાસિક સિવાયના કોઈ પણ વ્યંજન પર છતાં કે પદને અન્તે च વર્ગના વર્ણને સ્થાને તેને મળતો क વર્ગનો વર્ણ થાય છે. वाच् + भ्याम्–वाक् + भ्याम्–वाग्भ्याम्, वाच् + स्=वाच्=वाक्-ग्. પદને અન્તે વર્ગના પહેલા વ્યંજનને સ્થાને ત્રીજું વિકલ્પે થાય છે.

वाच् + सु=वाक् + सु.

२. આદેશ કે પ્રત્યયના स्‌ની પૂર્વે अ કે आ સિવાયનો કોઈ પણ સ્વર, र्, ल्, કે क વર્ગનું કોઈ પણ વ્યંજન આવ્યું હોય તો स्‌નો ष् થાય. वाक् + सु=वाक्षु. अस्मिन् + एव=अस्मिन्नेव. નિયમ :—

३. પદને અન્તે ङ्, ण्, કે न् હોય ને તેની પૂર્વે હ્રસ્વ સ્વર ને પછી ગમે તેવો સ્વર હોય તો ङ्, ण्, ને न् બેવડાય છે.

अपि तपो वर्धते ।
भानुर्वियतो मणिः ।
अहो मधुरमासां कन्यानां दर्शनम् ।
न खलु धीमतां कश्चिदविषयो नाम ।

अनेन तीर्थेनास्य समीहितं साधयामः ।
अयं स बलभिदो मित्रं दुष्यन्तः ।
तदिदमरण्यं यस्मिंश्चिरं सीतया सह राम उषितः ।
लोभश्चेदनलेन किम् ।
अर्थो हि कन्या परकीय एव ।
निःसारस्य पदार्थस्य प्रायेणाडम्बरो महान् ।
कन्या नाम महद् दुःखं धिगहो महतामपि ।

शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।
साधवो न हि सर्वत्र चन्दनं न वने वने ॥

નામ.

अतिविस्तर (अतिविस्तरः) (પું०)–ઘણું લંબાણ.
अर्थ (अर्थः) (પું०)–દ્રવ્ય.
अनल (अनलः) (પું०)–અગ્નિ.
अरण्य (अरण्यम्) (ન०)–જંગલ.
अविषय (अविषयः)–વિષય નહિ તે, અગોચર, બુદ્ધિ પહોંચે નહિ એવું (अ- નહિ, विषय પું० વિષય).
आडम्बर (आडम्बरः) (પું०)–ડમડમાટ, દબદબો.
कुमार (कुमारः) (પું०)–કુંવર.
गज (गजः) (પું०)–હાથી.
चन्दन (चन्दनम्) (ન०)–ચન્દન.
जगत् (ન०)–જગત્.
तीर्थ (तीर्थम्) (ન०)–૧ પવિત્ર સ્થળ; ૨ દ્વાર, મારફત.
दुष्यन्त (दुष्यन्तः) (પું०) રાજાનું નામ છે.
पदार्थ (पदार्थः) (પું०)–પદાર્થ.
प्रयोजन (प्रयोजनम्) (ન०)–પ્રયોજન.
बलभिद् (પું०) ઇન્દ્ર (બલ-વલ રાક્ષસનો ભેદનાર–નાશ કરનાર).
मल्ल (मल्लः) (પું०)–મલ્લ ; મલ.
माणिक्य (माणिक्यम्) (ન०)–માણેક.
मित्र (मित्रम्) (ન०)–મિત્ર.
मौक्तिक (मौक्तिकम्) (ન०)–મોતી.
यशस् (ન०)–યશ.
लोभ (लोभः) (પું०)–લોભ.
वाच् (સ્ત્રી०)–વાચા, વાણી.
वासुदेव (वासुदेवः) (પું०)–કૃષ્ણ, વસુદેવના પુત્ર.
विक्रम (विक्रमः) (પું०)–પરાક્રમ.
विभ्रम (विभ्रमः) (પું०)–શક્તિ.
वियत् (ન०)–આકાશ.
शैल (शैलः) (પું०)–પર્વત.
समय (समयः) (પું०)–વખત.

---

૧ अ કે अन् પૂર્વપદ હોય એવો સમાસ, બહુવ્રીહિ ન હોય ત્યારે नञ्तत्पुरुष કે नञ् સમાસ કહેવાય છે; अपापम् (પાપ નહિ તે, પાપનો અભાવ) એ नञ्तत्पु० છે; પણ अपापं (જેમાં પાપ નથી એવું) मनः–એમાં अपापम् એ बहु० છે.

વિશે૦

उषित (वस् નો ભૂ૦ કૃ૦)–વસેલું, રહેલું.
कर्तव्य–કરવા યોગ્ય.
धीमत्[1]–બુદ્ધિમાન્.
निःसार (बहु૦)–નિર્ગત છે સાર જે-માંથી, સારવિનાનું.
निःस्पृह (बहु૦)–નિર્ગત છે સ્પૃહા જેમાંથી, સ્પૃહારહિત.
परकीय–પારકું.
भगवत्–ભાગ્યશાલી, ભગવાન્.
महत्–મોટું.
वन्य–વનનું.
समीहित–(सम् + ईह् ૧ ગ૦ આ૦ નો ભૂ૦ કૃ૦) ઇચ્છેલું.
साधु–સારૂં.
सुखभाज्–સુખી.
सोढ–(सह् ૧ ગ૦ આ૦ નો૦ ભૂ૦ કૃ૦) સહન કરેલું.

અવ્ય૦

अलम्–૧ બસ (એને યોગે तृतीया વપરાય છે); ૨ સમર્થ (એને યોગે चतुर्थी વપરાય છે).
चिरम्–લાંબા વખત સુધી.
चेत्–જો (એ વાક્યના આરંભમાં વપરાતો નથી).
तत्र–ત્યાં.
धिक्–ધિક્કાર દર્શાવે છે, ફટ (એને યોગે द्वितीया વપરાય છે; धिक् चोरम्).
प्रायेण–ઘણુંખરૂં (प्राय નું तृ० ए० व०).
सर्वत्र–સર્વ સ્થળે.

ધાતુ,

साध् (साधयति) (૧૦ ગ૦ ૫૦)–સાધવું, મેળવવું.

પાઠ ૧૪ મો.

ઇકારાન્ત ને ઉકારાન્ત સ્ત્રીલિંગ; આજ્ઞાર્થ.

मुक्तये हरिं भज—મુક્તિને માટે હરિને ભજ.

प्रकृत्या लक्ष्मीश्चला मा तां सेवस्व—સ્વભાવે લક્ષ્મી ચપળ છે, ના તેને સેવતો (તેને સેવતો ના).

इमां वेदनां कथं सहामहे—આ વેદના અમે કેમ સહીએ!

देव प्रसीद । अपराधान् क्षमस्व—હે દેવ પ્રસન્ન થા, અપરાધો માફ કર.

नरो दुर्गाणि तरतु भद्राणि च पश्यतु—માણસ સંકટો તરે અને કલ્યાણ જુએ.

भगवती भागीरथीमवगाहताम्—ભગવતી ભાગીરથીમાં તે સ્નાન કરે.

गुरूनभिवादयध्वम्—ગુરુઓને તમે નમો.

---

[1] मत् પ્રત્યય છે. એનો અર્થ વાળો થાય છે. પદને અન્તે કે ઉપાન્તે અવર્ણ કે म् હોય તો मत् નો वत् થાય છે; भगवत्, पयस्वत्, भास्वत्, लक्ष्मीवत्; પણ यवमत्, भूमिमत्. એવા શબ્દોનું સ્ત્રી૦ ई પ્રત્યય લગાડવાથી થાય છે; भगवती, धीमती.

भ्रमाद्रज्जुं सर्पं मा मन्यस्व—ભ્રમથી રજ્જુને સર્પ ન વિચાર.

दुर्नीतेर्नृपतिर्विनश्यति—દુર્નીતિથી રાજા વિનાશ પામે છે.

अस्मिन् घोरेऽरण्ये कथं वसानि—આ ભયાનક વનમાં હું કેમ વસું ?

गृहं गत्वा शीघ्रं प्रतिनिवर्ततां भवान्—ઘેર જઈને જલદી પાછા આવે આપ (આપ પાછા આવો). भवत् ત્રીજો પુરુષ છે.

प्रातर् उत्थाय (प्रातरुत्थाय) दन्तधावनं कृत्वा स्नातव्यं सन्ध्योपासनीया च ब्राह्मणेन—સવારમાં ઊઠીને દાતણ કરીને, નહાવું, ને સંધ્યાનું ઉપાસન કરવું બ્રાહ્મણે (બ્રાહ્મણે નહાવું ને સંધ્યાનું ઉપાસન કરવું).

क्षत्रियाणां शस्त्रमार्तान् त्रातुम् एव (त्रातुमेव) नानपराधे **प्रहर्तुम्** । ક્ષત્રિઓનું શસ્ત્ર પીડિતોનું રક્ષણ કરવાનેજ માટે છે, અપરાધરહિતને પ્રહાર કરવા માટે નથી.

आज्ञां भवतः श्रोतुम् इच्छामि (श्रोतुमिच्छामि)—આજ્ઞા આપની (આપની આજ્ઞા) સાંભળવા ઇચ્છું છું.

આ પાઠમાં આજ્ઞાર્થનાં રૂપોના દાખલા આપ્યા છે. રૂપો નીચે પ્રમાણે:—

	भू १ ગ૦ પ૦			**वृत्** ૧ ગ૦ આ૦		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
१ पु०	भवानि	भवाव	भवाम	वर्तै	वर्तावहै	वर्तामहै
२ पु०	भव	भवतम्	भवत	वर्तस्व	वर्तेथाम्	वर्तध्वम्
३ पु०	भवतु	भवताम्	भवन्तु	वर्तताम्	वर्तेताम्	वर्तन्ताम्

આ રૂપો ઉપરથી પ્રત્યયો નીચે પ્રમાણે માલમ પડશે.

	પ૦			આ૦		
१ पु०	आनि	आव	आम	ऐ	आवहै	आमहै
२ पु०		तम्	तम	स्व	इथाम्	ध्वम्
३ पु०	तु	ताम्	अन्तु	ताम्	इताम्	अन्ताम्

अन्ति ને **अन्ते** પર છતાં જેમ આગલો **अ** લોપાય છે, તેમ **अन्तु** ને **अन्ताम्** પર છતાં પણ લોપાય છે.

ગણનાં ચિહ્નો લગાડી વર્તમાનકાળની પેઠે આજ્ઞાર્થનાં પણ રૂપો કરવાં.

	पुष् ૪ ગ૦ પ૦			**विद्** ૪ ગ૦ આ૦		
३ पु०	पुष्यतु	पुष्यताम्	पुष्यन्तु	विद्यताम्	विद्येताम्	विद्यन्ताम्

आज्ञार्थ માત્ર આજ્ઞાર્થનાજ અર્થમાં વપરાતો નથી. ઇચ્છા, પ્રાર્થના, તથા આશીર્વાદના અર્થમાં પણ તે વપરાય છે. આશીર્વાદના અર્થમાં **२ पु० ए० व०** ને **३ पु० ए० व०** માં **तात्** પ્રત્યય વિકલ્પે લાગી વૈકલ્પિક રૂપ થાય છે.

२ पु० रक्ष—रक्षतात्	रक्षतम्	रक्षत
३ पु० रक्षतु— ,,	रक्षताम्	रक्षन्तु

વળી આ પાઠમાં इકારાન્ત ને उકારાન્ત સ્ત્રીલિંગનાં રૂપોના પણ દાખલા છે. રૂપો નીચે પ્રમાણે છે:—

	मति स्त्री०			धेनु स्त्री०		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	मतिः	मती	मतयः	धेनुः	धेनू	धेनवः
द्वि०	मतिम्	,,	मतीः	धेनुम्	,,	धेनूः
तृ०	मत्या	मतिभ्याम्	मतिभिः	धेन्वा	धेनुभ्याम्	धेनुभिः
च०	मतये-मत्यै	,,	मतिभ्यः	धेनवे-धेन्वै	,,	धेनुभ्यः
पं०	मतेः-मत्याः	,,	,,	धेनोः-धेन्वाः	,,	,,
ष०	मतेः-मत्याः	मत्योः	मतीनाम्	धेनोः-धेन्वाः	धेन्वोः	धेनूनाम्
स०	मतौ-मत्याम्	,,	मतिषु	धेनौ-धेन्वाम्	,,	धेनुषु
सं०	मते	मती	मतयः	धेनो	धेनू	धेनवः

પુંલિંગનાં इકારાન્ત ને उકારાન્તનાં રૂપો સાથે સ્ત્રીલિંગનાં इકારાન્ત ને उકારાન્તનાં રૂપો સરખાવતાં નીચેના ફેરફાર જણાશે:—

१. द्वि० ब० व० માં न् ને બદલે વિસર્ગ—पुं० हरीन्, भानून्, स्त्री० मतीः, धेनूः.

२. च०, पं०, ष०, ને स०—એ વિભક્તિનાં ए० व० નાં રૂપો વિકલ્પે ईકારાન્ત ને ऊકારાન્ત स्त्री० નાં રૂપો જેવાં, એટલે नदी ને वधू નાં રૂપો જેવાં થાય છે.

૩. त्वा પ્રત્યય લગાડવાથી અવ્યયરૂપ કૃદન્ત થાય છે.

नी—नीत्वा (દોરવીને).	गम्—गत्वा (જઈને).
श्रु—श्रुत्वा (સાંભળીને).	नम्—नत्वा (નમીને).
कृ—कृत्वा (કરીને).	रम्—रत्वा (રમીને).

આ કૃદન્ત અવ્યયરૂપ છે, એટલે એનાં રૂપો થતાં નથી.

૪. ધાતુની પૂર્વે ઉપસર્ગ હોય તો त्वा ને બદલે य પ્રત્યય લાગે છે, ને ધાતુને અન્તે હ્રસ્વ સ્વર હોય તો त्य પ્રત્યય લાગે છે.

प्रणम्—प्रणम्य.	वि जि—विजित्य.
अनु गम्—अनुगम्य.	उद् स्था—उत्थाय (સંધિમાં स् લોપાય છે).

५. तुम् પ્રત્યય લગાડવાથી હેત્વર્થ કૃદન્ત થાય છે. એ પ્રત્યય પર છતાં અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

नी—नेतुम् (દોરવવા માટે).	गम्—गन्तुम् (જવા).
श्रु—श्रोतुम् (સાંભળવા).	नम्—नन्तुम् (નમવા).
कृ—कर्तुम् (કરવા).	रम्—रन्तुम् (રમવા).
मुष्—मोक्तुम् (છોડવવા).	

આ કૃદન્ત પણ અવ્યયરૂપજ છે.

जयतु जयतु देवः ।
ततः किं वृत्तमिति कथय ।
भक्तिर्ज्ञानाय कल्पताम् ।
आचारं तावत् प्रतिपद्यस्व ।
चक्रवाकि आमन्त्रयस्व सहचरम् ।
गच्छत्वार्या पुनर्दर्शनाय ।
आर्य इदमासनम् । उपविशतु भवान् ।
अश्वमारुह्य नृपतिर्मृगयां कर्तुं वनं गतः ।
विकारं परमार्थतोऽज्ञात्वानारम्भः खलु प्रतीकारस्य ।
असंतुष्टा द्विजा नष्टाः संतुष्टाश्चापि पार्थिवाः ।
वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे ।

दरिद्रान् भर कौन्तेय मा प्रयच्छेश्वरे धनम् ।
व्याधितस्यौषधं पथ्यं नीरुजस्य किमौषधैः ॥

નામ.

अनारम्भ (अनारम्भः) (પું०)–(अन् અ० + आरम्भ પું० नञ् સમાસ) આરંભ ન કરવો તે.

अपराध (अपराधः) (પું०)–ગુનો.

अरण्य (अरण्यम्) (ન०)–વન.

आचार (आचारः) (પું०)–આચાર, પૂજ્ય પુરુષનો સત્કાર કરવા ઊભા થવું, વન્દન કરવું, વગેરે યોગ્ય આચરણ.

आर्या (સ્ત્રી०)–માનવન્તી સ્ત્રી.

आसन (आसनम्) (ન०)–બેઠક.

औषध ((औषधम्) (ન०)–ઓસડ.

कौन्तेय (कौन्तेयः) (પું०)–કુન્તીસુત, યુધિષ્ઠિર.

क्षत्रिय (क्षत्रियः) (પું०)–ક્ષત્રિય.

गृह (गृहम्) (ન०)–ઘર.

चक्रवाकी (સ્ત્રી०)–ચક્રવાક પક્ષીની સ્ત્રી ; ચકવી (એ પક્ષી રાત્રે પોતાની સ્ત્રીથી જુદું પડે છે એમ કવિઓ વર્ણવે છે).

ज्ञान (ज्ञानम्) (ન०)–જ્ઞાન.

दन्तधावन (दन्त પું० + धावन ન० સાફ કરવું) (ન०)–દાંત સાફ કરવા, દાતણ કરવું તે.

दुर्ग (दुर्गः–र्गम्) (પું०, ન०)–સંકટ.

दुर्नीति (સ્ત્રી०)–દુર્નય, ખરાબ નીતિ.

द्विज (द्विजः) (પું०)–બ્રાહ્મણ, ક્ષત્રિય, ને વૈશ્ય એ દ્વિજ કહેવાય છે; કેમકે જનોઈનો સંસ્કાર એ એમનો બીજો જન્મ ગણાય છે.

नृपति (પું०)–રાજા.

पार्थिव (पार्थिवः) (પું०)–રાજા.

पुनर्दर्शन (पुनर्दर्शनम्) (ન०) (पुनर् અ० ફરીને, પાછું, दर्शन ન०) પાછું દર્શન, પાછું દેખાવવું તે.

प्रकृति (સ્ત્રી०)–સ્વભાવ.

---

[1] સંબોધનના અન્ત્ય સ્વરની સંધિ તેની પછીના સ્વર સાથે બહુધા થતી નથી.

प्रतीकार (**प्रतीकारः**) (પું૦) (**प्रतिकार** પું૦ શબ્દ પણ છે)–ઉપાય, દૂર કરવાનો ઇલાજ.
ब्राह्मण (**ब्राह्मणः**) (પું૦)–બ્રાહ્મણ.
भक्ति (સ્ત્રી૦)–ભક્તિ.
भद्र (**भद्रम्**) (ન૦)–કલ્યાણ.
भवत् (સર્વ૦) (પું૦)–આપ.
भागीरथी (સ્ત્રી૦) ગંગા.
भ्रम (**भ्रमः**) (પું૦)–ભ્રમ, ભ્રાન્તિ, એક વસ્તુને બીજી વસ્તુ ગણવાની ભૂલ.
मति (સ્ત્રી૦)–બુદ્ધિ.
मुक्ति (સ્ત્રી૦)–મોક્ષ.
मृगया (સ્ત્રી૦)–શિકાર.
रज्जु (સ્ત્રી૦)–દોરી.
विकार (**विकारः**) (પું૦)–રોગ, સ્વાભાવિક સ્થિતિમાં–પ્રકૃતિમાં બગાડ.
वेदना (સ્ત્રી૦)–પીડા.
शस्त्र (**शस्त्रम्**) (ન૦)–શસ્ત્ર, હથીઆર.
सर्प (**सर्पः**) (પું૦)–સાપ.

વિશે૦

अनपराध (બહુ૦)–નથી અપરાધ જેનો, અપરાધરહિત.
असंतुष्ट (**नञ्** સમા૦, **अ** નહિ. **संतुष्ट**–**सम्** + **तुष्** નો ભૂ૦ કૃ૦)–નહિ સંતોષેલું તે, સંતોષરહિત.
आर्त (**आ** + **ऋत**, **ऋ** નો ભૂ૦ કૃ૦)–પીડિત.[1]
ईश्वर–સમર્થ, ધનાઢ્ય.
उपासनीय (**उप्**+**आस्** નો વિધ્ય૦ કૃ૦)–ઉપાસના–પૂજા કરવા યોગ્ય.
घोर–ભયાનક.
चल–ચપળ. ચલિત.
जड–જડ, બુદ્ધિહીન.
दरिद्र–ગરીબ.
नष्ट (**नश्** નો ભૂ૦ કૃ૦)–નાશ પામેલું.
नीरुज (બહુ૦, **निर्**–નિર્ગત, જતો રહેલો, **रुजा** સ્ત્રી૦ રોગ) જતો રહ્યો છે રોગ જેનો, નીરોગ.
पथ्य–હિતકારક.
प्राज्ञ–ડાહ્યો.
वृत्त (**वृत्** નો ભૂ૦ કૃ૦)–થયું.
व्याधित (**व्याधि** પું૦ રોગ–એ ઉપરથી)–રોગી, વ્યાધિવાળું.
संतुष्ट–(**सम्** + **तुष्** નો ભૂ૦ કૃ૦) સંતોષેલું ; સંતોષી.
सहचर–સાથે ફરનાર, સોબતી.
स्नातव्य (**स्ना** નો વિધ્ય૦ કૃ૦)–નહાવા યોગ્ય.

ધાતુ.

अभि+वाद् (**अभिवादयते**) (૧૦ ગ૦ આ૦)–નમસ્કાર કરવો.
अव+गाह् (**अवगाहते**) (૧ ગ૦ આ૦)–[નહાવું.
आ+मन्त्र् (**आमन्त्रयते**)(૧૦ગ૦આ૦)–રજા લેવી.
उप+विश् (**उपविशति**) (૬ ગ૦ પ૦)–[બેસવું.
क्लृप् (**कल्पते**) (૧ ગ૦ આ૦) (એને યોગે ચતુર્થી વપરાય છે)–કલ્પવું, સમર્થ થવું.
क्षम् (**क्षमते**, **क्षाम्यति**) (૧ ગ૦ આ૦, ૪ ગ૦ પ૦)–ખમવું, માફ કરવું.
पुष् (**पुष्यति**) (૪ ગ૦ પ૦)–પોષવું, પાળવું.
प्रति+नि+वृत् (**प्रतिनिवर्तते**) (૧ ગ૦ આ૦)–પાછા ફરવું.
प्रति+पद् (**प्रतिपद्यते**) (૪ ગ૦ આ૦)–અંગીકાર કરવો.

---

૧ અહિં સંધિમાં, **आ** ને **ऋ** મળીને **ऋ** નો ગુણ નહિ, પણ વૃદ્ધિ **आर्** થાય છે,

प्र+दा (यच्छ) કે प्र+यम् (यच्छ) (प्रयच्छति) (૧ ગ૦ ૫૦)–આપવું.

प्र+सद् (सीद्) (प्रसीदति) (૧ ગ૦ ૫૦)–પ્રસન્ન થવું.

भज् (भजति-ते) (૧ ગ૦ ઉ૦)–ભજવું.

भृ (भरति) (૧ ગ૦ ૫૦)–ભરવું.

मन् (मन्यते) (૪ ગ૦ આ૦)–માનવું.

वि+तॄ (वितरति) (૧ ગ૦ ૫૦)–આપવું.

सह् (सहते) (૧ ગ૦ આ૦)–સહવું.

सेव् (सेवते) (૧ ગ૦ આ૦)–સેવવું.

અવ્યય.

अज्ञात्वा (अ+ज्ञात्वा, ज्ञाનો અવ્ય૦કૃ૦)–જાણ્યા વગર.

इति–એમ, એ.

उत्थाय (उद्+स्थाનો અવ્ય૦ કૃ૦)–ઊઠીને.

कर्तुम् (कृનો હેત્વ૦ કૃ૦)–કરવા.

ततः–પછી.

तथा–તે પ્રકારે, તેમ.

तावत्–૧ ત્યાંસુધી; ૨ પ્રથમ; ૩ વાક્યભૂષા માટે પણ વપરાય છે.

त्रातुम् (त्रैનો હેત્વ૦ કૃ૦)–રક્ષણ કરવા [માટે.

परमार्थतः–ખરેખર, વાસ્તવિક રીતે (तस्[1] પ્રત્યય લગાડવાથી બહુધા પં૦ વિ૦ જેવો કે સ૦ વિ૦ જેવો અર્થ થાય છે).

प्रातर्–સવારે.

मा–નહિ (આજ્ઞાર્થ ૨ પુ૦ સાથે વપરાય છે, નિષેધવાચક છે).

यथा–જે પ્રકારે, જેમ.

शीघ्रम्–ઉતાવળથી.

श्रोतुम् (श्रुનો હેત્વ૦ કૃ૦)–સાંભળવા માટે.

પાઠ ૧૫ મો.

વિધ્યર્થ; अदस्.

प्रज्वलन्ति अमी अग्नयः=प्रज्वलन्त्यमी अग्नयः—સળગે છે પેલા અગ્નિઓ (પેલા અગ્નિઓ સળગે છે).

यः असौ (योऽसौ) चोरः स गृहीतः—જે એ (પ્રસિદ્ધ) ચોર છે તે પકડાયો.

सर्वे अमी (सर्वेऽमी) इमं पण्डितमाद्रियन्ते—સર્વ તે (તે સર્વે) એ પંડિતને આદર આપે છે.

अमीषां प्राणानां कृते किं न व्यवसितम् एभिः (व्यवसितमेभिः)—તે પ્રાણોને માટે શું નથી કર્યું એમણે (એમણે શું નથી કર્યું)?

अपि नामानुरूपं वरं लभेय—કેવું સારૂં યોગ્ય વર મેળવું (હું યોગ્ય વર મેળવું તો કેવું સારૂં)!

संपत्तौ न हृष्येत् विपत्तौ (हृष्येद्विपत्तौ) च न विषीदेत् प्राज्ञः—સંપત્તિમાં

---

૧ सार्वविभक्तिकस्तसिः—तस् પ્રત્યય સર્વ વિભક્તિના અર્થમાં લાગે છે, એવો નિયમ છે; પરંતુ બહુધા પં૦ કે સ૦ વિ૦ ના અર્થમાં લાગે છે.

હર્ષ ન પામવો ને વિપત્તિમાં દિલગીર ન થવું ડાહ્યા માણસે (ડાહ્યા માણસે સંપત્તિમાં હર્ષ ન પામવો ને વિપત્તિમાં દિલગીર ન થવું).

दुर्बलो युद्धे वैतसीं वृत्तिम् आश्रयेत (वृत्तिमाश्रयेत)—દુર્બલે યુદ્ધમાં બરૂની રીતનો આશ્રય કરવો–નમવું.

न्यायशास्त्रं शिक्षेव इतीच्छामि (शिक्षेवेतीच्छामि)—ન્યાયશાસ્ત્ર આપણે બે શીખીએ એમ હું ઇચ્છું છું.

ऋषीन् मा कदापि अ (प्य) वधीरयेः—ઋષિઓને નહિ કદી પણ તારે તિરસ્કારવા (કદી પણ તારે તિરસ્કારવા નહિ).

प्रवासाज्झटिति न प्रतिनिवर्तेथाः चेत् म्रियेय (प्रतिनिवर्तेथाश्चेन्म्रियेय)—પ્રવાસથી જલદી તું પાછો નહિ ફરે જો (તો) હું મરી જઇશ (જો તું પ્રવાસથી જલદી પાછો નહિ ફરે તો હું મરી જઇશ).

આ પાઠમાં વિધ્યર્થનાં ને अदस्નાં રૂપોના દાખલા છે. ૧. સંભવ, આજ્ઞા, ઇચ્છા, પ્રાર્થના, આશા, કે શક્તિના અર્થમાં વિધ્યર્થ વપરાય છે. એના ઘણા અર્થ આજ્ઞાર્થ જેવા છે. એ ગૌણ–પેટા વાક્યમાં પણ વપરાય છે.

વિધ્યર્થ.

	भू ૧ ગ૦ પ૦			वृत् ૧ ગ૦ આ૦		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	भवेयम्	भवेव	भवेम	वर्तेय	वर्तेवहि	वर्तेमहि
द्वि०	भवेः	भवेतम्	भवेत	वर्तेथाः	वर्तेयाथाम्	वर्तेध्वम्
तृ०	भवेत्	भवेताम्	भवेयुः	वर्तेत	वर्तेयाताम्	वर्तेरन्

	पुष् ૪ ગ૦ પ૦			मृ ૬ ગ૦ આ૦		
तृ०	पुष्येत्	पुष्येताम्	पुष्येयुः	म्रियेत	म्रियेयाताम्	म्रियेरन्

	चुर् ૧૦ ગ૦ પ૦			अभिवाद् ૧૦ ગ૦ આ૦		
तृ०	चोरयेत्	चोरयेताम्	चोरयेयुः	अभिवादयेत	अभिवादयेताम्	अभिवादयेरन्

પ્રત્યયો નીચે પ્રમાણે છેઃ—

	પર૦			આત્મ૦		
प्र०	ईयम्	ईव	ईम	ईय	ईवहि	ईमहि
द्वि०	ईः	ईतम्	ईत	ईथाः	ईयाथाम्	ईध्वम्
तृ०	ईत्	ईताम्	ईयुः	ईत	ईयाताम्	ईरन्

वर्तेय ને **वर्त्तेय**, **कर्ता** ને **कर्त्ता**, **वर्तमान** ને **वर्त्तमान** આ બંને રૂપો ખરાં છે. નિયમઃ—૨. સ્વરથી પર આવેલા **र्** કે **ह्** પછીનું વ્યંજન વિકલ્પે બેવડાય છે. **वर्तेय** એમાં **व** માંના **अ** સ્વરથી પર **र्** આવ્યો છે, માટે **त्** વિકલ્પે બેવડાય છે.

	અદસ્ પું०			અદસ્ સ્ત્રી०		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
प्र०	असौ	अमू	अमी	असौ	अमू	अमूः
द्वि०	अमुम्	,,	अमून्	अमूम्	,,	,,
तृ०	अमुना	अमूभ्याम्	अमीभिः	अमुया	अमूभ्याम्	अमूभिः
च०	अमुष्मै	,,	अमीभ्यः	अमुष्यै	,,	अमूभ्यः
पं०	अमुष्मात्	,,	,,	अमुष्याः	,,	,,
ष०	अमुष्य	अमुयोः	अमीषाम्	,,	अमुयोः	अमूषाम्
स०	अमुष्मिन्	,,	अमीषु	अमुष्याम्	,,	अमूषु

अदस् न०

प्र०, द्वि० अदः अमू अमूनि બાકીનાં પું० પ્રમાણે.

चेत्+म्रियेय= चेद्म्रियेय કે चेन्म्रियेय. નિયમઃ—

૩. અનુનાસિક સિવાયના કોઈ પણ વ્યંજનનું, સ્વર કે ઘોષ વ્યંજન પર છતાં, તેજ વર્ગનું ત્રીજું વ્યંજન થાય છે (જેમકે वाक्+हरिः=वाग्हरिः ; तत्+अस्ति= तदस्ति); પણ અનુનાસિક પર છતાં, તેજ વર્ગનું અનુનાસિક વ્યંજન વિકલ્પે થાય છે (જેમકે तत् + मरणम्=तन्मरणम् કે तद्मरणम्); એ અનુનાસિક વ્યંજન પ્રત્યયનું હોય તો તેજ વર્ગનું અનુનાસિક વ્યંજન નિત્ય થાય છે (જેમકે तत् + मात्रम् = तन्मात्रम् ; चित् + मयम् = चिन्मयम् ; वाक् + मयम् = वाङ्मयम्).

अदस् નાં રૂપો વિષે આટલું યાદ રાખવું. પું० ને સ્ત્રી० प्र० ए० व० असौ છે. બાકીનાં રૂપો अदस् ને अद જેવો ગણી सर्व ની પેઠે કરવાં, द् નો म् કરવો ને मू ની પછી હ્રસ્વ સ્વર આવે તો उ ને દીર્ઘ સ્વર આવે તો ऊ કરવું; પું० ब० व० માં द्वि० ब० व० સિવાય ऊ ને બદલે ई કરવો. પું० तृ० ए० व० માં उ કરવો, ऊ નહિ.

૪. अमी નો ई પ્રગૃહ્ય છે; માટે अमी अग्रयः, अमी ईशाः માં સંધિ થતી નથી.

चिरं जीव । अनुष्ठितो देवादेशः ।
वयस्य विरमास्मान्निष्फलादारम्भात् ।
संग्रामो नाम शूराणामयं परम उत्सवः ।
वत्स इमे अपि प्रदेये । न युक्तमनयोस्तत्र गन्तुम् ।
हला अमूः सख्यः क नु खलु भवेयुः ।
न्याय्यां वृत्तिं समाचरेत् ।
कथं पुनरमी कवयः सर्वे रामचन्द्रमेव वर्णयन्ति ।
न मुह्येदर्थकृच्छ्रेषु न च धर्मं परित्यजेत् ।
शाम्येत् प्रत्यपकारेण नोपकारेण दुर्जनः ।
सर्वतो जयमन्विच्छेत् पुत्रादिच्छेत् पराजयम् ।
विषमप्यमृतं क्वचिद् भवेदमृतं वा विषमीश्वरेच्छया ।

નામ.

अमृत (अमृतम्) (न०) (अ + मृ ૬ ગ. આ. નો ભૂ૦ કૃ૦) અમૃત.

अर्थकृच्छ्र (પું૦, ન૦) (तत्पु०, अर्थ પું૦ પૈસો, कृच्छ्र પું૦, ન૦ મુશ્કેલી) –દ્રવ્યસંકટ, પૈસાની મુશ્કેલી.

आदेश (आदेशः) (પું૦)–હુકમ.

आरम्भ (आरम्भः (પું૦)–કામ.

ईश्वरेच्छा (સ્ત્રી૦) (तत्पु०, ईश्वर પું૦ ઈશ્વર + इच्छा સ્ત્રી૦ મરજી)–ઈશ્વરની મરજી.

उत्सव (उत्सवः) (પું૦)–ઉત્સવ, ઓચ્છવ.

उपकार (उपकारः) (પું૦)–ઉપકાર.

चोर (चोरः) (પું૦)–ચોર.

जय (जयः) (પું૦)–જય, જીત.

दुर्जन (दुर्जनः) (પું૦) (तत्पु०, प्रादिस०, दुर् ઉપ૦ દુષ્ટ) દુષ્ટ જન.

न्यायशास्त्र (न्यायशास्त्रम्) (न०) (तत्पु०, न्याय पु०, शास्त्र न०)–ન્યાયનું શાસ્ત્ર.

पराजय (पराजयः) (પું૦)–હાર.

प्रत्यपकार (प्रत्यपकारः) (પું૦) (प्रति ઉપ૦ સામો + अपकार)–સામો અપકાર.

प्रवास (प्रवासः) (પું૦)–પ્રવાસ.

युद्ध (युद्धम्) (न०)–યુદ્ધ, લડાઈ.

रामचन्द्र (रामचन्द्रः) (પું૦)–રામચન્દ્ર.

वर (वरः) (પું૦)–વર.

विपत्ति (સ્ત્રી૦)–વિપત્તિ, દુઃખ.

विष (विषम्) (न०) વિષ, વિખ.

वृत्ति (સ્ત્રી૦) વૃત્તિ, આચરણ.

सखी (સ્ત્રી૦)–બેનપણી.

संग्राम (संग्रामः) (પું૦)–સંગ્રામ.

संपत्ति (સ્ત્રી૦)–સંપત્તિ, આબાદાની.

વિશેષણ.

अदस् (સર્વ૦)–પેલું, તે.

अनुरूप–યોગ્ય.

अनुष्ठित (अनु + स्थित स्थानो ભૂ૦ કૃ૦)–કરાયલું.

कृत (कृनो ભૂ૦ કૃ૦)–કરેલું.

गृहीत (ग्रहूनो ભૂ૦ કૃ૦)–ગ્રહણ કરેલું, પકડેલું.

दुर्बल–બળરહિત.

निष्फल (बहु०, निस्–નિર્ગત, फल न०)–નિર્ગત છે ફળ જેમાંથી, ફળ વિનાનું.

न्याय्य યુક્ત, ન્યાયને અનુસરતું.

प्रदेय (प्र + दा નો વિધ્ય૦ કૃ૦)–પ્રદાન કરવા યુક્ત, આપવા યોગ્ય.

युक्त (युज् નો ભૂ૦ કૃ૦)–યોગ્ય, લાયક.

वैतसी (वैतसनुं સ્ત્રી૦)–બરૂની, બરૂના જેવી.

व्यवसित (वि + अव + सो[2] ૪ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)–નિશ્ચિત, નક્કી કરેલું.

शूर–બળવાન્.

ધાતુ.

अनु + इष् [इच्छ्] (अन्विच्छति) (૬ગ૦ ૫૦)–ઇચ્છવું.

अव+धीर् (अवधीरयति) (૧૦ગ૦૫૦)–તિરસ્કાર કરવો, અવધીરણા કરવી.

---

૧ प्र, परा આદિ ઉપસર્ગોમાં प्र પહેલો છે, માટે ઉપસર્ગો प्रादि કહેવાય છે. કર્મધારયમાં પૂર્વપદ ઉપસર્ગ હોય એવો સમાસ प्रादि સમાસ કહેવાય છે.

૨ व्यवस्यति. ૪ ગ૦ ના ઓકારાન્ત ધાતુનાં એવાં રૂપ થાય છે; ओनो લોપ થાય છે.

आ+दृ (ध्रिय्) (आद्रियते) (૬ ગ૦ આ૦)–આદર કરવો.

आ+श्रि (आश्रयति–ते) (૧ ગ૦ ઉ૦)–આશ્રય કરવો.

जीव (जीवति) (૧ ગ૦ ૫૦)–જીવવું.

परि+त्यज (परित्यजति) (૧ ગ૦૫૦)–પરિત્યાગ કરવો.

प्र+ज्वल् (प्रज्वलति) (૧ ગ૦ ૫૦)–[બળવું.

मुह् (मुह्यति) (૪ ગ૦ ૫૦)–મુંઝાવું.

मृ (म्रिय्) (म्रियते) (૬ ગ૦ આ૦)–મરવું.

लभ् (लभते) (૧ ગ૦ આ૦)–મેળવવું.

वि+रम्[1] (विरमति) (૧ ગ૦ ૫૦)–વિરમવું, અટકવું.

वि+सद् [सीद्] (विषीदति) (૧ગ૦૫૦)–દિલગીર થવું.

शिक्ष् (शिक्षते) (૧ગ૦આ૦)–શીખવું.

सम्+आ+चर् (समाचरति) (૧ ગ૦ ૫૦)–બરોબર આચરવું.

हृष् (हृष्यति) (૪ ગ૦ ૫૦)–હર્ષ પામવો.

અવ્યય.

अपि नाम–૧ કેવું સારૂં (ઇચ્છા બતાવે છે); ૨ એમ થશે? (સંભવ બતાવે છે).

कृते–માટે.

क्व–ક્યાં.

क्वचित्–ક્વચિત્, કોઈક વખત.

च[2]–અને.

झटिति–જલદી.

नु–૧ પ્રશ્નાર્થક; ૨ તર્કવાચક.

पुनर्–૧ ફરીથી; ૨ ઉલટાપણું બતાવે છે; ૩ વાક્ય શોભાવવા વપરાય છે.

वा–અથવા.

सर्वतः (सर्व+तस् પં૦ વિ૦ ના અર્થમાં)–સર્વથી.

हला–સખીને સંબોધવામાં વપરાય છે.

પાઠ ૧૬ મો.

ભૂતકાળ; अस्मद् ને युष्मद्.

अयम् अहम् आगतोऽस्मि=अयमहमागतोऽस्मि—આ હું આવ્યો છું.

इमे नः (नो) गृहाः—આ અમારૂં ઘર છે (गृह શબ્દ પું૦ બ૦ વ૦ માં વપરાય છે).

तस्मै ते नम ईश्वराय—તે તને નમસ્કાર ઈશ્વરને (તે તને ઈશ્વરને નમસ્કાર).

एते वयम् अ (म) योध्यां प्राप्ताः—આ અમે અયોધ્યામાં ગયા.

शिवः ते मे अपि शिवं यच्छतात्=शिवस्ते मेऽपि शिवं यच्छतात्—શિવ તને, મને પણ કલ્યાણ આપો (તારૂં ને મારૂં કલ્યાણ કરો).

---

૧ रम् ધાતુ ૧ ગ૦ આ૦ છે; પણ वि, आ, परि, ને उप એ ઉપસર્ગમાંથી કોઈ ઉપસર્ગ એની પૂર્વે હોય તો रम् ૫૨૦ છે.

૨ બે શબ્દોની કે વાક્યોની વચ્ચે ગુજરાતીમાં 'અને' ને 'અથવા' વપરાય છે, તેમ સંસ્કૃતમાં च ને वा વપરાતા નથી. रामश्च लक्ष्मणश्च કે रामो लक्ष्मणश्च रामो वा लक्ष्मणो वा। रामो लक्ष्मणो वा એમ વપરાય છે. વાક્યો જોડતા કે જુદા પાડતા હોય તો બીજા વાક્યના એક શબ્દ પછી વપરાય છે. न मुह्येदर्थकृच्छ्रेषु न च धर्मं परित्यजेत्.

ईशः त्वा अवतु मा अपीह=**ईशस्त्वावतु मापीह**—ઈશ તને રક્ષે, મને પણ અહિં (તને ને મને પણ અહિં રક્ષે).

अद्य प्रातर्मम वामं नयनम् अ (म) स्पन्दत । अपशकुनं हि तत्—આજે સવારે મારી ડાબી આંખ ફરકી. અપશુકન, ખરેખર, તે (ખરેખર, તે અપશુકન છે).

सूर्योऽस्तम् अ (म) गच्छत्—સૂર્ય અસ્ત પામ્યો.

अजां ग्रामम् अ (म) नयाम—અમે બકરીને ગામમાં લઈ ગયા.

संसारमसारम् अ (म) मन्यत—તેણે સંસાર અસાર વિચાર્યો.

बालस्य प्रकाशेन निशीथे दीपा निस्तेजसः अभवन् (निस्तेजसोऽभवन्)—બાળકના પ્રકાશથી મધ્યરાત્રે દીવા તેજરહિત થયા.

આ પાઠમાં **अस्मद्** (હું) ને **युष्मद्** (તું) નાં રૂપોના તથા ભૂતકાળનાં રૂપોના દાખલા છે. **अस्मद्** ને **युष्मद्** નાં રૂપો ત્રણે લિંગમાં સરખાં છે.

	अस्मद्			युष्मद्		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
प्र०	अहम्	आवाम्	वयम्	त्वं	युवाम्	यूयम्
द्वि०	माम्-मा	आवाम्-नौ	अस्मान्-नः	त्वाम्-त्वा	युवाम्-वाम्	युष्मान्-वः
तृ०	मया	आवाभ्याम्	अस्माभिः	त्वया	युवाभ्याम्	युष्माभिः
च०	मह्यम्-मे	आवाभ्यां-नौ	अस्मभ्यम्-नः	तुभ्यम्-ते	युवाभ्याम्-वाम्	युष्मभ्यम्-वः
पं०	मत्	आवाभ्याम्	अस्मत्	त्वत्	युवाभ्याम्	युष्मत्
ष०	मम-मे	आवयोः-नौ	अस्माकम्-नः	तव-ते	युवयोः-वाम्	युष्माकम्-वः
स०	मयि	आवयोः	अस्मासु	त्वयि	युवयोः	युष्मासु

૧. **अस्मद्** ને **युष्मद्** નાં **मा, नौ, नः,** ને **त्वा, वाम्, वः** વગેરે વૈકલ્પિક રૂપો **અન્વાદેશ**માં નિત્ય વપરાય છે, અન્ય સ્થળે આપણી મરજી પ્રમાણે વપરાય છે. કહેલી વાત ફરી કહેવી તે **અન્વાદેશ.** ૨. વાક્યને આરંભે એ રૂપો કદી વપરાતાં નથી, તેમજ **च, वा,** કે **एव** ને યોગે પણ વપરાતાં નથી.

तस्मै ते नम ईश्वराय—ઈશ્વરનું પૂર્વે કથન છે એમ **तस्मै** પ્રયોગથી જણાય છે. તેનું પુનઃ કથન હોવાથી **अन्वादेश** છે, માટે **ते** રૂપજ વપરાય છે, **तुभ्यम्** નહિ.

हरिस्त्वां मां च रक्षतु—અહિં **च** નો યોગ છે, માટે **त्वा** ને **मा** એ વૈકલ્પિક રૂપો વપરાશે નહિ.

૩. **एतद्** ને **इदम्** નાં **एनम्** વગેરે વૈકલ્પિક રૂપો પણ અન્વાદેશ હોય ત્યારેજ વપરાય છે; જેમકે **अनेन व्याकरणं पठितमेनं काव्यमुपदिश** । એણે વ્યાકરણ પઢ્યું, એને કાવ્યનો ઉપદેશ કર.

ભૂતકાળ.

	भू १ ગ० ૫०			वृत् १ ગ० આ०		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
प्र०	अभवम्	अभवाव	अभवाम	अवर्ते	अवर्तावहि	अवर्तामहि
द्वि०	अभवः	अभवतम्	अभवत	अवर्तथाः	अवर्तेथाम्	अवर्तध्वम्
तृ०	अभवत्	अभवताम्	अभवन्	अवर्तत	अवर्तेताम्	अवर्तन्त

	पुष् ४ ગ० ૫०			मृ ६ ગ० આ०		
तृ०	अपुष्यत्	अपुष्यताम्	अपुष्यन्	अम्रियत	अम्रियेताम्	अम्रियन्त

આ રૂપો તપાસતાં જણાશે કે ધાતુની પૂર્વે अ આગમ મૂક્યો છે. સ્વરાદિ ધાતુમાં अ ને બદલે आ આગમ આવે છે ને તે आ ની, પછીના સ્વર સાથે, સંધિ કરવામાં બે સ્વર મળીને પછીના સ્વરના ગુણને બદલે વૃદ્ધિરૂપ એક આદેશ થાય છે.

	इष् ६ ગ० ૫०			ऋ (ऋच्छ्) १ ગ० ૫०		
प्र०	ऐच्छम्	ऐच्छाव	ऐच्छाम	आर्च्छम्	आर्च्छाव	आर्च्छाम

પ્રત્યયો નીચે પ્રમાણે છે :—

	પર०			આત્મ०		
प्र०	अम्	व	म	इ	वहि	महि
द्वि०	स्	तम्	त	थास्	इथाम्	ध्वम्
तृ०	त्	ताम्	अन्	त	इताम्	अन्त

सर्वे मामनु ते । अनु हरिं सुराः ।
वृक्षमनु विद्योतते विद्युत् ।
मेघेभ्यो जलबिन्दवोऽपतन् ।
रवेरुदयेन पद्मान्युदमीलन् कुमुदानि च न्यमीलन् ।
अहो कथमद्याप्येषा संज्ञां न प्रतिपद्यते ।
अमीभिर्वाक्यैरेनामसान्त्वयन् ।
कौसल्या रामस्य वियोगेन प्राणानत्यजत् ।
चित्रया चन्द्र इव रामः सीतया व्यराजत ।
अधुना भवदाज्ञा प्रमाणमित्युक्त्वा व्यस्मत् ।
वत्से न ते मङ्गलकाले रोदितुमुचितम् ।
प्रसन्नस्ते तर्कः ।
श्रीशस्त्वावतु मापीह ।
वेदैरशेषैः संवेद्योऽस्मान् कृष्णः सर्वदावतु ।

विना मलयमन्यत्र चन्दनं न प्ररोहति ।
हंस प्रयच्छ मे कान्तां गतिरस्यास्त्वया हृता ।

कवयः कालिदासाद्याः कवयो वयमप्यमी ।
पर्वते परमाणौ च पदार्थत्वं प्रतिष्ठितम् ॥
पादपानां भयं वातात् पद्मानां शिशिराद् भयम् ।
पर्वतानां भयं वज्रात् साधूनां दुर्जनाद् भयम् ॥

સજ્જનોનું વાક્ય કદાપિ ચળતું નથી.

દુઃખમાં પણ માણસે ધર્મ તજવો નહિ.

તેનાં પાપથી દુઃખો ઉત્પન્ન થયાં.

ગુરુને નમસ્કાર.

આપણે ગંગામાં નાહીએ તો કેવું સારૂં

નામ.

अजा (સ્ત્રી०) (अज પું० નું સ્ત્રી०)—બકરી.
अपशकुन (अपशकुनम्) (ન०)—અપશુકન.
अयोध्या (સ્ત્રી०)—અયોધ્યા.
ईश (ईशः) (પું०)—ઈશ, પ્રભુ.
कान्ता (સ્ત્રી०)—પ્રિય સ્ત્રી.
काल (कालः) (પું०)—કાળ.
कुमुद (कुमुदम्) (ન०)—ચન્દ્રકમળ.
कृष्ण (कृष्णः) (પું०)—કૃષ્ણ.
कौसल्या (સ્ત્રી०)—દશરથની સ્ત્રી.
गति (સ્ત્રી०)—ચાલવાની ઢબ.
गृह (गृहाः) (પું०) (બ० વ० માં વપરાય છે)- ઘર.
ग्राम (ग्रामः) (પું०)—ગામ.
चित्रा (સ્ત્રી०)—ચિત્રા નક્ષત્ર.
तर्क (तर्कः) (પું०)—તર્ક, વિચાર, અટકળ.
दीप (दीपः) (પું०)—દીવો.
निशीथ (निशीथः) (પું०)—મધ્યરાત્ર.
पद्म (पद्मम्) (ન०)—કમળ, સૂર્યકમળ.
परमाणु (પું०) (કર્મ०, परम—ઘણું, अणु પું० સૂક્ષ્મ ભાગ) ઘણો સૂક્ષ્મ અવયવ.
पर्वत (पर्वतः) (પું०)—પર્વત.
पादप (पादपः) (પું०)—(तत्पु०, पाद પું० પગ, મૂળ, पा ૧ ગ० પ० પીવું)—પગ વડે પીએ તે, ઝાડ.
प्रकाश (प्रकाशः) (પું०)—અજવાળું.
प्रमाण (प्रमाणम्) (ન०)—સત્યવાતનો આધાર.
बिन्दु (પું०)—બિંદુ, ટીપું.
मङ्गल (मङ्गलम्) (ન०)—મંગલ, શુભ કામ.
मलय (मलयः) (પું०)—મલયાદ્રિ.
मेघ (मेघः) (પું०)—વાદળું, મેહુલો.
वज्र (वज्रम्) (ન०)—વજ, ઇન્દ્રનું આયુધ.
वाक्य (वाक्यम्) (ન०)—વાકય.
वात (वातः) (પું०)—વાયુ.
विद्युत् (સ્ત્રી०)—વીજળી.
वियोग (वियोगः) (પું०)—વિજોગ.

शिव (**शिवः**) (પું૦)–શિવ, મહાદેવ.

,, (**शिवम्**) (ન૦)–કલ્યાણ.

शिशिर (**शिशिरः–रम्**) (પું૦, ન૦) ટાઢ.

श्रीश (પું૦, तत्पु०, श्री સ્ત્રી૦–લક્ષ્મી + ईश પું૦ ધણી)–લક્ષ્મીપતિ, વિષ્ણુ.

संज्ञा (સ્ત્રી૦)–ભાન.

संसार (**संसारः**) (પું૦)–સંસાર, આ દુનીઆનું જીવન.

सुर (**सुरः**) (પું૦)–દેવ.

सूर्य (**सूर्यः**) (પું૦)–સુરજ.

हंस (**हंसः**) (પું૦)–હંસ.

વિશે૦

अशेष (बहु०, अ+शेष પું૦)–નથી શેષ જેમાં; બધું.

असार (बहु०, अ+सार પું૦)–નથી સાર જેમાં, સાર વિનાનું.

अस्मद् (સર્વ૦)–હું.

उचित–યોગ્ય.

कालिदासाद्य (बहु०, कालिदास પું૦, आद्य વિશે૦–પ્રથમ) કાલિદાસ છે આદિ જેમાં, કાલિદાસ વગેરે.

निस्तेजस् (बहु०, निस्–નિર્ગત, तेजस् ન૦)–જતું રહ્યું છે તેજ જેમાંથી, તેજરહિત.

प्रतिष्ठित (प्रति + स्थित, स्था ના ભૂ૦ કૃ૦)–પ્રતિષ્ઠા પામેલું, દૃઢ રહેલું.

प्रसन्न (प्र+सद् [सीद्] ૧ ગ૦ ૫૦ ના ભૂ૦ કૃ૦)–શુદ્ધ, ખરૂં.

प्राप्त (प्र+आप् ના ભૂ૦કૃ૦)–ગયલું, પહોંચેલું.

युष्मद् (સર્વ૦)–તમે.

वाम–ડાબું.

संवेद्य (सम्+विद् ના વિધ્ય૦ કૃ૦)–બરાબર જાણી શકાય એવું.

हृता (हृत, हृ ૧ ગ૦ ૫૦ ના ભૂ૦ કૃ૦ નું સ્ત્રી૦)–હરાયલી.[1]

ધાતુ.

अव् (**अवति** (૧ ગ૦ ૫૦)–રક્ષવું.

उद्+मील् (**उन्मीलति**) (૧ ગ૦ ૫૦)–વિકસવું, ખીલવું.

दा (**यच्छ्**) (**यच्छति**) (૧ ગ૦ ૫૦)–આપવું.

नि+मील् (**निमीलति**) (૧ ગ૦ ૫૦) સંકોચાવવું, બીડાઈ જવું.

प्रति+पद् (**प्रतिपद्यते**) (૪ ગ૦ આ૦)–પ્રાપ્ત કરવું.

प्र+दा (**यच्छ्**) (**प्रयच्छति**) (૧ ગ૦ ૫૦–આપવું.

प्र+रुह् (**प्ररोहति**) (૧ ગ૦ ૫૦)–ઊગવું.

मन् (**मन्यते**) (૪ ગ૦ આ૦) વિચારવું.

वि+द्युत् (**विद्योतते**) (૧ ગ૦આ૦)–પ્રકાશવું.

वि+राज् (**विराजति–ते**) (૧ ગ૦ ઉ૦)–વિરાજવું, પ્રકાશવું.

सान्त्व् (**सान्त्वयति**) (૧૦ ગ૦ ૫૦) શાન્ત પાડવું.

स्पन्द् (**स्पन्दते**) (૧ ગ૦ આ૦)–ફરકવું, ચલિત થવું.

અવ્યય.

अनु (એને યોગે द्वि० वि० વપરાય છે)–૧ સાદૃશ્યવાચક; ૨ ન્યૂનત્વવાચક; ૩ સામીપ્યવાચક.

अन्यत्र–બીજે સ્થળે.

अयि–સંબોધનવાચક, સંબોધવામાં વપરાય છે.

---

[1] ભૂતકૃદન્તનું સ્ત્રી૦ आ ને वत् પ્રત્યયાન્તનું સ્ત્રી૦ ई લગાડવાથી થાય છે. भूत નું સ્ત્રી૦ भूता, भगवत् નું સ્ત્રી૦ भगवती.

अस्तम् (गम् ने એવા અર્થના ધાતુને યોગે વપરાય છે) अस्तं गम्=આથમવું.

इव—પેઠે (સરખાપણું બતાવે છે; જે બે સરખાં હોય તેના શબ્દો સરખી વિભક્તિમાં આવે છે).

इह અહિં.

उक्त्वा (वच् નો અવ્ય૦ કૃ૦)—કહીને.

रोदितुम् (रुद् નો હેત્વ૦ કૃ૦)—રોવા માટે.

विना વગર (એને યોગે દ્વિ૦, તૃ૦, ને પં૦ વિભક્તિઓ વપરાય છે).

सर्वदा—હમેશ.

પાઠ ૧૭ મો.

ऋकारान्त शब्दो.

ऋणकर्ता पिता शत्रुः—ઋણનો કરનાર પિતા શત્રુ છે.

पितरं मातरं च पूजय—પિતાને ને માતાને પૂજ.

पितृभ्यः स्वधा—પિતૃઓને બલિદાન.

मातुः नि (तुर्नि) लीयते कृष्णः—માતાથી સંતાય છે કૃષ્ણ (કૃષ્ણ સંતાય છે).

ऋषयो **मन्त्रद्रष्टारः**—ઋષિઓ મન્ત્રના જોનારાઓ છે.

जलं **स्रष्टुः** आ (ष्टुरा) द्या सृष्टिः—જળ સ્રષ્ટાની પ્રથમ સૃષ્ટિ છે.

सीता **भर्त्रा** लक्ष्मणेन च सार्धं पञ्चवटीं गता—સીતા ભર્તા ને લક્ષ્મણની સાથે પંચવટીમાં ગયાં.

तत्त्वं चिन्तय तदिदं **भ्रातः**—તત્ત્વને વિચાર તે એ, ભાઈ (હે ભાઈ, તે એ તત્ત્વ તું વિચાર).

रामः **स्वमातॄः** प्रणतः—રામ પોતાની માતાઓને નમ્યો.

આ પાઠમાં ऋकारान्त પું૦ ને સ્ત્રી૦ રૂપોના દાખલા છે. રૂપો નીચે પ્રમાણે છે:—

कर्तृ पुं० | **कर्त्री स्त्री०**

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	कर्ता	कर्तारौ	कर्तारः
द्वि०	कर्तारम्	,,	कर्तॄन्
तृ०	कर्त्रा	कर्तृभ्याम्	कर्तृभिः
च०	कर्त्रे	,,	कर्तृभ्यः
पं०	कर्तुः	,,	,,
ष०	,,	कर्त्रोः	कर्तॄणाम्
स०	कर्तरि	,,	कर्तृषु
सं०	कर्तः	कर्तारौ	कर्तारः

नदी પ્રમાણે. ऋकारान्त વિશેષણનું સ્ત્રી૦ ई પ્રત્યય લગાડવાથી થાય છે.

	पितृ पुं०			मातृ स्त्री०		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	पिता	पितरौ	पितरः	माता	मातरौ	मातरः
द्वि०	पितरम्	,,	पितॄन्	मातरम्	,,	मातॄः
तृ०	पित्रा	पितृभ्याम्	पितृभिः	मात्रा	मातृभ्याम्	मातृभिः
च०	पित्रे	,,	पितृभ्यः	मात्रे	,,	मातृभ्यः
पं०	पितुः	,,	,,	मातुः	,,	,,
ष०	,,	पित्रोः	पितॄणाम्	,,	मात्रोः	मातॄणाम्
स०	पितरि	,,	पितृषु	मातरि	,,	मातृषु
सं०	पितः	पितरौ	पितरः	मातः	मातरौ	मातरः

આ રૂપો વિષે નીચેની વાત લક્ષમાં રાખવી:—

૧. ऋ નો પ્રથમ પાંચ રૂપોમાં आर् થાય છે ને प्र० ए० व० માં आर् નો र् તેમજ પ્રત્યયનો स् લોપાય છે.

૨. સંબન્ધવાચક શબ્દો (पितृ, मातृ જેવા) માં ને नृ માં ऋ નો आर् ને બદલે अर् થાય છે; પણ

૩. स्वसृ સ્ત્રી૦ (બેન), नप्तृ પું૦ (પૌત્ર), અને भर्तृ પું૦ (ભર્તા) એ શબ્દો સંબન્ધવાચક છે, તોપણ એમાં ऋ નો आर् થાય છે.

नृ શબ્દનાં રૂપ पितृ ના જેવાંજ છે. ष० ब० व० नृणाम् કે नॄणाम् છે. રૂપો નીચે પ્રમાણે:—

नृ पुं०

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	ना	नरौ	नरः
द्वि०	नरम्	,,	नॄन्
तृ०	त्रा	नृभ्याम्	नृभिः
च०	त्रे	,,	नृभ्यः
पं०	नुः	,,	,,
ष०	,,	त्रोः	नृणाम्—नॄणाम्
स०	नरि	,,	नृषु
सं०	नः	नरौ	नरः

ज्येष्ठो भ्राता पित्रा समः ।
भ्रातुः पुत्रो भ्रातृव्यो भ्रात्रीयो वा ।
स्वसुः पुत्रः स्वस्रीयः स्वस्रेयो वा ।
वधूर्देवरि ननान्दरि च स्निह्येत् ।

भर्तुः शासने तिष्ठ।
नृणां द्विजः श्रेष्ठः।
नृपतीनामुपदेष्टारो विरलाः।
सत्संगतिः पुरुषं मातेव रक्षति।
यन्ता गजस्याभ्यपतद्गजस्थम्।
अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोतापि दुर्लभः।
असंभाव्या अपि नृणां भवन्तीह समागमाः।

मातुः पितुः स्वसुः पुत्रा मातुर्मातुः स्वसुः सुताः।
मातुर्मातुलपुत्राश्च विज्ञेया मातृबन्धवः॥
काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम्।
व्यसनेन च मूर्खाणां निद्रया कलहेन वा॥
भद्रं कृतं कृतं मौनं कोकिलैर्जलदागमे।
दर्दुरा यत्र वक्तारस्तत्र मौनं हि शोभनम्॥
आपदामपहर्तारं दातारं सर्वसंपदाम्।
लोकाभिरामं श्रीरामं भूयो भूयो नमाम्यहम्॥
का तव कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः।
कस्य त्वं वा कुत आयातस्तत्त्वं चिन्तय तदिदं भ्रातः॥

સવારમાં બ્રાહ્મણો વેદ ભણે છે.
ઘણું કરીને જ્યાં લક્ષ્મી હોય છે ત્યાં સરસ્વતી હોતી નથી.
શકુન્તલા ઉપર તેની બે સખીઓ સ્નેહ રાખતી હતી.
શત્રુની ને વ્યાધિની અવગણના ન કરો.
પૈસાદારોએ દુઃખીઓના પાળનાર થવું જોઈએ.

નામ.

आपद् (स्त्री०)—આપત્તિ.
ऋण (ऋणम्) (ન૦)—કરજ.
कलह (कलहः) (પું૦)—કજીઓ.
कोकिल (कोकिलः) (પું૦)—કોયલ.
जलदागम (પું૦) (तत्पु०, जलद પું૦ तत्पु०, જળ આપનાર, મેઘ, आगम પું૦ આવવું તે)—મેઘનું આવવું તે, મેઘપ્રાપ્તિ.
तत्त्व (तत्त्वम्) (ન૦)—સારવસ્તુ, ખરી વાત (तद् સર્વ૦+त्व ભાવવાચક).
दर्दुर (दर्दुरः) (પું૦)—દેડકો.
देवृ (પું૦)—દીઅર.
ननान्दृ (स्त्री०)—નણંદ.
निद्रा (स्त्री०)—નિદ્રા, ઊંઘ.
नृ (પું૦)—માણસ, નર.
पितृ (પું૦)—પિતા, બાપ.

बन्धु (પું०)–સગું.
भर्तृ (પું०)–ભરથાર, સ્વામી.
भ्रातृ (પું०)–ભાઈ.
भ्रातृव्य (**भ्रातृव्यः**) (પું०) (**भ्रातृ** પું०=ભાઈ) –ભત્રીજો.
भ्रात्रीय (**भ्रात्रीयः**) (પું०)–ભત્રીજો.
मन्त्र (**मन्त्रः**) (પું०)–મન્ત્ર.
मातुल (**मातुलः**) (પું०)–મામો.
मातृ (સ્ત્રી०)–માતા.
मूर्ख (**मूर्खः**) (પું०)–મૂર્ખ.
मौन (**मौनम्**) (ન०)–મૌન, મૂકત્વ, મુંગાપણું, મુંગા રહેવું તે.
लोक (**लोकः**) (પું०)–લોક.
विनोद (**विनोदः**) (પું०)–આનન્દ.
व्यसन (**व्यसनम्**) (ન०)–ખરાબ ટેવ.
शत्रु (પું०)–શત્રુ, દુશ્મન.
शासन (**शासनम्**) (ન०)–હુકમ.
शास्त्र (**शास्त्रम्**) (ન०)–શાસ્ત્ર, પ્રમાણભૂત ગ્રન્થ.
सत्संगति (સ્ત્રી०) (तत्पु०, **सत्** પું० સજ્જન+**संगति** સ્ત્રી० સમાગમ)–સજ્જનનો સમાગમ.
समागम (**समागमः**) (પું०)–સોબત.
संपद् (સ્ત્રી०)–સંપત્તિ, આબાદાની.
सुत (**सुतः**) (પું०)–પુત્ર.
सृष्टि (સ્ત્રી०)–સૃષ્ટિ.
स्वस्रीय (**स्वस्रीयः**) (પું०) (**स्वसृ** સ્ત્રી०=બેન)–ભાણેજ.
स्वस्रेय (**स्वस्रेयः**) (પું०)–ભાણેજ.

વિશે०

अपहर्तृ–અપહરણ કરનાર, લઈ લેનાર.
अप्रिय (**नञ्स**०)–પ્રિય નહિ તેવું.
अभिराम–આનન્દદાયક.
असंभाव्य (**नञ्स**०)–સંભાવ્ય નહિ તેવું, ન બને એવું કળાય નહિ એવું.
आद्य–પ્રથમ.
उपदेष्टृ–ઉપદેશ કરનાર.
कर्तृ–કરનાર.
गजस्थ (तत्पु०, **गज** પું० હાથી, **स्थ**, **स्था** [**तिष्ठ्**] ૧ ગ० ૫० ઊભા રહેવું એ ઉપરથી)–હાથી પર બેસનાર.
ज्येष्ठ–મોટું.
दातृ–આપનાર.
दुर्लभ–મળવું મુશ્કેલ એવું, દુષ્પ્રાપ્ય.
द्रष्टृ–જોનાર.
धीमत्–બુદ્ધિમાન્.
प्रणत (**प्र**+**नम्** ૧ ગ० ૫० નો ભૂ० કૃ०)–નમેલું, પ્રણમેલું.
भद्र–કલ્યાણકારક, સારૂં.
यन्तृ–નિયમમાં રાખનાર.
रक्षितृ–રક્ષણ કરનાર, પાળનાર.
वक्तृ–બોલનાર.
विचित्र–નવાઈ જેવું.
विज्ञेय (**वि**+**ज्ञा** નો વિધ્ય० કૃ०)–જાણવા યોગ્ય.
विरल–જવલ્લે મળે એવું, વિરલું.
शोभन–સારૂં.
श्रेष्ठ–ઉત્તમ.
श्रोतृ–સાંભળનાર.
सम–સરખું.
स्रष्टृ–સરજનાર.

ધાતુ.

अभि + **पत्** (**अभिपतति**) (૧ ગ० ૫०)–સામા થવું.
चिन्त् (**चिन्तयति**) (૧૦ ગ० ૫०)–વિચારવું.
नि + **ली** (**निलीयते**) (૪ ગ० આ०)–સંતાવવું.
स्निह् (**स्निह्यति**) (૪ ગ० ૫०)–સ્નેહ રાખવો (એને યોગે **सप्त**० **वि**० વપરાય છે).

અવ્યય.

अतीव-ઘણું.
भूयः भूयः-વારંવાર.
सार्धम्-સાથે (सहनी પેઠે એને યોગે तृ० वि० વપરાય છે).
स्वधा-પિતૃઓને બલિદાન આપતી વખતે ઉચ્ચારાય છે (એને યોગે च० वि० વપરાય છે).

પાઠ ૧૮ મો.

इकारान्त, उकारान्त, ને ऋकारान्त નપુંસક શબ્દો.

पाण्डु वदनं रोगं सूचयति—ફીકું વદન રોગ સૂચવે છે.
इचुयशानां तालु स्थानम्—इवर्ण, चवर्ग, य्, ने श् નું તાલુસ્થાન છે.
भ्रमरा मधुनेऽलुभ्यन्—ભમરાઓએ મધ માટે લોભ કર્યો.
बालोऽश्रूणि मुञ्चति नयनाभ्याम्—બાળક આંસુ છોડે છે બે આંખોમાંથી (બે આંખોમાંથી આંસુ પાડે છે).
समुद्रो वारीणां निधिः—સમુદ્ર જળનો ભંડાર છે.
औषधं प्रायेण अस्वादु एव (प्रायेणास्वाद्वेव) स्वादु हितं च तद् दुर्लभं खलु—ઔષધ ઘણું કરીને અસ્વાદુજ (સ્વાદ વગરનું) હોય છે; સ્વાદવાળું ને હિતકારક તે દુર્લભ, ખરેખર (તે ઓસડ, ખરેખર, દુર્લભ છે).
अङ्गानां विस्तारयितृणा यौवनेन नार्योऽवलिप्ता भवन्ति—અવયવોના વિસ્તાર કરનાર જુવાનીથી નારીઓ મગરૂબ થાય છે.

આ પાઠમાં इकारान्त, उकारान्त, ને ऋकारान्त નપુંસક શબ્દોનાં રૂપોના દાખલા છે. રૂપો નીચે પ્રમાણે છે:—

	वारि न०			मधु न०		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
प्र०	वारि	वारिणी	वारीणि	मधु	मधुनी	मधूनि
द्वि०	,,	,,	,,	,,	,,	,,
तृ०	वारिणा	वारिभ्याम्	वारिभिः	मधुना	मधुभ्याम्	मधुभिः
च०	वारिणे	,,	वारिभ्यः	मधुने	,,	मधुभ्यः
पं०	वारिणः	,,	,,	मधुनः	,,	,,
ष०	,,	वारिणोः	वारीणाम्	,,	मधुनोः	मधूनाम्
स०	वारिणि	,,	वारिषु	मधुनि	,,	मधुषु
सं०	वारि-वारे	वारिणी	वारीणि	मधो-मधु	मधुनी	मधूनि

	कर्तृ न०			लघु न०	
प्र० कर्तृ	कर्तृणी	कर्तॄणि	लघु	लघुनी	लघूनि
द्वि० ,,	,,	,,	,,	,,	,,
तृ० कर्तृणा	कर्तृभ्याम्	कर्तृभिः	लघुना	लघुभ्याम्	लघुभिः
च० कर्तृणे	,,	कर्तृभ्यः	लघुने–लघवे	,,	लघुभ्यः
पं० कर्तृणः	,,	,,	लघुनः–लघोः	,,	,,
ष० ,,	कर्तृणोः	कर्तॄणाम्	,,	लघुनोः–लघ्वोः	लघूनाम्
स० कर्तृणि	,,	कर्तृषु	लघुनि–लघौ	,,	लघुषु
सं० कर्तः–कर्तृ	कर्तृणी	कर्तॄणि	लघो–लघु	लघुनी	लघूनि

ઉપલાં રૂપો પરથી જણાશે કે इकारान्त, उकारान्त, ને ऋकारान्त શબ્દોમાં प्र०, सं०, ને द्वि० ના એ૦ વ૦ નો પ્રત્યય લોપાય છે, तृ० ના એ૦ વ૦ થી સ્વરાદિ પ્રત્યયો પૂર્વે न् આગમ લાગે છે, ને सं० ના એ૦ વ૦ માં અન્ત્ય સ્વરનો વિકલ્પે ગુણ થાય છે.

उकारान्त વિશેષણનું સ્ત્રીલિંગ ई પ્રત્યય લગાડવાથી વિકલ્પે થાય છે; જેમકે गुरु નું સ્ત્રી૦ गुरु કે गुर्वी, लघु નું लघु કે लघ्वी. गुरु સ્ત્રી૦, लघु સ્ત્રી૦ વગેરે નાં રૂપો धेनु નાં જેવાં, ને गुर्वी સ્ત્રી૦, लघ्वी સ્ત્રી૦ વગેરે નાં नदी જેવાં થાય છે.

इकारान्त, उकारान्त, ને ऋकारान्त વિશેષણનાં નપુંસકનાં રૂપો, એવાં નપુંસક નામનાં જેવાંજ થાય છે. પણ च०, पं०, ष०, स० ના એ૦ વ૦ અને ष० તથા स० ના દ્વિ૦ વ૦ નાં રૂપો વિકલ્પે એવા પુંલિંગ નામનાં જેવાં પણ થાય છે; જુઓ लघु न० નાં રૂપો.

कार्यं लघु प्रयोजनं तु गुर्वेव ।
प्रियाया मञ्जु जल्पितं निशम्यातीव प्रीतोऽभवन्नारायणः ।
वल्गुना विकसितेन पश्येदं पद्मं मे मानसं हरति ।
चिन्तायाः समं नान्यत् किंचिच्छोषयितृ विद्यते ।
अयि प्रकृतिमापद्यते ते सखी ।
अयमपरो गण्डस्योपरि स्फोटः ।
शुचि मनो यद्यस्ति तीर्थेन किम् ।
मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ।
अथवा मृदु वस्तु हिंसितुं मृदुनैवारभते प्रजान्तकः ।
अपाङ्गनायाः परमं विभूषणम् ।

दीनो वा राज्यहीनो वा यो मे भर्ता स मे गुरुः ।
तं नित्यमनुरक्तास्मि यथा सूर्यं सुवर्चला ॥
दक्षिणे लक्ष्मणो यस्य वामे च जनकात्मजा ।
पुरतो मारुतिर्यस्य तं वन्दे रघुनन्दनम् ॥

उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥

સ્મૃતિ શ્રુતિના અર્થને અનુસરે છે.
પૃથ્વી પર તેણે સ્વર્ગનું સુખ અનુભવ્યું.
શિષ્યોએ ગુરુની આજ્ઞા પાળવી જોઈએ.
ગંગાનું જળ શ્વેત ને યમુનાનું શ્યામ છે.
ઓહો! ચાંદનીની રમણીયતા!

નામ.

अङ्गना (સ્ત્રી૦)–સ્ત્રી.
अश्रु (ન૦)–આંસુ.
आगमन(**आगमनम्**)(ન૦)–આવવું તે.
उद्यम (**उद्यमः**) (પું૦)–ઉદ્યમ.
कार्य (**कार्यम्**) (ન૦)–કાર્ય, કારજ, કામ, મનોરથ.
गण्ड (**गण्डः**) (પું૦)–ગણ્ડ, ફોલ્લો.
चिन्ता (સ્ત્રી૦)–ચિન્તા.
जनकात्मजा (**जनक** પું૦ + **आत्मजा** સ્ત્રી૦–પુત્રી)–જનકની પુત્રી, સીતા.
तालु (ન૦) તાળવું.
तीर्थ (**तीर्थम्**) (ન૦)–તીર્થ, પવિત્ર સ્થળ.
दक्षिण (**दक्षिणम्**) (ન૦)–જમણી બાજુ.
नारायण (**नारायणः**) (પું૦)–નારાયણ.
नारी (સ્ત્રી૦)–સ્ત્રી.
निधि (પું૦)–ભંડાર.
प्रकृति (સ્ત્રી૦)–સ્વાભાવિક સ્થિતિ, ભાન.
प्रिया (સ્ત્રી૦)–પ્રિયા.
भ्रमर (**भ्रमरः**) (પું૦)–ભમરો.
मधु (ન૦)–મધ.
मनोरथ (**मनोरथः**) (પું૦)–મનોરથ, ઇચ્છા.
मानस (**मानसम्**) (ન૦)–મન.
मारुति (પું૦)–હનુમાન્.
जल्पित (**जल्पितम्**) (**जल्प्** નો ભૂ૦ કૃ૦.)–બોલવું તે.[1]
जिह्वाग्र (**जिह्वाग्रम्**) (ન૦) (તત્પુ૦, **जिह्वा** સ્ત્રી૦ +**अग्र** ન૦ આગલો ભાગ)–જીભનું ટેરવું.
त्रपा (સ્ત્રી૦)–લજ્જા, શરમ.
प्रजान्तक (**प्रजान्तकः**)(પું૦)(તત્પુ૦, **प्रजा** સ્ત્રી૦ + **अन्तक** પું૦ નાશ કરનાર)–પ્રજાનો નાશ કરનાર.
मृग (**मृगः**) (પું૦)–હરણ.
यौवन (**यौवनम्**) (ન૦)–જુવાની.
रघुनन्दन (**रघुनन्दनः**) (પું૦)(તત્પુ૦, **रघु** પું૦ રઘુ, રઘુ કુળમાં ઉત્પન્ન થયેલા, **नन्दन** પું૦ આનન્દકારક, પુત્ર)–રઘુના વંશજોનો આનન્દદાયક, રામ.
रोग (**रोगः**) (પું૦)–રોગ.
वदन (**वदनम्**) (ન૦)–મુખ.
वाम (**वामम्**) (ન૦)–ડાબી બાજુ.
वारि (ન૦) –પાણી.
विकसित (**विकसितम्**) (ન૦) (**वि** + **कस** નો ભૂ૦ કૃ૦)–ખીલવું તે, ખીલવણી.
विभूषण (**विभूषणम्**) (ન૦)–અલંકાર, ઘરેણું.

[1] ભૂતકૃદન્તનો **त** પ્રત્યય ભાવના અર્થમાં પણ લાગે છે; અર્થાત્, ભૂતકૃદન્ત ભાવવાચક નામ તરીકે પણ વપરાય છે.

समुद्र (**समुद्रः**) (પું०)-દરીઓ.
सुवर्चला(સ્ત્રી०)-સૂર્યની સ્ત્રીનું નામ છે.
स्थान (**स्थानम्**) (ન०)-ઠેકાણું; ઉચ્ચારનું ઠેકાણું
स्फोट (**स्फोटः**) (પું०)-વ્રણ, ફોલ્લો.
सिंह (**सिंहः**) (પું०)-સિંહ.
हलाहल (**हलाहलम्**) (ન०)-વિષ, હળાહળ.

વિશેષણ.

अनुरक्त (**अनु + रञ्ज्**નો ભૂ૦ કૃ૦)-પ્રેમાળ, પ્રેમથી બંધાયલું, આસક્ત.
अपर (સર્વ૦)-બીજું.
अवलिप्त (**अव + लिप्** નો ભૂ૦ કૃ૦)-મગરૂબ, ગર્વિષ્ઠ.
अस्वादु (**नञ्स०**)-સ્વાદવાળું નહિ એવું.
गुरु-મોટું.
दीन-ગરીબ.
पाण्डु-પીળું, ફીકું.
प्रीत (**प्री** નો ભૂ૦ કૃ૦)-ખુશ થયલું.
मञ्जु-મધુર, કાનને મીઠું લાગે એવું.
मृदु-કોમળ.
लघु-હલકું.
वल्गु-સુંદર, મનોહર.
विस्तारयितृ-વિસ્તાર કરાવનાર.
शुचि-પવિત્ર.
शोषयितृ-સુકવનાર.
सम-સરખું, તુલ્ય (એને ને એના અર્થના શબ્દોને યોગે **तृ०** ને **ष०** **वि०** વપરાય છે).
सुप्त (**स्वप्** નો ભૂ૦ કૃ૦)-સૂતેલું.
स्वादु-સ્વાદવાળું.
हित-ફાયદાકારક.
हीन (**हा** 'તજવું' નો ભૂ૦ કૃ૦)-તજાયલું, રહિત.

ધાતુ.

आ + पद् (**आपद्यते**) (૪ ગ૦ આ૦)-પ્રાપ્ત કરવું. [આરંભવું.
आ + रभ् (**आरभते**) (૧ ગ૦ આ૦)-
मुच् [**मुञ्च्**] (**मुञ्चति**) (૬ ગ૦ પ૦) છોડવું, મૂકવું.
सिध् (**सिध्यति**) (૪ ગ૦ પ૦)-સફળ થવું.
सूच् (**सूचयति**)-(૧૦ ગ૦ પ૦)-સૂચવવું.

અવ્યય૦

अथवा-અથવા, પક્ષાન્તર-અન્યપક્ષ કહે છે.
इव-જાણે, જેવો.
ज्ञात्वा (**ज्ञा**નો અવ્ય૦ કૃ૦)-જાણીને.
तु-પણ, વિરોધવાચક છે, ઉલટાપણું બતાવે છે.
नित्यम्-હમેશ.
निशम्य (**नि + शम्** નો અવ્ય૦ કૃ૦)-સાંભળીને.
पुरतः-આગળ.
हिंसितुम् (**हिंस्** નો હેત્વ૦ કૃ૦)-હિંસા કરવા માટે.

પાઠ ૧૯ મો.

નકારાન્ત શબ્દો.

अपि **कुशली** भवान्—શું કુશળ આપ (આપ કુશળ છો) ?

वाचः **कर्म** अ (र्मा) तिरिक्तम्—વાણીથી કર્મ અતિરિક્ત-અધિક છે.

केऽपि **शशिनः** कलङ्कः सारङ्ग इति शङ्कन्ते—કેટલાક ચંદ્રનો કલંક-ડાઘો સારંગ-હરણ છે એમ શંકા કરે છે.

आत्मा त्वं गिरिजापते—આત્મા તું હે ગિરિજાના-પાર્વતીના પતિ (હે પાર્વતીપતે, તું આત્મા છે).

आत्मा नदी संयमपुण्यतीर्था—આત્મા નદી ઇન્દ્રિયો પર કાબુ જેમાં પવિત્ર તીર્થ છે એવી (ઇન્દ્રિયજય જેમાં પવિત્ર તીર્થ છે એવી આત્મા નદી છે).

ऋटुरषाणां **मूर्धा**—ऋવર્ણ, ટવર્ગ, र, ને ष નું મૂર્ધા-શિર એ ઉચ્ચારસ્થાન છે.

तव वचनं मे **मर्माणि** निकृन्तति—તારું વચન મારાં મર્મસ્થાનને કાપી નાખે છે.

वसन्ति हि **प्रेम्णि** गुणा न वस्तुषु—વસે છે, ખરેખર, પ્રેમમાં ગુણો, નહિ વસ્તુઓમાં (ગુણો, ખરેખર, પ્રેમમાં વસે છે, વસ્તુઓમાં નહિ).

सत्यमतीत्य हरितो हरींश्च वर्तन्त एते **वाजिनः**—ખરેખર, ઓળંગીને સૂર્યના અશ્વોને ને ઇન્દ્રના અશ્વોને વર્તે છે આ અશ્વો—(ખરેખર, આ અશ્વો સૂર્યના ને ઇન્દ્રના અશ્વોથી ચડીઆતા થઈ ને રહેલા છે).

यद्भावि तद् भवति नात्र विचारणीयम्—જે થવાનું છે તે થાય છે, એમાં વિચાર કરવા જેવું નથી.

આ પાઠમા નકારાન્ત શબ્દોનાં રૂપોના દાખલા છે. રૂપો નીચે પ્રમાણે:—

	राजन् પું०			**नामन्** ન०		
	એ० વ०	દ્વિ० વ०	બ० વ०	એ० વ०	દ્વિ० વ०	બ० વ०
प्र०	राजा	राजानौ	राजानः	नाम	नाम्नी-नामनी	नामानि
द्वि०	राजानम्	,,	राज्ञः	,,	,,	,,
तृ०	राज्ञा	राजभ्याम्	राजभिः	नाम्ना	नामभ्याम्	नामभिः
च०	राज्ञे	,,	राजभ्यः	नाम्ने	,,	नामभ्यः
पं०	राज्ञः	,,	,,	नाम्नः	,,	,,
ष०	,,	राज्ञोः	राज्ञाम्	,,	नाम्नोः	नाम्नाम्
स०	राज्ञि-राजनि	,,	राजसु	नाम्नि-नामनि	,,	नामसु
सं०	राजन्	राजानौ	राजानः	नाम-नामन्	नाम्नी-नामनी	नामानि

	सीमन् स्त्री०			ब्रह्मन् पुं०		
प्र०	सीमा	सीमानौ	सीमानः	ब्रह्मा	ब्रह्माणौ	ब्रह्माणः
द्वि०	सीमानम्	,,	सीम्नः	ब्रह्माणम्	,,	ब्रह्मणः
तृ०	सीम्ना	सीमभ्याम्	सीमभिः	ब्रह्मणा	ब्रह्मभ्याम्	ब्रह्मभिः
च०	सीम्ने	,,	सीमभ्यः	ब्रह्मणे	,,	ब्रह्मभ्यः
पं०	सीम्नः	,,	,,	ब्रह्मणः	,,	,,
ष०	,,	सीम्नोः	सीम्नाम्	,,	ब्रह्मणोः	ब्रह्मणाम्
स०	सीम्नि-सीमनि	,,	सीमसु	ब्रह्मणि	,,	ब्रह्मसु
सं०	सीमन्	सीमानौ	सीमानः	ब्रह्मन्	ब्रह्माणौ	ब्रह्माणः

	यज्वन् पुं०			शर्मन् न०		
प्र०	यज्वा	यज्वानौ	यज्वानः	शर्म	शर्मणी	शर्माणि
द्वि०	यज्वानम्	,,	यज्वनः	,,	,,	,,
तृ०	यज्वना	यज्वभ्याम्	यज्वभिः	शर्मणा	शर्मभ्याम्	शर्मभिः
		વગેરે			વગેરે	

मूर्धन् पुं०

द्वि०	मूर्धानम्	मूर्धानौ	मूर्ध्नः

	शशिन् पुं०			भाविन् न०		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	शशी	शशिनौ	शशिनः	भावि	भाविनी	भावीनि
द्वि०	शशिनम्	,,	,,	,,	,,	,,
तृ०	शशिना	शशिभ्याम्	शशिभिः	भाविना	भाविभ्याम्	भाविभिः
च०	शशिने	,,	शशिभ्यः	भाविने	,,	भाविभ्यः
पं०	शशिनः	,,	,,	भाविनः	,,	,,
ष०	,,	शशिनोः	शशिनाम्	,,	भाविनोः	भाविनाम्
स०	शशिनि	,,	शशिषु	भाविनि	,,	भाविषु
सं०	शशिन्	शशिनौ	शशिनः	भावि-भाविन्	भाविनी	भावीनि

આ બધાં રૂપો સરખાવતાં માલમ પડશે કે પ્રત્યયોના ત્રણ વિભાગ થઈ શકે છે. તે નીચે પ્રમાણે:—

(अ) પહેલા વિભાગમાં પું૦ માં प्र० નાં ત્રણે વચનોના પ્રત્યયો તથા द्वि० ના એ૦ વ૦ ને દ્વિ૦ વ૦ ના પ્રત્યયો, અર્થાત્, પહેલા પાંચ પ્રત્યયો અને न० માં प्र० ને द्वि० નો બ૦ વ૦ નો પ્રત્યય આવે છે. એ પ્રત્યયો **सर्वनामस्थान** કહેવાય છે.

જુઓ **राजा, राजानौ, राजानः, राजानम्, राजानौ,** અને **नामानि** એ બધાં રૂપો એક એકને મળતાં ને બીજાંથી કેવાં જુદાં છે.

૧. सर्वनामस्थान પર છતાં अन् જેને અન્તે હોય એવા શબ્દોનો ઉપાન્ત્ય अ દીર્ઘ થાય છે.

(ख) બીજા વિભાગમાં પું૦ માં द्वि० ના ब० ब० થી માંડીને સ્વરાદિ પ્રત્યયો ને न० માં प्र० ને द्वि० નો દ્વિ૦ વ૦ નો પ્રત્યય આવે છે. એ પ્રત્યયો પર છતાં પૂર્વનું અંગ भ અંગ કહેવાય છે.

राज्ञः, ब्रह्मणः, यज्वनः એ રૂપો સરખાવો. राज्ञः એ રૂપમાં ઉપાન્ત્ય अ લોપાય છે. राजन् + अस्=राज् + न् + अस्=राज् + ञ् + अस्=राज्ञ् + अस्=राज्ञः. ब्रह्मन् ને यज्वन् માં अ લોપાતો નથી. આ ઉપરથી નીચેનો નિયમ નીકળે છે:—

૨. अन् ની પૂર્વે સંયુક્ત વ્યંજન હોય ને તે સંયુક્ત વ્યંજનનું બીજું વ્યંજન म् કે व् હોય તો भ અંગના अन् નો अ લોપાતો નથી. એમ ન હોય તો अ લોપાય છે ને स० ના એ૦ વ૦ માં ને न० प्र० ને द्वि० ના द्वि० વ૦ માં વિકલ્પે લોપાય છે.

(क) ત્રીજા વિભાગમાં પું૦ માં तृ० ના द्वि० વ૦ થી માંડીને વ્યંજનાદિ પ્રત્યયો ને न० માં प्र० ને द्वि० ના એ૦ વ૦ નો પ્રત્યય આવે છે. એ પ્રત્યયો પૂર્વનું અંગ पद કહેવાય છે.

राजभ्याम्, राजसु, यज्वभ्याम्, यज्वसु, नाम, भावि, વગેરે રૂપો તપાસતાં માલમ પડશે કે पद અંગનો न् લોપાય છે.

૩. इन् અન્તે હોય એવા શબ્દોનાં પું૦ રૂપોમાં प्र० એ૦ વ૦ માં न् લોપાઈ પૂર્વ સ્વર દીર્ઘ થાય છે ને पद અંગનો न् લોપાય છે.

૪. राजपुत्रः, राजपुरुषः, मूर्धस्थानम् વગેરે સમાસ તપાસવાથી જણાશે કે નકારાન્ત શબ્દ સમાસમાં પૂર્વપદ હોય તો નકાર લોપાય છે.

૫. राजन् નું स्त्री० राज्ञी, भाविन् નું भाविनी છે. એથી જણાશે કે स्त्री० ई પ્રત્યય લગાડવાથી થાય છે. એ ई પ્રત્યય પૂર્વનું અંગ भ અંગ છે.

रामोऽस्मि सर्वं सहे ।
कुमार तातस्त्वामाह्वयति ।
आर्ये कथयामि ते भूतार्थम् ।
आयुष्मान् भव । सर्वथा चक्रवर्तिनं पुत्रं प्रतिपद्यस्व ।
इन्द्रशर्मा नाम ब्राह्मणोऽस्माकं सहाध्यायि मित्रम् ।
पक्षपातिनो यूयमनयोः ।
विषयिणः कस्यापदोऽस्तं गताः ।
अज्ञेभ्यो ग्रन्थिनः श्रेष्ठा ग्रन्थिभ्यो धारिणो वराः ।
नैसर्गिकी सुरभिणः कुसुमस्य सिद्धा
मूर्ध्नि स्थितिर्न चरणैरवताडनानि ।

---

૧ જે શબ્દભાગને પ્રત્યય લગાડાય છે તે તે પ્રત્યય પર છતાં અંગ કહેવાય છે.

किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम् ।
स्वामी ते मेऽपि स हरिः पातु वामपि नौ विभुः ।
अशुचि यदि मा नु मन्यसे किमिदं मूर्ध्नि कपालदाम ते ।
शर्मेति ब्राह्मणस्योक्तं वर्मेति क्षत्रजन्मनः ।
गुप्तदासात्मकं नाम प्रशस्तं वैश्यशूद्रयोः ॥
सूतो[1] वा सूतपुत्रो वा यो वा को वा भवाम्यहम् ।
दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम् ॥
कोऽतिभारः समर्थानां किं दूरं व्यवसायिनाम् ।
को विदेशः सविद्यानां कः परः प्रियवादिनाम् ॥
माता यस्य गृहे नास्ति भार्या चाप्रियवादिनी ।
अरण्यं तेन गन्तव्यं यथारण्यं तथा गृहम् ॥

શું આ પ્રસ્રવણ પર્વત છે? શું આ દંડકારણ્ય છે?
હિમાલયનાં શિખરો પર સિદ્ધો વસે છે.
તમારે હમેશ સત્ય બોલવું, સત્યથી કદી ચલિત ન થવું.
જે લોકો ધર્મ નહિ આચરે તો તેઓ દુઃખી થશે.
તે બહુ દુઃખો ખમ્યો.

નામ.

अतिभार (अतिभारः) (પું૦)–અતિશય ભાર.

अर्थ (अर्थः) (પું૦)–બાબત, વાત.

अवताडन (अवताडनम्) (ન૦)–મારવું તે, તાડન કરવું તે.

आकृति (સ્ત્રી૦)–આકાર, સ્વરૂપ.

आत्मन् (પું૦)–આત્મા.

इन्द्रशर्मन् (પું૦) (बहु૦, इन्द्र પું૦ઇન્દ્ર, शर्मन् ન૦ કલ્યાણ, બ્રાહ્મણના નામને અન્તે મુકાતો શબ્દ) ઇન્દ્ર છે શર્મ જેનું એવો.

कपालदामन् (ન૦) (तत्पु૦, कपाल પું૦ ખોપરી, दामन् ન૦ માળા)–ખોપરીની માળા.

कर्मन् (ન૦)–કર્મ.

कलङ्क (कलङ्कः) (પું૦)–કલંક, ડાઘો.

कुसुम (कुसुमम्) (ન૦)–ફૂલ.

क्षत्रजन्मन् (પું૦) (बहु૦, क्षत्र પું૦ ક્ષત્રિય, जन्मन् ન૦ જન્મ)–ક્ષત્ર છે જન્મ જેનો, ક્ષત્રિયથી જન્મેલો.

गिरिजा (સ્ત્રી૦)–પાર્વતી.

चरण (चरणः) (પું૦)–પગ.

जन्मन् (ન૦)–જન્મ.

तात (तातः) (પું૦)–પિતા.

दैव (दैवम्) (ન૦)–નસીબ.

नामन् (ન૦)–નામ.

पति (પું૦)–ધણી.

पौरुष (पौरुषम्) (ન૦)–જોર.

प्रेमन् (પું૦)–પ્રેમ.

ब्रह्मन् (પું૦)–બ્રહ્મા; (ન૦) બ્રહ્મ, પરમાત્મા.

भार्या (સ્ત્રી૦)–સ્ત્રી.

---

[1] કર્ણ અશ્વત્થામાને કહે છે. यो वा को वा=ગમે તે કોઈ.

मण्डन (मण्डनम्) (न०)–भूषण, अलंकार.

मर्मन् (न०)–मर्मस्थान.

मूर्धन् (पुं०)–माथुं.

यज्वन् (पुं०)–यज्ञ करनार.

राजन् (पुं०)–राजा.

वर्मन् (न०)–कवच, क्षत्रियोनां नामने अन्ते ए शब्द आवे छे.

वस्तु (न०)–वस्तु.

वाजिन् (पुं०)–अश्व.

विदेश (विदेशः) (पुं०)–परदेश.

वैश्य (वैश्यः) (पुं०)–वैश्य.

शर्मन् (न०)–ब्राह्मणना नामने अन्ते मुकाय छे.

शशिन् (पुं०)–चन्द्र.

शूद्र (शूद्रः) (पुं०)–शूद्र. [निग्रह.

संयम (संयमः) (पुं०)–इन्द्रियोनो

सारङ्ग (सारङ्गः) (पुं०)–हरण.

सीमन् (स्त्री०)–सीमा, मर्यादा.

सूत (सूतः) (पुं०)–सारथि.

स्थिति (स्त्री०) हालत.

स्वामिन् (पुं०)–स्वामी.

हरि (पुं०) इन्द्रनो अश्व; २ विष्णु.

हरित् (पुं०) सूर्यनो अश्व.

विशे०

अज्ञ–अज्ञान.

अतिरिक्त (**अति + रिच्** नो भू० कृ०)–अधिक.

अप्रियवादिनी (स्त्री०)–प्रिय न वदे एवी.

अशुचि–अपवित्र.

आयत्त–अधीन.

आयुष्मत्–आयुष्यवाळुं, लांबा आवरदावाळुं.

कुशलिन्–कुशल. [एवुं.

ग्रन्थिन्–पुस्तकपाठी, पोपटीउं ज्ञान होय

गुप्तदासात्मक (**गुप्त**,**गुप्** नो भू०कृ०,रक्षण करायलुं, **दास** पु० सेवक, **आत्मन्** पु०स्वरूप,**क** प्रत्यय)–गुप्त अने दास ए बे शब्दो जेनुं स्वरूप छे एवुं.

चक्रवर्तिन्–चक्रवर्ती राजा, सार्वभौम राजा.

दुरात्मन् (**बहु**०)–दुष्ट छे आत्मा जेनो एवुं, दुष्ट आत्मावाळुं.

दूर–आघुं.

धारिन्–स्मरणशक्तिमां संग्रही राखे एवुं.

नैसर्गिकी (**नैसर्गिक** नुं **स्त्री**०)–स्वाभाविक.

पक्षपातिन्–पक्षपात करनार.

पर (सर्व०)–पारकुं, बीजुं; २ मोटुं.

पुण्य–पवित्र.

प्रशस्त (**प्र + शंस्** नो भू० कृ०)–वखाणवा लायक.

प्रियवादिन्–प्रिय वदनार.

भाविन्–जे बनवानुं छे ते.

भूत–साचुं, सत्य.

मधुर–मीठुं.

वर–श्रेष्ठ.

विचारणीय–विचारवा युक्त.

विभु–सर्वव्यापक.

विषयिन्–विषय सेवनार.

व्यवसायिन्–व्यवसाय-उद्योग करनार.

समर्थ–शक्तिमान्.

सविद्य (**बहु**०, **स**–**सह** साथे, **विद्या स्त्री**०)–विद्यावाळुं, विद्वान्.

सहाध्यायिन्–साथे अध्ययन करनार.

सिद्धा (**सिद्ध**, **सिध्** नो भू० कृ०, तेनुं **स्त्री**०)–सिद्ध थयलुं, निश्चित थयलुं.

सुरभि–सुगंधिदार.

ધાતુ.

आ+ह्वे (आह्वयति) (૧ ગ૦ ૫૦)-બોલાવવું.

नि+कृत् [कृन्त्] (निकृन्तति) (૬ ગ૦ ૫૦)-કાપી નાખવું.

पा (पाति) (૨ ગ૦ ૫૦)-રક્ષણ કરવું.

शङ्क् (शङ्कते) (૧ ગ૦ આ૦)-શંકા રાખવી.

અવ્ય૦

अतीत्य (अति+इનો અવ્ય૦ ભૂ૦ કૃ૦)-ઓળંગીને, ચડીઆતા થઈને.

इव-ખરેખર (સંભાવનાવાચક).

तथा-તેવું.

नु-સંભાવનાવાચક છે.

यथा-જેવું.

यदि-જો.

सत्यम्-નક્કી.

सर्वथा-સર્વ પ્રકારે.

પાઠ ૨૦ મો.

कर्मणि ને भावे રૂપો.

देवदत्तः पुस्तकं लिखति—દેવદત્ત પુસ્તક લખે છે.

देवदत्तेन पुस्तकं लिख्यते—દેવદત્ત વડે પુસ્તક લખાય છે.

भद्रे गच्छाम्यधुना—હે કલ્યાણિનિ, જાઉં છું હવે (હવે હું જાઉં છું).

भद्रे गम्यतेऽधुना मया—હે કલ્યાણિનિ, જવાય છે હવે મારાથી (હવે મારાથી જવાય છે-હું જાઉં છું).

वत्स इहागच्छासने उ (न उ) पविश—ભાઈ, અહિં આવ, આસન પર બેસ.

वत्स इह आ (हा) गम्यताम् आ (मा) सने उ (न उ) पविश्यतां त्वया—ભાઈ, અહિં અવાય આસન પર બેસાય તારાથી (અહિં આવ, આસન પર બેસ).

नृपाः पण्डितैः सह भाषन्ते—રાજાઓ પંડિતો સાથે ભાષણ કરે છે.

नृपैः पण्डितैः सह भाष्यते—રાજાઓ વડે પંડિતો સાથે ભાષણ કરાય છે.

बुधास्तत्त्वमबोधन्त—ડાહ્યા માણસોએ તત્ત્વ જાણ્યું.

बुधैस्तत्त्वमबुध्यत—ડાહ્યા માણસો વડે તત્ત્વ જણાયું.

सज्जना न कदाप्यसत्यं वदन्ति—સજ્જનો કદાપિ અસત્ય બોલતા નથી.

सज्जनैर्न कदाप्यसत्यमुच्यते—સજ્જનો વડે કદાપિ અસત્ય બોલાતું નથી.

तूष्णीं तिष्ठतु भवान्—શાન્ત બેસો આપ (આપ શાન્ત બેસો).

तूष्णीं स्थीयतां भवता—શાન્ત બેસાય આપ વડે (આપ શાન્ત બેસો).

वनदेवता नृपाणां कीर्तिं गायन्ति—વનદેવતા રાજાઓની કીર્તિ ગાય છે.

वनदेवताभिर्नृपाणां कीर्तिर्गीयते—વનદેવતાઓ વડે રાજાઓની કીર્તિ ગવાય છે.

विजयतां भवान्—આપ વિજય પામો.

विजीयतां भवता—વિજય પમાય આપ વડે (આપ વડે વિજય પમાય).

राज्ञां यशः स्तूयताम्—રાજાઓનો યશ સ્તવન કરાય.

यद्भवता इ (ते) ष्यते तत्सर्वं क्रियते मया—જે આપ વડે ઇચ્છાય છે તે સર્વ કરાય છે મારાથી (મારાથી કરાય છે).

આ પાઠમાં **कर्मणि** ને **भावे** રૂપોના દાખલા છે. અત્યાર લગણ **कर्तरि** રૂપો હતાં. **कर्तरि** રૂપોમાં કર્તાનો અર્થ ક્રિયાપદમાં સમાયલો છે, તેથી કર્તાની વિભક્તિ જે ત્રીજી તે વપરાતી નથી. આ કારણથી **देवदत्तः पुस्तकं लिखति** માં **लिखति** નો **देवदत्तः** કર્તા છે તોપણ તે ત્રીજી વિભક્તિમાં વપરાતો નથી. ક્રિયાપદજ કર્તાનો અર્થ કહે છે એટલે તે કહેવા ત્રીજી વિભક્તિ વાપરવાની જરૂર નથી. તે વાપરવાથી પુનરુક્તિ થાય. કર્મનો અર્થ ક્રિયાપદ કહેતું નથી, માટે કર્મ અનભિહિત-ક્રિયાપદથી ન કહેવાયલું—હોવાથી બીજી વિભક્તિમાં વપરાય છે. **कर्तरि** રચનામાં આમ સમજવાનું છે.

એથી ઉલટું **कर्मणि** રચનામાં કર્મ ઉક્ત હોવાથી કર્તા ત્રીજી વિભક્તિમાં ને કર્મ પહેલી વિભક્તિમાં આવે છે. આથી **देवदत्तेन पुस्तकं लिख्यते** એ **कर्मणि** રચનામાં **देवदत्त** જે કર્તા છે તે તૃતીયા વિભક્તિમાં મુકાઈ **देवदत्तेन** રૂપ મુકાય છે: **पुस्तकम्** અહિં પ્રથમામાં છે. **लिख्यते** એ **कर्मणि** રૂપ છે.

સકર્મક ક્રિયાપદની **कर्मणि** રચના થાય છે; કેમકે તેને કર્મ હોય છે. અકર્મક ક્રિયાપદને કર્મ ન હોવાથી તેની **भावे** રચના થાય છે. **गृहे तिष्ठामि** એ **कर्तरि** રચના છે. એની **भावे** રચના **गृहे स्थीयते मया** થાય છે. **भावे** રચનામાં ક્રિયાનામાં **भाव** નો-ક્રિયાની સ્થિતિનો—અર્થ સમાયલો છે. **भावे** રચના બહુધા ત્રીજા પુરુષના એક વચનમાંજ વપરાય છે.

૧. **कर्मणि** ને **भावे** રૂપો ધાતુને **य** લગાડી આત્મનેપદ પ્રત્યયો લગાડવાથી થાય છે. એ રચનામાં ગણચિહ્ન લગાડાતું નથી.

કર્મણિ રૂપો.

नी

	વર્તમાનકાળ.			ભૂતકાળ.		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	नीये	नीयावहे	नीयामहे	अनीये	अनीयावहि	अनीयामहि
द्वि०	नीयसे	नीयेथे	नीयध्वे	अनीयथाः	अनीयेथाम्	अनीयध्वम्
तृ०	नीयते	नीयेते	नीयन्ते	अनीयत	अनीयेताम्	अनीयन्त

	आज्ञार्थ.			विध्यर्थ.		
प्र०	नीयै	नीयावहै	नीयामहै	नीयेय	नीयेवहि	नीयेमहि
द्वि०	नीयस्व	नीयेथाम्	नीयध्वम्	नीयेथाः	नीयेयाथाम्	नीयेध्वम्
तृ०	नीयताम्	नीयेताम्	नीयन्ताम्	नीयेत	नीयेयाताम्	नीयेरन्

	जि વર્ત૦			स्तु આજ્ઞા૦	
तृ० जीयते	जीयेते	जीयन्ते	स्तूयतां	स्तूयेताम्	स्तूयन्ताम्

૨. इકારાન્ત ને उકારાન્તનો સ્વર દીર્ઘ થાય છે; जीयते, स्तूयते.

स्थीयते, दीयते, गीयते, सीयते—નિયમો:—

૩. કેટલાક आકારાન્ત ધાતુના आનો ई થાય છે; જેમકે स्था, दा, धा, मा, गै पा પીવું, हा તજવું, ને सो.

૪. ए, ऐ, ओ, ને औ જે ધાતુને અન્તે હોય તે ધાતુઓ आકારાન્ત જેવા સમજવા.

क्रियते, ह्रियते—નિયમ:—

૫. ऋકારાન્ત ધાતુના ऋનો रि થાય છે.

यज्—इज्यते; वच्—उच्यते; वद्—उद्यते; ग्रह्—गृह्यते; ह्वे—हृ થઈ हूयते (व् નું उ થઈ પછીનો સ્વર લોપાય છે. ह्वे=हू उ ए=हु=हू).

૬. કેટલાક ધાતુમાં य्, व्, र्, ને ल् ના અનુક્રમે इ, उ, ऋ, ને ऌ થાય છે. આવો ફેરફાર संप्रसारण કહેવાય છે.

૭. કેટલાક ધાતુમાં અનુનાસિક લોપાય છે. शंस्—शस्यते; પણ वन्द् वन्द्यते.

चोर्यते, ताड्यते—નિયમ:—

૮. ૧૦ ગ૦ ના૦ ધાતુનાં कर्मणि કે भावे રૂપોમાં ગુણવૃદ્ધિનો कर्तरि રૂપોમાં જેવો ફેરફાર થાય છે તેવો રહે છે.

૯. अय પ્રત્યય લગાડવાથી ધાતુ પરથી પ્રેરક અંગ થાય છે. એ अय પ્રત્યય પર છતાં ૧૦ ગ૦ ના જેવાજ ફેરફાર ધાતુમાં થાય છે. પ્રેરક અંગ પરથી બધા કાળ ને અર્થ થાય છે. कृ (કરવું)—कारयति તે કરાવે છે. કર્મણિ કે ભાવે રૂપો પણ ૧૦ ગ૦ ના જેવાંજ થાય છે. कार्यते—કરવાય છે.

ईश्वरेण भूयते।

शिवः स्तूयतां शिवाय।

भो नृपते किमिति जोषमास्यते।

तेन राज्ञा क्रतुरश्वमेध आरभ्यत।

पदं हि सर्वत्र गुणैर्निधीयते।

त्यज्यतां शोकानुबन्धः।

कुमार तथा प्रयतेथा यथा नोपालभ्यसे मित्रैर्नाक्षिप्यसे विषयैर्न विकृष्यसे रागेण नापह्रियसे सुखेन।

मूर्खैरयं मणिस्त्रपुणि प्रतिबध्यते।
वत्स लव संह्रियन्तामस्त्राणि।
सेनापतिराहूयते राज्ञा।
न रत्नमन्विष्यति मृग्यते हि तत्।
ध्रियते यावदेकोऽपि रिपुस्तावत् कुतः सुखम्।
सा बाला परवतीति मे विदितम्।
आयुष्मान् भव सौम्येति वाच्यो विप्रोऽभिवादने।
मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवितमुच्यते बुधैः।
स पृष्टस्तेन कस्त्वं भो हेतुश्चागमनेऽत्र कः।
सशोक इव कस्मात् त्वं दुर्मना इव लक्ष्यसे॥

किं पुष्पैः किं फलैस्तस्य करीरस्य दुरात्मनः।
येन वृद्धिं समासाद्य न कृतः पत्रसंग्रहः॥
प्रत्यहं क्षयमायाति प्रत्यहं जायते पुनः।
अद्यापि हतरूपाया नान्तोऽस्या दग्धसंसृतेः॥
कामं क्रोधं मोहं लोभं त्यक्त्वात्मानं भावय कोऽहम्।
आत्मज्ञानविहीना मूढास्ते पच्यन्ते नरकनिगूढाः॥

તે રાજા પ્રજામાં વખણાય છે.
જુઓ, પેલા વેલાઓ વડે વૃક્ષો વિંટલાયલાં છે.
દુઃખથી અમે દરરોજ બળીએ છીએ.
પુત્રો વડે માતા અને પિતા સેવાવાં જોઈએ.
મૂર્ખ, ચૂપ રહે.

નામ.

अभिवादन (अभिवादनम्) (ન૦)–નમવું તે, નમન.

अस्त्र (अस्त्रम्) (ન૦)–ફેંકવાનું હથિયાર.

अश्वमेध (अश्वमेधः) (પું૦)–અશ્વમેધ યજ્ઞ.

आगमन (आगमनम्) (ન૦)–આવવું તે.

करीर (करीरः) (પું૦)–પત્ર વિનાનો કાંટાવાળો છોડ.

काम (कामः) (પું૦)–મનોરથ.

क्रतु (પું૦)–યજ્ઞ.

क्षय (क्षयः) (પું૦)–નાશ.

जीवित (जीवितम्) (ન૦)–જિંદગી.

त्रपु (ન૦)–કલાઈ.

प्रकृति (સ્ત્રી૦)–સ્વાભાવિક સ્થિતિ.

मरण (मरणम्) (ન૦)–મરણ.

मोह (मोहः) (પું૦)–મોહ.

रत्न (रत्नम्) (ન૦)–રત્ન.

राग (रागः) (પું૦)–વિષય પ્રતિ અનુરાગ–પ્રીતિ.

रिपु (પું૦)–દુશ્મન.

लव (लवः) (પું૦)–રામનો પુત્ર.

वनदेवता (સ્ત્રી૦) (तत्पु०, वन ન૦ + देवता સ્ત્રી૦)–વનની દેવતા.

विकृति (સ્ત્રી૦)–વિકાર, સ્વાભાવિક સ્થિતિમાં થયલો બગાડ.

विप्र (विप्रः) (પું૦)–બ્રાહ્મણ.

विषय (विषयः) (પું૦)–ઇન્દ્રિયોના પદાર્થો–રૂપ, રસ, ગન્ધ, શબ્દ, અને સ્પર્શ.

वृद्धि (સ્ત્રી૦)–વધારો.

शोकानुबन्ध (शोकानुबन्धः) (પું૦) तत्पु०, शोक પું૦ શોક + अनुबन्ध પું૦ જારી રહેવું તે)–શોકનું જારી રહેવું તે.

संसृति (સ્ત્રી૦)–સંસાર.

संग्रह (संग्रहः) (પું૦)–એકઠું કરવું તે, જથો.

सज्जन (પું૦, सत् વિ૦ સારૂં)–સાધુ પુરુષ.

सेनापति (પું૦)–લશ્કરનો ઉપરી.

વિશે૦

एक (સર્વ૦)–એક.

दग्ध (दह् નો ભૂ૦ કૃ૦)–નિન્ધ.

दुर्मनस् (दुस् ઉપ૦ દુષ્ટ, વિકારયુક્ત + मनस् ન૦ મન)–દુષ્ટ–વિકારયુક્ત છે મન જેનું, શોકાતુર.

नरकनिगूढ (नरक પું૦,ન૦ નરક+निगूढ–नि+गुह् (गूहति-ते) નો ભૂ૦ કૃ૦ સંતાયલું)–નરકમાં નિમગ્ન થયલું.

परवती (परवत् નું સ્ત્રી૦)–પરાધીન.

पृष्ट (प्रच्छ् [पृच्छ्] નો ભૂ૦ કૃ૦)–પુછાયલું.

मूढ (मुह् નો ભૂ૦ કૃ૦)–મૂર્ખ.

वाच्य–કહેવા યોગ્ય.

विदित (विद् નો ભૂ૦ કૃ૦)–જાણેલું.

विहीन (वि + हा તજવું નો ભૂ૦ કૃ૦)–રહિત.

शरीरिन्–દેહી, શરીરવાળું, મનુષ્ય.

सशोक (बहु०)–શોકયુક્ત.

सौम्य–ધીમું, શીળું.

हतरूपा (बहु० સ્ત્રી૦, हत हन् નો ભૂ૦ કૃ૦, रूप ન૦ રૂપ)–નિન્ધ છે સ્વરૂપ જેનું, નિન્ધ સ્વરૂપવાળું.

ધાતુ.

अनु + इष् (अन्विष्यति) (૪ ગ૦ ૫૦)–શોધવું.

अप + हृ (अपहरति) (૧ ગ૦ ૫૦)–હરવું, હરી જવું.

आ+क्षिप् (आक्षिपति) (૬ ગ૦ ૫૦)–લોભવું, વશ કરવું.

आ + या (आयाति) (૨ ગ૦ ૫૦)–જવું, પામવું.

आस् (कर्म० आस्यते)–બેસવું.

उप + आ + लभ् (उपालभते) (૧ ગ૦ આ૦)–ઠપકો દેવો.

कृ (कर्म० क्रियते)–કરવું.

गै (गायति) (૧ ગ૦ ૫૦)–ગાવું.

जन् (जायते) (૪ ગ૦ આ૦)–ઉત્પન્ન થવું.

धृ (ध्रियते) (૬ ગ૦ આ૦)–જીવવું.

नि + धा (कर्म० निधीयते)–મૂકવું.

पच् (पचति–ते) (૧ ગ૦ ઉ૦)–રાંધવું.

परि + वृ (कर्म० परिव्रियते)–ઘેરવું.

प्रति + बन्ध् (कर्म० प्रतिबध्यते)–બાંધવું, જડવું.

प्र + यत् (प्रयतते) (૧ ગ૦ આ૦)–પ્રયત્ન કરવો.

भावय (भू નું પ્રેરક અંગ)–વિચારવું.

मृग (मृग्यति मृगयते) (૪ ગ૦ ૫૦, ૧૦ ગ૦ આ૦)–શોધવું.

---

[1] गुह् ૧ ગ. ઉ. ના ઉ નો સ્વરાદિ ગુણ કરનારા પ્રત્યયો પર છતાં ऊ થાય છે.

लक्ष (**लक्षयति**) (૧૦ ગ૦ ૫૦)—જોવું.
वच् (**कर्म० उच्यते**)—બોલવું.
वि + कृष् (**विकर्षति**) (૧ ગ૦ ૫૦)—આકર્ષણ કરવું, ખેંચવું.
वि[1] **+ जि** (**विजयते**) (૧ ગ૦ આ૦)—વિજય મેળવવો; વૃદ્ધિ થવી; ઉત્કૃષ્ટ થવું.
सम् + हृ (**संहरति**) (૧ ગ૦ ૫૦)—ખેંચી લેવું.
स्तु (**कर्म० स्तूयते**)—વખાણવું.

અ૦ય૦

किमिति—શા માટે.
जोषम्—ચૂપ, બોલ્યા વગર.
तूष्णीम्—ચૂપ, બોલ્યા વગર.
प्रत्यहम्[2] (**अव्य०, प्रति + अहन्** ન૦ દિવસ)—પ્રતિદિવસ, દરરોજ.
समासाद्य (**सम् + आ + सद्** ના પ્રેરક અંગનો અવ્ય૦ ભૂ૦ કૃ૦)—પ્રાપ્ત કરીને.

પાઠ ૨૧ મો.

વર્તમાનકૃદન્ત.

हरिं **पश्यन्** मुच्यते—હરિને જોતો તે મુક્ત થાય છે.

अवसरं **प्रतीक्षमाणो** वर्तते—અવસરની વાટ જોતો તે રહે છે (વાટ જુએ છે).

गच्छता कालेन यौवनं प्राप्तः सः—જતે કાળે યૌવન પ્રાપ્ત કર્યું તેણે (તેણે યૌવન પ્રાપ્ત કર્યું).

नन्दाः पशव इव हताः **पश्यतो** राक्षसस्य—નન્દો પશુ પેઠે હણાયા જોતાના રાક્ષસના (રાક્ષસના જોતાં છતાં નન્દો પશુ પેઠે હણાયા).

दिनेषु **गच्छत्सु** सा कान्तिमपुष्यत्—દિવસો જતે છતે તેણે કાન્તિ પોષી.

पत्तने **विद्यमाने** ग्रामे रत्नपरीक्षा—શહેર વિદ્યમાન છતે ગામમાં રત્નની પરીક્ષા!

एषा देवी सखीभ्यां **पर्युपास्यमाना** तिष्ठति—આ દેવી બે સખીઓ વડે સેવાતી બેઠી છે.

अभ्युदयमिच्छद्भिरुद्यमः सर्वथा सेव्यः—અભ્યુદય ઇચ્છનારાઓએ ઉદ્યમ સર્વ પ્રકારે સેવવો.

चिन्तयन्त्यपि खलु नास्य कारणमवगच्छामि—વિચાર કરતી પણ ખરે નથી એનું કારણ જાણું છું (ખરે એનું કારણ જાણતી નથી).

આ પાઠમાં **वर्तमानकृदन्त**નાં રૂપોના દાખલા છે. પરસ્મૈપદી ધાતુને ગણકાર્ય કરી જે અંગ થાય તે અંગ અકારાન્ત હોય તો તેને **त्** પ્રત્યય લગાડવાથી ને **अ**-

---

१ वि ने परा ઉપસર્ગપૂર્વક जि ધાતુ આત્મનેપદી છે. २ प्रत्यह પણ થાય છે.

કારાન્ત ન હોય તો वर्त० ૩ પુ૦ બ૦ વ૦ માં અંગનું જે સ્વરૂપ થતું હોય તેને अत् પ્રત્યય લગાડવાથી वर्तमानकृदन्त થાય છે.

૧ ગ૦ भू + अ (ગણકાર્ય)=भो + अ=भव=भवत्; ૪ ગ૦ पुष् + य=पुष्य + त्=पुष्यत्; ૬ ગ૦ विश् + अ=विश + त्=विशत्; ૧૦ ગ૦ चुर् + अय=चोर् + अय=चोरय + त्=चोरयत्; ૨ ગ૦ अस्–स् + अत्=सत्; ૨ ગ૦ या–या + अत्=यात्.

આત્મનેપદી ધાતુને ગણકાર્ય કરી જે અંગ થાય તે અંગ अकारान्त હોય તો તેને मान પ્રત્યય લગાડવાથી ને अकारान्त ન હોય તો वर्त० ૩ પુ૦ બ૦ વ૦ માં અંગનું જે સ્વરૂપ થતું હોય તેને आन પ્રત્યય લગાડવાથી वर्तमानकृदन्त થાય છે.

૧ ગ૦ वृत् + अ=वर्त् + अ=वर्त + मान=वर्तमान.
૧ ગ૦ सेव् + अ=सेव + मान=सेवमान.
૪ ગ૦ विद् + य=विद्य + मान=विद्यमान.
૬ ગ૦ मृ० + अ=म्रिय् + अ=म्रिय + मान=म्रियमाण.
૧૦ ગ૦ आमन्त्र् + अय=आमन्त्रय + मान=आमन्त्रयमाण.

(वर्तमान શબ્દ वर्त० कृ छे ને वृत् જેવા આત્મ० ધાતુ પરથી वर्त० कृ० શી રીતે બને છે તે સૂચવે છે).

કર્મણિ કે ભાવે અંગને मान પ્રત્યય લગાડવાથી कर्मणि કે भावे वर्तमानकृदन्त થાય છે.

भू—भूयमान.	चुर्—चोर्यमाण.
कृ—क्रियमाण.	तड्—ताड्यमान.
पुष्—पुष्यमाण.	कृ પ્રેરક—कार्यमाण.

गच्छत् पुं०

	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	गच्छन्	गच्छन्तौ	गच्छन्तः
द्वि०	गच्छन्तम्	,,	गच्छतः
तृ०	गच्छता	गच्छद्भ्याम्	गच्छद्भिः
च०	गच्छते	,,	गच्छद्भ्यः
पं०	गच्छतः	,,	,,
ष०	,,	गच्छतोः	गच्छताम्
स०	गच्छति	,,	गच्छत्सु
सं०	गच्छन्	गच्छन्तौ	गच्छन्तः

गच्छत् न०

એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
गच्छत्	गच्छन्ती	गच्छन्ति
,,	,,	,,

બાકીનાં પુંલિંગ જેવાં.
सं० નાં રૂપ प्र० જેવાં.

આ રૂપો भगवत् જેવા वत् અન્તે હોય એવા શબ્દનાં રૂપો જેવાંજ છે. માત્ર पुं० प्र० ए० व० માં ફેર છે તે ધ્યાનમાં રાખવું.

वर्त० कृ० નું स्त्री० નું અંગ ई પ્રત્યય લગાડવાથી થાય છે. ૧ ગ૦, ૪ ગ૦, ને ૧૦ ગ૦, તેમજ પ્રેરક અંગના स्त्री० માં ई પૂર્વે न् આગમ નિત્ય ઉમેરાય છે; ને ૬ ગ૦ ને आकारान्त ૨ ગ૦ માં તે વિકલ્પે ઉમેરાય છે.

न० प्र०, द्वि०, ને सं० નું द्वि० व० નું રૂપ स्त्री० ના અંગ જેવું થાય છે.

१ ग० गच्छत्–स्त्री० गच्छन्ती.	प्रेरक भावयत्–स्त्री० भावयन्ती.
४ ग० कुप्यत्–स्त्री० कुप्यन्ती.	६ ग० क्षिपत्–स्त्री० क्षिपती–न्ती.
१० ग० क्षालयत्–स्त्री० क्षालयन्ती.	२ ग० स्नात्–स्त्री० स्नाती–न्ती.

इच्छत् न०	प्र० इच्छत्	इच्छती–न्ती	इच्छन्ति
यात् न०	प्र० यात्	याती–न्ती	यान्ति

આત્મનેપદ वर्त० कृ० નું स्त्री० आ પ્રત્યય લગાડવાથી થાય છે. वर्तमाननुं स्त्री० वर्तमाना.

नन्दाः पशव इव हताः **पश्यतो राक्षसस्य**—આ अनादरषष्ठी કે सतः षष्ठी કહેવાય છે. રાક્ષસના જોતાં–રાક્ષસ જોતો હતો છતાં–રાક્ષસના જોવાને ગણકાર્યા વિના એમ અનાદરનો અર્થ છે, માટે अनादरषष्ठी કહેવાય છે. सत् (अस् २ ग० ના वर्त० कृ०) ની षष्ठी નો અધ્યાહાર છે. पश्यतो राक्षसस्य सतः–રાક્ષસના જોતાં છતાં.

पत्तने विद्यमाने–दिनेषु गच्छत्सु–વગેરે सति सप्तमी કહેવાય છે. पत्तने विद्यमाने सति કે दिनेषु गच्छत्सु सत्सु–દિવસો જતે છતે.

एवं निर्घृणं प्रहरन् कथं न लज्जसे ।
कथमेवं प्रलपतां वः सहस्रधा न दीर्णमनया जिह्वया ।
अपि कुशलं तापसस्य–क्षेममस्माकं युष्माकं च
  कुशलम्–इदानीं विशेषतो भवद्दर्शनात् ।
अहो परां कोटिमधिरोहति प्रमोदः पौराणाम् ।
नाथे कुतस्त्वय्यशुभं प्रजानाम् ।
उत्तिष्ठमानस्तु परो नोपेक्ष्यो भूतिमिच्छता ।
वक्रे विधौ वद कथं व्यवसायसिद्धिः ।
यस्मिञ्जीवति जीवन्ति बहवः सोऽत्र जीवति ।
सतां सद्भिः सङ्गः कथमपि हि पुण्येन भवति ।
विकसति हि पतङ्गस्योदये पुण्डरीकं
  द्रवति च हिमरश्मावुद्गते चन्द्रकान्तः ।
सूर्ये तपत्यावरणाय दृष्टेः
  कल्पेत लोकस्य कथं तमिस्रा ।
त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं
  त्वं कौमुदी नयनयोरमृतं त्वमङ्गे ।
जीवत्सु तातपादेषु नूतने दारसंग्रहे ।
मातृभिश्चिन्त्यमानानां ते हि नो दिवसा गताः ॥

अमृतं शिशिरे वह्निरमृतं प्रियदर्शनम् ।
अमृतं राजसंमानममृतं क्षीरभोजनम् ॥
उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः ।
अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते ॥
कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम् ।
आरुह्य कविताशाखां वन्दे वाल्मीकिकोकिलम् ॥

કાશી જઈને ગંગાતીરે વસું તો કેવું સારૂં !
ધર્મ ન આચરનારા લોકો વિનાશ પામે છે.
એ સર્વ પુરુષોએ તે પંડિતને બહુ માન્યો.
અમારે વૈયાકરણોને ન્યાયનું શું કામ છે ?
રાજાએ પૂછયું. દેવિ, તારાથી વેદના સહેવાય છે ?

નામ.

अङ्ग (अङ्गम्) (ન०)–શરીર.
अभ्युदय (अभ्युदयः) (પું०)–ચડતી.
अशुभ (अशुभम्) (ન०)–(नञ्तत्पु०) અકલ્યાણ.
अवसर (अवसरः) (પું०)–સમય.
आवरण (आवरणम्) (ન०)–ઢાંકવું તે.
कविताशाखा (કર્મ० कविता સ્ત્રી० કવિતા, शाखा સ્ત્રી० ડાળ)–કવિતા-રૂપી ડાળી.
कान्ति (સ્ત્રી०)–શોભા, સૌન્દર્ય.
कारण (कारणम्) (ન०)–કારણ.
कुशल (कुशलम्)–કુશળ, કલ્યાણ.
कोटि (સ્ત્રી०) – અવધિ, પરિસીમા, ઊંચામાં ઊંચું સ્થાન.
कौमुदी (સ્ત્રી०)–ચન્દ્રિકા, ચાંદની.
क्षीर (क्षीरम्) (ન०)–દૂધ.
क्षेम (क्षेमः–मम्) (પું०, ન०)–કલ્યાણ, સુખ, આરોગ્ય.
गुण (गुणः) (પું०) – ગુણ, ફાયદો, પ્રયોજન.
चन्द्रकान्त (चन्द्रकान्तः) (પું०)–એક જાતનો પથ્થર, એ ચન્દ્રકિરણથી ઝરે છે.
तमिस्रा (સ્ત્રી०)–અંધારાનો જથો, રાત્રિ.
तातपाद (तातपादाः) (પું०) (तात પું० પિતા, पाद પું० પગ, પૂજાર્થે નામને છેડે બ० વ० માં વપરાય છે)–પૂજ્ય પિતા.
तापस (तापसः) (પું०) – તપસ્વી, ઋષિ.
दर्शन (दर्शनम्) (ન०)–જોવું તે.
दार (दाराः) (પું०) (બ० વ० માંજ વપરાય છે)–પત્ની.
दिवस (दिवसः) (પું०)–દિવસ.
दृष्टि (સ્ત્રી०)–નજર.
देवी (સ્ત્રી०)–રાણી.
नन्द (नन्दः) (પું०)–પાટલિપુત્રનો રાજા. એ નવ ભાઈ હતા.
नाथ (नाथः) (પું०)–ધણી, સ્વામી.
पतङ्ग (पतङ्गः) (પું०)–સૂર્ય.
पत्तन (पत्तनम्) (ન०)–શહેર.
परीक्षा (સ્ત્રી०)–પરીક્ષા.
पशु (પું०)–પશુ.
पुण्डरीक (पुण्डरीकम्) (ન०)–સૂર્ય-કમળ, શ્વેતકમળ.

पुण्य (पुण्यम्) (न०)–પુણ્ય, પવિત્ર કર્મ.

पौर (पौरः) (પું૦)–પુરવાસી.

प्रमोद (प्रमोदः) (પું૦) + (**प्रादि०** **प्र**=પ્રકૃષ્ટ, ઘણો + **मोद**=હર્ષ)=અતિ-હર્ષ.

भूति (સ્ત્રી૦)–આબાદી.

भोजन (भोजनम्) (ન૦)–ભોજન.

राक्षस (राक्षसः) (પું૦)–નન્દ રાજાના પ્રધાનનું નામ.

वह्नि (પું૦)–અગ્નિ.

वाल्मीकिकोकिल (वाल्मीकिकोकिलः) (પું૦) (**वाल्मीकि** પું૦ વાલ્મીકિ ઋષિ, **कोकिल** પું૦ કોયલ)–વાલ્મીકિરૂપી કોયલ.

विधि (પું૦)–બ્રહ્મા, નસીબ.

व्यवसाय (व्यवसायः) (પું૦)–કાર્ય, નિશ્ચિત કાર્ય.

शिशिर (शिशिरः–रम्) (પું૦, ન૦) –ઠંડી ઋતુ; માઘ ને ફાલ્ગુન માસ.

सङ्ग (सङ्गः) (પું૦)–સોબત.

संमान (संमानम्) (ન૦)–સંમાન.

साधुत्व (साधुत्वम्) (ન૦)–સારાપણું.

सिद्धि (સ્ત્રી૦)–સિદ્ધિ, સિદ્ધ થવું તે.

हिमरश्मि (પું૦)–(**बहु०, हिम** ન૦ બરફ; વિ૦ શીતલ, **रश्मि** પું૦ કિરણ) શીતલ છે કિરણ જેનાં; ચન્દ્ર.

વિશેષણ.

अपकारिन्–અપકાર કરનાર.

उपकारिन्–ઉપકાર કરનાર.

उपेक्ष्य–ઉપેક્ષા યોગ્ય, બેદરકાર કરવા જેવું.

चिन्त्यमान (**चिन्त्** ૧૦ ગ૦ પ૦ નો **कर्मणि वर्त० कृ०**) સંભાળ લેવાતું.

दीर्ण–(**दॄ** નો ભૂ૦ કૃ૦)–ફાટેલું.

नूतन–નવું.

पर–(સર્વ૦)–બીજું; ૨ મોટું; ૩ શત્રુ.

पर्युपास्यमाना (**परि + उप + आस्** નો **कर्म० वर्त० कृ०**) (સ્ત્રી૦)–સેવાતી.

प्रतीक्षमाण (**प्रति+ईक्ष्** ૧ ગ૦ આ૦ નો **वर्त० कृ०**)–રાહ જોતું.

बहु–બહુ.

भवत् (સર્વ૦, કૃ૦ પુ૦ છે)–આપ.

वक्र–વાંકું.

सत् (**अस्** ૨ ગ૦ પ૦ નો **वर्त० कृ०**)–સારૂં.

साधु–સારૂં.

सेव्य (**सेव्** નો **विध्य० कृ०**)–સેવવા યોગ્ય.

ધાતુ.

अधि + रुह् (**अधिरोहति**) (૧ ગ૦ પ૦)–ચઢવું.

अव + गम् (**गच्छ्**) (**अवगच्छति**) (૧ ગ૦ પ૦)–જાણવું.

उद् + स्था (**तिष्ठ्**) (**उत्तिष्ठते**) (૧ ગ૦ આ૦)–બળમાં વધવું

कूज् (**कूजति**) (૧ ગ૦ પ૦)–કોયલના જેવો શબ્દ કરવો.

क्लृप् (**कल्पते**) (૧ ગ૦ આ૦) (એને યોગે **च० वि०** વપરાય છે)–સમર્થ થવું.

द्रु (**द्रवति**) (૧ ગ૦ પ૦)–દ્રવવું, ઝરવું.

प्र+लप् (**प्रलपति**)(૧ ગ૦ પ૦)–બોલવું.

लज्ज् (**लज्जते**)(૬ ગ૦ આ૦)–શરમાવું.

वि+कस् (**विकसति**) (૧ ગ૦ પ૦)–ખીલવું.

અવ્યય.

एवम्–એ પ્રમાણે.
कथमपि–ગમે તેમ કરીને, મહાપ્રયત્ને.
[1]निर्घृणम् (बहु० निर्–નિર્ગત, घृणा સ્ત્રી૦ દયા)–જતી રહી છે દયા જે-માંથી એવી રીતે, નિર્દય રીતે.
मधुरम्–મીઠી રીતે.
मधुराक्षरम् (बहु० मधुर વિ૦ મીઠું, अक्षर ન૦ અક્ષર)–મીઠા છે અક્ષર જે ક્રિયામાં, મીઠાં વચનથી.
विशेषतः–વધારે.
सहस्रधा–સહસ્ર પ્રકારે.

પાઠ ૨૨ મો.

वस् ને ईयस् પ્રત્યયાન્ત.

न किमपि विदुषामगम्यम्—નથી કંઈ પણ વિદ્વાનોને ન પહોંચાય એવું (વિદ્વાનોને કંઈ પણ ન સમજાય એવું નથી).

मतिरेव बलाद् गरीयसी—બુદ્ધિજ બળથી વધારે મોટી છે.

[2]**द्वारकामध्यूषुषो जनस्य या संपदोऽभवंस्ता मनसोऽप्यभूमिः**—દ્વારકામાં રહેલા જનની જે સંપત્તિઓ હતી તે મનને પણ અગમ્ય—મન પણ પહોંચે નહિ એવી હતી.

विद्वान् सर्वत्र पूज्यते—વિદ્વાન્ બધે પૂજાય છે.

विद्वद्भिरत्र निर्णयः कार्यः—વિદ્વાનોએ આ બાબતમાં ઠરાવ કરવો જોઈએ.

આ પાઠમાં **वस्** ને **ईयस्** જેને અન્તે હોય એવા શબ્દોનાં રૂપોના દાખલા છે. રૂપો નીચે પ્રમાણે છે:—

	विद्वस् પું૦			**सेदिवस्** પું૦		
	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	દ્વિ૦ વ૦	બ૦ વ૦
प्र०	विद्वान्	विद्वांसौ	विद्वांसः	सेदिवान्	सेदिवांसौ	सेदिवांसः
द्वि०	विद्वांसम्	,,	विदुषः	सेदिवांसम्	,,	सेदुषः
तृ०	विदुषा	विद्वद्भ्याम्	विद्वद्भिः	सेदुषा	सेदिवद्भ्याम्	सेदिवद्भिः
च०	विदुषे	,,	विद्वद्भ्यः	सेदुषे	,,	सेदिवद्भ्यः
पं०	विदुषः	,,	,,	सेदुषः	,,	,,
ष०	,,	विदुषोः	विदुषाम्	,,	सेदुषोः	सेदुषाम्
स०	विदुषि	,,	विद्वत्सु	सेदुषि	,,	सेदिवत्सु
सं०	विद्वन्	विद्वांसौ	विद्वांसः	सेदिवन्	सेदिवांसौ	सेदिवांसः

---

૧ કોઈ પણ વિશેષણ દ્વિ૦ ૫૦ વ૦ માં ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે.

૨ उप, अनु, अधि, કે आ પૂર્વક वस्‌ને યોગે અધિકરણવાચક શબ્દ દ્વિતીયામાં વપરાય છે.

विद्वस् न०			सेदिवस् न०		
प्र० विद्वत्-द्	विदुषी	विद्वांसि	सेदिवत्-द्	सेदुषी	सेदिवांसि
द्वि० ,,	,,	,,	,,	,,	,,
सं० ,,	,,	,,	,,	,,	,,

બાકીનાં પુંલિંગ જેવાં. બાકીનાં પુંલિંગ જેવાં.

विदुषी स्त्री० **सेदुषी स्त्री०**

श्रेयस् पुं०

प्र०	श्रेयान्	श्रेयांसौ	श्रेयांसः
द्वि०	श्रेयांसम्	,,	श्रेयसः
तृ०	श्रेयसा	श्रेयोभ्याम्	श्रेयोभिः
स०	श्रेयसि	श्रेयसोः	श्रेयःसु-श्रेयस्सु

श्रेयस् न०

प्र०	श्रेयः	श्रेयसी	श्रेयांसि

ईयस् ने **इष्ठ** પ્રત્યયો વિશેષણોને લગાડવાથી અધિકતાવાચક ને શ્રેષ્ઠતાવાચક રૂપો થાય છે. એજ અર્થમાં વિશેષણને **तर** ને **तम** પ્રત્યયો પણ લાગે છે. **ईयस्** ને **इष्ठ** પ્રત્યયો પર છતાં અન્ત્ય સ્વર લોપાય છે, અને અન્ત્ય વ્યંજન હોય તો પૂર્વ સ્વર સહિત અન્ત્ય વ્યંજન લોપાય છે.

लघु નાનું–लघुतर કે लघीयस् વધારે નાનું; लघुतम કે लघिष्ठ સૌથી વધારે નાનું.

गुरु મોટું–गुरुतर કે गरीयस् વધારે મોટું; गुरुतम કે गरिष्ठ સૌથી વધારે મોટું. (गर् થઈ ईयस् ને इष्ठ લાગે છે); महत् પરથી महीयस् કે महत्तर.

स्त्री० गरीयसी, गरिष्ठा, गुरुतरा, गुरुतमा.

ईयस् ને इष्ठ પર છતાં वत्, इन् વગેરે સ્વામિત્વવાચક પ્રત્યયો લોપાય છે. बलवत्–बलीयस्, बलिष्ठ.

અધિકતાવાચક ને શ્રેષ્ઠતાવાચક પ્રત્યયો અતિશયના અર્થમાં પણ વપરાય છે. बलीयस् વિશેષ કે ઘણું બળવાન્.

રૂપો સરખાવતાં નીચેના નિયમો નીકળશેઃ—

૧ सर्वनामस्थान પર છતાં અન્ત્ય વ્યંજનની પૂર્વે न् આગમ ઉમેરાય છે, ને તે न् ની પૂર્વેનો અકાર દીર્ઘ થાય છે. विद्वस्+स=विद्वन्स्+स=विद्वान्स=विद्वान्.

૨ પદને અન્તે ન હોય એવા न् ને म् નું ं, ष, કે स् પર છતાં અનુસ્વાર થાય છે. विद्वस्+ औ=विद्वन्स्+औ=विद्वान् स्+औ=विद्वांसौ.

૩ भ અંગના वस् નું उस् થાય છે ને वस् ની પૂર્વે इ આગમ હોય તો તે લોપાય છે.

विद्वस् + अस्=विदुस् + अस्=विदुषः.

सेदिवस् + अस्=सेदिउस् + अस्=सेदुस् + अस्=सेदुषः.

૪ पद् અંગના वस् ના स् નો અઘોષ વ્યંજન પર છતાં त् ને ઘોષ વ્યંજન પર છતાં द् થાય છે.

विद्वस् + भ्याम्=विद्वद् + भ्याम्=विद्वद्भ्याम्.

विद्वस् + सु=विद्वत् + सु=विद्वत्सु.

યાદ રાખવું કે નપુંસકમાં प्र०, द्वि०, ને सं० ના એ૦ વ૦ માં पद् અંગ, द्वि० વ૦ માં भ અંગ છે, ને બ૦ વ૦ નો પ્રત્યય सर्वनामस्थान કહેવાય છે. વળી સ્ત્રી-લિંગના ई પ્રત્યય પર છતાં પૂર્વ અંગ भ અંગ છે.

एते वयमयोध्यां प्राप्ताः ।
आर्ये दृश्यताम् । द्रष्टव्यमेतत् ।
आर्ये यदि नेपथ्यविधानमवसितं तर्हीतस्तावदागम्यताम् ।
हे विद्वन् किं वस्तु त्वया गुरवे प्रदेयमिति तमपृच्छद्राजा ।
क्लेशान् विहाय ममान्यत्र शत्रुबुद्धिरेव नास्ति ।
अथ सा तत्रभवती किमाख्यस्य राजर्षेः पत्नी ।
तप्ते भ्राष्ट्रे तिलाः प्रक्षिप्ता मुहूर्तमपि नावतिष्ठन्ते ।
श्रेयांसि सर्वाण्यधिजग्मुषस्ते किमाशास्यम् ।
पुण्येनैव हि लभ्यते सुकृतिभिः सत्संगतिर्दुर्लभा ।
यो यस्य चित्ते न कदा स दूरे ।
नरस्याभरणं रूपं रूपस्याभरणं गुणः ।
गुणस्याभरणं ज्ञानं ज्ञानस्याभरणं क्षमा ।
सत्यमेव व्रतं यस्य दया दीनेषु सर्वदा ।
कामक्रोधौ वशे यस्य स साधुः कथ्यते बुधैः ॥
आहूतस्याभिषेकाय प्रदिष्टस्य वनाय च ।
न मया लक्षितः कश्चित् स्वल्पोऽप्याकारविभ्रमः ॥
प्रायो नाम तपः प्रोक्तं चित्तं निश्चय उच्यते ।
तपोनिश्चयसंयोगात् प्रायश्चित्तमितीर्यते ॥
विपदि धैर्यमथाभ्युदये क्षमा सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥

દિવસ જતે તે બાળક સર્વ કળામાં કુશળ થયો.
ગુરુજી, હું આપને નમું છું.
આપણા જોતાં જોતાં પ્રતિદિન આયુષ્ય ક્ષીણ થાય છે.
આપણે વિપત્તિમાં ધીરજવાળા થવું જોઈએ.
સાધુ પુરુષો સંસારને સારરહિત માને છે.

---

१ એ વચન રામને લાગુ પડે છે.

નામ.

अभिरुचि (સ્ત્રી૦)-પ્રેમ.
अभिषेक (अभिषेकः) (પું૦)-રાજ્યાભિષેક.
अभूमि (સ્ત્રી૦)-અસ્થાન; मनसोऽप्यभूमिः-મનને પણ અગમ્ય, મનથી પણ કળાય નહિ એવું.
आकार (आकारः) (પું૦)-આકાર, ચહેરો.
आभरण (आभरणम्) (ન૦)-ભૂષણ, અલંકાર.
क्लेश (क्लेशः)-ક્લેશ, મનને સતાવે એવો દુર્ગુણ.
क्षमा (સ્ત્રી૦)-ખામોશ.
चित्त (चित्तम्) (ન૦)-મન.
द्वारका (સ્ત્રી૦)-દ્વારકા.
निर्णय (निर्णयः) (પું૦)-નિશ્ચય.
नेपथ्य (नेपथ्यम्) (ન૦)-૧ વેશ, ૨ વેશ સજવાનો પડદા પાછળનો ખંડ.
पटुता (સ્ત્રી૦)-હોશિયારી.
प्रायश्चित्त (ન૦) (प्राय પું૦ તપ, चित्त ન૦-નિશ્ચય)-પસ્તાવો.
भाष्ट्र (भ्राष्ट्रम्) (ન૦)-ભાડ.
मुहूर्त (मुहूर्तः-तम्) (પું૦, ન૦)-થોડો સમય.
युध् (સ્ત્રી૦)-યુદ્ધ.
विक्रम (विक्रमः) (પું૦) -પરાક્રમ.
विधान (विधानम्) (ન૦)-કરવું તે, ગોઠવણ.
विभ्रम) विभ्रमः) (પું૦)-ફેર. [ટેવ.
व्यसन (व्यसनम्) (ન૦)-અભ્યાસ,
व्रत (व्रतम्) (ન૦)-વ્રત, વરત.
श्रुति (સ્ત્રી૦)-વેદ.
श्रेयस् (ન૦)-કલ્યાણ.
सदस् (ન૦)-સભા.

વિશે૦

अगम्य-ન પહોંચાય કે સમજાય એવું.
अधिजग्मिवस्-જેણે પ્રાપ્ત કર્યું છે એવું.
अध्युषिवस्-જેણે વાસ કર્યો છે એવું.
अवसित (अव + सो ૪ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)-પૂરૂં થયલું.
आशास्य-આશીર્વાદ દેવા યોગ્ય.
आहूत (आ + ह्वे ૧ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)-બોલાવાયલું.
किमाख्य (बहु૦, किम् + आख्या સ્ત્રી૦ નામ)-શું છે નામ જેનું: કયા નામવાળું.
तप्त (तप् ૧ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)-તપેલું.
द्रष्टव्य (दृश् નો વિધ્ય૦ કૃ૦)-જોવા લાયક.
प्रक्षिप्त (प्र + क्षिप् ૬ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)-નાખેલું.
प्रदिष्ट (प्र + दिश् ૬ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)-મોકલેલું. [કરવા યોગ્ય.
प्रदेय (प्र + दा નો વિધ્ય૦ કૃ૦)-દાન
महात्मन् (बहु૦, महत् + आत्मन् પું૦)-મોટો છે આત્મા જેનો: મોટા મનવાળું.
लक्षित (लक्ष् ૧૦ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)-જોયલું.
श्रेयस्-વધારે વખાણવા લાયક.
स्वल्प (सु ઘણું + अल्प)-ઘણું થોડું.

ધાતુ,

ईर् (ईर्ते) (૨ ગ૦ આ૦ कर्म० ईर्यते)-કહેવું.
ग्रह् (कर्म० गृह्यते)-પકડવું.
स्था (तिष्ठति) (૨ ગ૦ ૫૦), अव જોડે (આ૦)-રહેવું.

---

૧ सम्, अव, प्र, ને वि જોડે स्था આત્મનેપદી છે.

અવ્ય૦

अन्यत्र—બીજે ઠેકાણે.
तर्हि—તો.
विहाय (**वि + हा** ને। અવ્ય૦ કૃ૦)- તજીને, સિવાય.

પાઠ ૨૩ મો.

સંખ્યાવાચક ને સંખ્યાપૂરક શબ્દો.

(૧ થી ૧૦ સુધી).

विधवायाः पुनरुद्वाहः सशास्त्र इत्येके मन्यन्ते । अपरे पुनः शास्त्रप्रतिषिद्ध इति—વિધવાનુ પુનર્લગ્ન શાસ્ત્રસંમત છે એમ કેટલાક માને છે; બીજાઓ તો શાસ્ત્રથી પ્રતિષિદ્ધ છે એમ (માને છે).

ऋग्यजुःसामानीति त्रयो वेदाः । त्रयाणां वेदानां बहवः शाखाः सन्ति । ઋક્, યજુસ્, ને સામન્ એ ત્રણ વેદ છે. ત્રણ વેદોની બહુ શાખાઓ છે.

ब्रह्मणो चत्वारि मुखानि शिवस्य पञ्च कार्तिकेयस्य तु षट्—બ્રહ્માનાં ચાર મુખ છે, શિવનાં પાંચ, ને કાર્તિકેયનાં છ છે.

સંસ્કૃતમાં એકથી દસ સુધીના સંખ્યાવાચક શબ્દો નીચે પ્રમાણે છે:—

એક—**एक**	છ—**षष्**
બે—**द्वि**	સાત—**सप्तन्**
ત્રણ—**त्रि**	આઠ—**अष्टन्**
ચાર—**चतुर्**	નવ—**नवन्**
પાંચ—**पञ्चन्**	દસ—**दशन्**

एक નાં રૂપ **सर्व** શબ્દનાં જેવાં થાય છે. બ૦ વ૦ માં **एक** નો અર્થ 'કેટલાક' થાય છે.

द्वि નાં રૂપ દ્વિ૦ વ૦ માંજ થાય છે. એને પું૦ લિં૦ માં ને ન૦ લિં૦ માં **द्व** શબ્દ જેવો ને સ્ત્રી૦ લિં૦ માં **द्वा** શબ્દ જેવો ગણી રૂપો કરવાં.

	द्वि પું૦	**द्वि** સ્ત્રી૦ ને ન૦
प्र०	**द्वौ**	**द्वे**
द्वि०	**द्वौ**	,,
तृ०	**द्वाभ्याम्**	**द्वाभ्याम्**
च०	,,	,,
पं०	,,	,,
ष०	**द्वयोः**	**द्वयोः**
स०	,,	,,

त्रि થી दशन् સુધીનાં બ૦ વ૦ માંજ રૂપો થાય છે.

	त्रि પું૦	त्रि સ્ત્રી૦	त्रि ન૦	चतुर् પું૦	चतुर् સ્ત્રી૦
પ્ર૦	त्रयः	तिस्रः	त्रीणि	चत्वारः	चतस्रः
દ્વિ૦	त्रीन्	,,	,,	चतुरः	,,
તૃ૦	त्रिभिः	तिसृभिः	પું૦ લિ. પ્રમાણે	चतुर्भिः	चतसृभिः
ચ૦	त्रिभ्यः	तिसृभ्यः		चतुर्भ्यः	चतसृभ्यः
પં૦	,,	,,		,,	,,
ષ૦	त्रयाणाम्	तिसृणाम्		चतुर्णाम्	चतसृणाम्
સ૦	त्रिषु	तिसृषु		चतुर्षु	चतसृषु

	चतुर् ન૦	षष् પું૦, સ્ત્રી૦, ન૦	पञ्चन् પું૦, સ્ત્રી૦, ન૦	अष्टन् પું૦, સ્ત્રી૦, ન૦
પ્ર૦	चत्वारि	षट्	पञ्च	अष्ट–अष्टौ
દ્વિ૦	,,	,,	,,	,,
તૃ૦	બાકીનાં પું. લિ. પ્રમાણે.	षड्भिः	पञ्चभिः	अष्टभिः–अष्टाभिः
ચ૦		षड्भ्यः	पञ्चभ्यः	अष्टभ्यः–अष्टाभ्यः
પં૦		,,	,,	,, ,,
ષ૦		षण्णाम्	पञ्चानाम्	अष्टानाम्
સ૦		षट्सु–षट्त्सु	पञ्चसु	अष्टसु–अष्टासु

सप्तन्, नवन्, ને दशन् નાં રૂપાં पञ्चन् નાં જેવાં થાય છે.

'પહેલા' થી દસમા' સુધી સંખ્યાપૂરક શબ્દો નીચે આપ્યા છે:—

પહેલો प्रथम–मा, अग्रिम–मा, आदिम–मा; બીજો द्वितीय–या; ત્રીજો तृतीय–या; ચોથો चतुर्थ–र्थी, तुर्य–र्या, तुरीय–या; છઠ્ઠો षष्ठ–ष्ठी; પાંચમો, સાતમો, નવમો, દસમો–पञ्चम–मी, सप्तम–मी, नवम–मी, दशम–मी.

प्रथम નું પ્ર૦ બ૦ પુ૦ प्रथमे, प्रथमाः થાય છે. द्वितीय ને तृतीय નાં ચ૦, પં૦, ષ૦, ને સ૦ નાં એ૦ વ૦ વિકલ્પે સર્વનામ જેવાં થાય છે; द्वितीयस्मै–याय ઇત્યાદિ.

સંખ્યાવાચક શબ્દો ઉપરથી અવ્યયો નીચે પ્રમાણે બને છે:–

धा (પ્રકારવાચક પ્રત્યયથી)–एकधा (એક રીતે), द्विधा–द्वेधा, त्रिधा–त्रेधा, षड्धा–षोढा વગેરે.

त्र (સ્થળવાચક પ્રત્યયથી)–एकत्र (એક સ્થળે).

शस् (આવૃત્તિવાચક પ્રત્યયથી)–एकशः, द्विशः (બબ્બે).

कृत्वः (ક્રિયાની આવૃત્તિવાચક પ્રત્યયથી)–पञ्चकृत्वः (પાંચ વાર), षट्कृत्वः (છ વાર).

પણ एक નું એવું રૂપ सकृत् (એકવાર), द्वि નું द्विः (બે વાર), त्रि નું त्रिः, ને चतुर् નું चतुः થાય છે.

तर ને तम પ્રત્યયો एक ને લાગે છે. एकतरः (બેમાંનું એક), एकतमः (બહુમાંનું એક). एकतर ને एकतम નાં રૂપો સર્વનામનાં રૂપો જેવાં થાય છે.

दशरथस्य तिस्रो भार्याः कौसल्या सुमित्रा कैकेयी च ।
भ्रमरशब्दे द्वौ रेफौस्तस्तस्माद् द्विरेफ इत्युच्यते ।
न्यायो वैशेषिकं सांख्यं योगो मीमांसा वेदान्त इति षड् दर्शनानि ।
जानुभ्यां पादाभ्यां पाणिभ्यामुरसा बुद्ध्या शिरसा वचसा दृष्ट्या च प्रणामः साष्टाङ्गः प्रणामः कथ्यते ।
अमीषां चतुर्णां फलानां मध्ये यत् ते रोचते तद् गृह्यताम् ।
तिसृषु कन्यास्वियं लावण्ये श्रेष्ठा ।
अष्टाभिस्तनुभिः प्रपन्नः शिवोऽवताद्वः ।
अयि वत्स उषितं त्वया प्रथम आश्रमे द्वितीयमध्यासितुमिदानीं समयः ।
बलीयसी केवलमीश्वरेच्छा ।
ब्राह्मणः क्षत्रियो वैश्यस्त्रयो वर्णा द्विजातयः ।

संसारविषवृक्षस्य द्वे एव रसवत्फले ।
काव्यामृतरसास्वादः सङ्गश्च सुजनैः सह ॥
अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहश्चैव षट् कर्माण्यग्रजन्मनः ॥
शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दसां चयः ।
ज्योतिषामयनं चैव वेदाङ्गानि षडेव तु ॥
स्वर्णं रूप्यं च ताम्रं च रङ्गं यशदमेव च ।
सीसं लोहं रसश्चेति धातवोऽष्टौ प्रकीर्तिताः ॥

अर्थागमो नित्यमरोगिता च
 प्रिया च भार्या प्रियवादिनी च ।
वश्यश्च पुत्रोऽर्थकरी च विद्या
 षड् जीवलोकस्य सुखानि राजन् ॥

સૂર્યને સાત અશ્વ છે.
સત્ત્વ, રજસ્, ને તમસ્ ત્રણ ગુણ છે.
તાપી કરતાં નર્મદા લાંબી છે.
શિવને ત્રણ નેત્ર છે.
આપ મને અપવિત્ર શા માટે ગણો છો?
મેં તેને પાંચ વાર તે ફળો ગણવા કહ્યું.

---

१ અધિપૂર્વક શી, સ્થા, ને आस् નો અધિકરણવાચક શબ્દ દ્વિ૦ વિ૦ માં વપરાય છે.

નામ.

अग्रजन्मन् (પું૦) (**बहु०, अग्र** વિ૦ શ્રેષ્ઠ, **जन्मन्** ન૦ જન્મ)–શ્રેષ્ઠ છે જન્મ જેનો, બ્રાહ્મણ.

अध्ययन (**अध्ययनम्**) (ન૦)–અભ્યાસ કરવો તે, શીખવું તે. [વવું તે.

अध्यापन (**अध्यापनम्**)(ન૦)–શિખ-

अयन (**अयनम्**) (ન૦)–માર્ગ.

अरोगिता (સ્ત્રી૦)–અરોગીપણું, તંદુરસ્તી, આરોગ્ય.

आश्रम (**आश्रमः**) (પું૦)–જીવનકાળના વિભાગ; બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસ, એ ચાર આશ્રમ છે.

आस्वाद (**आस्वादः**) (પું૦)–આસ્વાદ, સ્વાદ.

उरस् (ન૦)–છાતી, હૃદય.

ऋच् (સ્ત્રી૦)–ઋગ્વેદ.

कल्प (**कल्पः**) (પું૦)–યજ્ઞની ક્રિયા આદિનું જેમાં વિવેચન હોય તે શાસ્ત્ર.

कार्तिकेय (**कार्तिकेयः**) (પું૦)–કાર્તિકસ્વામી, ષડાનન.

काव्य (**काव्यम्**) (ન૦)–કવિતા, કાવ્ય. [તની મા.

कैकेयी (સ્ત્રી૦)–દશરથની સ્ત્રી, ભર-

कौसल्या (સ્ત્રી૦)–રામની મા.

चय (**चयः**) (પું૦)–સંગ્રહ.

छन्दस् (ન૦)–છન્દ, વૃત્ત.

(**छन्दसां चयः**–જેમાં છન્દોનો સંગ્રહ હોય તે, છન્દઃશાસ્ત્ર).

जानु (ન૦)–ઘુંટણ.

जीवलोक (**जीवलोकः**) (પું૦)(તત્પુ૦, **जीव** પું૦ પ્રાણી, **लोक** પું૦ દુનીઆ)–દુનીઆ.

जोतिस् (ન૦) તારા, નક્ષત્ર, ગ્રહ, વગેરે પ્રકાશમાન મંડળમાંનું એક.

(**ज्योतिषामयनम्**–જ્યોતિર્મંડળનો માર્ગ જેમાં દર્શાવ્યો હોય તે, જ્યોતિઃશાસ્ત્ર).

तनु (સ્ત્રી૦)–મૂર્તિ.

ताम्र (**ताम्रम्**) (ન૦)–તાંબું.

दर्शन (**दर्शनम्**) (ન૦)–શાસ્ત્ર.

दान (**दानम्**) (ન૦)–દાન.

देश (**देशः**) (પું૦)–દેશ.

द्विजाति (પું૦) (**बहु०, द्वि** બે, **जाति** સ્ત્રી૦ જન્મ)–બ્રાહ્મણ, ક્ષત્રિય, ને વૈશ્યમાંનો કોઈ.

द्विरेफ (**द्विरेफः**) (પું૦) (**बहु०**)–ભમરો.

धातु (પું૦)–સોનું વગેરે ધાતુ; ૨ શબ્દોનું મૂળ.

निरुक्त (**निरुक्तम्**) (ન૦)–શબ્દોનું નિર્વચન–વ્યુત્પત્તિ જેમાં હોય એવું શાસ્ત્ર.

न्याय (**न्यायः**) (પું૦)–ગૌતમપ્રણીત ન્યાયશાસ્ત્ર.

पुनरुद्वाह (પું) (**पुनर्** અ૦ ફરી, **उद्वाह** પુ૦ લગ્ન)–પુનર્લગ્ન.

प्रणाम (**प्रणामः**) (પું૦)–પ્રણામ

प्रतिग्रह (**प्रतिग्रहः**) (પું૦)–દાન લેવું તે.

बल (**बलम्**)(ન૦)–૧ બળ; ૨ સેના.

मीमांसा (સ્ત્રી૦)–જૈમિનિપ્રણીત પૂર્વ મીમાંસા શાસ્ત્ર.

यजन (**यजनम्**) (ન૦)–યજ્ઞ કરવો તે.

यजुस् (ન૦)–યજુર્વેદ.

यशद (**यशदम्**) (ન૦)–જસત.

याजन (**याजनम्**) (ન૦)–યજ્ઞ કરાવવો તે.

योग (**योगः**) (પું૦)–પતંજલિપ્રણીત યોગશાસ્ત્ર.

रङ्ग (**रङ्गः–ङ्गम्**) (પું૦, ન૦)-કલાઈ.
रस (**रसः**) (પું૦)–પારો.
रूप्य (**रूप्यम्**) (ન૦)–રૂપું.
लावण्य (**लावण्यम्**) (ન૦)–સૌન્દર્ય.
लोह (**लोहम्**) (ન૦)–લોઢું.
वर्ण (**वर्णः**) (પું૦)–૧ જાતિ; અક્ષર.
विधवा (**स्त्री०**) (**बहु०**, **वि** ઉપ૦ વિગત, **धव** પું૦ સ્વામી)–વિગત છે સ્વામી જેનો, વિધવા.
विषवृक्ष (**विषवृक्षः**) (પું૦) (તત્પુ૦, **विष** ન૦ ઝેર, **वृक्ष** પું૦ ઝાડ)–ઝેરનું ઝાડ.
वेदाङ्ग (**वेदाङ्गम्**) (ન૦) (તત્પુ૦, **वेद** પું૦ વેદ, **अङ्ग** ન૦ ભાગ) વેદનું અંગ.
वेदान्त (**वेदान्तः**) (પું૦)–વેદાન્ત, બાદરાયણપ્રણીત ઉત્તરમીમાંસા.
व्याकरण (**व्याकरणम्**) (ન૦)–વ્યાકરણ,
वैशेषिक (**वैशेषिकम्**) (ન૦)કણાદ–પ્રણીત દર્શન.
शाखा (**स्त्री०**)–વેદની શાખા, જુદા જુદા ઋષિઓનો જુદો જુદો વેદપાઠ.
शिक्षा (**स्त्री०**)–વર્ણના ઉચ્ચાર શિખવનાર શાસ્ત્ર.
शिरस् (ન૦)–માથું.
सांख्य (**सांख्यम्**) (ન૦)–કપિલ–મુનિપ્રણીત દર્શન.
सामन् (ન૦)–સામવેદ.
सीस (**सीसम्**) (ન૦)–સીસું.
सुजन (**सुजनः**) (પું૦)–(**प्रादि०**, **सु**–સુષ્ઠુ, સારૂં) સાધુ પુરૂષ.
सुमित्रा (**स्त्री०**)–લક્ષ્મણની મા.
स्वर्ण (**स्वर्णम्**) (ન૦)–સુવર્ણ.

વિશે૦

अर्थकरी (**स्त्री०**)–દ્રવ્ય ઉત્પન્ન કરનાર.
एक–એક; ૨ (બ૦ વ૦ માં) કેટલાક.
गरीयस्–વધારે મોટું; અતિશય મોટું.
[1] પ્ર૦ પ૦ વ૦ गीः, તૃ૦ દ્વિ૦ વ૦ गीर्भ्याम्, સ૦ બ૦ વ૦ गीर्षु. વ્યંજનાદિ પ્રત્યયો પર છતાં गिर्, पुर्, ને धुर् શબ્દના इ ને उ દીર્ઘ થાય છે; आशिस् ને પણ એ નિયમ લાગુ પડે છે; आशीर्भिः સ૦ બ૦ વ૦ आशीःषु કે आशीष्षु થાય છે.

चक्ष् (चष्टे) (૨ ગ૦ આ૦)–કહેવું; (आ કે प्र સાથે)–કહેવું; (वि + आ સાથે)–વ્યાખ્યાન કરવું, સમજાવવું.

दरिद्रा (दरिद्राति) (૨ ગ૦ ૫૦)–દરિદ્ર થવું.

मृज् (मार्ष्टि) (૨ ગ૦ ૫૦)–કે (प्र સાથે)–લોહી નાખવું.

स्तु (स्तौति–स्तवीति–स्तुते–स्तुवीते) (૨ ગ૦ ઉ૦)–કે (प्र સાથે)–સ્તુતિ કરવી.

प्र + अन् (प्राणिति) (૨ ગ૦ ૫૦)–પ્રાણ–શ્વાસ લેવો.

या (याति) (૨ ગ૦ ૫૦)–જવું.

रुद् (रोदिति) (૨ ગ૦ ૫૦)–રુદન કરવું, રોવું.

वच् (वक्ति) (૨ ગ૦ ૫૦)–કહેવું.

विवृज् (विवर्जयति–ते) (૧૦ ગ૦ ઉ૦)–વર્જવું, તજવું.

शास् (शास्ति) (૨ ગ૦ ૫૦)–શાસન કરવું, અમલ કરવો, ઉપદેશ કરવો.

श्वस् (श्वसिति) (૨ ગ૦ ૫૦)–શ્વાસ લેવો; (समा સાથે)–ધીરજ રાખવી, દિલાસો લેવો.

सं+भू (संभावय પ્રેરક)–સંભાવના કરવી, માન આપવું.

અ૦૫૦

अकारणम् (बहु०)–નથી કારણ જે ક્રિયાને વિષે જેમ, કારણ વગર.

अथ–પણ.

तद्वत्–તેની પેઠે (तद् સર્વ૦ +वत् પેઠે).

तर्हि–તો.

यावज्जीवम् (અવ્ય૦, यावत् અ૦, જ્યાંસુધી + जीव પં૦)–જીવે ત્યાંસુધી.

यावदर्थम् (અવ્ય૦, यावत्, વિ૦ જેટલો + अर्थ પું૦)–જેટલા અર્થ છે તેટલે સુધી; બધા અર્થમાં.

विमुच्य (वि + मुच् નો અવ્ય૦ કૃ૦)–છોડીને, વિમુક્ત કરીને, મૂકીને.

પાઠ ૨૯ મો.

સાતમા ને બીજા ગણના ધાતુ.

गां दोग्धि पयः—ગાયને દુહે છે દૂધ—ગાયમાંથી દૂધ દુહે છે.

पिण्डमुत्सृज्य करं लेढि—અન્નને તજીને હાથ તે ચાટે છે—તે અન્નને છોડીને હાથ ચાટે છે, મોટી વસ્તુ છોડી નકામી વસ્તુ પર મન લગાડે છે.

गो પું૦, સ્ત્રી૦

प्र०	गौः	गावौ	गावः
द्वि०	गाम्	,,	गाः
तृ०	गवा	गोभ्याम्	गोभिः
ष०	गोः	गवोः	गवाम्
सं०	गौः	गावौ	गावः

गो શબ્દનાં પ્રથમ પાંચ રૂપો औकारान्त શબ્દ ગણી કરવાં, દ્વિ૦ નું એ૦ વ૦ **गाम्** ને બ૦ વ૦ **गाः**, પં૦ ને ષ૦ નું એ૦ વ૦ **गोः** છે.

બધા ઓકારાન્ત શબ્દોનાં રૂપો આ પ્રમાણે કરવાં.

हिनस्मीन्द्रस्य विक्रमम्—હિંસા કરૂં છું ઇન્દ્રના પરાક્રમને—ઇન્દ્રના પરાક્રમનો નાશ કરૂં છું.

व्रजमवरुणद्धि गाम्—તે વ્રજમાં ગાયને રૂંધે છે—રોકે છે.

अरुणद्यवनः साकेतम्—ઘેર્યું યવને સાકેતને—યવને સાકેતને ઘેરો ઘાલ્યો.

सारमेयो हवींष्यवालेट्—સરમાના પુત્રે હવિને ચાટયું—કુતરાએ બળિદાનને ચાટયું.

'**हरीतकीं भुङ्क्ष्व राजन् मातेव हितकारिणीम्**'—**इत्यशुद्धं मातरम् इति शुद्धम्**—હરડેને ખા, હે રાજન્, માતાની પેઠે હિત કરનારીને—હે રાજન્, માતાના જેવી હિત કરનારી હરડેનું સેવન કર—એ (સંસ્કૃત વાક્ય) અશુદ્ધ છે, **मातरम्** એ શુદ્ધ છે.

જે વર્ણ્ય પદાર્થ બીજા પદાર્થ સાથે સરખાવાય તે **उपमेय**. જેની સાથે સરખાવાય તે **उपमान**, એ બેમાં સાદૃશ્ય–સરખાપણું તે **साधारणधर्म**, ને સરખાપણું બતાવનાર શબ્દ તે **उपमाद्योतक** કે **वाचक** કહેવાય છે. આ અલંકાર **उपमा** કહેવાય છે. સાદૃશ્ય સુંદર હોય તોજ અલંકાર થાય છે. **उपमेय** ને **उपमान** એકજ વિભક્તિમાં જોઈએ. અહિં **हरीतकीम्** ઉપમેય છે, **मातरम्** ઉપમાન છે, **हितकारिणीम्** સાધારણ ધર્મ છે, ને **इव** ઉપમાવાચક છે. **हरीतकीम्** બીજી વિભક્તિમાં **मातरम्** જોઈએ, માટે **माता** એ અશુદ્ધ છે.

આ પાઠમાં ૭ મા ગણના ધાતુઓનાં ને **लिह्** ને **दुह्** ૨ ગ૦ ના ધાતુનાં રૂપોના દાખલા છે.

रुध् ઉ૦

પર૦			આત્મ૦		
વર્ત૦			વર્ત૦		
૨ પુ૦ रुणद्धि	रुन्द्धः	रुन्धन्ति	रुन्द्धे	रुन्धाते	रुन्धते
આજ્ઞા૦			આજ્ઞા૦		
૨ પુ૦ रुन्द्धि	रुन्द्धम्	रुन्द्ध	૧ પુ૦ रुणधै	रुणधावहै	रुणधामहै
ભૂત૦			ભૂત૦		
૨ પુ૦ अरुणः-णत्-द्	अरुन्द्धम्	अरुन्द्ध	अरुन्द्धाः	अरुन्धाथाम्	अरुन्द्ध्वम्
૩ પુ૦ अरुणत्-द्	अरुन्द्धाम्	अरुन्धन्	अरुन्द्ध	अरुन्धाताम्	अरुन्धत

વિધ્ય૦—**रुन्ध्यात्**–**रुन्धीत** વગેરે.

૧. સાતમા ગણના ધાતુમાં અન્ત્ય વ્યંજન પૂર્વે વિકારક પ્રત્યય પર છતાં **न** ને અવિકારક પ્રત્યય પર છતાં **न्** ઉમેરાય છે.

न् मों १२ पाठने। २ नियम लक्षमां राखवो. २. श्, ष्, के स् सिवायना व्यंजन पर छतां पदने अन्ते न होय एवा न् के म् ने स्थाने तेनी पछीना व्यंजनना वर्गनो अनुनासिक थाय छे.

रुध् + तस्=रुन्ध् + तस्=रुन् ध् + धस्=रुन्द् + धः=रुन्द्धः.

रिच् उ.

प२० वर्त०				आत्म० वर्त०		
३ पु० रिणक्ति	रिङ्क्तः	रिञ्चन्ति		३ पु० रिङ्क्ते	रिञ्चाते	रिञ्चते
आज्ञा०				आज्ञा०		
२ पु० रिङ्ग्धि	रिङ्क्तम्	रिङ्क्त		२ पु० रिङ्क्ष्व	रिञ्चाथाम्	रिङ्ग्ध्वम्
१ पु० रिणचानि	रिणचाव	रिणचाम		१ पु० रिणचै	रिणचावहै	रिणचामहै
भूत०				भूत०		
३ पु० अरिणक्-ग्	अरिङ्क्ताम्	अरिञ्चन्		२ अरिङ्क्थाः	अरिञ्चाथाम्	अरिङ्ग्ध्वम्

विध्य०—रिञ्च्यात्, रिञ्चीत वगेरे.

रिच् + ध्वम्=रिन् च् + ध्वम्=रिन् ग् + ध्वम् (पा० १३ नि० १ प्रमाणे)= रिङ् ग् ध्वम् (२. प्रमाणे न् नो ङ् थई)=रिङ्ग्ध्वम्.

भिद् उ.

प२० वर्त०				आत्म० वर्त०		
२ पु० भिनत्सि	भिन्त्थः	भिन्त्थ		३ पु० भिन्त्ते	भिन्दाते	भिन्दते
आज्ञा०				आज्ञा०		
१ पु० भिनदानि	भिनदाव	भिनदाम		३ पु० भिन्त्ताम्	भिन्दाताम्	भिन्दताम्

प२० भूत०

२ पु० अभिनः-नत्-द्	अभिन्त्तम्	अभिन्त्त
३ पु० अभिनत्-द्	अभिन्त्ताम्	अभिन्दन्

आत्म० भूत०

२ पु० अभिन्त्थाः	अभिन्दाथाम्	अभिन्द्ध्वम्
३ पु० अभिन्त्त	अभिन्दाताम्	अभिन्दत

विध्य०	विध्य०
३ पु० भिन्द्यात् वगेरे.	३ पु० भिन्दीत वगेरे.

भिद् + हि=भिन्द् + धि (२७५ १५ नि० प्रमाणे)=भिन्द्धि.

हिंस् પર૦

વર્ત૦			આજ્ઞા૦		
३ पु० हिनस्ति	हिंस्तः	हिंसन्ति	२ पु० हिन्धि	हिंस्तम्	हिंस्त

ભૂત૦			વિધ્ય૦
२ पु० अहिनः-नत्-द्	अहिंस्तम्	अहिंस्त	३ पु० हिंस्यात् વગેરે.
३ पु० अहिनत्-द्	अहिंस्ताम्	अहिंसन्	

૩. આ ગણમાં ધાતુમાં અનુસ્વાર હોય તો તેનો વિકરણ પર છતાં લોપ થાય છે. हिंस् + मि=हिनस् + मि=हिनस्मि.

૪. ભૂતકાળમાં ધાતુના અન્ત્ય स् નો ૨ પુ૦ એ૦ વ૦ ના પ્રત્યય પર છતાં વિકલ્પે ને ૩ પુ૦ એ૦ વ૦ પર છતાં નિત્ય त् થાય છે.

हिंस् + हि=हिस् + हि=हिन्स् + हि=हिन्स् + धि=हिन् + धि (૨૮ પા૦ નિ૦ इ પ્રમાણે)=हिन्धि.

लिह् ૨ગ૦ ઉ૦

પર૦ વર્ત૦			આત્મ૦ વર્ત૦		
२ पु० लेक्षि	लीढः	लीढ	१ पु० लिहे	लिह्वहे	लिह्महे
३ पु० लेढि	,,	लिहन्ति	२ पु० लिक्षे	लिहाथे	लीढ्वे

આજ્ઞા૦			આજ્ઞા૦		
२ पु० लीढि	लीढम्	लीढ	१ पु० लेहै	लेहावहै	लेहामहै

ભૂત૦			ભૂત૦		
३ पु० अलेट्-ड्	अलीढाम्	अलिहन्	२ पु० अलीढाः	अलिहाथाम्	अलीढ्वम्

વિધ્ય૦—लिह्यात्—लिहीत વગેરે.

[1](अ) અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયના વ્યંજનથી શરૂ થતા પ્રત્યય પર છતાં કે પદાન્તે ધાતુના અન્ત્ય ह् નો ढ् થાય છે.

(आ) ढ् ની પછી ढ् આવે તો પહેલો ढ् લોપાય છે, ને તેની પૂર્વેનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય છે. પૂર્વ સ્વર ऋ હોય તો તે દીર્ઘ થતો નથી.

(इ) પ્રત્યયના त् ने थ् ની પૂર્વે વર્ગનું ચોથું વ્યંજન હોય તો તેનો ध् થાય છે.

लिह् + ति=लेह् + ति=लेढ् + ति=लेढ् + धि=लेढ् + ढि =लेढि ; लिह् + से= लिढ् + से=लिक् + से (૨૮ પા૦ (ए) પ્રમાણે)=लिक् + षे=लिक्षे; लिह् + ध्वे= लिढ् + ध्वे=लिढ् + ढ्वे=लीढ्वे.

अलिह् + त्=अलेह् + त्=अलेह्=अलेढ्=अलेट्-ड्.

लिह् + त (ભૂ૦ કૃ૦ નો પ્રત્યય)=लिढ् + त=लिढ् + ध=लिढ् + ढ=लीढ. लेढुम् હેત્વ૦ કૃ૦, लीढ्वा અ૦થ૦ ભૂ૦ કૃ૦. (આ પ્રમાણે ઉપલા નિયમો સામાન્ય છે).

---

૧. સામાન્ય નિયમો માટે (अ), (आ) વગેરે વાપર્યા છે.

दुह् ઉભ૦

પર૦ વર્ત૦			આત્મ૦ વર્ત૦		
૨ પુ૦ धोक्षि	दुग्धः	दुग्ध	धुक्षे	दुहाथे	धुग्ध्वे
૧ પુ૦ दोह्मि	दुह्वः	दुह्मः	૩ પુ૦ दुग्धे	दुहाते	दुहते
આજ્ઞા૦			આજ્ઞા૦		
૨ પુ૦ दुग्धि	दुग्धम्	दुग्ध	धुक्ष्व	दुहाथाम्	धुग्ध्वम्
ભૂત૦			ભૂત૦		
૩ પુ૦ अधोक्-ग्	अदुग्धाम्	अदुहन्	૨ પુ૦ अदुग्धाः	अदुहाथाम्	अधुग्ध्वम्

વિધ્ય૦ दुह्यात्-दुहीत.

(ई) અન્ત:સ્થ કે અનુનાસિક સિવાયના વ્યંજનથી શરૂ થતા પ્રત્યય પર છતાં કે પદાન્તે दकारादि ધાતુના અન્ત્ય ह् નો घ् થાય છે.

(उ) द्रुह्, मुह्, स्नुह्, ને स्निह् ના ह् નો અન્ત:સ્થ કે અનુનાસિક સિવાયના વ્યંજન પર છતાં કે પદાન્તે ढ् કે घ् થાય છે, ને नह् ના ह् નો એવી સ્થિતિમાં ध् થાય છે.

(ऊ) सह् ને वह् માં ढ् લોપાય છે ત્યારે પૂર્વ સ્વરનો દીર્ઘ થવાને બદલે ओ થાય છે.

(ए) ધાતુના એક સ્વરવાળા અવયવને અન્તે વર્ગનો ચોથો વર્ણ હોય તો स्, ध्व પર છતાં કે પદાન્તે તે ધાતુના ब्, ग्, ड्, द् ના અનુક્રમે भ्, घ्, ढ्, ध् થાય છે.

दुह् + सि=दोह् + सि=दोघ् + सि (ई)=धोघ् + सि (ए)=धोक् + सि= धोक् + षि = धोक्षि.

अदुह् + स = अदोह् + स= अदोह्=अदोघ् [(ई), પદાન્તે હોવાથી]=अधोघ्= अधोक्-ग्.

दुह्+त (ભૂ૦ કૃ૦ નો પ્રત્યય)=दुघ् + त=दुघ् + ध=दुग्ध; दुह् + तुम् (હેત્વ૦ નો પ્રત્યય)=दोह् + तुम्=दोघ् + तुम्=दोघ् + धुम्=दोग् + धुम्= दोग्धुम्; दुह् + त्वा=दुग्ध्वा (અવ્ય૦ ભૂ૦ કૃ૦); मुह् + त=मुढ्-घ् + त=मुढ्- घ् + ध=मुढ् + ढ કે मुघ् + ध=मूढ કે मुग्ध; सह् + त=सढ् + त=सढ् + ध= सढ् + ढ=सोढ (ऊ પ્રમાણે); सह् + तुम्=सोढुम् (હેત્વ૦); नह् + त=नद्ध.

तृह् ૭ ગ૦ પ૦

વર્ત૦			વર્ત૦		
૩ પુ૦ तृणेढि	तृण्ढः	तृण्ढ	૧ પુ૦ तृणह्मि	तृण्ह्व	तृण्ह्म

૫. तृह् ધાતુમાં વ્યંજનાદિ વિકારક પ્રત્યય પર છતાં ધાતુના અન્ત્ય વ્યંજન પૂર્વે न ને બદલે ने ઉમેરાય છે.

सुकरेऽरण्ययाने पिता मां न्ययुङ्क्त दुष्करे राज्ये पुनस्त्वामिति रामो भरतमब्रवीत् ।

तृणमिव लघुलक्ष्मीर्नैव तान् (सतः) संरुणद्धि ।

नियतमानसः सन् योगी सदात्मानं युञ्जन्नेवास्ते ।

सूनृता वाक् कामान् दुग्धेऽलक्ष्मीं विप्रकर्षति कीर्तिं सूते दुष्कृतं हिनस्ति च ।

मृष्यन्तु लवस्य बालिशतां तातपादाः ।

मर्षय भगवन्! अभूमिरेषा शापस्य ।

ब्रह्मन् ! न साधुसेवितोऽयं पन्था येनासि प्रवृत्तः ।

पृच्छ तरलिकां त्वत्कृते मया यानुभूतावस्था । युगसहस्रमिवाचरन् कृच्छ्रेण नीतो दिवसः । प्रसीद सकृदप्यालप । ईषदपि विलोकय । पूरय मे मनोरथम् । आर्तास्मि भक्तास्म्यनुरक्तास्म्यनाथास्मि बालास्म्यगतिकास्मि । कथय किमपराद्धं किं वा नानुष्ठितं मया कस्यां वा नाज्ञायामादृतं कस्मिन् वा त्वदनुकूले नाभिरतं येन कुपितोऽसि ।

संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ।

रिक्तहस्तस्तु नोपेयाद्राजानं दैवतं गुरुम् ।

रिणच्मि जलधेस्तोयं विविनच्मि दिवः[1] सुरान् ॥

किं वस्तु विद्वन् गुरवे प्रदेयं
त्वया कियद्वेति तमन्वयुङ्क्त ।

लेढि भेषजवन्नित्यं यः पथ्यानि कटून्यपि ।
तदर्थं सेवते चाप्तान् कदाचिन्न स सीदति ॥

गावो गन्धेन पश्यन्ति वेदैः पश्यन्ति वै द्विजाः ।
चारैः पश्यन्ति राजानश्चक्षुर्भ्यामितरे जनाः ॥

तृणानि भूमिरुदकं वाक् चतुर्थी च सूनृता ।
सतामेतानि हर्म्येषु नोच्छिद्यन्ते कदाचन ॥

यो मन्त्रं स्वामिनो भिन्द्यात् साचिव्यसंनियोजितः ।
स हत्वा नृपकार्यं तत् स्वयं च नरकं व्रजेत् ॥

न यज्वानोऽपि गच्छन्ति तां गतिं नैव योगिनः ।
यां यान्ति प्रोज्झितप्राणाः स्वाम्यर्थे सेवकोत्तमाः ॥

---

१ दिव् નું પ્ર० ए० व० द्यौः છે; तृ० द्वि० व०=द्युभ्याम्, स० व० व०=द्युषु. વ્યંજનાદિ પ્રત્યયો પર છતાં दिव् નું द्यु થાય છે.

षड् दोषा पुरुषेणेह हातव्या भूतिमिच्छता।
निद्रा तन्द्री भयं क्रोध आलस्यं दीर्घसूत्रता ॥
आकिंचिदपि कुर्वाणः सौख्यैर्दुःखान्यपोहति।
तत्तस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियो जनः ॥
आत्मा नदी संयमपुण्यतीर्था
सत्यह्रदा शीलतटा दयोर्मिः।
तत्रावगाहं कुरु पाण्डुपुत्र
न वारिणा शुध्यति चान्तरात्मा ॥

પ્રાણીઓની કોઈએ હિંસા કરવી ન જોઈએ, એજ મોટો ધર્મ છે.
દુશ્મનોની સેનાએ તે શહેરને ઘેરો ઘાલ્યો.
કુશલ તો છો એમ તેણે તેને પૂછ્યું.
ભમરાઓ પુષ્પનો રસ ચાટે છે.
તેણે ગાયને દોહી અને તેનું દૂધ પીધું.

નામ.

अरण्ययान (अरण्ययानम्) (न०) तत्पु०, अरण्य न० વન + यान न० જવું તે)–અરણ્યમાં જવું તે.
अन्तरात्मन् (પું०) (तत्पु०, अन्तर વિ० અંદરનો+आत्मन् પું० આત્મા)–અંદરનો આત્મા.
अभूमि (સ્ત્રી०)–અયોગ્ય સ્થાન.
अलक्ष्मी (સ્ત્રી०)–દરિદ્રતા, ગરીબાઈ.
अवगाह (अवगाहः) (પું०)–સ્નાન.
अवस्था (સ્ત્રી०)–સ્થિતિ.
इन्द्र (इन्द्रः) (પું०)–ઇન્દ્ર.
ऊर्मि (પુ०, સ્ત્રી०)–મોજું
गति (સ્ત્રી० –મરણ પછી જવાનું સ્થાન.
गो (પું०, સ્ત્રી०)–બળદ; ગાય.
चार (चारः) (પું०)–ચારો, છૂપો દૂત.
तन्द्री (સ્ત્રી०)–સુસ્તી.
तरलिका (સ્ત્રી०)–સ્ત્રીનું નામ છે.
तृण (तृणम्) (न०)–તરણું.
दिव् (સ્ત્રી०)–સ્વર્ગ.
दीर्घसूत्रता (સ્ત્રી०)–અતિશય ટાઢાપણું; કોઈ પણ કામને ખૂબ લંબાવીને કરવાનો સ્વભાવ.
दुष्कृत (दुष्कृतम्) (न०)–નઠારૂં કૃત્ય.
दैवत (दैवतम्) (न०)–દેવતા, દેવ.
द्रव्य (द्रव्यम्) (न०)–કીમતી વસ્તુ.
पथ्य (पथ्यम्) (न०)–આરોગ્યને હિતકારક વસ્તુ.
पाण्डु (પું०)–પાણ્ડુરાજા, પાણ્ડવોનો પિતા.
पिण्ड (पिण्डः) (પું०)–અન્ન.
बालिशता (સ્ત્રી०)–નાદાની.
भूति (સ્ત્રી०)–ઉદય.
भेषज (भेषजम) (न०)–ઔષધ.
मन्त्र (मन्त्रः) (પું०) છૂપો વિચાર.
मानस (मानसम्) (न०)–મન.
यवन (यवनः) (પું०)–યવન.
युग (युगम्) (न०)–સત્ય, દ્વાપર, ત્રેતા, ને કલિમાંનો એક યુગ.

योगिन् (પું૦)–યોગી.
लव (**लवः**) (પું૦)–રામનો પુત્ર
शील (**शीलम्**) (ન૦)–શિયળ, સારૂં આચરણુ.
सहस्र (**सहस्रम्**) (ન૦) હજાર.
साकेत (**साकेतः**) (પું૦)–અયોધ્યા.
साचिव्य (**साचिव्यम्**) (ન૦ ,–પ્રધાનપદ, પ્રધાનની જગા.
सारमेय (**सारमेयः**) (પું૦)–સરમાનો પુત્ર.
सौख्य (**सौख्यम्**) (ન૦)–સુખ.
हरीतकी (સ્ત્રી૦)–હરડે.
हर्म्य (**हर्म्यम्**) (ન૦)–મહેલ.
हविस् (ન૦)–બળિદાન.
ह्रद (**ह्रदः**) (પું૦)–ઊંડી જગા.

વિશેષણ.

अगतिक (**बहु**૦, **अ** + **गति** (સ્ત્રી૦)+ **क** પ્રત્યય)–ગતિ એટલે શરણુસ્થાન વિનાનો, શરણુરહિત. [નાથરહિત.
अनाथ (**बहु**૦. **अ** + **नाथ**) (પું૦)–
अनुकूल–અનુકૂળ, માફક. [ભવેલું.
अनुभूत (**अनु** + **भू** નો ભૂ૦ કૃ૦)–અનુ-
अनुरक्त (**अनु** + **रञ्ज्** નો ભૂ૦ કૃ૦)–પ્રેમમાં આસક્ત.
अपराद्ध (**अप** + **राध्** નો ભૂ૦ કૃ૦)–અપરાધ કરેલો.
अभिरत (**अभि** + **रम्** નો ભૂ૦ કૃ૦)–પ્રેમ દર્શાવેલો. [દર્શાવેલો.
आदृत (**आ** + **दृ** નો ભૂ૦ કૃ૦)–આદર
आप्त–વિશ્વાસુ.
कटु–કડવું, તીખું.
किमपि–કંઈક, અનિર્વચનીય, અવર્ણ્ય (બહુ સ્તુત્ય કે નિન્ધ હોવાથી).
कियत्–કેટલું.
नियत (**नि** + **यम्** નો ભૂ૦કૃ૦)–નિયમમાં રહેલું, કબજામાં રહેલું.
नियुक्त (**नि** + **युज्** નો ભૂ૦ કૃ૦)–નીમાયલું. [ગયલું.
प्रवृत्त (**प्र** + **वृत्** નો ભૂ૦ કૃ૦)–ચાલેલું,
प्रोज्झित (**प्र** + **उज्झ्** નો ભૂ૦ કૃ૦)–તજેલું.
भक्त (**भज्** નો ભૂ૦ કૃ૦)–ભજનાર, આસક્ત.
रिक्तहस्त (**बहु**૦. **रिक्त**, **रिच्** નો ભૂ૦+કૃ૦ ખાલી + **हस्त**)–ખાલી છે હાથ જેના એવું, ખાલી હાથવાળું.
संनियोजित (**सम्** + **नि** + **युज्**ના પ્રેરક અંગનો ભૂ૦ કૃ૦)–નીમાયલું
संभावित (**सम्** + **भू** ના પ્રેરક અંગનો ભૂ૦ કૃ૦)–માન્ય.
सुकर–કરવું સહેલું તે.
सूनृत–સત્ય ને પ્રિય.
सेवित (**सेव्** નો ભૂ૦ કૃ૦)–સેવાયલું, આશ્રય કરાયલું.
हातव्य (**हा** ' તજવું ' નો વિધ્ય૦ કૃ૦)–તજવા લાયક.

ધાતુ.

अपोह् (**अप** + **ऊह्**=**अपोहति**) (૧ ગ૦ ૫૦)–નાશ કરવો.
आ+**लप्** (**आलपति**) (૧ ગ૦ ૫૦)–વાત કરવી. [જવું.
उप + **इ** (**उपैति**) (૨ ગ૦૫૦)–પાસે
तप् (**तपति**) (૧ ગ૦ ૫૦)–તપવું.
दुह् (**दोग्धि**, **दुग्धे**) (૨ ગ૦ઉ૦)–દોહવું.
पूर् (**पूरयति**) (૧૦ ગ૦ ૫૦)–પૂરવું, સફળ કરવું.

भिद् (**भिनत्ति-भिन्त्ते**) (૭ ગ૦ ઉ૦)-ભાંગવું, ઉઘાડું કરવું.

भुज् (**भुनक्ति** ૭ ગ૦ પ૦)-ભોગવવું, (**भुङ्क्ते** ૭ ગ૦ આ૦)-ખાવું.

मृष् (**मृष्यति-ते, मर्षयति-ते**) (૪,૧૦ ગ૦ ઉ૦)-માફ કરવું.

युज् (**युनक्ति-युङ्क्ते**) (૭ ગ૦ ઉ૦)-જોડવું; (**अनु** સાથે)-પૂછવું; (**नि** સાથે)-નીમવું.

रिच् (**रिणक्ति-रिङ्क्ते**) (૭ ગ૦ ઉ૦)-ખાલી કરવું; (**अति** સાથે)-(**कर्मणि** માં) અધિક થવું.

रुध् (**रुणद्धि-रुन्द्धे**) (૭ ગ૦ ઉ૦)-રૂંધવું, રોકવું; (**सम्** સાથે)-અટકાવવું.

लिह् (**लेढि-लीढे**) (૨ ગ૦ ઉ૦)-(**प्र** કે **अव** સાથે)-ચાટવું.

विच् (**विविनक्ति-ङ्क्ते**) (૭ ગ૦ ઉ૦)-કે (**वि** સાથે)-જુદું કરવું, વિવેક કરવો.

वि + प्र + कृष् (**विप्रकर्षति**) (૧ ગ૦ પ૦)-દૂર કરવું. [જોવું.

वि+लुक् (**विलोकयति**) (૧૦ ગ૦ પ૦)-

व्रज् (**व्रजति**) (૧ ગ૦ પ૦)-જવું.

शुध् (**शुध्यति**) (૪ ગ૦ પ૦)-શુદ્ધ થવું, પવિત્ર થવું.

सद् [**सीद्**] (**सीदति**) (૧ ગ૦ પ૦)-નાશ પામવો, દુઃખ પામવું.

सेव् (**सेवते**) (૧ ગ૦ આ૦)-સેવવું, પૂજવું.

हिंस् (**हिनस्ति**) (૭ ગ૦ પ૦)-હિંસા કરવી.

અવ્યય.

ईषत्-લગાર. [તજીને.

उत्सृज्य (**उद् + सृज्** નો અવ્ય૦ કૃ૦)-

कदाचित्-કોઈ પણ વખત.

कृच्छ्रेण (**कृच्छ्र** ન૦ નું તૃ૦ એ૦ વ૦)-મુશ્કેલીથી.

तदर्थम् (**चतु० तत्पु०, क्रियाविशे०**)-તેને માટે.

त्वत्कृते (**तत्पु०, त्वद्** સર્વ૦ તું + **कृते** અ૦ લીધે)-તારે લીધે.

सकृत्-એકવાર.

પાઠ ૩૦ મો.

ત્રીજો ગણ.

देहि मे प्रतिवचनम्—દે મને જવાબ=મને જવાબ દે.

मृत्योर्न बिभेत्ययं वीरः—મૃત્યુથી નથી બીતો આ વીર=આ વીર મૃત્યુથી બીતો નથી.

पावके हविर्जुहुधि—અગ્નિમાં બલિદાન હોમ.

लोकस्य कोलाहल उदजिहीत—લોકનું કલકલાણ ઊંચું ગયું—ખૂબ થયું.

अवधत्तां देवो देवी च—ધ્યાન આપે રાજા રાણી અને=રાજા અને રાણી ધ્યાન આપે.

ન ન મ ય ય યુતેયં માલિની ભોગિલોકૈઃ—નગણ, નગણ, મગણ, યગણ, ને યગણથી જોડાયલી-યુક્ત (યુતા) એ માલિની (છંદ કહેવાય છે), સર્પ ને લોક, અર્થાત્, ૮ ને ૭ વર્ણોથી, એમાં યતિ (વિશ્રામસ્થાન) છે.

માલિની એક છંદ છે. ત્રણ અક્ષરોનો એક ગણ થાય છે, ને તે હ્રસ્વ-દીર્ઘ હોય તે પ્રમાણે તેના નીચે આપેલા આઠ પ્રકાર છે:—

मस्त्रिगुरुस्त्रिलघुश्च नकारो

भादिगुरुः पुनरादिलघुर्यः ।

जो गुरुमध्यगतो रलमध्यः

सोऽन्तगुरुः कथितोऽन्तलघुस्तः ॥

म ગણમાં ત્રણ વર્ણ ગુરુ હોય છે; (એથી ઉલટું) **न** ગણમાં ત્રણ લઘુ છે; આદિ વર્ણ ગુરુ હોય, ને બીજા બે લઘુ હોય, તે **भ** ગણ છે; પ્રથમ વર્ણ લઘુ હોય તે **य** ગણ છે. મધ્ય વર્ણ ગુરુ હોય તે **ज** ગણ છે; મધ્ય વર્ણ લઘુ હોય તે **र** ગણ છે. અન્ત્ય વર્ણ ગુરુ હોય તે **स** ગણ છે; અન્ત્ય વર્ણ લઘુ હોય તે **त** ગણ છે.

હ્રસ્વ સ્વરવાળો વર્ણ લઘુ ને દીર્ઘ સ્વરવાળો વર્ણ ગુરુ કહેવાય છે. વળી હ્રસ્વ સ્વર પછી જોડાક્ષર હોય તો તે ગુરુ કહેવાય છે, તેમજ પાદને અન્તે હ્રસ્વ સ્વર હોય તે પણ ગુરુ કહેવાય છે. **ल** એટલે લઘુ ને **ग** એટલે ગુરુ.

દરેક છન્દમાં **યતિ** એટલે વિશ્રામસ્થાન હોય છે. **માલિની**માં આઠ ને સાત અક્ષર પછી **યતિ** હોય છે, પહેલા આઠ વર્ણ બોલ્યા પછી અટકવાનું આવે છે ને પછી સાત વર્ણ પછી.

સંસ્કૃતમાં દરેક છન્દનું લક્ષણ તેજ છન્દના પાદમાં (ચતુર્થાંશમાં) આપેલું હોય છે. **માલિનીનું** લક્ષણ **માલિની** છન્દમાંજ છે, તે નીચે પ્રમાણે:—

न न म य य यु ते यं । मा लि नी भो गि लो कैः ।

˘ લઘુનું ચિહ્ન; — ગુરુનું ચિહ્ન; । યતિનું ચિહ્ન.

આ પાઠમાં ત્રીજા ગણના ધાતુના રૂપોના દાખલા છે. ત્રીજા ગણમાં ધાતુનો દ્વિર્ભાવ થઈ પ્રત્યયો લાગે છે. પરોક્ષ ભૂતકાળમાં પણ ધાતુનો દ્વિર્ભાવ થાય છે.

દ્વિર્ભાવના સામાન્ય નિયમો.

अद्—अअद्; ऋ—ऋऋ; भी—भीभी; पच्—पपच्.

આ ઉપરથી નીચેનો નિયમ નીકળે છે:—

૧. ધાતુના આદિ વર્ણ સ્વર હોય તો તે સ્વર દ્વિર્ભાવ પામે છે, ને વ્યંજન હોય તો તે વ્યંજન, પછીના સ્વર સાથે, દ્વિર્ભાવ પામે છે.

त्यज्—तत्यज; क्री—क्रीक्री, स्मृ—स्स्मृ. આ ઉપરથી નીકળતો નિયમઃ—

૨. ધાતુનો આદિ વર્ણ જોડાક્ષર હોય તો તેમાંનો પ્રથમ વ્યંજન સ્વર સાથે દ્વિર્ભાવ પામે છે.

स्तृ—तृस्तृ; स्पृश्—पृस्पृश्; स्त्यै—तैस्त्यै. નિયમઃ—

૩. ધાતુનો આદિ વર્ણ જોડાક્ષર હોય ને તે જોડાક્ષરનો પહેલો અક્ષર श्, ष्, કે स् હોય ને બીજો અઘોષ વ્યંજન હોય તો તે અઘોષ વ્યંજનનો પછીના સ્વર સાથે દ્વિર્ભાવ થાય છે.

૪. દ્વિર્ભાવ પામેલા ધાતુનો પ્રથમ અવયવ **अभ्यास** કહેવાય છેઃ—

जि—जिजि; कृ-कृकृ; आस्—आआस्.

અભ્યાસમાં થતા ફેરફાર.

(अ) भी–भीभी–भिभी; नी–नीनी–निनी; धा—धाधा–धधा.

(आ) कृ–कृकृ–ककृ; स्मृ–स्स्मृ–सस्मृ.

(इ) खन्–खखन्–कखन्; छिद्–छिछिद्–चिछिद्–[1]चिच्छिद्; भी–भीभी–भिभी–बिभी; धा–धाधा–धधा–दधा.

(ई) कृ–कृकृ–ककृ–चकृ; खखन्–कखन्–चखन्; गण्–गगण्–जगण्.

(उ) ह–हह–हह–जह; ह्री–ह्रीह्री–हिह्री–जिह्री.

આ ઉપરથી નીકળતા નિયમોઃ—

૫. (अ) અભ્યાસમાં દીર્ઘ સ્વર હ્રસ્વ થાય છે; पू–पूपू–पुपू; मील्–मीमील्–मिमील्; ज्ञा–जाज्ञा–जज्ञा.

(आ) અભ્યાસના ऋ નો अ થાય છે; तृ–तृतृ–ततृ–ततृ.

(इ) વર્ગના બીજા અક્ષરનો પહેલો ને ચોથાનો ત્રીજો થાય છે; फल्–फफल्–पफल्; भज्–भभज्–बभज्.

(ई) क વર્ગના વર્ણનો તેને મળતો च વર્ગનો વર્ણ થાય છે; गद्–गगद्–जगद्; क्षम्–कक्षम्–चक्षम्.

(उ) ह् નો ज् થાય છે; हन्–हहन्–जहन्.

भृ ઉ૦

	પર૦ વર્ત૦			આત્મ૦ વર્ત૦		
પ્ર૦	बिभर्मि	बिभृवः	बिभृमः	बिभ्रे	बिभृवहे	बिभृमहे
દ્વિ૦	बिभर्षि	बिभृथः	बिभृथ	बिभृषे	बिभ्राथे	बिभृध्वे
તૃ૦	बिभर्ति	बिभृतः	बिभ्रति	बिभृते	बिभ्राते	बिभ्रते

	ભૂત૦			ભૂત૦		
તૃ૦	अबिभः	अबिभृताम्	अबिभरुः	अबिभृत	अबिभ्राताम्	अबिभ्रत

---

[1] छ् ની પૂર્વે હ્રસ્વ સ્વર હોય તો छ् નો च्छ् થાય છે; स्वच्छ, शिवच्छाया, म्लेच्छित्.

આજ્ઞા० | आज्ञा०

तृ० बिभर्तु बिभृताम् बिभ्रतु   प्र० बिभरै बिभरावहै बिभरामहै

વિધ્ય०—बिभृयात्. बिभ्रीत વગેરે.

ह्री પર०

વર્ત० | આજ્ઞા०

तृ० जिह्रेति जिह्रीतः जिह्रियति   जिह्रयाणि जिह्रयाव जिह्रयाम

ભૂત० | વિધ્ય०

तृ० अजिह्रेत् अजिह्रीताम् अजिह्रयुः   जिह्रीयात् વગેરે.

हा પર०

વર્ત० | આજ્ઞા०

तृ० जहाति जहितः-हीतः जहति   जहातु जहितः-हीतः जहतु

ભૂત० | વિધ્ય०

तृ० अजहात् अजहिताम्-हीताम् अजहुः जह्यात् વગેરે.

આજ્ઞા०

द्वि० जहाहि-जहिहि-जहीहि   जहितम्-हीतम्   जहित-हीत.

ઉપલાં રૂપો પરથી માલમ પડશે કે

૬. भृ ધાતુનો દ્વિર્ભાવ ગણકાર્યવિશિષ્ટ કાળો ને અર્થોમાં बिभृ થાય છે.

૭. ત્રીજા ગણમાં પરસ્મૈપદ પ્રત્યયોમાં ત્રીજા પુરુષના બહુવચનમાંથી न् નો લોપ થાય છે.

૮. ભૂતકાળના પરસ્મૈપદ ત્રીજા પુરુષના બહુવચનનો પ્રત્યય उस् છે. એ उस् પ્રત્યય પર છતાં ધાતુના અન્ત્ય સ્વરનો ગુણ થાય છે ને आ લોપાય છે.

૯. हा પર० 'તજવું' ના आ નો વ્યંજનાદિ અવિકારક પ્રત્યય પર છતાં इ કે ई થાય છે ને સ્વરાદિ અવિકારક પ્રત્યય પર છતાં તેમજ વિધ્યર્થમાં आ લોપાય છે. આજ્ઞાર્થ द्वि० ए० व० માં जहाहि, जहिहि, जहीहि રૂપો થાય છે.

जिह्री + अति (ई ની પૂર્વે જોડાક્ષર હોવાથી ई નો इय् થઈ)-जिह्रियति.

भी પર०

વર્ત०

तृ० बिभेति   बिभितः-भीतः   बिभ्यति

આજ્ઞા०

द्वि० बिभिहि-भीहि   बिभितम्-भीतम्   बिभित-भीत

ભૂત०

तृ० अबिभेत्   अबिभिताम्-भीताम्   अबिभयुः

વિધ્ય૦—बिभियात्—भीयात् વગેરે.

૧૦. भी ધાતુમાં અવિકારક પ્રત્યય પર છતાં અન્ત્ય સ્વર વિકલ્પે હ્રસ્વ થાય છે.

मा આત્મ૦			हा આત્મ૦		
વર્ત૦			વર્ત૦		
તૃ૦ मिमीते	मिमाते	मिमते	जिहीते	जिहाते	जिहते
પ્ર૦ मिमे	मिमीवहे	मिमीमहे	जिहे	जिहीवहे	जिहीमहे
આજ્ઞા૦			આજ્ઞા૦		
દ્વિ૦ मिमीष्व	मिमाथाम्	मिमीध्वम्	जिहीष्व	जिहाथाम्	जिहीध्वम्
ભૂત૦			ભૂત૦		
તૃ૦ अमिमीत	अमिमाताम्	अमिमत	अजिहीत	अजिहाताम्	अजिहत

વિધ્ય૦—मिमीत जिहीत વગેરે.

૧૧. मा ને हा આત્મ૦ 'જવું' નો દ્વિર્ભાવ ગણુકાર્યવિશિષ્ટ કાળો ને અર્થોમાં मिमा ને जिहा થાય છે.

૧૨. मा ને हा આત્મ૦ 'જવું' એ ધાતુઓના અન્ત્ય સ્વરનો વ્યંજનાદિ અવિકારક પ્રત્યય પર છતાં ई થાય છે ને સ્વરાદિ અવિકારક પ્રત્યય પર છતાં લોપ થાય છે.

हु પર૦

	વર્ત૦			આજ્ઞા૦		
તૃ૦	जुहोति	जुहुतः	जुह्वति	દ્વિ૦ जुहुधि	जुहुतम्	जुहुत
	ભૂત૦			વિધ્ય૦		
તૃ૦	अजुहोत्	अजुहुताम्	अजुहवुः	जुहुयात् વગેરે.		

૧૩. हु ધાતુમાં આજ્ઞાર્થ દ્વિ૦ એ૦ વ૦ નો પ્રત્યય धि છે. જુઓ પા૦ ૨૭ નિ૦ ૧૫.

दा ઉ૦

	પર૦ વર્ત૦			આત્મ૦ વર્ત૦		
તૃ૦	ददाति	दत्तः	ददति	दत्ते	ददाते	ददते
દ્વિ૦	ददासि	दत्थः	दत्थ	दत्से	ददाथे	दद्ध्वे
	આજ્ઞા૦			આજ્ઞા૦		
પ્ર૦	ददानि	ददाव	ददाम	ददै	ददावहै	ददामहै
દ્વિ૦	देहि	दत्तम्	दत्त	दत्स्व	ददाथाम्	दद्ध्वम्

	भूत०			भूत०		
प्र०	अददाम्	अदद्व	अदद्म	अददि	अदद्वहि	अदद्महि
तृ०	अददात्	अदत्ताम्	अददुः	अदत्त	अददाताम्	अददत

विध्य०—दद्यात् ददीत वगेरे.

धा ઉ०

	પર० वर्त०			આત્મ० वर्त०		
प्र०	दधामि	दध्वः	दध्मः	दधे	दध्वहे	दध्महे
द्वि०	दधासि	धत्थः	धत्थ	धत्से	दधाथे	धद्ध्वे
तृ०	दधाति	धत्तः	दधति	धत्ते	दधाते	दधते
	આજ્ઞા०			આજ્ઞા०		
द्वि०	धेहि	धत्तम्	धत्त	धत्स्व	दधाथाम्	धद्ध्वम्
	ભૂત०			ભૂત०		
तृ०	अदधात्	अधत्ताम्	अदधुः	अधत्त	अदधाताम्	अदधत

विध्य०—दध्यात् दधीत वगेरे.

१४. (अ) दा અને धा નું વ્યંજનાદિ અવિકારક પ્રત્યય પર છતાં दद् ને दध् થાય છે.

(आ) સ્વરાદિ અવિકારક પ્રત્યય પર છતાં आ લોપાય છે.

(इ) અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયના વ્યંજનથી શરૂ થતા અવિકારક પ્રત્યય પર છતાં धा નું धत् થાય છે.

(ई) આજ્ઞાર્થ द्वि० ए० व० देहि ને धेहि થાય છે.

निज् ઉ०

પર० वर्त०

तृ०	नेनेक्ति	नेनिक्तः	नेनिजति

આત્મ० આજ્ઞા०

प्र०	नेनिजै	नेनिजावहै	नेनिजामहै

अनेनिजम्, अनेनेक्, नेनिज्यात्, नेनिजीत.

१५. निज्, विज्, ने विष् ધાતુમાં અભ્યાસના સ્વરનો ગુણ થાય છે; ને
१६. સ્વરાદિ વિકારક પ્રત્યયો પર છતાં ઉપાન્ત્ય સ્વરનો ગુણ થતો નથી.

असारात् संसारान्मन उद्विजते ।
कर्णौ पिधाय शान्तं पापं शान्तं पापमित्यब्रवीत् ।
हरिशब्दोऽत्र विष्णुमेवाभिधत्ते ।

बहुधा भयमादधानाश्छाया अत्रारण्ये चरन्ति ।
अयं पुत्रकृतको मृगस्ते पदवीं न जहाति पश्य ।
रघुर्धनुष्यमोघं सायकं समधत्त ।
अनेन समयेन परिणतो दिवसः ।
वेवेष्टि व्याप्नोति विश्वमिति विष्णुः ।
गुरोःपादाववानेनिजम् ।
सहस्रगुणमुत्स्रष्टुमादत्ते हि रसं रविः ।
जठरं को न बिभर्ति केवलम् ।
प्रायः शुभं च विदधात्यशुभं च जन्तोः
सर्वङ्कषा भगवती भवितव्यतैव ॥

अविनीत किं नोऽपत्यनिर्विशेषाणि सत्त्वानि विप्रकरोषि । हन्त वर्धते ते संरम्भः । स्थाने खलु ऋषिजनेन सर्वदमन इति कृतनामधेयोऽसि ॥

पुण्यानि हि नामग्रहणान्यपि महामुनीनाम् । किं पुनर्दर्शनानि । धन्यमिदमाश्रमपदमयमधिपतिर्यत्र । पुण्यभाजः खल्वमी मुनयो यदहर्निशमेनमपरमिव नलिनासनं मुखावलोकननिश्चलदृष्टयः पुण्याः कथाः शृण्वन्तः समुपासते ॥

श्रीशस्त्वावतु मापीह दत्तात् ते मेऽपि शर्म सः ।
सुखं वां नौ ददात्वीशः पतिर्वामपि नो हरिः ॥

मातेव रक्षति पितेव हिते नियुङ्क्ते
भार्येव चाभिरमयत्यपनीय खेदम् ।
कीर्तिं च दिक्षु विमलां वितनोति लक्ष्मीं
किं किं न साधयति कल्पलतेव विद्या ॥

ददतु ददतु गालीर्गालिमन्तो भवन्तो
वयमपि तदभावाद्गालिदानेऽसमर्थाः ।
जगति विदितमेतद् दीयते विद्यमानं
न हि शशकविषाणं कोऽपि कस्मै ददाति ॥

सकृदुच्चरितं येन हरिरित्यक्षरद्वयम् ।
बद्धः परिकरस्तेन मोक्षाय गमनं प्रति ॥

प्रकृत्यैव प्रिया सीता रामस्यासीन्महात्मनः ।
प्रियभावः स तु तया स्वगुणैरेव वर्धितः ॥

तथैव रामः सीतायाः प्राणेभ्योऽपि प्रियोऽभवत् ।
हृदयं त्वेव जानाति प्रीतियोगं परस्परम् ॥

રામની આજ્ઞાને અનુસરીને લક્ષ્મણે સીતાને એકાન્ત વનમાં તજી દીધી.
અરે પાપ, આ દુષ્ટ વચન બોલતો શરમાતો નથી?
અધ્વર્યુઓએ હવિને અગ્નિમાં હોમ્યું.
હે દેવ, પ્રસન્ન થા, મને સદ્બુદ્ધિ આપ.
આવેલા અતિથિને આસન અને ઉદક આપવાં જોઈએ.

નામ.

अधिपति (પું०)-સ્વામી.
अवलोकन (**अवलोकनम्**) (ન०)-દર્શન.
आश्रमपद (**आश्रमपदम्**) (ન०)-(तत्पु०, **आश्रम** પું० + **पद** ન० સ્થાન)-આશ્રમસ્થાન.
कल्पलता (स्त्री०)-મનોરથ સફળ કરનાર સ્વર્ગનો એક વેલો.
कोलाहल (**कोलाहलः**) (પું०)-કકલાણ.
गालि (स्त्री०)-ગાળ.
छाया (स्त्री०)-છાયડો.
जन्तु (પું०)-પ્રાણી.
नलिनासन (**नलिनासनः**) (પું०) (बहु०, **नलीन** ન० પદ્મ + **आसन** ન०)-કમળ છે આસન જેનું, બ્રહ્મા.
नामधेय (**नामधेयम्**) (ન०)-નામ (**धेय** એ સ્વાર્થવાચક પ્રત્યય છે, એથી શબ્દના અર્થમાં વધારો થતો નથી, પ્રત્યય મૂળ અર્થજ કહે છે **नाम एव नामधेयम्**).
पदवी (स्त्री०)-માર્ગ.
परिकर (**परिकरः**) (પું०)-કમ્મરપટો.
पावक (**पावकः**) (પું०)-અગ્નિ.
पुत्रकृतक (**पुत्रकृतकः**) (પું०)-દત્તક લીધેલો પુત્ર.
प्रकृति (स्त्री०)-સ્વભાવ.
प्रतिवचन (**प्रतिवचनम्**) (ન०)-ઉત્તર.
प्रियभाव (**प्रियभावः**) (પું०)-પ્રિયપણું.
प्रीतियोग (**प्रीतियोगः**) (પું०)-સ્નેહનું જોડાવવું.
भवितव्यता (स्त्री०)-નસીબ.
मृत्यु (પું०)-મોત.
रस (**रसः**) (પું०)-પાણી.
विषाण (**विषाणम्**) (ન०)-શીંગડું.
शशक (**शशकः**) (પું०) સસલું.
संरम्भ (**संरम्भः**) (પું०)-ક્રોધ.
सत्त्व (**सत्त्वम्**) (ન०)-પ્રાણી.
सर्वदमन (**सर्वदमनः**) (પું०)-સર્વને વશ કરનાર, દુષ્યન્તનો પુત્ર.
सायक (**सायकः**) (પું०)-બાણ.

વિશે०

अमोघ (**अ** + **मोघ**=વિફળ)-સફળ.
असार (**बहु०**)-સારરહિત.
धन्य-ભાગ્યશાલી.
निश्चल-સ્થિર.
निर्विशेष (**बहु०**, **निर्** + **विशेष** પું०=ભેદ)-ભેદરહિત, સમાન.
परिणत (**परि** + **नम्** નો ભૂ० કૃ०)-પરિણામ પામેલું, આથમેલું.
पुण्यभाज्-પુણ્યશાલી.
सर्वङ्कषा (**सर्वङ्कष** નું स्त्री०)-સર્વને તાબે કરનાર.

ધાતુ.

अप+नी (अपनयति-ते) (૧ ગ૦ ઉ૦)-દૂર કરવું.

उद् + विज् (उद्विजते) (૬ ગ૦ આ૦)-કંટાળો પામવો.

दा (ददाति-दत्ते) (૩ ગ૦ ઉ૦)-આપવું; (आसाथे)-લેવું.

धा (दधाति-धत्ते) (૩ ગ૦ ઉ૦)-મૂકવું; (अपिसाथे)-બંધ કરવું; (अभिसाथे)-કહેવું; (अवसाथे)-ધ્યાન આપવું; (विसाथे)-કરવું; (सम्साथे)-જોડવું.

निज् (नेनेक्ति-निक्ते) (૩ ગ૦ ઉ૦)-કે (अव साथे)-ધોવું.

भृ (बिभर्ति-भृत्ते) (૩ ગ૦ ઉ૦)-ભરવું.

विज् (वेवेक्ति-विक्ते) (૩ ગ૦ ઉ૦)-પૃથક્ કરવું.

वि + प्र + कृ (विप्रकरोति-कुरुते) (૮ ગ૦ ઉ૦)-ઈજા કરવી.

विष् (वेवेष्टि-विष्टे) (૩ ગ૦ ઉ૦)-વિંટળાવવું, વ્યાપવું.

सम् + उप + आस् (समुपास्ते) (૨ ગ૦ આ૦)-સેવવું, પૂજવું. [સાધવું.

साध् (साधयति) (૧૦ ગ૦ પ૦)-

हा (जिहीते) (૩ ગ૦ આ૦)-જવું; (उद्साथे)-ઊંચે જવું.

हा (जहाति) (૩ ગ૦ પ૦)-તજવું.

हु (जुहोति) (૩ ગ૦ પ૦)-હોમવું.

ह्री (जिह्रेति) (૩ ગ૦ પ૦)-શરમાવું.

અવ્ય૦

अहर्निशम्-દહાડો ને રાત.

उत्स्रष्टुम् (उद्+सृज्) નો હેત્વ૦ કૃ૦)-તજવા, આપવા.

किं पुनः-તો કહેવુંજ શું ? કેટલું બધું વધારે ? (વિરોધ ને આધિક્યવાચક.)

पश्चात्-પછી.

बहुधा-બહુ પ્રકારે.

शान्तं पापम्-પાપ શાન્ત થાઓ. અનિષ્ટ ન સાંભળવા એ શબ્દો ઉચ્ચારાય છે.

सहस्रगुणम् (बहु०, सहस्र ન૦ હજાર, +गुण પું૦ વધારો)-હજારગણું.

स्थाने-યોગ્ય.

हन्त-અફસોસ ! શોકવાચક, કવચિત્ હર્ષવાચક પણ છે.

પાઠ ૩૧ મો.

વિશેષણ અને અવ્યય.

एकादश रुद्रा द्वादशादित्याः—અગીઆર રુદ્ર છે; બાર આદિત્ય છે.

माणवको ब्राह्मणानां विंशतये दक्षिणामयच्छत्—માણવકે વીસ બ્રાહ્મણને દક્ષિણા આપી.

रघुवंशे कुमारसंभवे च यथाक्रममेकोनविंशतिः सप्तदश च सर्गाः—રઘુવંશમાં ને કુમારસંભવમાં અનુક્રમે ૧૯ ને ૧૭ સર્ગો છે.

जालान्तर्गते रश्मौ यत् सूक्ष्मं रजो दृश्यते तस्य त्रिंशत्तमो भागः परमाणुः कथ्यते—જાળીઆની અંદર આવેલા કિરણમાં જે સૂક્ષ્મ રજ દેખાય છે તેનો ત્રીસમો ભાગ પરમાણુ કહેવાય છે.

सीता प्राणेभ्योऽपि प्रेयसी रामस्य—સીતા રામને પ્રાણુથી પણ અધિક પ્રિય હતી.

कच्चित् कामप्रवेदने—**कच्चित्** એ (અવ્યય) ઇચ્છા નિવેદન કરવાના અર્થમાં (પ્રયોજાય છે).

कच्चिन्मृगीणामनघा प्रसूतिः—હું આશા રાખું છું કે હરણીઓની સંતતિ દુઃખરહિત—સુખી છે.

अपि ની પેઠે **कच्चित्** પણ પ્રશ્નાર્થક છે: પરંતુ પ્રશ્નનો ઉત્તર હકારમાં હોય એવા પ્રશ્નના અર્થમાં એ બહુધા વપરાય છે: 'હું આશા રાખું છું,' 'હું ધારૂં છું,' એવો એનો અર્થ છે. ક્વચિત્ સામાન્ય પ્રશ્નના અર્થમાં પણ अपिની પેઠે વપરાય છે.

दिष्ट्या प्रतिहता युष्माकं विघ्नाः—સુભાગ્યે, તમારાં વિઘ્નો હણાયાં છે. તમારાં વિઘ્નોનો નાશ થયો છે તેથી હું તમને ધન્યવાદ આપું છું; હું ઘણો ખુશ થયો છું. दिष्ट्या એ दिष्टि (સ્ત્રી॰) નું तृ॰ ए॰ व॰ છે.

स्थाने खल्वत्र चित्रे सज्जति मे दृष्टिः—યુક્ત છે, ખરેખર, આ ચિત્રને વિષે જાય છે–ચોંટે છે મારી દૃષ્ટિ—આ ચિત્રને વિષે મારી દૃષ્ટિ લગ્ન થાય છે તે યુક્ત છે. स्थानेનો અર્થ 'युज्यते'—'યુક્ત છે' થાય છે.

काममेतद् दुर्लभं मनस्त्वस्मिन्नुत्सुकम्—ભલે એ દુર્લભ છે–એ ગમે તેટલું દુર્લભ છે તોપણ–એને વિષે મન ઉત્સુક છે. कामम् અવ્યય છે. એનો અર્થ 'ગમે તેટલું', 'ભલે' થાય છે.

स्वयं रोपितेषु तरुषूत्पद्यते स्नेहः किं पुनरङ्गसंभवेष्वपत्येषु—જાતે રોપેલાં વૃક્ષોને વિષે સ્નેહ ઉત્પન્ન થાય છે, તો પછી શરીરમાંથી જેની ઉત્પત્તિ છે એવાં છોકરાં વિષે (થાય તેમાં કહેવુંજ શું)?

किं पुनः, किमुत, ને किमु એ ત્રણે અવ્યયો એવા અર્થમાં વપરાય છે. એનો અર્થ 'का वार्ता'—'किमत्र वक्तव्यम्'–'કહેવુંજ શું?' એવો છે.

पक्षपातिनावहं देवी च—હું ને રાણી પક્ષપાતી છીએ. વિશેષણને વિશેષ્યનાં લિંગવચન લાગે છે; પરંતુ એક વિશેષ્ય પુંલિંગમાં ને બીજો સ્ત્રીલિંગમાં હોય તો વિશેષણ પુંલિંગમાં આવે છે.

सत्यं धृतिः शमश्च तस्मिन् ध्रुवाणि—સત્ય, ધૈર્ય, ને શમ તેને વિષે અચલ છે.

વિશેષ્ય ત્રણ જાતિના હોય કે તેમાંનું એક નપુંસકમાં હોય તો વિશેષણ નપુંસકમાં આવે છે.

तयैव देवतया तयोः कुशलवाविति नामनी प्रभावश्चाख्यातः—તેજ દેવતાએ તે બેનાં કુશ ને લવ એમ નામ અને પ્રભાવ કહ્યો.

આ પ્રમાણે વિશેષણનો અન્વય તેની પાસેના વિશેષ્ય સાથે થાય છે ને બીજા વિશેષ્ય સાથે લિંગવિપરિણામથી—લિંગ બદલીને અન્વય કરવો પડે છે; नामनी आख्याते इति लिङ्गविपरिणामेनान्वयः ।

આ પાઠમાં વિશેષણ ને અવ્યય વિષે કેટલીક હકીકત આપી છે.

પહેલેથી દસ સુધી સંખ્યાવાચક શબ્દો વિષે ૨૯ મા પાઠમાં વિવેચન કર્યું છે. દશક બતાવનારા સંખ્યાવાચક શબ્દો નીચે આપ્યા છે:—

विंशति	(સ્ત્રી૦)	વીસ.	नवति	(સ્ત્રી૦)	નેવું.
त्रिंशत्	,,	ત્રીસ.	शत	(न०)	સો.
चत्वारिंशत्	,,	ચાળીસ.	सहस्र	,,	હજાર.
पञ्चाशत्	,,	પચાસ.	अयुत	,,	દસહજાર.
षष्टि	,,	સાઠ.	लक्ष	,,	લાખ.
सप्तति	,,	સિત્તેર.	प्रयुत	,,	દસલાખ.
अशीति	,,	એંસી.	कोटि	(સ્ત્રી૦)	કરોડ.

विंशतये ब्राह्मणेभ्यो दक्षिणां ददाति नारायणः કે ब्राह्मणानां विंशतये दक्षिणां ददाति नारायणः આ પ્રમાણે ૧. विंशति વગેરે નામ તરીકે વપરાય છે, અથવા તો નામ સાથે વપરાય છે, ત્યારે તે ગમે તે લિંગના નામ સાથે વપરાય છે, ને એકવચનમાં ને સ્ત્રીલિંગમાં આવે છે.

एकादशन्–અગીઆર.
द्वादशन्–બાર.
षोडशन्–સોળ.
त्रयोविंशति–ત્રેવીસ.
पञ्चविंशति–પચીસ.
अष्टात्रिंशत्–આડત્રીસ.
द्विचत्वारिंशत्, द्वाचत्वारिंशत् } બેતાળીસ.
त्रिपञ्चाशत्, त्रयःपञ्चाशत् } ત્રેપન.
अष्टषष्टि, अष्टाषष्टि } અડસઠ.
द्विसप्तति, द्वासप्तति } બોત્તેર.
त्रिनवति, त्रयोनवति } ત્રાણુ.
षण्णवति–છન્નેઉ.
द्व्यशीति–બ્યાસી.
त्र्यशीति–ત્યાસી.
अष्टाशीति–અઠયાસી.
एकोनसप्तति, एकान्नसप्तति, ऊनसप्तति } ઓગણસાઠ.

નિયમ:—

૨. બે દશકની વચલા સંખ્યાવાચક શબ્દો બનાવવામાં द्वि નું द्वा, त्रि નું त्रयः, ને अष्टन् નું अष्टा થાય છે. એ ફેરફાર अशीति સાથેના સામાસિક શબ્દોમાં થતો નથી, ને चत्वारिंशत्, पञ्चाशत्, षष्टि, सप्तति, ને नवतिના સામાસિક શબ્દોમાં વિકલ્પે થાય છે. पञ्चन् આદિ નકારાન્ત સંખ્યાવાચક શબ્દોનો નકાર, સમાસમાં બધા નકારાન્ત શબ્દોના નકારની પેઠે, લોપાય છે. નવની

વચલી સંખ્યા મોટી દસની સંખ્યાની પૂર્વે **एकोन** (**एक + ऊन**=એક ઓછું) કે **एकान्न** (**एक** નું **एकाद्** થાય છે. એક કરીને વીસ નહિ. **एकेन न विंशतिः एकान्नविंशतिः**) મૂકવાથી થાય છે.

एकादशः—અગીઆરમો.	**अशीतितमः**—એંસીમો.
विंशः—**विंशतितमः**—વીસમો.	**एकाशीतः**—**तितमः**—એક્યાસીમો.
त्रिंशः—**त्रिंशत्तमः**—ત્રીસમો.	**नवतितमः**—નેઉમો.
षष्टितमः—સાઠમો.	**षण्णवतः**—**तितमः**—છન્નેઉમો.
एकषष्टः—**ष्टितमः**—એકસેઠમો.	**शततमः**—સોમો.
सप्ततितमः—સિત્તેરમો.	**सहस्रतमः**—હજારમો.
चतुःसप्ततः—**तितमः**—ચુમ્મોતેરમો.	

૩. **एकादशन्** થી **नवदशन्** સુધીના સંખ્યાપૂરક શબ્દો **न्** નો લોપ કરવાથી થાય છે.

૪. **विंशति**થી આરંભીને સંખ્યાપૂરક શબ્દો **तम** પ્રત્યય લગાડવાથી થાય છે, અથવા અન્ત્ય સ્વરનો લોપ કરી ને અન્ત્ય વ્યંજન હોય તો તે વ્યંજનનો પૂર્વના સ્વર સાથે લોપ કરી **अ** ઉમેરવાથી થાય છે. **विंशति** નો **ति** લોપાય છે.

અપવાદ:—

૫. **षष्टि, सप्तति, अशीति,** ને **नवति**ના સંખ્યાપૂરક શબ્દો **तम** લગાડવાથીજ થાય છે, બીજી રીતે થતા નથી.

૬. શતકમાં આવેલી સંખ્યા **अधिक** કે **उत्तर** શબ્દ ઉમેરી નીચે પ્રમાણે દર્શાવાય છે:—

सप्तदशोत्तरं शतम् કે **सप्तदशाधिकं शतम्**=૧૧૭. **अष्टषष्ट्यधिकनवदशशततमो विक्रमार्कसंवत्सरोऽयम्**=સંવત્ ૧૯૬૮. **त्रयस्त्रिंशदुत्तराष्टादशशततमं शालिवाहनवर्षमिदम्**=શક ૧૮૩૩. **द्वादशाधिकमेकोनविंशतिशततमं ख्रिस्ताब्दम्**=ઈ. સ.૧૯૧૨.

तर ને **तम** તેમજ **ईयस्** ને **इष्ठ** એ ઉત્કર્ષવાચક પ્રત્યયો છે. એ વિષે અગાઉ કહેવામાં આવ્યું છે. એમાંના **ईयस्** ને **इष्ठ** પ્રત્યયો લાગી કેટલાક શબ્દોનાં અનિયમિત રૂપો થાય છે તે શબ્દોની અહિં ટીપ આપી છે.

મૂળ વિશેષણ	અધિકતાવાચક રૂપ.	શ્રેષ્ઠતાવાચક રૂપ.
प्रशस्य વખાણવા લાયક	**श्रेयस्**	**श्रेष्ठ**
वृद्ध ઘરડું	**ज्यायस्**—	**ज्येष्ठ**—
	वर्षीयस्	**वर्षिष्ठ**
अन्तिक પાસે	**नेदीयस्**	**नेदिष्ठ**
बाढ સારૂં	**साधीयस्**	**साधिष्ठ**
स्थूल મોટું	**स्थवीयस्**	**स्थविष्ठ**
दूर આઘું	**दवीयस्**	**दविष्ठ**
युवन् જુવાન	**यवीयस्**—	**यविष्ठ**—
	कनीयस्	**कनिष्ठ**

ह्रस्व ટુંકું	ह्रसीयस्	ह्रसिष्ठ
क्षिप्र વહેલું	क्षेपीयस्	क्षेपिष्ठ
क्षुद्र નજીવું	क्षोदीयस्	क्षोदिष्ठ
प्रिय વહાલું	प्रेयस्	प्रेष्ठ
स्थिर નિશ્ચલ	स्थेयस्	स्थेष्ठ
उरु પહોળું	वरीयस्	वरिष्ठ
बहुल ઘણું	बंहीयस्	बंहिष्ठ
दीर्घ લાંબું	द्राघीयस्	द्राघिष्ठ
अल्प નાનું	अल्पीयस्-	अल्पिष्ठ-
	कनीयस्	कनिष्ठ
पृथु બહોળું	प्रथीयस्	प्रथिष्ठ
मृदु નરમ	म्रदीयस्	म्रदिष्ठ
कृश પાતળું	क्रशीयस्	क्रशिष्ठ
दृढ મજબૂત	द्रढीयस्	द्रढिष्ठ
बहु ઘણું	भूयस्	भूयिष्ठ

આ બધા શબ્દોને तर ને तम પ્રત્યયો પણ લાગે છે; તે રૂપો કંઈ અનિયમિત નથી. प्रशस्यतर, युवतर (न् લોપાય છે), दीर्घतर, प्रियतम, अल्पतम, बहुतम.

આ બધી ટીપ મોંએ કરવાની જરૂર નથી.

સર્વનામ પરથી અવ્યયો નીચે પ્રમાણે બને છેઃ—

(अ) सर्वतः, कुतः, अन्यतः, यतः, ततः, इतः, अतः (पञ्चम्यर्थ तस् सप्त० ના અર્થમાં પણ વપરાય છે. इतः आगच्छ).

(आ) तत्र, अमुत्र, सर्वत्र, अन्यत्र अत्र, यत्र, कुत्र (सप्तम्यर्थ સ્થળવાચક त्र).

(इ) सर्वदा, एकदा, अन्यदा, यदा, तदा, कदा (सप्तम्यर्थ કાળવાચક दा).

(ई) तथा, यथा, सर्वथा, कथम् (પ્રકારવાચક था).

(उ) पूर्वेद्युः, अन्येद्युः, अपरेद्युः, (एद्युः—'તે દિવસે' એ અર્થમાં. પૂર્વ દિવસે વગેરે).

भूयान् भेदोऽनयोः शिष्ययोः।

अभिरूपभूयिष्ठा परिषदियम्।

वृद्धतमोऽपि राजा तद्वृत्तान्तमाकर्ण्य यविष्ठवत् क्षिप्रं राजधानीमगच्छत्।

अभिजातं खल्वस्य वचनम्। अथवा चन्द्रादमृतमिति किमत्राश्चर्यम्।

नास्ति भवतोऽपराधः। अहमेवात्रापराद्धा।

कथं रघुनाथ एषः। दिष्ट्या सुप्रभातमद्य यदयं देवो दृष्टः।

तपस्विनां प्रतनुतपसामपि तेजः प्रकृत्या दुःसहं भवति। किमुत सकलभुवनवन्दितचरणानां मुनीनाम्।

विद्यावतां सकलमेव गिरां दवीयः।

कच्चिद् भर्तुः स्मरसि रसिके त्वं हि तस्य प्रियेति।

कच्चिन्मयापराद्धमन्येन वा केनचिदस्मदनुजीविना परिजनेन। अतिनिपुणमपि चिन्तयन्न पश्यामि स्खलितमल्पमप्यात्मनस्त्वद्विषये।

देव दिष्ट्या वर्धसे। प्रतिहतास्ते शत्रवः। चिरं जीव। जय पृथिवीम्। यदुत्तरायणं तदहर्देवानाम्। दक्षिणायनं रात्रिः। संवत्सरोऽहोरात्रः। तत्रिंशता मासः। मासा द्वादशभिर्वर्षम्। द्वादश वर्षशतानि दिव्यानि कलियुगम्। द्विगुणानि द्वापरम्। त्रिगुणानि त्रेता। चतुर्गुणानि कृतयुगम्। एवं द्वादश वर्षसहस्राणि दिव्यानि चतुर्युगम्। चतुर्युगानामेकसप्ततिर्मन्वन्तरम्। चतुर्युगसहस्रं च कल्पः स च पितामहस्याहः। तावती चास्य रात्रिः। एवंविधेनाहोरात्रेण मासवर्षगणनया सर्वस्यैव ब्रह्मणो वर्षशतमायुः। ब्रह्मायुषा च परिच्छिन्नः पौरुषो दिवसः। तस्यान्ते महाकल्पः। तावत्यवास्य निशा। पौरुषाणामहोरात्राणामतीतानां संख्यैव नास्ति। न च भविष्याणाम्। अनाद्यनन्तता कालस्य॥

यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकिता।
एकैकमप्यनर्थाय किमु तत्र चतुष्टयम्॥

सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु।
वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम्॥

कामं नृपाः सन्तु सहस्रशोऽन्ये
राजन्वतीमाहुरनेन भूमिम्।
नक्षत्रताराग्रहसंकुलापि
ज्योतिष्मती चन्द्रमसैव रात्रिः॥

स्थाने भवानेकनराधिपः स-
न्नकिंचनत्वं मखजं व्यनक्ति।
पर्यायपीतस्य सुरैर्हिमांशोः
कलाक्षयः श्लाघ्यतरो हि वृद्धेः॥

હે ઋષિ, હું આશા રાખું છું કે તમારૂં તપ નિર્વિઘ્ન છે.
ઉર્વશી સર્વ સ્ત્રીઓમાં સુન્દર કહેવાય છે, તે યુક્ત છે.
રાજા અને રાણી બંને ધર્મિષ્ઠ હતાં.
હે મિત્ર, સત્કાર્યમાં તમારા વિજય માટે હું તમને ધન્યવાદ આપું છું.
તે ગ્રન્થને એકસો પંદરમે પાને વાત છે, તે તમે વાંચી છે?

નામ.

अकिञ्चनत्व ન૦ (**अकिंचन,** બહુ૦-જેની પાસે કંઈ નથી તે + त्व)-જેની પાસે કંઈ નથી એવી સ્થિતિ. [નુકસાન.

अनर्थ (**अनर्थः**) (પું૦)-અનિષ્ટ,

अनाद्यनन्तता સ્ત્રી૦ (**अनादि,** બહુ૦ + **अनन्त,** બહુ૦ + **ता**)-જેને આદિ કે અન્ત નથી એવી સ્થિતિ.

अभिरूप (**अभिरूपः**) (પું૦)-વિદ્વાન્.

अविवेकिता (સ્ત્રી૦)-અવિવેકીપણું. વિવેકનો-ડહાપણનો અભાવ.

अहोरात्र (**अहोरात्रः**) (પું૦) (**अहश्च रात्रिश्च अहोरात्रः,** દ્વન્દ્વ સમાસ. **अहन्‌**નું **अहः** ને **रात्रि**નું **रात्र** થયું છે)-દહાડો ને રાત.

आश्चर्य (**आश्चर्यम्**) (ન૦)-નવાઈ.

उत्तरायण (**उत्तरायणम्**) (ન૦) (**उत्तर** સર્વ૦+**अयन** ન૦ જવું)-જે છ માસ સૂર્ય દક્ષિણથી ઉત્તર તરફ જાય છે તે.

कल्प (**कल्पः**) (પું૦)-બ્રહ્માનો દિવસ (એને અન્તે દુનીઆનો નાશ થાય છે).

कलियुग (**कलियुगम्**) (ન૦)-કળિયુગ.

कृतयुग (**कृतयुगम्**) (ન૦)-સત્યયુગ.

चतुष्टय (**चतुष्टयम्**) (ન૦)-ચારનો સમૂહ.

जाल (**जालम्**) (ન૦)-જાળીઉં.

तारा (સ્ત્રી૦)-તારા.

त्रेता (સ્ત્રી૦)-ત્રેતાયુગ.

दक्षिणायन (**दक्षिणायनम्**) (ન૦) (**दक्षिण** સર્વ૦ + **अयन** ન૦ જવું તે)-જે છ માસ સૂર્ય ઉત્તરથી દક્ષિણ તરફ જાય છે તે.

द्वापर (**द्वापरः**) (પું૦)-દ્વાપરયુગ.

निशा (સ્ત્રી૦)-રાત.

परमाणु (પું૦) (કર્મ૦, **परम**+**अणु**)-ઝીણામાં ઝીણો ભાગ.

परिजन (**परिजनः**) (પું૦)-નોકર.

पितामह (**पितामहः**) (પું૦, **मह** પ્રત્યય છે.)-બ્રહ્મા.

प्रवेदन (**प्रवेदनम्**) (ન૦)-જ્ઞાન આપવું તે.

प्रसृति (સ્ત્રી૦)-સંતતિ.

मन्वन्तर (**मन्वन्तरम्**) (ન૦)-એક મનુનો કાળ. એમાં મનુષ્યલોકનાં ૪૩,૨૦,૦૦૦ વર્ષ આવે છે.

रश्मि (પું૦)-કિરણ.

राजधानी (સ્ત્રી૦)-રાજધાની.

विषय (**विषयः**) (પું૦)-બાબત.

विपरिणाम (**विपरिणामः**) (પું૦)-ફેરફાર. [હકીકત.

वृत्तान्त (**वृत्तान्तः**) (પું૦)-વૃત્તાન્ત,

संभव (**संभवः**)-ઉત્પત્તિ.

सर्ग (**सर्गः**) (પું૦)-કાવ્યનો ભાગ.

संवत्सर (**संवत्सरः**) (પું૦)-વર્ષ.

सुप्रभात (**सुप्रभातम्**) (ન૦)-સારૂં પ્રભાત.

स्खलित (**स्खलितम्**) (ન૦, **स्खल्** ૧ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)-ભૂલ, દોષ.

વિશે૦

अतीत (अति + इ નો ભૂ૦ કૃ૦)-ગયલું.

अनघा (સ્ત્રી૦ अन् + अघ ન૦=દુખ)-દુઃખરહિત.

अनुजीविन्-જીવન માટે બીજા પર આધાર રાખનાર.

अपराद्ध (अप + राध् ૪ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦ કર્તરિ)-૧ અપરાધી ; ૨ (કર્મણિ)-અપરાધ કરાયલું.

अभिजात (अभि + जन् નો ભૂ૦ કૃ૦)-સભ્યતાવાળું, ઊંચા કુળમાં જન્મેલું હોય એવું.

चतुर्गुण (चतुर् + गुण પું૦ આવૃત્તિ)-ચારગણું.

ज्योतिष्मत्-પ્રકાશવાળું.

तावत्-તેટલું.

त्रिगुण-ત્રણગણું.

दिव्य-દેવતાનું.

दुःसह-સહન ન થાય એવું.

द्विगुण-બમણું.

परिच्छिन्न (परि + छिद् નો ભૂ૦ કૃ૦)-મપાયલું.

पौरुष-પુરુષનું, વિષ્ણુનું.

प्रतनु (प्रकृष्टं तनु, प्रादि સ૦)-ઘણું નાનું.

प्रतिहत (प्रति+हन् નો ભૂ૦ કૃ૦)-હણાયલું.

मखज (मख પું૦ યજ્ઞ + ज, जन् ઉપરથી)-યજ્ઞમાંથી-યજ્ઞ કરવાથી ઉત્પન્ન થયલું.

राजन्वत्-સારા રાજાવાળું.

रसिक (સ્ત્રી૦ रसिका)-રસિક, કદરદાન.

रोपित (रुह् ના પ્રેરકનો ભૂ૦ કૃ૦)-રોપેલું.

वन्दित (वन्द् નું ભૂ૦ કૃ૦)-નમાયલું.

सकल-બધું.

सदृश-સરખું.

संकुल-રોકાયલું, વ્યાપ્ત.

ધાતુ.

वि+अञ् (व्यनक्ति) (૭ ગ૦ ૫૦)-ખુલ્લું કરવું, પ્રકટ કરવું. [ફેર થવો.

वि+इ (व्येति) (૨ ગ૦ ૫૦)-રૂપમાં

सस्ज् (सज्जति-ते) (૧ ગ૦ ઉ૦)-જવું, ચોંટવું.

અવ્યય.

अतिनिपुणम्-બહુ સૂક્ષ્મ રીતે, બહુ ચતુરાઈથી.

कामम्-ભલે, ગમે તેટલું.

कच्चित्-૧ હું ધારૂં છું, હું ઇચ્છું છું (ઇચ્છા બતાવે છે); ૨ પ્રશ્નવાચક.

क्षिप्रम्-જલદી.

दिष्ट्या (दिष्टि નું તૃ૦ એ૦ વ૦)-સુભાગ્યે.

सहस्रशः-હજારો.

પાઠ ૩૨ મો.

સમાસ.

સમાસ વિષે સામાન્ય વિવેચન ૧૧ ને ૧૨ મા પાઠોમાં તેમજ સ્થળે સ્થળે ફેરોમાં તથા પૃષ્ઠ ટિપ્પણમાં આપ્યું છે. અહિં થોડુંક વિશેષ કહીશું.

अव्ययीभाव—એમાં સામાન્ય રીતે પૂર્વ પદાર્થ પ્રધાન છે; પણ शाकप्रति (शाकस्य लेशः शाकप्रति) એમાં ઉત્તર પદાર્થ પ્રધાન છે.

સમાસનો વિગ્રહ કરવો એટલે તેનો અર્થ માંહેના શબ્દો સંબન્ધપૂર્વક વાપરી બતાવવો. અવ્યયીભાવ સમાસનો વિગ્રહ નીચે પ્રમાણે થાય છે:—

हरौ इति **अधिहरि** (વિભક્ત્યર્થ અવ્યયીભાવ) । कृष्णस्य समीपमुपकृष्णम् । मक्षिकाणामभावो **निर्मक्षिकम्** । यावन्तः श्लोकाः **यावच्छ्लोकम**च्युतप्रणामाः । विधिमनतिक्रम्य **यथाविधि** । गङ्गायाः पारे **पारेगङ्गम्** **पारेगङ्गाद्वा** । गङ्गायाः मध्ये **मध्येगङ्गम् मध्येगङ्गाद्वा** (पार ને मध्य નું पारे ને मध्ये થયું છે) । दिने दिने **प्रतिदिनम्** । तृणमप्यपरित्यज्य **सतृणम्** । अक्ष्णः परं **परोक्षम्** (पर નું परो થયું છે) । अक्ष्णः प्रति **प्रत्यक्षम्** ।

तत्पुरुष—

द्विजायायं **द्विजार्थः** ओदनः । द्विजायेयं **द्विजार्था** यवागूः (રાબડી) । द्विजायेदं **द्विजार्थं** पयः ।

अर्थ ની સાથે चतुर्थी तत्पु० સમાસ થાય છે, ને વિશેષ્ય પ્રમાણે સમસ્ત પદનું લિંગ થાય છે. એ નિત્ય સમાસ છે.

अश्वघासः—अश्वस्य घासः; **रन्धनस्थाली**—रन्धनस्य स्थाली—આવા સમાસ षष्ठी तत्पु० કહેવાય છે, चतु० तत्पु० કહેવાતા નથી. જ્યાં પ્રકૃતિવિકૃતિભાવ હોય છે, ત્યાંજ चतु० तत्पु० થાય છે; જેમકે यूपाय दारु यूपदारु. અહિં दारु (લાકડું) એ પ્રકૃતિ છે ને यूप (યજ્ઞસ્તંભ) એ લાકડાનો બનેલો હોવાથી વિકૃતિ છે.

पुरुषोत्तमः—पुरुषेषु उत्तमः पुरुषोत्तमः, नृषु श्रेष्ठः **नृश्रेष्ठः**, द्विजेषु वरः **द्विजवरः**—આવે સ્થળે षष्ठी तत्पु० ની મના છે; કેમકે નિર્ધારણષષ્ઠી સમાસ પામતી નથી. જ્યાં સમાસ થયો હોય ત્યાં सप्त० तत्पु० ગણવો.[1]

एकदेशिसमास કે अवयविसमास—पूर्वं कायस्य **पूर्वकायः**; अपरं कायस्य **अपरकायः**; मध्यं रात्रेर्**मध्यरात्रः**; मध्यमह्नः **मध्याह्नः**; सायमह्नः **सायाह्नः**.

रात्रि ની પૂર્વે अहन्, सर्व, पूर्व, अपर, मध्य જેવા અવયવવાચક શબ્દો, संख्यात, ને पुण्य આવે તો रात्रि નું रात्र થાય છે; ને अहन् નું એવીજ સ્થિતિમાં (सर्व વગેરે પૂર્વે આવે ત્યારે) अह्न થાય છે; પણ अहन् ની પૂર્વે पुण्य, सुदिन, કે સંખ્યાવાચક શબ્દો આવે તો તેનું अह થાય છે. रात्र, अह्न, ને अह અન્તે

૧. 'માણસોમાં શ્રેષ્ઠ'—આમાં આખા વર્ગમાંથી એક વ્યક્તિ જુદી કરી તેમાં અમુક ગુણ સહુથી વધારે છે એમ નક્કી કર્યું છે, માટે એ નિર્ધારણસપ્તમી છે. સંસ્કૃતમાં એવે સ્થળે નિર્ધા० ष० ને નિર્ધા० स० બંને આવે છે.

આવે એવા તત્પુરુષ ને દ્વન્દ્વ સમાસ પુંલિંગમાં છે; પણ સંખ્યાવાચક પદ પૂર્વે હોય તો રાત્ર નપુંસકમાં આવે છે. अहश्च रात्रिश्च अहोरात्रः (द्वन्द्व. अहन् નું એમાં अहः થયું છે), पुण्यं च तदहश्च पुण्याहः, द्वयोरह्नोः समाहारो द्व्यहः, नवानां रात्रीणां समाहारो नवरात्रम्.

कर्मधारय—पूर्वं स्नातः पश्चादनुलिप्तः स्नातानुलिप्तः.

सप्त च ते ऋषयश्च सप्तर्षयः (સંજ્ઞાવાચક છે).

शीतं च तदुष्णं च शीतोष्णम् (વિશેષણસમાસ).

पुरुषो व्याघ्र इव पुरुषव्याघ्रः (उपमितसमास ; કેમકે पुरुष એ उपमित ઉપમેય છે).

नञ् तत्पुरुष—न ब्राह्मणः अब्राह्मणः ।

द्विगु—त्रयाणां लोकानां समाहारस्त्रिलोकी ; पञ्चानां पात्राणां समाहारः पञ्चपात्रम् ; अष्टानामध्यायानां समाहारोऽष्टाध्यायी ; चतुर्णां सूत्राणां समाहारश्चतुःसूत्री (સમાહારદ્વિગુ અકારાન્તમાં હોય છે ત્યારે ઘણી વાર સ્ત્રીલિંગમાં આવે છે ને તેને ई પ્રત્યય લાગે છે).

उपपद समास—कुम्भं करोतीति कुम्भकारः ; सर्वं जानातीति सर्वज्ञः.

प्रादि समास—अतिक्रान्तः इन्द्रियाणि अतीन्द्रियः । निष्क्रान्तः कौशाम्ब्याः निष्कौशाम्बिः । सुष्ठु शोभनं वा मित्रं सुमित्रम् । कुत्सितं मित्रं कुमित्रम् ।

मध्यमपदलोपी—शाकप्रियः पार्थिवः शाकपार्थिवः, देवपूजको ब्राह्मणः देवब्राह्मणः ।

मयूरव्यंसकादि—કેટલાક અનિયમિત સમાસોને આ વર્ગમાં નાખી તત્પુરુષ ગણ્યા છે.

मयूरो व्यंसकः (धूर्तः=ઠગ) मयूरव्यंसकः ; वदनमेव कमलं वदनकमलम् ; अन्यो राजा राजान्तरम् ; चिदेव चिन्मात्रम् ; नास्ति कुतोऽपि भयं यस्य सः अकुतोभयः ।

तत्पुरुषમાં સામાન્ય રીતે ઉત્તર પદાર્થ પ્રધાન છે; પણ पूर्वकायः, प्राप्तजीविकः (प्राप्तो जीविकाम्) વગેરેમાં પૂર્વ પદાર્થ પ્રધાન છે.

बहुव्रीहि—એમાં પદો સમાનાધિકરણ એટલે સમાન વિભક્તિમાં હોય છે ને બે કે બેથી વધારે પદ હોય છે.

प्राप्तमुदकं यं स प्राप्तोदको ग्रामः ; वीराः पुरुषा यस्मिन् स वीरपुरुषो ग्रामः ; पीतमम्बरं यस्य स पीताम्बरो हरिः (અહીં વિગ્રહ કરતાં સમાસનાં પદો સમાનાધિકરણ છે). सस्त्रीकः, सवधूकः, बहुकर्तृकः, सकर्मकम्

(ઉત્તરપદ ईકારાન્ત કે ऊકારાન્ત સ્ત્રીલિંગ હોય કે ऋકારાન્ત હોય ત્યારે તેમજ અન્ય સ્થળે बहु० ને અન્તે क પ્રત્યય આવે છે).

व्यधिकरणबहुव्रीहि—असिः पाणौ यस्य सः असिपाणिः; दण्डः पाणौ यस्य सः दण्डपाणिः ।

तद्गुणसंविज्ञान ને अतद्गुणसंविज्ञान–लम्बकर्णमानय કહેવાથી લંબકર્ણ આવે છે ત્યારે તેના લાંબા કાન સાથે આવે છે; તેના ગુણનું–લાંબા કાનનું–સંવિજ્ઞાન થાય છે; માટે लम्बकर्णः એ तद्गुणसंविज्ञान बहु० કહેવાય છે. दृष्टसागरमानय એમ કહેવાથી તેના ગુણનું–જોયલા સાગરનું–જ્ઞાન થતું નથી; માટે दृष्टसागरः એ अतद्गु० बहु० કહેવાય છે.

सीतया सह ससीतः सहसीतो वा । (सह નું स વિકલ્પે થાય છે).

एको वा द्वौ वा एकद्वाः; द्वौ वा त्रयो वा द्वित्राः; त्रयो वा चतुरो वा त्रिचतुराः; पञ्च वा षड्वा पञ्चषाः; दशानां समीपे ये सन्ति ते उपदशाः; विंशतेरधिका अधिकविंशाः. સંખ્યાવાચક શબ્દોની જોડે બીજો એવોજ શબ્દ કે અવ્યય, અથવા आसन्न, अदूर, કે अधिक આવે તો તે સમાસ बहु० છે. એમાં છેલ્લા સંખ્યાવાચક શબ્દનો અન્ત્ય સ્વર કે પૂર્વના સ્વર–સહિત અન્ત્ય વ્યંજન ને विंशति નો ति લોપાય છે ને अ ઉમેરાય છે.

वक्तुकामः—वक्तुं कामो यस्य सः; गन्तुमनाः—गन्तुं मनो यस्य सः (काम ને मनस् પર છતાં तुम् નો म् લોપાય છે).

केशेषु केशेषु गृहीत्वा इदं युद्धं प्रवृत्तमिति केशाकेशि. એજ પ્રમાણે दण्डादण्डि (दण्डैर्दण्डैश्च प्रहृत्येदं युद्धं प्रवृत्तमिति), मुष्टीमुष्टि.

ઉપલા સમાસોને बहु० ગણ્યા છે. એમાં પૂર્વપદનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય છે ને સમસ્ત પદ અવ્યય બને છે. સમાસને અન્તે इ થાય છે ને ક્રિયા વારંવાર થાય છે એવો અર્થ થાય છે.

आहितः अग्निर्येन स आहिताग्निरग्न्याहितो वा । (કેટલેક સ્થળે ભૂતકૃદન્ત ઉત્તરપદ પણ બને છે).

बहु० માં સામાન્ય રીતે અન્ય પદાર્થ પ્રધાન છે; પણ द्वित्राः વગેરેમાં બંને પદાર્થ પ્રધાન છે.

द्वन्द्व—એના બે પ્રકાર છે. इतरेतरद्वन्द्व ને समाहारद्वन्द्व—रामलक्ष्मणौ, हरिहरौ, युधिष्ठिरार्जुनौ વગેરે इतरेतरद्वन्द्व છે.

पाणिपादम्, रथिकाश्वारोहम्, यूकालिक्षम्, अहिनकुलम् એ समाहारद्वन्द्व છે.

પ્રાણીનાં કે સેનાનાં અંગવાચક શબ્દો, ક્ષુદ્ર જન્તુવાચક શબ્દો, ને જેની વચ્ચે શાશ્વત વિરોધ છે એવાં પ્રાણીના વાચક શબ્દોનો समा० द्व०જ થાય છે; इतरे० द्व० થતો નથી. पाणी च पादौ च पाणिपादम्; पाणिपादौ થતું નથી.

देवताद्वन्द्व—मित्रश्च वरुणश्च मित्रावरुणौ; सूर्यश्च चन्द्रमाश्च सूर्या-

चन्द्रमसौ; **अग्नीषोमौ**; **अग्नीवरुणौ**. (પૂર્વપદનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય છે)

द्वन्द्वમાં ઉભય પદાર્થ પ્રધાન છે; પણ સમાહારદ્વન્દ્વમાં તેનો સમાહાર-સમૂહ પ્રધાન છે.

एकशेष—माता च पिता च **पितरौ**; भ्राता च स्वसा च **भ्रातरौ**; पुत्रश्च दुहिता च **पुत्रौ**; हंसी च हंसश्च **हंसौ**; श्वश्रूश्च श्वशुरश्च **श्वशुरौ**.

अलुक्समास—युधिष्ठिरः; परस्मैपदम्; आत्मनेपदम्; विशांपतिः; मनसिजः; सरसिजम् વગેરે.

पृषोदरादि—કેટલાક સમાસમાં પૂર્વપદના કેટલાક વર્ણ લુપ્ત થાય છે, એવા અનિયમિત સમાસ આ વર્ગમાં આવે છે. पृषतः (જળબિંદુનું) उदरं **पृषोदरम्** (પવન); मनसः ईषिणः (દર્શન કરનારા, વિચારનારા) **मनीषिणः** (વિદ્વાનો); वारीणां वाहको **वलाहकः** (મેઘ).

सुप्सुप् समास—અવ્ય૦, તત્પુ૦, બહુ૦, કે द्वन्द्व ના વર્ગમાં ન આવે એવા સમાસ. सुप् એટલે વિભક્તિના પ્રત્યયો. એક सुबन्त શબ્દ બીજા सुबन्त સાથે સમાસ પામે છે. पूर्वं भूतः **भूतपूर्वः**; पूर्वं दृष्टः **दृष्टपूर्वः**.

संदेहदोलाधिरूढं मे चेतः ।

न शक्नोमि भवन्तं विना क्षणमप्यवस्थातुमेकाकी । कथमपरिचित इवादृष्टपूर्व इवाद्य मामेकपद उत्सृज्य प्रयासि ।

सखे नैतदनुरूपं भवतः । क्षुद्रजनक्षुण्ण एष मार्गः । धैर्यधना हि साधवः । किं यः कश्चन प्राकृत इव विक्लवीभवन्तमात्मानं न रुणत्सि ।

अहह हृदयमर्मच्छिदः खल्वमी कथोद्घाताः ।

किमपि वक्तुकामोऽस्मि ।

वत्स कथय किमप्यन्यचेतसा मया नावधारितं किमनयोक्तमिति ।

अन्तरेणापि शब्दप्रयोगं बहवोऽर्था गम्यन्तेऽक्षिनिकोचैः पाणिविहारैश्च ।

वक्ता कश्चिदाश्वभिधायी भवति । आशु वर्णानभिधत्ते । कश्चिच्चिरेण कश्चिच्चिरतरेण । तद्यथा । तमेवाध्वानं कश्चिदाशु गच्छति कश्चिच्चिरेण गच्छति कश्चिच्चिरतरेण गच्छति । रथिक आशु गच्छत्यश्वश्चिरेण पदातिश्चिरतरेण ।

गुरुवदस्मिन् गुरुपुत्रे वर्तितव्यमन्यत्रोच्छिष्टभोजनात् पादोपसंग्रहणाच्च । यदि च गुरुपुत्रोऽपि गुरुर्भवति तदपि कर्तव्यं भवति ।

अतिमहदिदमाश्चर्यमाख्यातव्यम् । अल्पशेषमहः । प्रत्यासीदति च नः स्नानसमयः । तदुत्तिष्ठन्तु भवन्तः । सर्व एवाचरन्तु यथोचितं दिवसव्यापारम् । अपराह्णसमये भवतामादितः प्रभृति सर्वमावेदयामि योऽयं यश्चानेन कृतमपरस्मिञ्जन्मनीह लोके यथास्य संभूतिः ।

तद्गुणोऽतद्गुणश्चेति बहुव्रीहिर्द्विधा मतः ।
लम्बकर्णश्च कर्णाटो दृष्टसागरपूरुषः ॥

अहो दुरासदोऽयं राजमहिमा । तथाहि ।

न च न परिचितो न चाप्यगम्य-
श्चकितमुपैमि तथापि पार्श्वमस्य ।
सलिलनिधिरिव प्रतिक्षणं मे
भवति स एव नवो नवोऽयमक्ष्णोः ॥

बहुधाप्यागमैर्भिन्नाः पन्थानः सिद्धिहेतवः ।
त्वय्येव निपतन्त्योघा जाह्नवीया इवार्णवे ॥

ઓહો! સમુદ્રની વચ્ચે આ દ્વીપ કેવો રમણીય છે!

ત્રણ ચાર દિવસ અહિં રહો; એટલામાં તમારા મનોરથ સાધવા હું પ્રયત્ન કરૂં છું.

પૂર્વ રાજાઓને અનુસરનાર તારે વિષે દુઃખિતોનું રક્ષણ યુક્તજ છે.

ઓહો! વહાણું વાયું છે. જલદી ઊઠું; અથવા વહેલી ઊઠીને પણ શું કરૂં! કામકાજમાં મારા હાથપગ ચાલતા નથી.

શિકારથી પાછા ફરેલા રાજાએ ગોદાવરીતટે વિશ્રામ લીધો ને ભોજનના પવનથી તેનો થાક ઊતરી ગયો.

નામ.

अर्णव (अर्णवः) (પું०)–સમુદ્ર.

आगम (आगमः) (પું०)–શાસ્ત્ર.

उपसंग्रहण (उपसंग्रहणम्) (ન०)–પકડવું તે, દાબવું તે.

ओघ (ओघः) (પું०) સમૂહ.

कथोद्घात (उद्घात પું० ઉદ્દેશ)–કથાનું સૂચન.

कर्णाट (कर्णाटः) (પું०)–કર્ણાટકનો [વાસી.

दोला (સ્ત્રી०)–હીંચકો.

निकोच (निकोचः) (પું०)–સંકોચવું તે.

पदाति (પું०)–પાયદળ, પાગા.

रथिक (रथिकः) (પું०)–રથમાં બેસનાર.

विहार (विहारः) (પું०)–ક્રીડા, હ-[લાવવું તે.

व्यापार (व्यापारः ((પું०)–કામ.

संभूति (સ્ત્રી०)–ઉત્પત્તિ, જન્મ.

વિશે૦

अधिरूढ (अधि + रुहूनो भू० कृ०)- ચઢેલું.

अनुरूप-યુક્ત.

अवधारित (अव + धृ १० ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)-વિચારેલું.

उच्छिष्ट (उद्+शिष् ૭ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦)-ખાતાં બાકી રહેલું.

एकाकिन्-એક.

जाह्नवीय-જહ્નવીનું, ગંગાનું.

दुरासद-દુઃખે પાસે જવાય એવું, અગમ્ય, અજેય.

प्राकृत-સાધારણ.

मर्मच्छिद् (मर्मन् ન૦ મર્મસ્થાન)- મર્મસ્થાન છેદે એવું.

विक्लवीभवत्-વિવશ થતું (વિવશ નથી તે વિવશ થતું એવો અર્થ છે. એવા અર્થમાં નામ કે વિશેષણને ई પ્રત્યય લાગી તેની સાથે कृ, भू, કે अस ના સાધિત શબ્દો વપરાય છે).

क्षुण्ण (क्षुद् ૭ ગ૦ ઉ૦ નો ભૂ૦ કૃ૦)- ખૂંદેલું.

क्षुद्र-નીચ.

ધાતુ.

आ + विद् (પ્રેરકમાં)-કહેવું.

प्रति+आ + सद् (सीद् ૧ ગ૦ ૫૦)- વીતી જવું.

प्र + या (प्रयाति)-જવું.

અવ્ય૦

अहह-આશ્ચર્યવાચક.

आशु-જલદી.

एकपदे-એકદમ.

चकितम् (चक् ૧ ગ૦ ઉ૦ નો ભૂ૦કૃ૦) -બીક ને આશ્ચર્યથી.

पार्श्वम् (पार्श्व પું૦, ન૦ પાસું)-પાસે.

प्रभृति-આરંભી, માંડીને.

પાઠ ૩૩ મો.

કારકપ્રકરણ.

વિભક્તિના અર્થ ૯ ઠા પાઠમાં આપ્યા છે. અહિં એનું સહજ વિસ્તારે વિવેચન છે. ષષ્ઠી વિભક્તિ સિવાય બધી વિભક્તિઓનો સંબન્ધ ક્રિયાપદ સાથે છે; માટે તે **कारकविभक्ति** કહેવાય છે. ષષ્ઠી વિભક્તિ **विशेषणविभक्ति** કહેવાય છે: કેમકે તેનો અર્થ વિશેષણ જેવો છે.

प्रथमा—કર્તરિ રચનામાં કર્તાનો અર્થ ક્રિયાપદથી કહેવાયલો હોય છે, કર્તા અભિહિત છે, તેથી પ્રથમા વિભક્તિ કર્તા છે, તોપણ તે પ્રાતિપદિકના અર્થમાં—નામાર્થમાં, મૂળ શબ્દનો નિર્દેશ કરવાનાજ અર્થમાં છે એમ કહેવાય છે.

૧ **माणवकः पुस्तकं लिखति**—અહિં **माणवकः** એ પ્રાતિપદિકાર્થમાં પ્રથમા છે. અભિહિત કર્તા છે. રચના કર્તરિ છે.

२ द्रोणो व्रीहिः—દ્રોણ નામના એક માપથી પરિમિત થયલી ડાંગેર; અહિં द्रोणः એ પરિમાણના અર્થમાં પ્રથમા છે.

३ एहि देवदत्त—અહિં સંબોધનના અર્થમાં પ્રથમા છે.

द्वितीया—અનભિહિત કર્મ એ બીજી વિભક્તિનો અર્થ છે. કર્તરિ રચનામાં કર્તા ક્રિયાપદથી ઉક્ત છે, કર્મ નથી; માટે કર્મ બીજી વિભક્તિમાં આવે છે. કર્મણિ રચનામાં કર્મનો અર્થ ક્રિયાપદથી કહેવાય છે, કર્મ અભિહિત છે; માટે કર્મને બીજી વિભક્તિમાં વાપરવાથી પુનરુક્તિ થાય. આ કારણથી કર્મણિ રચનામાં કર્મ પ્રથમામાં વપરાય છે.

१ माणवकः पुस्तकं लिखति । पुस्तकम् અનભિહિત કર્મ છે, माणवकेन पुस्तकं लिख्यते । અહિં કર્મ અભિહિત છે; માટે पुस्तकम् એ પ્રાતિપદિકના અર્થમાં પ્રથમામાં છે.

विषवृक्षोऽपि संवर्ध्य स्वयं छेत्तुमसाम्प्रतम्—અહિં असाम्प्रतम् નો અર્થ न युज्यते (યુક્ત નથી, ઘટિત નથી) છે. એ અવ્યયથી કર્મનું અભિધાન થાય છે, માટે विषवृक्षः એ પ્રથમામાં છે.

स्वयमेव दृश्यन्ते दुष्टजनदोषाः—આવી રચના कर्मकर्तरि કહેવાય છે. આમાં કર્મજ કર્તા તરીકે વિવક્ષિત છે. દોષો કોઈથી દેખાતા નથી, પોતાની મેળેજ દેખાય છે.

२ दुह्, याच् વગેરે દ્વિકર્મક ધાતુઓ વિષે ૧૦૯ પૃ૦ ટિપ્પણ લક્ષમાં રાખવું. એ ટિપ્પણમાં ગણાવેલા ધાતુના અર્થ જેવા તમામ ધાતુ દ્વિકર્મક છે એ યાદ રાખવું.

गां दोग्धि पयः; व्रजमवरुणद्धि गाम्, माणवकं मार्गं पृच्छति; पौरवं गां भिक्षते याचते वा; पुत्रं धर्मं ब्रूते अनुशास्ति वा; वृक्षमवचिनोति फलानि, अजां ग्रामं नयति-हरति-वहति-कर्षति वा ।

આ દાખલાઓમાં એક પ્રધાન ને બીજું ગૌણ કર્મ છે. पयः, गाम्, मार्गम्, गाम्, धर्मम्, फलानि, ने अग्रामम् એ અનુક્રમે પ્રધાન કર્મ ને બાકીનાં ગૌણ કર્મ છે.

૩ કર્મણિ રચનામાં नी, हृ, कृष्, ને वह् નું પ્રધાન કર્મ ને दुहादि નું ગૌણ કર્મ ક્રિયાપદથી ઉક્ત થાય છે. અર્થાત્, એ કર્મવાચક શબ્દો પ્રથમામાં આવે છે.

गां दोग्धि पयः—गौर्दुह्यते पयः । वृक्षमवचिनोति फलानि—वृक्षोऽवचीयते फलानि । अजां ग्रामं वहति—अजा ग्राममुह्यते ।

પ્રેરક રચનામાં નીચે પ્રમાણે થાય છે:—

हरिः पुस्तकं लिखति—अण्यन्त રચના (જેમાં णि-પ્રેરકનો પ્રત્યય-અન્તે નથી એવી રચના, અર્થાત્, મૂળ રચના).

माणवको हरिणा पुस्तकं लेखयति—ण्यन्त રચના. આમાં माणवकः હેતુ-કર્તા કહેવાય છે.

माणवकेन हरिः पुस्तकं लेख्यते—ण्यन्त કર્મણિ.

૪. મૂળ રચનામાં જે કર્તા હોય છે તે પ્રેરક રચનામાં તૃતીયામાં આવે છે.

गच्छति भृत्यो ग्रामम्; गमयति भृत्यं ग्रामं राजा; गम्यते भृत्यो ग्रामं राज्ञा; अतिथिरासनमास्ते; अतिथिमासनमासयति; अतिथिरासनमास्यते.

૫. ગત્યર્થ, બુદ્ધ્યર્થ, ભોજનાર્થ, શબ્દકર્મક, અને અકર્મક ધાતુઓની પ્રેરક રચનામાં મૂળ રચનાનો કર્તા કર્મ થઈ બીજી વિભક્તિમાં આવે છે. નીચેના શ્લોકમાં આ નિયમના બધા દાખલા છેઃ—

शत्रूनगमयत् स्वर्गं वेदार्थं स्वानवेदयत् ।
आशयच्चामृतं देवान् वेदमध्यापयद्विधिम् ॥
आसयत् सलिले पृथ्वीं यः स मे श्रीहरिर्गतिः ॥

नाययति वाहयति वा भारं भृत्येन । हारयति कारयति वा भृत्यं भृत्येन वा कटम् ।

૬. नी ને वह् ની પ્રેરક રચનામાં મૂળ રચનાનો કર્તા તૃતીયામાં ને कृ ને हृ ની પ્રેરક રચનામાં મૂળ રચનાનો કર્તા દ્વિતીયામાં કે તૃતીયામાં આવે છે.

बोध्यते माणवकं धर्मः । बोध्यते माणवको धर्ममिति वा । भोज्यते ब्राह्मण ओदनम् । भोज्यते ब्राह्मणमोदन इति वा । शिष्यो वेदमध्याप्यते । शिष्यं वेदोऽध्याप्यते इति वा ।

૭. બુદ્ધ્યર્થક, ભક્ષાર્થક, ને શબ્દકર્મક ધાતુમાં ઉપર પ્રમાણે બે રચના થાય છે.

उपवसति अनुवसति अधिवसति आवसति वा वैकुण्ठं हरिः । (જુઓ પૃ૦ ૭૨ ટિ૦ ૨).

अन्तरा त्वां मां च कमण्डलुः । अन्तरेण हरिं न सुखम् । (પૃ૦ ૯૬ કો૦ ૩).

अधिशेते अधितिष्ठति अध्यास्ते वा वैकुण्ठं हरिः (પૃ૦ ७૮ ટિ૦ ૧).

हा कृष्णाभक्तम् । बुभुक्षितं (ભૂખ્યાને) न प्रतिभाति किंचित् । (हा ને प्रति ને યોગે દ્વિતી० થાય છે).

मासमधीते; क्रोशं कुटिला नदी (અત્યન્તસંયોગવાચક).

૮. કાળ કે સ્થળની મર્યાદા બતાવનાર શબ્દ દ્વિતીયામાં આવે છે. એને ક્રિયાની સાથેનો અત્યન્ત સંયોગ કહે છે.

तृतीया—કર્તા ને કરણના અર્થમાં વપરાય છે.

प्रकृत्या चारुः; प्रायेण याज्ञिकः; गोत्रेण गार्ग्यः; समेनैति (समेन मार्गेण एतीत्यर्थः); विषमेणैति ।

अक्ष्णा काणः । कर्णेन बधिरः । पादेन खञ्जः । पुत्रेण सह सार्धं साकं आगतः पिता ।

૧. ઉપલા દાખલા જેવે સ્થળે પણ તૃતીયા વપરાય છે.

पुण्येन दृष्टो हरिः । अध्ययनेन वसति ।

૨. હેતુવાચક પદ તૃતીયામાં વપરાય છે.

अलं महीपाल तव श्रमेण (श्रमेण न किमपि साध्यमित्यर्थः) । अलमतिविस्तरेण ।

૩. **अलम्** ને યોગે 'બસ'ના અર્થમાં તૃતીયા વપરાય છે. અહિં સાધનક્રિયા ગમ્યમાન છે ને **श्रम** એ તેનું કરણ છે.

चतुर्थी—સંપ્રદાન ને તાદર્થ્યના અર્થમાં વપરાય છે.

हरये रोचते भक्तिः । यज्ञदत्ताय स्वदतेऽपूपः । (અપૂપ–માલપૂડો સ્વાદિષ્ટ લાગે છે).

भक्ताय धारयते मोक्षं हरिः ।

हरये क्रुध्यति–कुप्यति–द्रुह्यति–ईर्ष्यति–असूयति वा । પણ **क्रूरमभिक्रुध्यति अभिद्रुह्यति वा ।** (અર્થાત્ ઉપસર્ગ સાથે **क्रुध्** ને **द्रुह्** ને યોગે **द्वितीया** વપરાય છે). **भक्तिर्ज्ञानाय कल्पते संपद्यते वा ॥**

फलेभ्यो याति (फलान्याहर्तुं याति इत्यर्थः)

यागाय याति (यष्टुं याति इत्यर्थः)

नमो भगवते वासुदेवाय । प्रजाभ्यः स्वस्ति । अग्नये स्वाहा । पितृभ्यः स्वधा । दैत्येभ्यो हरिरलम् (समर्थ इत्यर्थः) । वषट् इन्द्राय ।

ग्रामं ग्रामाय वा गच्छति; પણ માર્ગવાચક શબ્દ હોય તો દ્વિતીયાજ થાય છે; **पन्थानं गच्छति;** તેમજ ચેષ્ટાવાચક ન હોય તોપણ દ્વિતીયાજ વપરાય છે; **मनसा हरिं व्रजति.**

नमः આદિ શબ્દોને યોગે વપરાતી વિભક્તિ **उपपदविभक्ति** કહેવાય છે. વાક્યમાં ક્રિયાપદ એ મુખ્ય ને બીજાં પદો ગૌણ છે; માટે **उपपद** છે. **उपपदविभक्ति** કરતાં **कारकविभक्ति** વધારે બળવાન્ છે; માટે **नृसिंहं नमस्करोमि** થાય છે. અહિં **नमः** ને યોગે **चतुर्थी** પ્રાપ્ત થઈ તે **उपपदविभक्ति** છે; ને **करोमि** ને યોગે **द्वितीया** પ્રાપ્ત થઈ તે **कारकविभक्ति** છે. **कारकविभक्ति** વધારે બળવાન્ છે; માટે દ્વિતીયા થાય છે, ચતુર્થી થતી નથી.

नृसिंहाय नमस्करोमि એવો પ્રયોગ હોય તો **नृसिंहमनुकूलं कर्तुं नमस्करोमि** એવો અર્થ કરવો; એટલે **फलेभ्यो याति** ની પેઠે ચતુર્થી થશે.

पञ्चमी—અપાદાન ને હેતુના અર્થમાં વપરાય છે.

चोराद्बिभेति । चौरात् त्रायते । अध्ययनात् पराजयते (હઠી જાય છે) **। यवेभ्यो गां वारयति । मातुर्निलीयते** (સંતાઈ જાય છે) **। कृष्णः उपाध्यायादधीते । ब्रह्मणः प्रजाः प्रजायन्ते । हिमवतो गङ्गा प्रभवति । तिलेभ्यः**

प्रतियच्छति माषान् । पृथग् रामेण रामात् रामं वा । विना रामेण रामात् रामं वा । अन्यो भिन्न इतरो वा कृष्णात् । आ मुक्तेः संसारः । મુક્તિપર્યંત સંસાર છે; અહિં आ મર્યાદાવાચક છે. आ मूलाच्छ्रोतुमिच्छामि । મૂળથી આરંભી. અહિં आ અભિવિધિવાચક (આરંભવાચક) છે.

भवात् प्रभृति आरभ्य वा सेव्यो हरिः ।

ऋते कृष्णात्; ક્વચિત્ દ્વિતીયાના યોગમાં પણ ऋते વપરાય છે—ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे । ऋते वातात् वातं वा वृक्षः पतति । रामादृते धनुर्धरो न ।

षष्ठी—શેષાર્થવાચક ને પ્રાતિપદિકથી અન્ય સંબંધ બતાવે છે.

किं निमित्तं वसति । केन निमित्तेन વગેરે निमित्त ને તેના પર્યાયશબ્દ સાથે બધી વિભક્તિ વપરાય છે.

नृणां नृषु वा द्विजः श्रेष्ठः—નિર્ધારણષષ્ઠી કે નિર્ધારણસપ્તમી.

रुदति रुदतो वा प्राव्रजत्—રોતા પુત્રાદિને લેખવ્યા વિના તે સંન્યાસી થયો. અનાદરષષ્ઠી કે અનાદરસપ્તમી.

मातुः स्मरति बालः । मातरं स्मरति वा । (જુઓ પૃ० ૩०).

राज्ञां मतो बुद्धः पूजितो वा—અહિં ભૂતકૃદન્તનો અર્થ વર્તમાન જેવો છે ને ષષ્ઠી તૃતીયાના અર્થમાં છે.

तुल्यः सदृशः समो वा कृष्णस्य कृष्णेन वा ।

सप्तमी—અધિકરણવાચક છે.

गोषु दुह्यमानासु गतः—સતિ સપ્તમી.

प्रसित उत्सुको वा हरिणा हरौ वा ।

अयि वत्स कृतं कृतमतिविनयेन । अनेकवारमपरिश्लथं परिष्वजस्व माम् ।

रामलक्ष्मणौ भगवता वाल्मीकिना धात्रीकर्म वस्तुतः परिगृह्य पोषितौ परिरक्षितौ च । वृत्तचूडौ च त्रयीवर्जमितरा विद्याः सावधानेन परिपाठितौ । समनन्तरं च गर्भैकादशे वर्षे क्षात्रेण कल्पेनोपनीय गुरुणा त्रयीविद्यामध्यापितौ ॥

हा देव । एष मया विनाहमप्येतेन विनेति स्वप्नेऽपि केन संभावितमासीत् । तन्मुहूर्तकमपि जन्मान्तरत इव लब्धदर्शनं बाष्पसलिलान्तरेषु प्रेक्षे तावद्वत्सलमार्यपुत्रम् ॥

अनया कालकलया सुदूरमुपक्रान्तः स पापकृदिति मनसिकृत्य तरुमूलान्निष्क्रम्य सलिलसमीपं सर्तुं प्रयत्नमकरवम् ।

सा तु प्रक्षाल्य लोचने वल्कलोपान्तेन वदनमपमृज्य दीर्घमुष्णं च निश्वस्य शनैः प्रत्यवदत् । राजपुत्र किमनेनातिनिर्घृणहृदयाया मम मन्दभागिन्याः पापाया जन्मनः प्रभृति वैराग्यवृत्तान्तेनाश्रवणीयेन श्रुतेन । तथापि यदि महत् कुतूहलं तत् कथयामि श्रूयताम् ॥

अतिकष्टास्वप्यवस्थासु जीवितनिरपेक्षा न भवन्ति खलु जगति प्राणिनां वृत्तयः । नास्ति जीवितादन्यदभिमततरमिह जगति सर्वजन्तूनाम् । एवमुपरतेऽपि सुगृहीतनाम्नि ताते यदहमविकलेन्द्रियः पुनरेव प्राणिमि । धिङ् मामकरुणमतिनिष्ठुरमकृतज्ञम् । उपकृतमपि नापेक्षते खलं हि खलु मे हृदयम् ॥

प्रियप्राया वृत्तिर्विनयमसृणो वाचि नियमः
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः ।
पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसं
रहस्यं साधूनामनुपधि विशुद्धं विजयते ॥

चिरं जीव चिरं नन्द चिरं पालय मेदिनीम् ।
चिरमाश्रितलोकानां पूरय त्वं मनोरथान् ॥

कमलभूतनया मुखपङ्कजे
वसतु ते कमला करपल्लवे ।
वपुषि ते रमतां कमलाङ्गजः
प्रतिदिनं हृदये कमलापतिः ॥

મૂર્ખને ઉપદેશ માત્ર તેની મૂર્ખાઈના વધારા માટે છે, શાન્તિ માટે નહિ.
અરે ધિક્, મોટું અપ્રિય થયું; કોઈક પૂજ્ય ઋષિનો શકુન્તલાએ અપરાધ કર્યો.
અગ્નિ સિવાય બીજું કોણ બાળવા સમર્થ છે ?
ગાયના છાણમાંથી વીંછુ ઉત્પન્ન થાય છે.
આટલા વખતમાં તે કુમાર કેવો થયો હશે તે હું જાણતો નથી.

નામ.

अवस्था (સ્ત્રી૦)–સ્થિતિ.
उपकृत (उपकृतम्) (ન૦, उप + कृ નો ભૂ૦ કૃ૦)– ઉપકાર.
कमलभू (પું૦)–બ્રહ્મા (કમળમાંથી ઉત્પન્ન થયલા).
कमला (સ્ત્રી૦)–લક્ષ્મી.

कमलाङ्गज (પું०) (**अङ्गज** પું०-પુત્ર)-લક્ષ્મીપુત્ર, પ્રદ્યુમ્ન, કામદેવ.
करपल्लव (પું०, ન०) (**कर + पल्लव**-પત્ર, ડાળ)-ડાળ જેવા સુકુમાર હાથ.
कल्प (**कल्पः**) (પું०)-વિધિ. [કાળ.
कालकला (સ્ત્રી०)-કાળનો અંશ, અલ્પ-
चूडा (સ્ત્રી०)-વાળ ઉતરાવવાની ક્રિયા.
जीवित (**जीवितम्**) (ન०, **जीव** નો ભૂ० કૃ०)-જિંદગી.
धात्री (સ્ત્રી०)-ધાવ. [ખાણ.
परिचय (**परिचयः**) (પું०)-ઓળ-
बाष्प (**बाष्पः-ष्पम्**) (પું०, ન०)-આંસુ.
रस (**रसः**) (પું०)-લાગણી, પ્રીતિ.
रहस्य (**रहस्यम्**) (ન०)-ગુપ્ત-ન સમજાય એવું-ચરિત્ર.
वल्कलोपान्त (**वल्कल** પું०, ન०-ઝાડની છાલ, તેનું વસ્ત્ર + **उपान्त** પું० છેડો) (પું०)-વલ્કલનો છેડો.
वृत्ति (સ્ત્રી०)-મનનું વલણ, મનની સ્થિતિ.
वैराग्य (**वैराग्यम्**) (ન०)-વૈરાગ્ય.

વિશે०

अकृतज्ञ-કીધેલા ઉપકારને ન જાણે એવું.
अतिकष्ट-ઘણું દુઃખદાયક.
अतिनिष्ठुर-ઘણું સખત હૈયાવાળું, ઘણું ક્રૂર.
अध्यापित (**अधि+इ** ૨ ગ० આ० ના પ્રેરકનો ભૂ० કૃ०)-ભણાવાયલું.
अनवगीत (**अन् + अवगीत**, **अव + गै** ૧ ગ० ૫० નો ભૂ० કૃ०)-અનિન્દ્ય.
अनुपधि-નિષ્કપટ (**उपधि** પું०-કપટ).
अभिमत (**अभि + मन्** નો ભૂ० કૃ०)-વહાલું, પ્રિય.
अविकल-વિવશ નહિ એવું.
अविपर्यासित-(**अ + वि + परि + अस** ૪ ગ० ૫० નો પ્રેરકનો ભૂ० કૃ०)-ફેરફાર કરાયલું.
उपक्रान्त (**उप+क्रम्** નો ભૂ० કૃ०)-ગયલું.
उपरत (**उप + रम्** નો ભૂ० કૃ०)-મરણ પામેલું.
कल्याणिन्-કલ્યાણ ઇચ્છતું.
क्षात्र-ક્ષત્રિય સંબંધી.
गर्भैकादश-ગર્ભથી અગીઆરમું.
निरपेक्ष-અપેક્ષા-(ઇચ્છા) બિનાનું.
परिपाठित (**परि+पठ्** ના પ્રેરકનું ભૂ० કૃ०)-ભણાવાયલું.
पापकृत्-પાપ કરનાર, પાપી.
प्रियप्राया (સ્ત્રી०, બહુ०, **प्रिय + प्राय** પું०-ઘણો ભાગ)-ઘણે ભાગે પ્રિય લાગે એવું. [નસીબ.
मन्दभागिन्-મન્દ ભાગ્યવાળું, કમ-
मसृण-મધુર, સ્નિગ્ધ.
संभावित (**सम् + भू** ના પ્રેરકનું ભૂ० કૃ०)-ધરાયલું.
सुगृहीतनामन्-જેનું નામ લેવું કલ્યાણકારક છે એવું, સવારનું નામ.
विशुद्ध (**वि + शुध** ૪ ગ० ૫० નો ભૂ० કૃ०)-અતિપવિત્ર.

ધાતુ.

अप+मृज (**अपमार्ष्टि**) (૨ ગ० ૫०)-લોહી નાખવું.
उप+नी (**उपनयति-ते**) (૧ ગ० ઉ०)-જનોઈ દેવું.
नन्द् (**नन्दति**) (૧ ગ० ૫०)-ખુશ થવું.
निष्क्रम् (**निष्कामति-म्यति**) (**निस्+क्रम्** ૧ ગ०, ૪ ગ० ૫०)-નીકળવું.

परि + स्वञ् (परि+ष्वजते) (१ ગ૦ આ૦)-ભેટવું.

प्र+क्षल् (प्रक्षालयति) (१० ગ૦ ૫૦)-ધોવું.

वि + जि (विजयते) (१ ગ૦ આ૦)-સર્વથી ઉત્કૃષ્ટ હોવું.

અવ્યય.

अपरिश्लथम्-ઢીલું નહિ એમ, ખૂબ દાબીને.

अनेकवारम्-ઘણીવાર.

उष्णम्-ગરમ રીતે.

कृतम्-બસ (એને યોગે तृ० वि० વપરાય છે).

तत्-તો.

त्रयीवर्जम् (त्रयी સ્ત્રી૦ ત્રણ વેદ, તત્પુ૦ ક્રિયા વિ૦)-ત્રણ વેદ વગર.

दीर्घम्-લાંબો વખત.

पश्चात्-પાછળ.

पुरः-આગળ.

प्रभृति-આરંભીને, માંડીને.

मुहुः-વારંવાર.

वस्तुतः-વાસ્તવિક રીતે.

समनन्तरम्-પછી.

सावधानेन-ધ્યાનપૂર્વક.

सुदूरम्-બહુ દૂર.

પાઠ ૩૪ મો.

કેટલાંક નિયમવિરુદ્ધ રૂપો.

समारूढो मध्यमह्नः सविता—સૂર્ય દિવસને મધ્યે આવ્યો છે.

न्यायप्रवृत्तस्य तिर्यञ्चोऽपि सहायतां यान्ति—ન્યાયમાં ચાલનારાઓને પશુઓ પણ સહાયતા પામે છે—મદદગાર થાય છે.

सा यूनि तस्मिन्नभिलाषबन्धं शालीनतया वक्तुं नाशक्नोत्—તે સ્ત્રી તે તરુણ પુરુષને વિષે (પોતાનો) પ્રેમબંધ શરમાળપણાને લીધે કહેવા શક્તિમાન્ થઈ નહિ.

यस्यार्थाः स पुमान् लोके—જેની પાસે પૈસા છે તે લોકમાં પુમાન્-પુરુષ છે.

परितः सर्वतः (संसारं) त्यक्त्वा व्रजतीति परिव्राट्—परितः-એટલે સર્વ તરફનો-સંસાર તજી જાય તે પરિવ્રાડ્-સંન્યાસી.

आशिषः प्रतिगृह्यन्ताम्—આશીર્વાદો સ્વીકારાઓ.

मालाकारः पुष्पाणां स्रजो ग्रथ्नन्ति—માળીઓ ફૂલોની માળા ગૂંથે છે.

भेका वर्षासु भवन्तीति वर्षाभ्वः कथ्यन्ते—દેડકાઓ ચોમાસામાં થાય છે, માટે वर्षाभू કહેવાય છે.

सा खलु स्वयंभुवोऽद्वितीया सृष्टिः—તે ખરેખર બ્રહ્માની અનુપમ સૃષ્ટિ છે.

जरसा द्विगुणीभूतमस्य शरीरम्—જરા વડે એનું શરીર બેવડ વળી ગયું છે.

हे मघवन् अमुं तुरगं प्रतिमोक्तुमर्हसीति रघुस्तमवदत्—હે ઇન્દ્ર, આ અશ્વ તું છોડવા યોગ્ય છે-તારે છોડવો જોઈએ-એમ રઘુએ તેને કહ્યું.

આ પાઠમાં કેટલાંક નિયમવિરુદ્ધ રૂપો આપ્યાં છે.

जरा સ્ત્રી०

प्र०	जरा	जरे–जरसौ	जराः–जरसः
ष०	जरायाः–जरसः	जरयोः–जरसोः	जराणाम्–जरसाम्

૧. સ્વરાદિ પ્રત્યયો પર છતાં जरा ને निर्जर શબ્દનું जरस् ને निर्जरस् અંગ વિકલ્પે થાય છે.

सेनानी પું०

प्र०	सेनानीः	सेनान्यौ	सेनान्यः	ष०	सेनान्यः	सेनान्योः	सेनान्याम्
द्वि०	सेनान्यम्	,,	,,	स०	सेनान्याम्	सेनान्योः	सेनानीषु

सुधी પું० — स्वयंभू પું०

प्र०	सुधीः	सुधियौ	सुधियः	स्वयंभूः	स्वयंभुवौ	स्वयंभुवः

वर्षाभू પું० — पुनर्भू સ્ત્રી०

प्र०	वर्षाभूः	वर्षाभ्वौ	वर्षाभ्वः	पुनर्भूः	पुनर्भ्वौ	पुनर्भ्वः

૨. ધાતુવાચક નામના અન્ત્ય इ ને उ ના સ્વરાદિ પ્રત્યયો પર છતાં य् ને व् કે इय् ને उव् થવાના નિયમો અઘરા છે. તેમાં નીચેની બાબતો લક્ષમાં રાખશો તો ચાલશે.

(अ) ધાતુવાચક નામોની પૂર્વે કંઈ ન આવ્યું હોય તો इ ને उ ના इय् ને उव् થાય છે: જેમકે नियः, भुवः, नियाम्, भुवि.

(आ) ધાતુવાચક નામની પૂર્વે ધાતુનો જોડાક્ષર ન હોય ને સમાસ તત્પુરુષ હોય તો इ ને उ ના य् ને व् થાય છે. प्रध्यः, उन्न्यः, यवक्रियः, दुर्ध्यः (दुष्टं ध्यायन्ति એ અર્થમાં), दुर्धियः (दुष्टा धीर्येषां ते એ અર્થમાં). नी, અને ग्रामणी, सेनानी જેવા જે શબ્દોને છેડે नी ધાતુ હોય તેનું स० ए० व० आम् પ્રત્યય લગાડવાથી થાય છે.

(इ) भू ને सुधीના ऊ ને ई ના उव् ને इय् થાય છે; પણ वर्षाभू ને पुनर्भू–ના ऊनो व् થાય છે.

(ई) ई નો इय् ને ऊनो उव् થાય ત્યારે સ્ત્રીલિંગનાં રૂપો धी ને भू જેવાં ને य् ને व् થાય ત્યારે लक्ष्मी ને वधू જેવાં થાય છે. ग्रामणी, सेनानी જેવાં નામો, જેનો મૂળ અર્થ પુરુષનો ધંધો દર્શાવે છે, તે શબ્દો સ્ત્રીલિંગનાં વિશેષણ હોય ત્યારે તેમનાં રૂપ પુંલિંગનાં જેવાંજ થાય છે.

अहन् ન.

प्र०, द्वि०, सं०	अहः	अह्नी–हनी	अहानि
तृ०	अह्ना	अहोभ्याम्	अहोभिः
स०	अह्नि–हनि	अह्नोः	अहःसु–हस्सु

૩. આ શબ્દનું प्र०, द्वि०, ને सं० નું ए० व० अहः થાય છે. तृ० द्वित०-થી માંડી વ્યંજનાદિ પ્રત્યયો પર છતાં न् નો વિસર્ગ થાય છે.

पुंस् पुं०				स्रज् स्त्री०		
प्र०	पुमान्	पुमांसौ	पुमांसः	प्र०	स्रक्	स्रजौ	स्रजः
द्वि०	पुमांसम्	,,	पुंसः	स०	स्रजि	स्रजोः	स्रक्षु
तृ०	पुंसा	पुम्भ्याम्	पुम्भिः				
सं०	पुमन्	पुमांसौ	पुमांसः				

૪. स्रज्ના ज् નો વ્યંજનાદિ પ્રત્યય પર છતાં क् થાય છે.

उशनस् पुं०

प्र० उशना उशनसौ उशनसः सं० ए० व०—उशन, उशनः, उशनन्

૫. उशनस् શબ્દનું प्र० ए० व० ને सं० ए० व० ઉપર બતાવ્યા પ્રમાણે થાય છે. બીજાં રૂપોમાં કંઈ વિલક્ષણ નથી.

मघवन् पुं०

द्वि०	मघवानम्	मघवानौ	मघोनः
स०	मघोनि	मघोनोः	मघवसु
सं०	मघवन्	मघवानौ	मघवानः

૬. मघवन् શબ્દનું भ અંગ मघोन् થાય છે.

	प्राच् पुं०			प्रत्यच् पुं०		
प्र०	प्राङ्	प्राञ्चौ	प्राञ्चः	प्रत्यङ्	प्रत्यञ्चौ	प्रत्यञ्चः
द्वि०	प्राञ्चम्	,,	प्राचः	प्रत्यञ्चम्	,,	प्रतीचः
स०	प्राचि	प्राचोः	प्राक्षु	प्रतीचि	प्रतीचोः	प्रत्यक्षु

	तिर्यच् पुं०			उदच् न०		
प्र०	तिर्यङ्	तिर्यञ्चौ	तिर्यञ्चः	उदक्	उदीची	उदञ्चि
द्वि०	तिर्यञ्चम्	,,	तिरश्चः	,,	,,	,,
च०	तिरश्चे	तिर्यग्भ्याम्	तिर्यग्भ्यः	उदीचे	उदग्भ्याम्	उदग्भ्यः

૭. प्राच्, प्रत्यच्, उदच्, अन्वच्, तिर्यच् જેવા अच् ધાતુ પરથી નિષ્પન્ન થતા શબ્દોમાં सर्वनामस्थानમાં અન્ત્ય વર્ણની પૂર્વે અનુનાસિક મુકાય છે, ને भ અંગમાં अच् ધાતુનો अ લોપાઈ પૂર્વ સ્વર દીર્ઘ થાય છે. અર્થાત્, प्राच्, प्रतीच्, ને अनूच् થાય છે; तिर्यच् નું भ અંગ तिरश्च् ને उदच् નું उदीच् થાય છે.

	युवन् पुं०			श्वन् पुं०		
प्र०	युवा	युवानौ	युवानः	श्वा	श्वानौ	श्वानः
द्वि०	युवानम्	,,	यूनः	श्वानम्	,,	शुनः
स०	यूनि	यूनोः	युवसु	शुनि	शुनोः	श्वसु

૮. युवन् નું भ અંગ यून् ને श्वन् નું शुन् થાય છે.

	परिव्राज् पुं०			सम्राज् पुं०		
प्र०	परिव्राट्-ड्	परिव्राजौ	परिव्राजः	सम्राट्-ड्	सम्राजौ	सम्राजः
तृ०	परिव्राजा	परिव्राड्भ्याम्	परिव्राड्भिः	सम्राजा	सम्राड्भ्याम्	सम्राड्भिः
स०	परिव्राजि	परिव्राजोः	परिव्राट्सु-ट्त्सु	सम्राजि	सम्राजोः	सम्राट्सु-ट्त्सु

૯. परिव्राज् શબ્દમાં ज् નો વ્યંજનાદિ પ્રત્યયો પર છતાં ट् કે ड् થાય છે. सम्राज् ના ज् નો ट् કે ड् થાય છે તેને માટે ૨૮ પા૦ (अ) નિયમ જુઓ.

तिर्यञ्चोऽपि परिचयमनुरुध्यन्ते ।

दुर्धियो वृश्चिकभिय एते ।

आशीर्नमस्क्रिया वस्तुनिर्देशो वा महाकाव्यस्य मुखम् ।

भो भो राजन् आश्रममृगोऽयं न हन्तव्यो न हन्तव्यः ।

भोः प्रत्यासन्नेन चन्द्रोदयेन भवितव्यं यतस्तिमिररिच्यमानं प्राचीमुखमालोकसुभगं दृश्यते ।

सम्यगनुबोधितोऽस्मि । अस्मिन् क्षणे विस्मृतं खल्वेतत् ।

चित्रं चित्रमिदम् । कथमेतद् विस्मृतोऽसि ।

वासन्ती—देव अतिक्रान्ते धैर्यमवलम्ब्यताम् ।

रामः—सखि किमुच्यते धैर्यमिति ।

देव्या शून्यस्य जगतो द्वादशः परिवत्सरः ।
प्रनष्टमिव नामापि न च रामो न जीवति ॥

विश्रान्तास्मि भद्रे । संप्रत्यगस्त्याश्रमस्य पन्थानं ब्रूहि ।

इतः पञ्चवटीमनुप्रविश्य गम्यतां गोदावरीतीरेण ।

हे प्राणाः स गतो रामस्तदनु व्रजत द्रुतम् ।
जरसा जर्जरैरङ्गैः शक्तिर्दशरथस्य का ॥

कामं वनेषु हरिणास्तृणेन जीवन्त्ययत्नसुलभेन ।
धनिषु न दैन्यं विदधति ते खलु पशवो वयं सुधियः ॥

पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।
सेनानीनामहं[1] स्कन्दः सरसामस्मि सागरः ॥

वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनञ्जयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ॥

एकोऽहमस्मीति च मन्यसे त्वं न हृच्छयं वेत्सि मुनिं पुराणम् ।
यो वेदिता कर्मणः पापकस्य तस्यान्तिके त्वं वृजिनं करोषि ॥

---

१. सेनानीनाम् આર્ષ પ્રયોગ છે. વ્યાકરણના નિયમ પ્રમાણે सेनान्याम् છે.

मन्यते पापकं कृत्वा न कश्चिद्वेत्ति मामिति ।
विन्दन्ति चैनं देवाश्च यश्चैवान्तरपूरुषः ॥
आदित्यचन्द्रावनिलोऽनलश्च द्यौर्भूमिरापो हृदयं यमश्च ।
अहश्च रात्रिश्च उभे च सन्ध्ये धर्मोऽपि जानाति नरस्य वृत्तम् ॥
लज्जा तिरश्चां यदि चेतसि स्यादसंशयं पर्वतराजपुत्र्याः ।
तं केशपाशं प्रसमीक्ष्य कुर्युर्वालप्रियत्वं शिथिलं चमर्यः ॥
पाशः पक्षश्च हस्तश्च कलापार्थाः कचात् परे ।
मोहादवाचीमबुधाः प्रतीचीं
प्राचीमुदीचीमपि पर्यटन्ति ।
सच्चिन्मये मानस एव तीर्थे
स्वच्छे सुखं स्नातुमपारयन्तः ॥

પૂર્વ દિશાનો દેવતા ઇન્દ્ર, પશ્ચિમનો વરુણ, ઉત્તરનો કુબેર, ને દક્ષિણનો યમ છે.
ઋષિની આજ્ઞાથી તે સમ્રાટ્ રાજા ગાયની આરાધનામાં તત્પર થયો.
સારી બુદ્ધિવાળા પુરુષને શું મુશ્કેલ છે?
ચોમાસામાં દેડકા તળાવમાં કૂદે છે.
શુક્ર દૈત્યોના આચાર્ય હતા. તેમની પાસે કચ મન્ત્રવિદ્યા ભણ્યો.

નામ.

अगस्त्य (પું૦)–ઋષિનું નામ છે.
अनल (अनलः) (પું૦)–અગ્નિ.
अनिल (अनिलः) (પું૦)–વાયુ.
अप्[1] (સ્ત્રી૦)–પાણી.
अभिलाषबन्ध (अभिलाष પું૦–પ્રેમ+बन्ध પું૦ ગાંઠ) (પું૦)–પ્રેમબન્ધ. [દક્ષિણ.
अवाची (સ્ત્રી૦) (अवाच्નું સ્ત્રી૦)–
अहन् (ન૦)–દિવસ. [ખાવ.
आलोक (आलोकः) (પું૦)–દર્શન, દે-
आशिस् (સ્ત્રી૦)–આશીર્વાદ.
उशनस् (પું૦)–શુક્રાચાર્ય.
उदीची (उदच्નું સ્ત્રી૦)–ઉત્તર.
कलाप (कलापः) (પું૦)–સમૂહ.
कवि (પું૦)–જ્ઞાની. [–કેશસમૂહ.
केशपाश (केश પું૦+पाश પું૦–સમૂહ)
गोदावरी (સ્ત્રી૦)–ગોદાવરી નદી.
चमरी (સ્ત્રી૦)–હરણી.
चित्र (चित्रम्) (ન૦)–આશ્ચર્ય.
जरा (સ્ત્રી૦)–ઘડપણ.
तिमिर (तिमिरम्) (ન૦)–અંધારૂં.
तिर्यच् (પું૦)–પશુ.
तुरग (तुरगः) (પું૦)–અશ્વ.
दुर्धी (સ્ત્રી૦)–દુષ્ટ બુદ્ધિ.
दैन्य (दैन्यम्) (ન૦)–દીનતા, હલકાઈ.
धनंजय (धनंजयः) (પું૦)–અર્જુન.
नमस्क्रिया (સ્ત્રી૦)–નમસ્કાર.
पञ्चवटी (સ્ત્રી૦)–નાશકની પાસે દંડકારણ્યનો ભાગ.
परिवत्सर (परिवत्सरः) (પું૦)–વર્ષ.
परिव्राज् (પું૦)–સન્યાસી.

---

૧. અપ્ ૧૭૬ બ૦ વ૦ માં જ વપરાય છે. પ્ર૦ आपः, अद्भिः, अदभ्यः–એટલાં રૂપો નિયમવિરુદ્ધ છે.

पर्वतराजपुत्री (**पर्वतराज** તત્પુ૦–પર્વતોનો રાજા, હિમાલય) (સ્ત્રી૦)–હિમાલયની પુત્રી, પાર્વતી.

पापक (**पापकम्**) (ન૦)–પાપ.

पुनर्भू (સ્ત્રી૦)–વિધવા.

पुंस् (પું૦)–પુરુષ.

पुरोधस् (પું૦)–પુરોહિત, ગોર.

पूरुष (**पूरुषः**) (પું૦)–આત્મા, પરમાત્મા; (૨) પુરુષ.

प्रतीची (**प्रत्यच्**નું સ્ત્રી૦)–પશ્ચિમ દિશા.

प्राची (**प्राच्**નું સ્ત્રી૦)–પૂર્વ દિશા.

वालप्रियत्व (**वालप्रिय**, બહુ૦–વાળ છે પ્રિય જેને) (ન૦)–વાળ પ્રિય હોવાપણું.

बृहस्पति[2] (પું૦) (તત્પુ૦, **बृहत्** સ્ત્રી૦= વાણી + **पति**)–બૃહસ્પતિ.

भी (સ્ત્રી૦)–ભય.

भेक (**भेकः**) (પું૦)–દેડકો.

मघवन् (પું૦)–ઇન્દ્ર.

मालाकार (**मालाकारः**) (પું૦)–માળી.

युवन् (પું૦)–તરુણ પુરુષ.

वर्षाभू (પું૦, સ્ત્રી૦)–દેડકો.

वृश्चिक (**वृश्चिकः**) (પું૦)–વીંછુ.

वस्तुनिर्देश (**वस्तु** ન૦–કાવ્ય, નાટકાદિમાં વર્ણવવાનો વિષય + **निर्देश** પું૦–કહેવું તે)–વસ્તુનું કહેવું તે.

वृजिन (**वृजिनम्**) (ન૦)–પાપ.

वृष्णि (પું૦)–યાદવ.

शालीनता (સ્ત્રી૦)–શરમાળપણું.

स्कन्द (પું૦)–કાર્તિકેય.

सहाय (**सहायः**) (પું૦)–મદદગાર.

सुधी (સ્ત્રી૦)–સારી બુદ્ધિ.

सेनानी (પું૦)–સેનાપતિ.

स्रज् (સ્ત્રી૦)–માળા.

स्वयंभू (પું૦)–બ્રહ્મા.

हरिण (**हरिणः**) (પું૦)–હરણ.

વિશે૦

अतिक्रान्त (**अति**+**क्रम्** ૧ ગ૦, ૪ ગ૦ પ૦ નો ભૂ૦ કૃ૦)–થઈ ગયલું.

अद्वितीय (બહુ૦, **अ** + **द्वितीय**–બીજું, સદૃશ)–અનુપમ.

अनुबोधित (**अनु** + **बुध्** ના પ્રેરકનો ભૂ૦ કૃ૦)–યાદ દેવડાવાયલું.

अपारयत् (**अ** + **पारयत्**, **पार्** ૧૦ ગ૦ ઉ૦ નો પર૦ વ૦ કૃ૦)–અસમર્થ; શક્તિમાન્ નહિ એવું.

आन्तर–અંદરનું.

जर्जर–ખખળી ગયલું.

द्विगुणीभूत–બેવડ વળેલું.

दुर्धी–દુષ્ટ બુદ્ધિવાળું.

धनिन्–ધનવાન્.

पर (સ૦)–પછી આવતું.

पापक–પાપી.

प्रत्यासन्न (**प्रति**+**आ**+**सद्**નો ભૂ૦ કૃ૦)–પાસે આવેલું.

प्रनष्ट (**प्र** + **नश्**નો ભૂ૦ કૃ૦) નાશ પામેલું.

विश्रान्त (**वि**+**श्रम्** નો ભૂ૦ કૃ૦)–થાક ઊતરી ગયેલો છે એવું, વિશ્રામ મળ્યો છે એવું.

---

૧ તત્પુરુષને અન્તે राजन्, अहन्, ને सखिनું राज, अह, ને सख થાય છે નિન્દાવાચક किम्, सु, ને अति–એ શબ્દો પૂર્વે આવ્યા હોય તો સમાસાન્ત પ્રત્યય થતા નથી. कुत्सितो राजा किंराजा शोभनो राजा सुराजा, 'स किंसखा शास्ति न यो नराधिपम्'.

૨ पारस्कर આદિ શબ્દોમાં સમાસને આશ્રયે પૂર્વપદને સકારનો આગમ આવે છે. बृहत्ने त् લોપાય છે. पारस्कर (દેશનું નામ), वनस्पति, प्रायश्चित्त વગેરે એવા શબ્દો છે.

विस्मृत (**वि + स्मृ** નો ભૂ૦ કૃ૦, કર્તરિ તેમજ કર્મણિ અર્થમાં વપરાય છે)–૧ ભૂલાયલું; ૨ ભૂલનાર

शिथिल–ઢીલું.

शून्य–સૂનું.

सुधी–સારી બુદ્ધિવાળું.

सुभग–ચારુ, સુંદર.

सच्चिन्मय (**सच्चित्** સત્યસ્વરૂપ અને ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મ + **मय** પ્રત્યય છે=પૂર્ણ, બનેલું)–પરબ્રહ્મથી પરિપૂર્ણ, પરબ્રહ્મસ્વરૂપ.

हृच्छय–હૃદયમાં સૂતેલું.

ધાતુ.

अनु+प्र+विश् (**अनुप्रविशति**) (૬ ગ૦ પ૦)–પેસવું.

अनु+रुध् (**अनुरुध्यते**) (૪ ગ૦ આ૦)–પાળવું.

अव+लम्ब् (**अवलम्बते**)(૧ ગ૦આ૦) –આધાર રાખવો.

प्रति + ग्रह् (**प्रतिगृह्णाति-ह्णीते**) (૯ ગ૦ ઉ૦)–સ્વીકાર કરવો.

અવ્યય.

द्रुतम्–જલદી. | **संप्रति**–હાલ.

પાઠ ૩૫ મો.

તદ્ધિત ને કૃત્પ્રત્યયો.

भीमार्जुनौ राधेयेनैवंविधेनान्येन वा न शक्यते निवारयितुम्—ભીમ અને અર્જુન રાધાના પુત્રથી—કર્ણથી કે એવા બીજાથી નિવારવા શકય નથી.

वैनतेय इव विनतानन्दजननो राजासौ—વિનતાના પુત્ર ગરુડની પેઠે એ રાજા વિનતાનન્દજનન છે; વૈનતેય જેમ વિનતાના (એની માના) આનન્દનો ઉત્પન્ન કરનાર છે, તેમ એ રાજા વિનત—વિશેષ નમેલાને આનન્દ ઉત્પન્ન કરનાર છે. આ શ્લેષાલંકારને આધારે ઉપમા છે. **विनता**–ના બે અર્થ છે, એક વર્ણ્યને-પ્રકૃત રાજાને–લાગુ પડે છે, ને બીજો અવર્ણ્યને–અપ્રકૃત ગરુડને–, માટે શ્લેષાલંકાર છે.

द्रौणायने! अलमत्यर्थमात्मानं शोकानले प्रक्षेप्तुम्—હે દ્રોણપુત્ર અશ્વત્થામન્, તમારા જીવને અત્યન્ત શોકરૂપી વહ્નિમાં નાખવો નહિ.

अलम् સાથે આવા અર્થમાં તૃ૦ વિ૦ વપરાય છે, તેમ અવ્ય૦ ભૂ૦ કૃ૦ તથા હેત્વ૦ કૃ૦ પણ વપરાય છે.

धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत् क्षत्रियस्य न विद्यते—ખરેખર, વાજબી યુદ્ધથી ક્ષત્રિયને અન્ય શ્રેય નથી.

अलं रुदित्वा । ननु भवतीभ्यामेव स्थिरीकर्तव्या शकुन्तला—રુદન ન

કરો. ખરેખર, તમારે એએજ શકુન્તલાને સ્થિર કરવી (શાન્ત કરવી) યુક્ત છે.

उपपन्नमेतदस्मिन्नृषिकल्पे राजनि—આ ઋષિ જેવા રાજાને વિષે એ યોગ્ય છે.

उर्वशी चित्रलेखाद्वितीया केशिना दानवेन बन्दिग्राहं गृहीता—ચિત્રલેખા છે બીજી જેની એવી—જેની સાથે ચિત્રલેખા છે એવી-ઉર્વશી કેશી નામના દાનવ વડે કેદ પકડાઈ.

આ પાઠમાં તદ્ધિત ને કૃત્પ્રત્યયના દાખલા આપ્યા છે.

નામ, સર્વનામ, કે વિશેષણને જે પ્રત્યય લાગે છે તે પ્રત્યયને **તદ્ધિત** પ્રત્યય કહે છે.

તદ્ધિત પ્રત્યયો ઘણા છે; તેમાંના થોડાક અહિં આપ્યા છે.

१ अपत्यवाचक.

(અપત્ય—છોકરૂં કે કુળનું છોકરૂં).

૧ अ—**रावणः** (रवणस्यापत्यम्—રવણનો છોકરો), **राघवः** (रघोरपत्यम्—રઘુના કુળનો છોકરો), **पार्वती** (पर्वतस्यापत्यं स्त्री—પર્વતની-હિમાલયની છોકરી), **जानकी** (जनकस्यापत्यं स्त्री).

એ પ્રત્યય લગાડતાં સામાન્ય રીતે અન્ત્ય સ્વર લોપાય છે ને આદિ સ્વરની વૃદ્ધિ થાય છે. रघु માં અન્ત્ય સ્વરનો ગુણ થાય છે. આ પ્રમાણે નીચેના પ્રત્યયોમાં યથાયોગ્ય સમજી લેવું.

૨ इ—**दाशरथिः** (दशरथस्यापत्यम्), **सौमित्रिः** (सुमित्राया अपत्यम्).

૩ एय—**गाङ्गेयः** (ગંગાનો પુત્ર, ભીષ્મ), **वैनतेयः** (વિનતાનો પુત્ર, ગરુડ), **राधेयः** (રાધાનો પુત્ર, કર્ણ).

૪ य, ईय, व्य—**श्वसुर्यः** (श्वसुरस्यापत्यम्), **स्वस्रीयः** (स्वसुरपत्यम्), **भ्रात्रीयः भ्रातृव्यो** वा (भ्रातुरपत्यम्).

२ समूहवाचक.

૧ ता—**ग्रामता** (ग्रामाणां समूहः), **जनता**, **बन्धुता**.

३ तदधीते तद्वेद.

(તેનું અધ્યયન કરે છે, તે જાણે છે. तद् એટલે જે પ્રકૃતિને પ્રત્યય લાગે તેનો અર્થ).

૧ अ—**वैयाकरणः** (व्याकरणमधीते वेद वा).

૨ इक—**नैयायिकः** (न्याय ઉપરથી), **तार्किकः** (तर्क ઉપરથી), **ऐतिहासिकः** (इतिहास ઉપરથી), **पौराणिकः** (पुराण ઉપરથી).

३ अक—**मीमांसकः** (मीमांसा ઉપરથી).

४ तत्र भवः.

१ य—**दन्त्यः** (दन्तेषु भवः—દાન્તમાંથી ઉચ્ચારાતો), **ओष्ठ्यः** (ओष्ठ ઉપરથી), **कण्ठ्यः** (कण्ठ ઉપરથી), **तालव्यः** (तालु ઉપરથી), **मूर्धन्यः** (मूर्धन् ઉપરથી), **प्राच्यः** (प्राच्‌નું), **उदीच्यः** (उदच्‌નું), **प्रतीच्यः** (प्रत्यच्‌નું).

२ त्य—**दाक्षिणात्यः** (दक्षिणानું), **पाश्चात्यः**[1] (पश्चात्‌નું)—પશ્ચિમનો, **पौरस्त्यः**[2] (पुरस्‌નું)—પૂર્વનો.

३ इक—**मानसिक** (मनस्‌નું), **शारीरिक** (शरीरनु), વગેરે.

જુદા જુદા અર્થમાં इक પ્રત્યયથી નામનાં વિશેષણ બને છે—

भाव—भाविक	प्रमाण—प्रामाणिक[3]
धर्म—धार्मिक	निसर्ग—नैसर्गिक
दिन—दैनिक	स्वभाव—स्वाभाविक[4]

५ तस्येदम्.

१ अ—**शैवं** (शिवस्येदम्) धनुः.

२ ईय—**तदीय, मदीय, भवदीय, त्वदीय, अस्मदीय, युष्मदीय, अन्यदीय.**

६ विकारवाचक.

१ मय—**गोमयम्** (गोर्विकारः, છાણ), **वाङ्मयम्** (વાણીનો વિકાર-સાહિત્ય).

२ य—**गव्यम्, पयस्यम्.**

७ तत्र साधु.

१ य—**शरण्यः** (शरणे साधुः—રક્ષણ કરવામાં સારો).

२ एय—**आतिथेयः** (अतिथिषु साधुः).

८ तस्मादनपेतम् (તેમાંથી ચળેલું નહિ).

१ य—**धर्म्यम्** (धर्मादनपेतम्), **न्याय्यम्.**

९ भाववाचक—(तस्य भावः).

१ त्व ने ता—**गोत्वम्, गोता** (ગાયપણું).

---

१ 'દાક્ષિણાત્ય' ને અનુસરી કેટલાક 'પાશ્ચિમાત્ય' શબ્દ બનાવે છે તે અશુદ્ધ છે. २ 'પૌર્વાત્ય' શબ્દ અશુદ્ધ છે. ३ 'પ્રમાણિક' શબ્દ અશુદ્ધ છે. ४ 'સ્વભાવિક' શબ્દ અશુદ્ધ છે.

२ इमन्—प्रथिमन् (पृथुनुं), गरिमन् (गुरुनुं), लघिमन् (लघुनुं), म्रदिमन् (मृदुनुं), तनिमन् (तनुनुं).

३ अ—गौरव (गुरुनुं), लाघव (लघुनुं), मार्दव (मृदुनुं), तानव (तनुनुं), कौमार (कुमारनुं), यौवन (युवन्नुं), शैशव (शिशुनुं).

४ य—पाण्डित्य (पण्डितनुं), लालित्य (ललितनुं), शौर्य (शूरनुं), स्थैर्य (स्थिरनुं), धैर्य (धीरनुं). એજ પ્રમાણે माधुर्य, आलस्य, नैपुण्य, कौशल्य, मौर्ख्य વગેરે[1].

१० उत्कर्षवाचक.

१ तर, तम—लघुतर, लघुतम, उत्तर, उत्तम વગેરે (જુઓ પા० २२ મો).

२ तराम्, तमाम्—नीचैस्तराम्, पचतितमाम्.

३ ईयस्, इष्ठ—लघीयस्, लघिष्ठ વગેરે.

११ स्वामित्ववाचक ('વાળું' ના અર્થમાં).

१ मत्—मतिमत्, बुद्धिमत्, भूमिमत्, यवमत्, भगवत्, भास्वत्. (જુઓ પા० १३ મો).

२ विन्—मायाविन्, मेधाविन्, यशस्विन्, तेजस्विन्.

३ आलु—दयालु, मायालु, कृपालु.

१२ अभूततद्भाववाचक.

१ च्वि (इ)—कृष्णीकरोति (अकृष्णः कृष्णः संपद्यते यथा तथा करोति જે કૃષ્ણ નથી તે કૃષ્ણ થાય તેમ કરે છે); लघूभवति વગેરે.

१३ ईषन्न्यूनतावाचक.

१ कल्प—विद्वत्कल्पः (ईषदूनो विद्वान्—વિદ્વાન્‌ના જેવો, વિદ્વાન્‌થી કંઇક ઊણો), द्वीपकल्पः (દ્વીપથી કંઇક ઊણો, ત્રણ બાજુએ પાણી હોવાથી).

२ देश्य—अष्टादशवर्षदेश्यः } આસરે અઢાર વરસનો.

३ देशीय—अष्टादशवर्षदेशीयः }

१४ तदस्य संजातम्.

१ इत—तारकितं नभः (तारका अस्य संजाताः—જેમાં તારા થયા છે-

---

[1] સામાન્ય રીતે એકજ ભાવવાચક પ્રત્યય આવે છે; માટે ધૈર્યતા, ઔદાસીન્યતા, આરોગ્યતા (अरोगस्य भावः आरोग्यम्) વગેરે શબ્દો અશુદ્ધ છે.

ઊગ્યા છે એવું), **पुलकितं शरीरम्** (જેમાં પુલક–રૂંવાટાં ઊભાં થયાં છે એવું).

१५ प्रमाणवाचक.

१ **मात्र—तावन्मात्रम्** (તેટલુંજ).

२ **दघ्न—जानुदघ्नं जलम्** (ઘૂંટણ સુધી પહોંચે એટલું પાણી).

१६ तेन तुल्यं क्रिया चेत्.

१ **वत्—ब्राह्मणवदधीते** (બ્રાહ્મણની પેઠે અભ્યાસ કરે છે). वत् 'પેઠે' ના અર્થમાં લાગે છે. એ પ્રત્યય જેને લાગે છે તેનો સંબન્ધ ક્રિયા સાથે હોય છે ને તે અવ્યય છે.

कृत् પ્રત્યયો.

ધાતુને જે પ્રત્યયો લાગે છે તે **कृत्** પ્રત્યયો કહેવાય છે ને એ પ્રત્યયો જે શબ્દને અન્તે હોય તે **कृदन्त** કહેવાય છે.

૧ વર્તમાન, ભૂત, અવ્યયભૂત, હેત્વર્થ, ને વિધ્યર્થ કૃદન્તનું વિવેચન અગાઉ થઈ ગયું છે.

૨ **ભવિષ્યકૃદન્ત—भू–भविष्यत्** (સ્ત્રી० भविष्यती-न्ती), कृ આત્મ० करिष्यमाण (સ્ત્રી० करिष्यमाणा).

૩ **પરોક્ષભૂતકૃદન્ત—सद्–सेदिवस्**, श्रु–शुश्रुवस्, कृ–चकृवस्, આત્મ० चक्राण०, उप + इ–उपेयिवस्, अधि + वस्–अध्यूषिवस्.

४ **अम् (णमुल्)**—કોઈ પણ ક્રિયા વારંવાર કરવાના અર્થમાં ધાતુને **अम्** વિકલ્પે લાગે છે.

स्मारं स्मारं नमति शिवम्—વારંવાર શિવનું સ્મરણ કરી નમે છે.

पा—पायं पायम्; श्रु—श्रावं श्रावम्.

समूलघातं हन्ति—સમૂળો નાશ કરે છે, **जीवग्राहं गृह्णाति**—જીવતાને પકડે છે, **बन्दिग्राहं गृह्णाति**—બન્દીવાન તરીકે પકડે છે.

૫ **કર્તૃવાચક કૃદન્ત—तृ** ને **अक** પ્રત્યય લગાડવાથી કર્તૃવાચક કૃદન્ત થાય છે. **कृ–कर्तृ, कारक पठ्–पठितृ–, पाठक ; नी–नेतृ, नायक.**

૬ **ભાવવાચક પ્રત્યય**—

१ **ति—बुद्धि, मति, गति, स्थिति, नीति, ग्लानि, म्लानि, दृष्टि, उक्ति.**

સાધારણ રીતે ભૂતકૃદન્તના **त** પ્રત્યય પૂર્વે જેવા ફેરફાર થાય છે તેવાજ અહિ થાય છે.

२ **अन—वाचन, करण, भजन, कीर्तन, मनन, दर्शन, श्रवण** વગેરે.

३ **अ—जय, भय, काम, पाक, योग.**

सखे प्रतीक्षस्व माम् । अहमपि भवन्तमनुयामि । न शक्नोमि भवता विना क्षणमप्यवस्थातुमेकाकी । कथमपरिचित इवादृष्टपूर्व इवाद्य मामेकपद उत्सृज्य प्रयासि । कुतस्तवेयमतिनिष्ठुरता । कथय त्वदृते क्व गच्छामि । शून्या मे दिशो जाताः । तदुत्तिष्ठ । देहि मे विलपतः प्रतिवचनम् ।

न हि भिक्षुकाः सन्तीति स्थाल्यो नाधिश्रीयन्ते न च मृगाः सन्तीति यवा नोप्यन्ते ।

कश्चित् कंचित् तन्तुवायमाह । अस्य सूत्रस्य शाटकं वयेति । स पश्यति । यदि शाटको न वातव्यः । अथ वातव्यो न शाटकः । शाटको वातव्यश्चेति विप्रतिषिद्धम् । भाविनी खल्वस्य संज्ञाभिप्रेता । स मन्ये वातव्यो यस्मिन्नुते शाटक इत्येतद्भवति ।

सकलभुवनतलरत्नानामुदधिरिवैकभाजनं देवः । विहङ्गमश्चाय-माश्चर्यभूतो निखिलभुवनतलरत्नमिति कृत्वा देवपादमूलमादाया गताहमिच्छामि देवदर्शनसुखमनुभवितुम् ॥

जायते अस्ति वर्धते विपरिणमते अपक्षीयते नश्यतीति षड् विकाराः ।

इतो गता सा क्व गता न जाने गेहं गता मे हृदयं गता वा ॥

एह्येहि वत्स रघुनन्दन रामभद्र
चुम्बामि मूर्धनि चिराय परिष्वजे त्वाम् ॥

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमीश्वरः ॥

नसमरसला गः षड्वेदैर्हयैर्हरिणी मता ।

दलति हृदयं गाढोद्वेगं द्विधा तु न भिद्यते
वहति विकलः कायो मोहं न मुञ्चति चेतनाम् ।
ज्वलयति तनूमन्तर्दाहः करोति न भस्मसात्
प्रहरति विधिर्मर्मच्छेदी न कृन्तति जीवितम् ॥

सूर्याश्वैर्यदि मः सजौ सततगाः शार्दूलविक्रीडितम् ।

किं तीर्थं हरिपादपद्मभजनं किं रत्नमच्छा मतिः
किं शास्त्रं श्रवणेन यस्य गलति द्वैतान्धकारोदयः ।
किं मित्रं सततोपकाररसिकं तत्त्वावबोधः सखे
कः शत्रुर्वद खेददानकुशलो दुर्वासनासंचयः ॥
सुखस्यानन्तरं दुःखं दुःखस्यानन्तरं सुखम् ।
सुखदुःखावृते लोके नास्ति सौख्यमनन्तकम् ॥
इन्दीवरदलश्याममिन्दिरानन्दकन्दलम् ।
वन्दारुजनमन्दारं वन्देऽहं यदुनन्दनम् ॥

સત્યવ્રતનો પુત્ર ત્રિશંકુ નામે હતો. વસિષ્ઠ મુનિના શાપથી તે ચંડાલપણું પામ્યો. વિશ્વામિત્રના પ્રભાવથી તે સદેહ સ્વર્ગમાં ગયો. તે સ્વર્ગમાં ગયો ત્યારે દેવતાઓએ તેને ત્યાંથી નીચે પાડયો; પણ વિશ્વામિત્રે પોતાના તપના પ્રભાવથી તેને અટકાવી રાખ્યો.

નામ.

अतिनिष्ठुरता (स्त्री०)-ઘણી ક્રૂરતા.

अन्तर्दाह (अन्तर्दाहः) (પું૦)-અંદરની બળતરા.

अवबोध (अवबोधः) (પું૦) જ્ઞાન.

अश्व (अश्वः) (પું૦)-૧. ઘોડો; ૨. સાત સંખ્યાનો વાચક (સૂર્યના અશ્વ સાત છે).

इन्दिरा (स्त्री०)-લક્ષ્મી.

इन्दीवर (इन्दीवरम्) (ન૦)-નીલ કમળ.

इन्दु (પું૦)-૧. ચન્દ્ર; ૨. એક સંખ્યાનો વાચક.

कन्दल (कन्दलः-लम्) (પું૦, ન૦)-૧. અંકુર; ૨. સમૂહ; ૩ ઉત્પન્ન કરનાર, સ્થાન.

गति (स्त्री०)-સમજણ.

गेह (गेहम्) (ન૦)-ઘર.

ग्रह (ग्रहः) (પું૦)-૧. ગ્રહ; ૨. નવ સંખ્યાનો વાચક.

तनू (स्त्री०)-શરીર.

तन्तुवाय (तन्तुवायः) (પું૦)-વણકર.

दल (दलम्) (ન૦)-પત્ર, પાંદડું.

दुर्वासना (स्त्री०)-દુષ્ટ વાસના.

दृश् (स्त्री०)-નજર.

द्वैतान्धकारोदय (પું૦) (**द्वैत** ન૦-ભેદ + **अन्धकार** પું૦-અંધારૂં + **उदय** પું૦-ઉત્પત્તિ)-ભેદરૂપી અંધારાની ઉત્પત્તિ.

पादपद्म (ન૦) (કર્મ૦, **पाद** પું૦ + **पद्म** ન૦)-કમળ જેવા પગ.

प्रतिवचन (प्रतिवचनम्) (ન૦)-ઉત્તર.

भजन (भजनम्) (ન૦)-ભજન.

भाजन (भाजनम्) (ન૦)-પાત્ર, સ્થાન.

मन्दार (मन्दारः) (પું૦)-પાંચ કલ્પવૃક્ષમાંનું એક.

मुनि (પું૦)-૧. ઋષિ; ૨. સાત સંખ્યાનો વાચક.

यदुनन्दन (પું૦, यदूनां नन्दनः)-યદુના વંશજોનું-યાદવોનું-આનન્દસ્થાન, શ્રીકૃષ્ણ.

यव (यवः) (પું૦)–જવ.
विहङ्गम (विहङ्गमः) (પું૦)–પક્ષી.
वेद (वेदः) (પું૦)–ચાર સંખ્યાનો વાચક.
[વસ્ત્ર.
शाटक (शाटकः–कम्) (પું૦, ન૦)–
शार्दूलविक्रीडित (ન૦)–વૃત્તનું નામ છે.
संचय (संचयः) (પું૦)–સમૂહ.
सूर्य (सूर्यः) (પું૦)–૧. સૂરજ ; ૨. બાર સંખ્યાનો વાચક.
स्थाली (સ્ત્રી૦)–રાંધવાનું વાસણ.
हय (हयः) (પું૦)–૧ ઘોડો ; ૨. સાત સંખ્યાનો વાચક.
हरि (પું૦)–વિષ્ણુ.
हरिणी (સ્ત્રી૦)–છન્દનું નામ છે.

વિશેષણ.

अच्छ–નિર્મળ, ચોખ્ખું.
अदृष્ટपूर्व–પૂર્વે જોયલું નહિ એવું.
अपरिचित (अ + परि + चि નો ભૂ૦ કૃ૦)–પરિચિત–ઓળખીતું નહિ એવું.
अभिप्रेता (अभि + प्र + इ નો ભૂ૦ કૃ૦ સ્ત્રી૦)–ઇચ્છેલી.
आश्चर्यभूत–આશ્ચર્ય ઉત્પન્ન કરે એવું.
गाढोद्वेग (બહુ૦, गाढ વિ૦ ઊંડું+उद्वेग પું૦–શોક) જેમાં ઊંડો શોક છે એવું.
निखिल–બધું.
भाविनी (भाविन् નું સ્ત્રી૦)–થનારી.
लोकोत्तर–લોકોમાં શ્રેષ્ઠ, અસાધારણ, અલૌકિક.
[એવું.
वन्दारु–વન્દનશીલ, નમ્ર, પૂજ્યને વન્દે
विकल–વિવશ.
विप्रतिषिद्ध (वि + प्रति + सिध् નો ભૂ૦ કૃ૦) ઉલટું, વિરુદ્ધ.
विलपत् (वि + लप् નો વર્ત૦ કૃ૦)–વિલાપ કરતું.
श्याम–સામળું.
शून्य–સૂનું.
सतत–સતતનું.

ધાતુ.

अधि + श्रि (अधिश्रयति–ते) (૧ ગ૦ ઉ૦)–રાંધવું.
अनु + या (अनुयाति) (૨ ગ૦ પ૦)–પાછળ જવું.
[ક્ષીણ થવું.
अप + क्षि (अपक्षयति) (૧ ગ૦ પ૦)–
कृत् (कृन्तति) (૬ ગ૦ પ૦)–કાપવું.
ज्वल् (ज्वलति)–(૧ ગ૦ પ૦)–બળવું.
दल् (दलति) (૧ ગ૦ પ૦)–ફાટવું.
परि + ष्वज् (परिष्वजते) (૧ ગ૦ આ૦)–ભેટવું.
[રાહ જોવી.
प्रति + ईक्ष् (प्रतीक्षते) (૧ ગ૦ આ૦)–
प्र + या (प्रयाति) (૧ ગ૦ પ૦)–જવું.
वप् (वपति–ते) (૧ ગ૦ ઉ૦)–વાવવું.
वि + परि + नम् (विपरिणमति–ते) (૧ ગ૦ ઉ૦)–બદલાવવું.
वे (वयति–ते) (૧ ગ૦ ઉ૦)–વણવું.

અ૦ય૦

अवस्थातुम् (अव + स्था નો હેત્વ૦ કૃ૦)–રહેવા માટે.
इति कृत्वा–એમ વિચારીને.
ईश्वर–સમર્થ, શક્તિમાન.
कठोर–સખત.
भस्मसात् (भस्मन् ન૦ ભસ્મ, રાખ + **सात्** તદ્ધિત પ્રત્યય 'વશ', 'અધીન' ના અર્થમાં)–રાખને વશ, રાખ.

પાઠ ૩૬ મો.

ભવિષ્યકાળ ને ક્રિયાતિપત્ત્યર્થ.

न जाने प्रातःकाले किं भविष्यति—નથી હું જાણતો સવારે શું થશે—સવારે શું થશે તે હું જાણતો નથી.

शत्रून् विजेष्ये वा मरिष्यामि वा—હું શત્રુઓને જીતીશ કે મરીશ

सुवृष्टिश्चेदभविष्यद् दुर्भिक्षं नैव समपत्स्यत—સુવૃષ્ટિ જો થઈ હોત દુકાળ નજ થાત. જો સુવૃષ્ટિ થઈ હોત તો દુકાળ નજ થાત.

अथ धर्मं व्याख्यास्यामः कृत्स्नं धर्मं व्याख्यास्याम इति यावत्—અથો ધર્મ અમે સમજાવીશું, કૃત્સ્ન (બધા) ધર્મનું વ્યાખ્યાન કરીશું એવો અર્થ છે. અથનો અર્થ આ ઠેકાણે **कृत्स्न**—આખો છે. **इति यावत्** શબ્દો 'એટલે'ના અર્થમાં વપરાય છે. **अथ धर्मं व्याख्यास्यामः** નો અર્થ **कृत्स्नं धर्मं व्याख्यास्यामः** એમ.

अथ भगवान् कुशली काश्यपः । अत्र प्रश्नार्थोऽथशब्दः । 'मङ्गलानन्तरारम्भप्रश्नकार्त्स्न्येष्वथो अथ' इत्यमरात्—શું ભગવાન્ કાશ્યપ કુશળ છે? એમાં (એ સંસ્કૃત વાક્યમાં) **अथ** શબ્દ પ્રશ્નના અર્થમાં છે. 'મંગળ, અનન્તર, આરંભ, પ્રશ્ન, ને આખું, એવા અર્થમાં **अथो** ને **अथ** વપરાય છે' એમ અમરકોશમાં છે તેથી.

આ પાઠમાં બે ભવિષ્યકાળ ને ક્રિયાતિપત્ત્યર્થનાં (સંકેતકાળનાં) રૂપોના દાખલા છે. અતિપત્તિ=અસિદ્ધિ, નિષ્ફળ થવું.

અત્યાર સુધી જે ચાર કાળ ને અર્થનાં ઉદાહરણો આપ્યાં છે તે બધાનાં રૂપો કરતાં તે તે ગણનું કાર્ય (વિકરણપ્રત્યય, દ્વિર્ભાવ વગેરે) કરવું પડે છે. આથી એ કાળ ને અર્થ ગણકાર્યવિશિષ્ટ કાળ અને અર્થ કહેવાય છે. હવે જે કાળો ને અર્થની વાતો આવશે તેમાં ધાતુ કયા ગણનો છે તે જાણવાની જરૂર નથી. એ કાળ ને રૂપો કરતાં ગણકાર્ય થતું નથી. માટે એ ગણકાર્યરહિત કાળ ને અર્થ કહેવાય છે.

ગણકાર્યરહિત કાળ ને અર્થનાં રૂપો કરતાં, **य्** સિવાયના વ્યંજનથી શરૂ થતા પ્રત્યયો પૂર્વે કેટલાક ધાતુઓમાં **इ** આગમ આવે છે, કેટલાકમાં નથી આવતો, ને કેટલાકમાં વિકલ્પે આવે છે. જે ધાતુમાં **इ** આગમ આવે છે તે **सेट्** (**स+इट्**—**इ** આગમસહિત), જેમાં નથી આવતો ને **अनिट्**[1] (**अन्** + **इट्**—**इ** આગમરહિત), ને જેમાં વિકલ્પે આવે છે તે **वेट्** (**वा** + **इट्**, વિકલ્પે **इ** આગમવાળા) કહેવાય છે.

---

૧ **अनिट्** ધાતુઓ નીચેની બે કારિકાઓમાં આપ્યા છે, પહેલી સ્વરાન્ત ધાતુની ને બીજી વ્યંજનાન્ત ધાતુની છે.

(अ) **ऊदृदन्तैर्यौतिरुक्ष्णुशीङ्स्नुनुक्षुश्विडीङ्श्रिभिः ।**
वृङ्वृञ्भ्यां च विनैकाचोऽजन्तेषु निहताः स्मृताः ॥

સામાન્ય રીતે રૂપો ઉપરથીજ ધાતુ **सेट्**, **अनिट्**, કે **वेट्** છે તે જણાશે. **अनिट्** ધાતુઓનો પ્રયોગ ભાષામાં વિશેષ છે. એ ધાતુ પાછલે ને આ પાને નીચે ટિપ્પણમાં કારિકાઓમાં ગણાવ્યા છે, તે આરંભમાં મોંએ કરવાની જરૂર નથી. જેને વ્યાકરણનું વિશેષ જ્ઞાન મેળવવાની ઇચ્છા હોય તેને માટે એ કારિકાઓ આપી છે.

ભવિષ્યકાળના બે પ્રકાર છે. એક અનદ્યતન (આજનો નહિ એવો) ભવિષ્યકાળ બતાવે છે, ને બીજો સામાન્ય. પહેલો **श्वस्तन** ને બીજો **सामान्य** ભવિષ્યકાળ કહેવાય છે. **श्वस्तन**=આવતી કાલનો.

શ્વસ્તન ભવિષ્યકાળ.

	जि પર०			**कृ** આત્મ०		
प्र०	जेतास्मि	जेतास्वः	जेतास्मः	कर्ताहे	कर्तास्वहे	कर्तास्महे
द्वि०	जेतासि	जेतास्थः	जेतास्थ	कर्तासे	कर्तासाथे	कर्ताध्वे
तृ०	जेता	जेतारौ	जेतारः	कर्ता	कर्तारौ	कर्तारः

ऊत् (ऊકાર) ને ॠत् (ॠકાર) જેને અન્તે છે એવા ધાતુઓ, **यु**, **रु**, **क्ष्णु**, **शी**, **स्नु**, **नु**, **क्षु**, **श्वि**, **डी** (આત્મ०, **ङ** આત્મ०સૂચક છે), ને **श्रि**, વળી **वृ** (આત્મ०), ને **वृ** (ઉ०, **ञ** ઉ०સૂચક છે), વિના એક **अच्** (સ્વર) વાળા ધાતુઓ, **अजन्त** (સ્વરાન્ત) ધાતુઓમાં નિઘાત એટલે અનુદાત્ત છે. અનુદાત્ત કે નિઘાત એટલે **अनिट्** સમજવું. અર્થાત્, **अजन्त** ધાતુઓમાં ऊકારાન્ત, ॠકારાન્ત, **यु** વગેરે કારિકામાં ગણાવેલા ધાતુઓ **सेट्** છે, બાકીના એક સ્વરવાળા **अनिट्** છે. અનેક સ્વરવાળા તો **सेट्** છે.

(**ब**) **शक्लृपच्मुचिरिच्वच्विच् सिच्प्रच्छित्यज्निजिर्भजः । भञ्जिभुज्भ्रस्ज्मस्जियज्युज्रुज् रञ्जिविजिर्स्वञ्जिसञ्जिसृजः ॥ अद्क्षुद्खिद्छिद्तुदिनुदः पद्यभिद्विद्यतिर्विनद् । शद्सदीस्विद्यतिःस्कन्दि हदीक्रुधक्षुधिबुध्यति । बन्धिर्युधिरुधी राधि व्यधशुधःसाधिसिध्यती ॥ मन्यहन्नाप्क्षिपछुपितप् तिपस्तृप्यतिदृप्यती । लिप्लुपवप्शप्स्वप्सृपियभ् रभ्लभ्गम्नम्यमोरमिः ॥ क्रुशिर्दंशिदिशीदृश्मृश रिश्रुश्लिश्विश्स्पृशःकृषिः । त्विष्तुष्द्विष्दुष्पुष्यपिष्विष् शिष्शुष्श्लिष्यतयो घसिः ॥ वसतिर्दह्दिहिदुहो नह्मिह्रुह्लिह्वहिस्तथा । अनुदात्ता हलन्तेषु धातवो द्व्यधिकं शतम् ॥**—**हलन्त**વ્યંજનાન્ત (**हल्**=વ્યંજન) ધાતુઓમાં આ કારિકામાં આપેલા ૧૦૨ ધાતુઓ અનુદાત્ત—**अनिट्** છે. બાકીના **सेट्** છે. આ કારિકામાં ધાતુઓ અન્ત્ય વ્યંજનને અનુસારે **क**કારાદિક્રમે આપ્યા છે. પહેલા **क**કારાન્ત. પછી **च**કારાન્ત વગેરે. જેમાં વધારે ધાતુ હોય તેને આદિ વ્યંજનને અનુક્રમે ગોઠવ્યા છે. કેટલાક ધાતુને **इ**, કેટલાકને **ति**, ને કેટલાકને વિકરણ પ્રત્યય કાવ્યના નિયમ સાચવવા લગાડયા છે.

૨ **क्षम्**, **मृज्**, **गुह्**, **गाह्**, **सिध्**, **क्लृप्**, **स्यन्द्**, **नश्**, **त्रप्**, **स्निह्**, **मुह्**, **तृप्**, **दृप्** વગેરે **वेट्** ધાતુ છે.

સામાન્ય ભવિષ્યકાળ.

	स्था પર૦			दा આત્મ૦		
प्र०	स्थास्यामि	स्थास्यावः	स्थास्यामः	दास्ये	दास्यावहे	दास्यामहे
द्वि०	स्थास्यसि	स्थास्यथः	स्थास्यथ	दास्यसे	दास्येथे	दास्यध्वे
तृ०	स्थास्यति	स्थास्यतः	स्थास्यन्ति	दास्यते	दास्येते	दास्यन्ते
	जि પર૦			शी આત્મ૦		
तृ०	जेष्यति	जेष्यतः	जेष्यन्ति	शयिष्यते	शयिष्येते	शयिष्यन्ते

ક્રિયાતિપત્ત્યર્થ.

	स्था પર૦			शी આત્મ૦		
प्र०	अस्थास्यम्	अस्थास्याव	अस्थास्याम	अदास्ये	अदास्यावहि	अदास्यामहि
द्वि०	अस्थास्यः	अस्थास्यतम्	अस्थास्यत	अदास्यथाः	अदास्येथाम्	अदास्यध्वम्
तृ०	अस्थास्यत्	अस्थास्यताम्	अस्थास्यन्	अदास्यत	अदास्येताम्	अदास्यन्त

આ રૂપો ઉપરથી માલમ પડશે કે

૧. પ્રત્યયો નીચે પ્રમાણે છેઃ—

શ્વસ્તન ભવિષ્યકાળ.

	પર૦			આત્મ૦		
प्र०	तास्मि	तास्वः	तास्मः	ताहे	तास्वहे	तास्महे
द्वि०	तासि	तास्थः	तास्थ	तासे	तासाथे	ताध्वे
तृ०	ता	तारौ	तारः	ता	तारौ	तारः

સામાન્ય ભવિષ્યકાળ.

	પર૦			આત્મ૦		
प्र०	स्यामि	स्यावः	स्यामः	स्ये	स्यावहे	स्यामहे
द्वि०	स्यसि	स्यथः	स्यथ	स्यसे	स्येथे	स्यध्वे
तृ०	स्यति	स्यतः	स्यन्ति	स्यते	स्येते	स्यन्ते

ક્રિયાતિપત્ત્યર્થ.

	પર૦			આત્મ૦		
प्र०	स्यम्	स्याव	स्याम	स्ये	स्यावहि	स्यामहि
द्वि०	स्यः	स्यतम्	स्यत	स्यथाः	स्येथाम्	स्यध्वम्
तृ०	स्यत्	स्यताम्	स्यन्	स्यत	स्येताम्	स्यन्त

૨. એ પ્રત્યયો વિકારક છે, માટે ધાતુના અન્ત્ય સ્વરનો ને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

गम् પર०	**संगम्** આત્મ०
સામાન્ય ભવિ०	સામાન્ય ભવિ०
તૃ० गमिष्यति गमिष्यतः गमिष्यन्ति	संगंस्यते संगंस्येते संगंस्यन्ते
हन् પર० हनिष्यति વગેરે.	**कृ** પર० करिष्यति વગેરે.
हृ પર० ક્રિયાતિ० अहरिष्यत् વગેરે	**भृ** આત્મ० ક્રિયાતિ० अभरिष्यत વગેરે.

નિયમ:—

૩. **गम्** પર०, **हन्**, ને **ऋ**કારાન્ત ધાતુને સામા० ભવિ० માં પ્રત્યયો પૂર્વે **इ** આગમ આવે છે.

૪. જે નિયમો સામા० ભવિ० ને લાગુ પડે છે તે ક્રિયા० ને પણ લાગુ પડે છે.

वृत्—वर्तिष्यते, वर्त्स्यति; **वृध्**—वर्धिष्यते, वर्त्स्यति; **स्यन्द्**—स्यन्दिष्यते-स्यन्त्स्यते-ति; **कल्प्**—कल्पिताहे-कल्प्ताहे-कल्प्तास्मि, कल्पिष्यते-कल्प्स्यते-कल्प्स्यति.

નિયમ:—

૫. **वृत्**, **वृध्**, **स्यन्द्**, ને **कृप्** સામા० ભવિ० માં વિકલ્પે પરસ્મૈપદી છે, ને પરસ્મૈપદી હોય ત્યારે પ્રત્યયો પૂર્વે **इ** આગમ આવતો નથી. **कृप्** ને એ નિયમ શ્વસ્ત० ભવિ० માં પણ લાગે છે.

दृश्—द्रष्टा द्रष्टारौ द्रष्टारः; द्रक्ष्यति द्रक्ष्यतः द्रक्ष्यन्ति; द्रष्टुम्; द्रष्टृ; પણ **दृष्ट**, **दृष्ट्वा**, **दृष्टि**.

सृज्—स्रष्टा, स्रक्ष्यति, स्रष्टुम्, स्रष्टृ; પણ **सृष्ट**, **सृष्टि**, **सृष्ट्वा**.

तृप्—तर्पिता, त्रप्ता, तर्प्ता; तर्पिष्यति, त्रप्स्यति, तर्प्स्यति.

નિયમ:—

(**अ**) અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયના વ્યંજનથી શરૂ થતા વિકારક પ્રત્યયો પર છતાં **दृश्** ને **सृज्** ના **ऋ** નો ગુણ થવાને બદલે **र** થાય છે ને બીજા **अनिट्** ધાતુમાં ઉપાન્ત્ય **ऋ**નો વિકલ્પે **र** થાય છે.

જેમકે **दृश्** + ता=द्रश् + ता=द्रष् + ता (પા० ૨૮ નિ० **अ**)=द्रष् + टा=द्रष्टा.

दृश् + स्यति=द्रश् + स्यति=द्रष् + स्यति=द्रक् + स्यति (પા० ૨૮ નિ० **ए**)= द्रक् + ष्यति=द्रक्ष्यति. **सृज्** + तुम्=स्रज् + तुम्=स्रष् + तुम्=स्रष् + टुम्=स्रष्टुम्.

यज्—यष्टा, यक्ष्यति, यष्टुम्, इष्ट, इष्ट्वा; **मृज्**—मार्जिता, मार्ष्टा; मार्जिष्यति, मार्क्ष्यति. (પા० ૨૮ નિ० **ऊ**).

બધાં રૂપોમાં **ज्** નો **ष्** થાય છે (પા० ૨૮ નિ० **अ**०). **तुम्** વિકારક પ્રત્યય છે. **त** ને **त्वा** અવિકારક છે, માટે તેમાં સંપ્રસારણ થાય છે. **मृज्** **वेट्** છે, વૃદ્ધિ માટે પા० ૨૮ ને **ऊ** જુઓ.

नश्—नशिता, नंष्टा; नशिष्यति, नङ्क्ष्यति. **मस्ज्**—मङ्क्ता, मङ्क्ष्यति.

નિયમ:—

(**आ**) અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયના વ્યંજનથી શરૂ થતા વિકારક પ્રત્યય પર છતાં **नश्** ને **मस्ज्** માં અન્ત્ય વર્ણ પૂર્વે નકાર ઉમેરાય છે.

જેમકે नश् + स्यति=ननूश् + स्यति=नन्ष् + स्यति=नन्क् + स्यति=नङ्क् + स्यति (પા૦ ૨૯ નિ૦ ૨.)=नङ्क् + ष्यति=नङ्क्ष्यति.

वस्—वत्स्यति वत्स्यतः वत्स्यन्ति.

૬. ધાતુના स् નો स् થી શરૂ થતા પ્રત્યય પર છતાં त् થાય છે.

मृ—मरिष्यति मर्तास्मि.

૭. मृ ધાતુને પર૦ પ્રત્યયો લાગે છે.

तॄ—तरिता, तरीता; तरिष्यति, तरीष्यति.

ग्रह्—ग्रहीता, ग्रहीष्यति, गृहीत, गृहीत्वा, ग्रहीतुम्, ग्रहीतृ.

(इ) ऋकारान्त ધાતુમાં इ આગમ વિકલ્પે ને ग्रह् માં નિત્ય દીર્ઘ થાય છે.[1]

लभ्—लब्धाहे, लप्स्ये, अलप्स्ये, लब्ध, लब्धुम्, लब्ध्वा. लभ् + ताहे=लभ् + धाहे=लब् + धाहे=लब्धाहे. दुह्—दोग्धा, धोक्ष्यति, दुग्ध, दोग्धुम्, दुग्ध्वा. दुह् + ता=दोह् + ता=दोघ् + ता=दोघ् + धा=दोग् + धा=दोग्धा. दुह् + स्यति= दोह् + स्यति=दोघ् + स्यति=धोघ् + स्यति (પા૦ ૨૯ નિ૦ ए)=धोक् + स्यति= धोक् + ष्यति=धोक्ष्यति. वह्—वोढा, वक्ष्यति, वोढुम्. वह् + ता=वढ् + ता= वढ् + धा=वढ् + ढा=वोढा (પા૦ ૨૯ નિ૦ ऊ). वह् + स्यति=वढ् + स्यति= वक् + स्यति (પા૦ ૨૮.નિ૦ ए)=वक् + ष्यति=वक्ष्यति. वच्—वक्ता, वक्ष्यति. वच् + स्यति=वक् + स्यति (પા૦ ૧૩ નિ૦ ૧)=वक् + ष्यति=वक्ष्यति. नह्—नद्धा, नत्स्यति (उपानह् સ્ત્રી૦=જોડો, उपानत्—द्, उपानद्भिः, उपानत्सु) (પા૦ ૨૯ નિ૦ उ). गुह्—गूहिता (૬૬પૃ૦)-गोढा, गूहिष्यति—घोक्ष्यति. कृ—પ્રેરક અંગ कारय—कारयिता, कारयिष्यति. नश्—नङ्क्ष्यते=નાશ કરાશે. त्यज्—त्यक्ष्यते=તજાશે.

ગણકાર્યરહિત કાળ ને અર્થનાં કર્મણિ કે ભાવે રૂપો આત્મનેપદ પ્રત્યયો લગાડવાથી થાય છે.

કર્મણિ ને ભાવે રૂપો—બંને ભવિષ્યકાળ તેમજ ક્રિયાતિપત્ત્યર્થનાં કર્મણિ કે ભાવે રૂપો આત્મનેપદ પ્રત્યયો લગાડવાથી થાય છે.

दा—दाता, दायिता; दास्यते, दायिष्यते. कृ—करिष्यते, कारिष्यते; कर्त्ताहे, कारिताहे. हन्—हन्ता, घानिता; हनिष्यते, घानिष्यते. ग्रह्—ग्रहीता, ग्राहिता; ग्रहीष्यते, ग्राहिष्यते. दृश्—द्रष्टा, दर्शिता; द्रक्ष्यते, दर्शिष्यते.

નિયમઃ—

(ई) સ્વરાન્ત ધાતુઓ, हन्, ग्रह्, ने दृश् નાં કર્મણિ કે ભાવે રૂપો બે રીતે થાય છે-(૧) સામાન્ય રીતે આત્મ૦ પ્રત્યયો લગાડવાથી, ને (૨) अनिट् હોય તોપણ પ્રત્યયો પૂર્વે इ આગમ લગાડી અન્ત્ય સ્વર ને ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ કરીને ને અન્ય ઉપાન્ત્ય સ્વરનો ગુણ કરીને. हन् ના ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય છે ત્યારે

---

[1] આ નિયમ પરોક્ષભૂતકાળમાં ને અદ્યતનભૂતકાળ પર૦ ને લાગુ પડતો નથી.

इ नो य् થાય છે, ને આકારાન્ત ધાતુમાં વિકલ્પરૂપોમાં इ આગમ પૂર્વે य् ઉમેરાય છે.

त्वत्कृते मुम्बापुर्या बहूनि पुस्तकान्यानेष्यामि ।
त्वयैष वध्यः । नो चेत्त्वां व्यापादयिष्यति ।

युद्धाय कृतनिश्चयोऽयं दृश्यते दुरात्मा । तद्यदि कदाचित् तीक्ष्णशृङ्गाभ्यां स्वामिनं प्रहरिष्यति तन्महाननर्थः संपत्स्यते ।

न ज्ञायते किमद्य वटवासिनां विहङ्गमानां संक्षयो भविष्यति नो वा ।

मया सह सुभाषितगोष्ठीसुखमनुभवन् सुखेन कालं नेष्यति । न त्वयास्य कृते चिन्ता कार्या ।

ब्रह्मचर्यं समाप्य गृही भवेद् गृही भूत्वा वनी भवेद्वनी भूत्वा प्रव्रजेत् । यदि वेतरथा ब्रह्मचर्यादेव प्रव्रजेद् गृहाद्वा वनाद्वा । यदहरेव विरजेत्तदहरेव प्रव्रजेत् ।

विज्ञानार्थं गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ।
वादे वादे जायते तत्त्वबोधः ।
गतानुगतिको लोको न लोकः पारमार्थिकः ।
आशा बलवती राजन् शल्यो जेष्यति पाण्डवान् ।
मयूरो बर्हिणो बर्ही नीलकण्ठो भुजङ्गभुक् ।
केका वाणी मयूरस्य समौ चन्द्रकमेचकौ ॥—इत्यमरः ।

श्लोके षष्ठं गुरु ज्ञेयं सर्वत्र लघु पञ्चमम् ।
द्विचतुःपादयोर्ह्रस्वं सप्तमं दीर्घमन्ययोः ॥

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥

[1]त्वया सह निवत्स्यामि वनेषु मधुगन्धिषु ।
इती हारमतैवासौ स्नेहस्तस्याः स तादृशः ॥

जतौ तु वंशस्थमुदीरितं जरौ ।

---

१ તમારી (રામની) સાથે વનોમાં રમીશ, એવા વિચારથીજ સીતા આનન્દ પામતી; એવો તેનો સ્નેહ હતો.

निमित्तमुद्दिश्य हि यः प्रकुप्यति
ध्रुवं स तस्यापगमे प्रसीदति ।
अकारणद्वेषपरो हि यो भवेत्
कथं जनस्तं परितोषयिष्यति ॥

सुताम्रपर्णीजलराशियोगे
निबध्य सेतुं विशिखैरसंख्यैः ।
श्रीरामचन्द्रेण समर्पितं तं
रामेश्वराख्यं नियतं स्मरामि ॥

तृणादपि लघुस्तूलस्तूलादपि च याचकः ।
वायुना किं न नीतोऽसौ मामयं प्रार्थयेदिति ॥

आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः ।
इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणः सदा ॥

અર્થ સાધીશ કે દેહ પાડીશ.
જ્યારે હું મુંબઈ જઈશ ત્યારે તમારે માટે એ બે પુસ્તકો લાવીશ.
વિદ્યારૂપી ધનને ચોરો હરશે નહિ.
મારું વચન નહિ પાળીશ તો તને તેજ વડે બાળી મૂકીશ.
દુરાત્મન્, તું ફરીથી ઊભો થઈશ નહિ.

નામ.

अच्युत (अच्युतः) (પું૦)–વિષ્ણુ.
अपगम (अपगमः) (પું૦)–દૂર થવું તે.
अहन् (ન૦)–દિવસ.
आशा (સ્ત્રી૦)–આશા.
केका (સ્ત્રી૦)–મોરની વાણી.
गृहिन् (પું૦)–ગૃહસ્થાશ્રમી.
गोष्ठी (સ્ત્રી૦)–વાર્તા, સંભાષણ.
चन्द्रक (चन्द्रकः) (પું૦)–મોરના પીછામાં નેત્રાકાર ચિહ્ન (ચાંદલો) હોય છે તે.
जलराशि (પું૦) (તત્પુ૦, जल ન૦ + राशि પું૦ સમૂહ)–દરીઓ.
तत्त्वबोध (तत्त्वबोधः) (પું૦) (તત્પુ૦, तत्त्व ન૦ ખરી વાત + बोध પું૦)–તત્ત્વનો–રહસ્યને બોધ.
तूल (तूलः–लम्) (પું૦, ન૦)–રૂ.
दुर्भिक्ष (दुर्भिक्षम्) (ન૦)–દુકાળ, દુષ્કાળ.
नारायण (नारायणः) (પું૦) (બહુ૦, नार પું૦ જળ + अयन ન૦ સ્થાન), જળ છે સ્થાન જેનું, હરિ, વિષ્ણુ.
निमित्त (निमित्तम्) (ન૦)–કારણ.
नीलकण्ठ (नीलकण्ठः) (પું૦)–મોર.
पाण्डव (पाण्डवः) (પું૦)–પાણ્ડુ રાજાનો પુત્ર.
प्रातःकाल (प्रातर् અવ્ય૦ સવાર) (પું૦)–સવારનો વખત.
प्रसाद (प्रसादः) (પું૦)–મહેરબાની.
बर्हिण (बर्हिणः) (પું૦)–મોર.

बर्हिन् (પું०) (**बर्ह** ન० પીછું + **इन्** વાળું)–મોર.

ब्रह्मचर्य (**ब्रह्मचर्यम्**) (ન०)–બ્રહ્મચર્ય, બ્રહ્મચારીનું–બ્રહ્મ (વેદનું અધ્યયન) આચરનારનું–વ્રત, બ્રહ્મચર્યાશ્રમ.

भुजङ्गभुज् (પું०)–ભુજંગને–સર્પને ખાનાર, મોર.

मुम्बापुरी (સ્ત્રી०)–મુંબઈ.

मेचक (**मेचकः**) (પું०)–મોરના પીછામાં નેત્રાકાર ચિહ્ન (ચાંદલો) હોય છે તે.

योग (**योगः**) (પું०)–જોડાવવું તે, સંબંધ.

वंशस्थ (**वंशस्थम्**) (ન०)–વૃત્તનું–છન્દનું નામ છે.

वनिन् (પું०)–વનમાં રહેનાર, વાનપ્રસ્થ.

वाद (**वादः**) (પું०)–વાદ, બે પક્ષકારો વચ્ચે થતી તકરાર.

विज्ञान (**विज्ञानम्**) (ન०)–વિશેષ [જ્ઞાન.

विशिख (**विशिखः**) (પું०)–બાણ.

विहङ्गम (**विहङ्गमः**) (પું०)–પક્ષી.

शल्य (**शल्यः**) (પું०)–શલ્ય રાજા

शृङ्ग (**शृङ्गम्**) (ન०)–શીંગડું.

श्लोक (**श्लोकः**) (પું०)–અનુષ્ટુપ્ છંદ.

संक्षय (**संक्षयः**) (પું०)–નાશ.

संदेह (**संदेहः**) (પું०)–સંદેહ.

सुभाषित (**सुभाषितम्**)(ન०)–સારૂં–અલંકારયુક્ત વચન.

सुवृष्टि (સ્ત્રી०)–સારી વૃષ્ટિ.

सेतु (પું०)–પૂલ.

सुताम्रपर्णी (સ્ત્રી०) (**सु** અવ્ય० સારૂં + **ताम्रपर्णी** સ્ત્રી०)–સુંદર તામ્રપર્ણી નદી.

વિશે૦

अकारणद्वेषपर (બહુ०, **पर** ન० પ્રધાન વસ્તુ)–કારણ વિના દ્વેષ રાખવો એજ જેને પ્રધાન વસ્તુ છે એવું: કારણ વિના દ્વેષ રાખવામાં તત્પર.

असंख्य–અગણિત. [કહેલું.

उदीरित (**उद्** + **ईर्** ના પ્રેરકનો ભૂ० કૃ०)–

कृत्स्न–બધું.

गतानुगतिक (બહુ०, **गत**, **गम्** નો ભૂ० કૃ० ગયલું + **अनुगति** સ્ત્રી० પાછળ જવું, **क** પ્રત્યય)–ગયલાની પાછળ જનાર, ગાડરીઆ પ્રવાહ પેઠે એક આચરે તેમ આચરનાર.

तीक्ष्ण–તીણું. [રવા યોગ્ય.

ध्येय (**ध्यै** નો વિધ્ય કૃ०)–ધ્યાન ધ-

पारमार्थिक–ખરે માર્ગે જનાર, વાસ્તવિક રીતે વર્તનાર.

ब्रह्मनिष्ठ (બહુ०, **ब्रह्मन्** ન० બ્રહ્મ, **निष्ठा** સ્ત્રી० તત્પરતા)–બ્રહ્મમાં જેની આસક્તિ છે તે, બ્રહ્મચિન્તનમાં મગ્ન.

मद्याजिन् (તત્પુ०, **मद्** હું + **याजिन्**)–મને પૂજનાર.

मधुगन्धि (બહુ०, **मधु** ન०–મધ + **गन्ध** પું० ગન્ધ. બહુ० સ० ને અન્તે સામાન્ય રીતે **गन्ध** નું **गन्धि** થાય છે)–જેમાં મધની ગન્ધ છે એવું.

रामेश्वराख्य (બહુ०, **रामेश्वर** પું० + **आख्या** સ્ત્રી० નામ)–રામેશ્વર છે નામ જેનું ; જેનું નામ રામેશ્વર છે તે.

वटवासिन् (**वट** પું०–વડ + **वासिन्**)–વડમાં રહેનાર.

वध्य–નાશ કરવા યોગ્ય.

श्रोत्रिय–શ્રુતિ જાણનાર. [સમર્પેલું.

समर्पित (**सम्**+**ऋ** ના પ્રેરકનો ભૂ० કૃ०)–

समित्पाणि (બહુ०, **समिध्** સ્ત્રી०–યજ્ઞાદિને વિષે હોમવાનું લાકડું + **पाणि** પું०–હાથ)–જેના હાથમાં સમિધ્નું લાકડું છે તે.

सुनिष्पन्न (**सु** અવ્ય० બરાબર + **निष्पन्न**

धातु.

निस् + पद् ने। ભૂ૦ કૃ૦)–બરાબર સિદ્ધ થયલું.

अनु + भू (**अनुभवति**) (૧ ગ૦ ૫૦)–અનુભવ કરવો.

परि + तुष् (૪ ગ૦ ૫૦)–પ્રેરક–સંતોષ પમાડવો.

प्र + कुप् (**प्रकुप्यति**) (૪ ગ૦ ૫૦)–બહુ કોપવું.

प्रति + ज्ञा [**जा**] (**प्रतिजानाति-नीते**) (૯ ગ૦ ઉ૦)-પ્રતિજ્ઞા કરવી.

प्र + व्रज् (**प्रव्रजति**) (૧ ગ૦ ૫૦)–સંન્યાસ લેવો.

वि+आ+ख्या (**व्याख्याति**) (૨ ગ૦ ૫૦)–વ્યાખ્યાન કરવું, સમજાવવું.

वि + आ + पद् (૪ ગ૦ આ૦) પ્રેરક–મારવું.

वि + रज् (**विरजति–ते, विरज्यति–ते**) (૧ ગ૦ ઉ૦, ૪ ગ૦ ઉ૦)–સંસારથી કંટાળવું, વિરક્ત થવું.

सं+पद् (**संपद्यते**) (૪ ગ૦ આ૦)–થવું.

અ૦ય૦

आलोच्य (**आ+लुच्** ૧ ગ૦ ૫૦ ના૦ પ્રેરકનો અ૦ય૦ કૃ૦)–બારીક તપાસીને.

इतरथा–બીજી રીતે.

इति–એ પ્રમાણે.

उद्दिश्य (**उद् + दिश्** નો અ૦ય૦ કૃ૦)–ઉદ્દેશીને; મનમાં લાવીને.

निबध्य (**नि + बन्ध्** નો અ૦ય૦ કૃ૦)–બાંધીને.

नियतम्–અવશ્ય.

नो–નહિ.

विज्ञानार्थम् (**चतु० तत्पु०, क्रियाविशे० अ०य०, विज्ञान न० + अर्थ**)–વિજ્ઞાનને માટે.

सत्यम्–ખરેખર.

ह–ખરેખર, વાક્યભૂષા માટે વપરાય છે.

પાઠ ૩૭ મો.

પરોક્ષભૂતકાળ.

दुदोह गां स यज्ञाय सस्याय मघवा दिवम्—દોહી પૃથ્વીને તેણે યજ્ઞ માટે ધાસ માટે ઇન્દ્રે સ્વર્ગને=તેણે (રઘુએ) યજ્ઞ કરવા માટે પૃથ્વીનું દોહન કર્યું—પ્રજા પાસે વિત્ત લીધું (અને) ઇન્દ્રે ધાસ ઉત્પન્ન કરવા સ્વર્ગનું દોહન કર્યું—વૃષ્ટિ કરી.

शिवधनुर्नामयित्वा रामः सीतां परिणिनाय—શિવધનુને નમાવીને રામ સીતાને પરણ્યા.

स राजा मृगयां कर्तुं वनं जगाम—તે રાજા શિકાર કરવા વન ગયો.

सेनयो[illegible] युद्धं बभूव—બે સેના વચ્ચે ભારે યુદ્ધ થયું.

तत्र विप्राश्रमाभ्यासे वैश्यमेकं ददर्श सः—ત્યાં બ્રાહ્મણના આશ્રમની પાસે એક વૈશ્યને તેણે જોયો.

उपविष्टौ कथाः काश्चिच्चक्रतुर्वैश्यपार्थिवौ—બેઠેલા વશ્ય અને રાજાએ કંઈક વાતો કરી.

बहु जगद पुरस्तात्तस्य मत्ता किलाहम्—હું તેની આગળ બહુ બોલી; ખરેખર, હું બેભાન—ગાફલ હતી.

ऊनं न सत्त्वेष्वधिको बबाधे तस्मिन् वनं गोप्तरि गाहमाने—તે ગોપ્તા-રક્ષક રાજા વનમાં પ્રવિષ્ટ થયો એટલે પ્રાણીઓમાં બળવાને બળહીનને બાધ ન કર્યો—પીડયું નહિ.

આ પાઠમાં પરોક્ષભૂતકાળના રૂપોના દાખલા આપ્યા છે. સંસ્કૃતમાં ત્રણ ભૂતકાળ છે. તેના અર્થમાં પ્રથમ ફેર હતો, પાછળથી જતો રહ્યો.

પરોક્ષભૂતકાળનો મૂળ અર્થ પરોક્ષ-દીઠામાં ન આવે એમ-થયલી ક્રિયા દર્શાવવાનો છે. અર્થાત્, તે દૂરના ભૂતકાળ માટે વપરાય છે. સંસ્કૃત સાહિત્યમાં એ કાળનો પ્રયોગ ઘણો છે. પહેલા પુરુષમાં તે બેભાનમાં થયલું દર્શાવે છે; જેમકે बहु जगद पुरस्तात्तस्य मत्ता किलाहम्।

પરોક્ષભૂતકાળ.

गद् પર૦

प्र०	जगद-गाद	जगदिव	जगदिम
द्वि०	जगदिथ	जगदथुः	जगद
तृ०	जगाद	जगदतुः	जगदुः

विश् પર૦

विवेश	विविशिव	विविशिम
विवेशिथ	विविशथुः	विविश
विवेश	विविशतुः	विविशुः

मुद् આત્મ૦

प्र०	मुमुदे	मुमुदिवहे	मुमुदिमहे
द्वि०	मुमुदिषे	मुमुदाथे	मुमुदिध्वे
तृ०	मुमुदे	मुमुदाते	मुमुदिरे

वृध् આત્મ૦

ववृधे	ववृधिवहे	ववृधिमहे
ववृधिषे	ववृधाथे	ववृधिध्वे
ववृधे	ववृधाते	ववृधिरे

नु પર૦

प्र०	नुनव-नाव	नुनुविव	नुनुविम
द्वि०	नुनविथ	नुनुवथुः	नुनुव
तृ०	नुनाव	नुनुवतुः	नुनुवुः

૧. આ રૂપો ઉપરથી માલમ પડશે કે પરોક્ષભૂતકાળમાં ધાતુનો દ્વિર્ભાવ થાય છે. દ્વિર્ભાવના નિયમો ૩૦ મા પાઠમાં આપેલા છે.

૨. પ્રત્યયો નીચે પ્રમાણે છે:—

	પર૦			આત્મ૦		
प्र०	अ	व	म	ए	वहे	महे
द्वि०	थ	अथुस्	अ	से	आथे	ध्वे
तृ०	अ	अतुस्	उस्	ए	आते	इरे

૩. इ આગમ લઈ શકે એવા પ્રત્યયો व, म, ને थ અને वहे, महे, से, ने ध्वे છે (પા૦ ૩૬ મો).

૪. પરસ્મૈપદના એકવચનના પ્રત્યયો વિકારક છે, બાકીના પ્રત્યયો તેમજ આત્મનેપદના પ્રત્યયો અવિકારક છે.

૫. વિકારક પ્રત્યય પર છતાં ધાતુના અન્ત્ય સ્વર ને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે; प्र० ए० व० માં ધાતુના અન્ત્ય સ્વરની ને ઉપાન્ત્ય अની વિકલ્પે વૃદ્ધિ થાય છે ને तृ० ए० व० માં નિત્ય વૃદ્ધિ થાય છે.

૬. उકારાન્ત ધાતુના અન્ત્ય उ નો સ્વરાદિ અવિકારક પ્રત્યય પર છતાં उव् થાય છે.

कृ ઉ૦

	પર૦			આત્મ૦		
प्र०	चकर-कार	चकृव	चकृम	चक्रे	चकृवहे	चकृमहे
द्वि०	चकर्थ	चक्रथुः	चक्र	चकृषे	चक्राथे	चकृढ्वे
तृ०	चकार	चक्रतुः	चक्रुः	चक्रे	चक्राते	चक्रिरे

	श्रु પર૦			सृ પર૦		
प्र०	शुश्रव-श्राव	शुश्रुव	शुश्रुम	ससर-सार	ससृव	ससृम
द्वि०	शुश्रोथ	शुश्रुवथुः	शुश्रुव	ससर्थ	सस्रथुः	सस्र
तृ०	शुश्राव	शुश्रुवतुः	शुश्रुवुः	ससार	सस्रतुः	सस्रुः

ઉપરનાં રૂપો તપાસવાથી માલમ પડશે કે એ ધાતુઓમાં इ આગમ આવતો નથી. એનો નિયમ:—

૭. कृ, सृ, भृ, वृ, स्तु, द्रु, स्रु, ને श्रु એ આઠ ધાતુઓમાં પ્રત્યયપૂર્વે इ આગમ આવતો નથી.

૮. ध्वे ની પૂર્વે अ કે आ સિવાય કોઈ પણ ધાતુસ્વર આવે તો તેનો નિત્ય ढ्वे થાય છે; चकृढ्वे.

	क्री પર૦			क्री આત્મ૦		
प्र०	चिक्रय-क्राय	चिक्रियिव	चिक्रियिम	चिक्रिये	चिक्रियिवहे	चिक्रियिमहे
द्वि०	चिक्रेथ-क्रयिथ	चिक्रियथुः	चिक्रिय	चिक्रियिषे	चिक्रियाथे	चिक्रियिध्वे-ढ्वे
तृ०	चिक्राय	चिक्रियतुः	चिक्रियुः	चिक्रिये	चिक्रियाते	चिक्रियिरे

	प्रच्छ् પર०			त्यज् પર०		
प्र०	पप्रच्छ	पप्रच्छिव	पप्रच्छिम	तत्यज-त्याज	तत्यजिव	तत्यजिम
द्वि०	पप्रच्छिथ-पप्रष्ठ	पप्रच्छथुः	पप्रच्छ	तत्यजिथ-तत्यक्थ	तत्यजथुः	तत्यज
तृ०	पप्रच्छ	पप्रच्छतुः	पप्रच्छुः	तत्याज	तत्यजतुः	तत्यजुः

	मृ આત્મ०			हृ પર०		
प्र०	ममर-मार	मम्रिव	मम्रिम	जहर-हार	जह्रिव	जह्रिम
द्वि०	ममर्थ	मम्रथुः	मम्र	जहर्थ	जह्रथुः	जह्र
तृ०	ममार	मम्रतुः	मम्रुः	जहार	जह्रतुः	जह्रुः

આ રૂપો ઉપરથી નીકળતા નિયમો:—

૯. कृ, सृ, भृ, वृ, स्तु, द्रु, स्रु, ને श्रु એ આઠ ધાતુ સિવાયના બધા ધાતુમાં थ સિવાય બધા પ્રત્યયો પૂર્વે इ આગમ નિત્ય આવે છે.

अनिट् હોય તોપણ इ આગમ નિત્ય આવે છે; જેમકે तत्यजिव, मम्रिम, प्रप्रच्छिम, चिक्रियिषे વગેરે.

૧૦. ऋકારાન્ત अनिट् ધાતુમાં थ પૂર્વે इ આગમ આવતો નથી; જેમકે ममर्थ, जहर्थ.

૧૧. अजन्त કે अકારવાળા अनिट् ધાતુમાં थ પૂર્વે इ આગમ વિકલ્પે આવે છે; तत्यजिथ-तत्यक्थ; पप्रच्छिथ-पप्रष्ठ; चिक्रयिथ-चिक्रेथ.

૧૨. इ કે ई ની પૂર્વે સંયુક્ત વ્યંજન હોય તો સ્વરાદિ અવિકારક પ્રત્યય પર છતાં તેનો इय् થાય છે, ને સંયુક્ત વ્યંજન ન હોય તો य् થાય છે.

૧૩. मृ ધાતુ પરોક્ષભૂતકાળમાં પરસ્મૈપદી છે. ભવિ० ને ક્રિયા० માં પણ છે (જુઓ પા० ૩૯ નિ० ૭).

૧૪. ध्वे ની પૂર્વે इ આગમ હોય ને તે इ ની પૂર્વે य्, र्, ल, व्, કે ह् હોય તો ध्वे નો વિકલ્પે ढ्वे થાય છે; चिक्रियिध्वे-ढ्वे.

	भू પર०			जि પર०		
प्र०	बभूव	बभूविव	बभूविम	जिगय-गाय	जिग्यिव	जिग्यिम
द्वि०	बभूविथ	बभूवथुः	बभूव	जिगयिथ-गेथ	जिग्यथुः	जिग्य
तृ०	बभूव	बभूवतुः	बभूवुः	जिगाय	जिग्यतुः	जिग्युः

	हि પર०	चि ઉ०
तृ०	जिघाय વગેરે.	चिचाय-काय चिच्ये, चिक्ये વગેરે.

૧૫. भू ધાતુનાં રૂપ बभूव् અંગ ઉપરથી કરવાં.

૧૬. जि ધાતુના ज् નો ग् ને हि ના ह् નો घ् થાય છે; અને चि ના च् નો વિકલ્પે क् થાય છે.

पा ५२०			म्लै ५२०		
प्र० पपौ	पपिव	पपिम	मम्लौ	मम्लिव	मम्लिम
द्वि० पपिथ-पपाथ	पपथुः	पप	मम्लिथ-मम्लाथ	मम्लथुः	मम्ल
तृ० पपौ	पपतुः	पपुः	मम्लौ	मम्लतुः	मम्लुः

ज्ञा—जज्ञौ; ग्लै—जग्लौ.

નિયમો:—

૧૭. आકારાન્ત ધાતુમાં प्र० ए० व० ને तृ० ए० व० નો પ્રત્યય औ છે. સ્વરાદિ અવિકારક પ્રત્યય પર છતાં ને थ પૂર્વે इ આગમ આવ્યો હોય ત્યારે आકારનો લોપ થાય છે.

૧૮. ए, ऐ, ओ, ने औ જેને અન્તે હોય એવા ધાતુને ગણકાર્યરહિત કાળ ને અર્થમાં आકારાન્ત ગણી રૂપો કરવાં; ग्लै-ग्लाता, ग्लास्यति, जग्लौ.

गम् ५२०			हन् ५२०		
प्र० जगम-गाम	जग्मिव	जग्मिम	जघन-घान	जघ्निव	जघ्निम
द्वि० जगमिथ-जगन्थ	जग्मथुः	जग्म	जघनिथ-जघन्थ	जघ्नथुः	जघ्न
तृ० जगाम	जग्मतुः	जग्मुः	जघान	जघ्नतुः	जघ्नुः

घस्—जघास जक्षतुः जक्षुः जघसिथ अद्—आद जघास, आदिथ—जघसिथ

खन्—चखान चख्नतुः चख्नुः

जन्—जज्ञे जज्ञाते जज्ञिरे

નિયમો:—

૧૯. अद् ને ઠેકાણે પરોક્ષભૂતકાળમાં घस् આદેશ વિકલ્પે થાય છે ને તેને थ પૂર્વે નિત્ય इ આવે છે. अद् ને ऋ ધાતુમાં थ પૂર્વે નિત્ય इ આવે છે.

૨૦. गम्, हन्, जन्, खन्, ને घस् ધાતુઓમાં અવિકારક પ્રત્યય પર છતાં अ લોપાય છે. हन् માંના ह् નો घ् થાય છે. अ લોપાય ત્યારે घस् નું (घ्स्-क्स्-क्ष्) क्ष् ને जन् નું (जन्-ज्ञ्) ज्ञ् થાય છે.

पुरा किल समस्ते क्षितिमण्डले सुरथो नाम राजा बभूव। औरसान् पुत्रानिव प्रजाः सम्यक् पालयतस्तस्य केचिद् भूपाः शत्रवो बभूवुः। तैः सहातिप्रबलस्य तस्य युद्धं बभूव। न्यूनैरपि तैर्युद्धे स जिग्ये। ततः स स्वपुरमायातो निजदेशाधिपोऽभवत्। तत्रापि स प्रबलारिभिराक्रान्तः। दुर्बलस्य तस्य कोशो बलं च सर्वं स्वपुरेऽपि दुरात्मभिर्बलिभिरिरिभिरपजह्रे। ततो हृतस्वाम्यः स भूपतिर्मृगयाव्याजेन हयमारुह्यैकाकी गहनं वनं जगाम तत्र च कस्यचिद् द्विजवर्यस्याश्रमपदं ददर्श। तेन मुनिना सत्कृतस्तस्मिन्नाश्रमे स कंचित्

कालं तस्थौ ममत्वाकृष्टचेतनः सन्नचिन्तयच्च । यत्पुरं मत्पूर्वैः पूर्वं पालितं तदधुना मया हीनम् । न जाने मद्भृत्यैरसद्वृत्तैर्धर्मतः पाल्यते नो वा । धनभोजनैर्नित्यं प्रसादिता मदनुयायिनोऽद्यान्यमहीभृतां वृत्तिं कुर्वन्ति । अतिदुःखेन संचितः कोशस्तेषामसद्व्ययैः क्षयं गमिष्यतीति ॥

ज्ञेया वसन्ततिलका तभजा जगौ गः ।

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं
भास्वानुदेष्यति हसिष्यति पङ्कजं च ।
इत्येव चिन्तयति कोशगते द्विरेफे
हा हन्त हन्त नलिनीं गज उन्मुमूल ॥

न तज्जलं यन्न सुचारुपङ्कजं
न पङ्कजं तद्यदलीनषट्पदम् ।
न षट्पदोऽसौ न जुगुञ्ज यः कलं
न गुञ्जितं तन्न जहार यन्मनः ॥

एको हि दोषो गुणसंनिपाते
निमज्जतीन्दोरिति यो बभाषे ।
नूनं न दृष्टं कविनापि तेन
दारिद्र्यदोषो गुणराशिनाशी ॥

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा–
न्यन्यानि संयाति नवानि देही ॥

એક વખત દુષ્યન્ત રાજા શિકાર કરવા વન ગયો. ત્યાં કણ્વ ઋષિના આશ્રમમાં પેઠો. આશ્રમના બાગમાં તેણે શકુન્તલાને બે સખીઓ સાથે વૃક્ષોને પાણી સીંચતી જોઈ. તેનો ને શકુન્તલાનો પરસ્પર પ્રેમ થયો અને તે શકુન્તલાને ગાન્ધર્વ-વિવાહે પરણ્યો.

નામ.

अधिप (**अधिपः**) (**पुं०**)–રાજા.

अभ्यास (**अभ्यासः**) (**पुं०**)–સામીપ્ય; પાડોશ.

असद्व्यय (**असद्व्ययः**) (**पुं०**) (**कर्म०, असत्**=ખરાબ+**व्यय पुं०**= ખરચ)–ખોટો ખરચ.

कोश (**कोशः**) (**पुं०**)–૧ ખજાનો; ૨ બીડાયલું ફૂલ.

क्षितिमण्डल (क्षिति સ્ત્રી૦ પૃથ્વી + मण्डल ન૦) (ન૦)–આખી પૃથ્વી.
गो (સ્ત્રી૦)–પૃથ્વી.
चेतन (चेतनः) (પું૦)–મન.
दारिद्र्यदोष (दारिद्र्यदोषः) (પું૦) (કર્મ૦, दारिद्र्य ન૦=ગરીબાઈ + दोष પું૦)–ગરીબાઈરૂપી દોષ.
देहिन् (પું૦)–આત્મા.
धनुस् (ન૦)–ધનુષ્, કામઠું.
नलिनी (સ્ત્રી૦)–કમલિની.
भास्वत् (પું૦)–સૂર્ય.
मघवन् (પું૦)–ઇન્દ્ર.
ममत्व (ममत्वम्) (ન૦)–મમતા, [હુંપણું.
महीभृत् (પું૦)–રાજા.
मृगयाव्याज (मृगयाव्याजः) (પું૦) (मृगया સ્ત્રી૦ + व्याज પું૦ કપટ, બાનું) શિકારનું બાનું.
वसन्ततिलका-कम् (સ્ત્રી૦, ન૦)–છન્દનું [નામ છે.
वासस् (ન૦)–કપડું, વસ્ત્ર.
विप्र (विप्रः) (પું૦)–બ્રાહ્મણ.
वृत्ति (સ્ત્રી૦)–આજીવિકા.
षट्पद (षट्पदः) (પું૦)–ભ્રમર.
संनिपात (संनिपातः) (પું૦)–સમૂહ.
सत्त्व (सत्त्वम्) (ન૦)–પ્રાણી.
सस्य (सस्यम्) (ન૦)–અન્ન.
सुप्रभात (सुप्रभातम्) (ન૦)–સારૂં પ્રભાત.
सुरथ (सुरथः) (પું૦)–રાજાનું નામ છે.
स्वाम्य (स्वाम्यम्) (ન૦)–સ્વામીપણું.
हय (हयः) (પું૦)–ઘોડો.

વિશે૦

अतिप्रबल–ઘણું બળવાન્.
अनुयायिन्–પાછળ જનાર, અનુચર.
असद्वृत्त (બહુ૦)–નઠારાં આચરણવાળું.
आकृष्ट (आ + कृष् નો ભૂ૦ કૃ૦)–ખેંચાયલું.
आक्रान्त (आ + क्रम् નો ભૂ૦ કૃ૦)–ઘેરાયલું. [બેઠેલું.
उपविष्ट (उप + विश् નો ભૂ૦ કૃ૦)–
ऊन–ઊણું, ઓછા બળવાળું.
औरस (उरस् ન૦=પેટ એ ઉપરથી)–પેટનું; પોતાનું.
कल–અસ્પષ્ટ મધુર, કાલું.
गहन–ઊંડું.
गुणराशिनाशिन्–ગુણસમૂહનો નાશ કરનાર.
गोप्तृ–રક્ષણ કરનાર.
जीर्ण (जृ નો ભૂ૦ કૃ૦)–ઘસાઈ ગયલું.
तुमुल–ભારે.
द्विजवर्य–દ્વિજોમાં શ્રેષ્ઠ.
निज–પોતાનું.
न्यून–ઊણું; ઓછા બળવાળું.
प्रसादित (प्र + सद् ના પ્રેરકનો ભૂ૦ કૃ૦)–પ્રસન્ન કરેલું. [કરેલું.
संचित (सम् + चि નો ભૂ૦ કૃ૦)–એકઠું
सत्कृत (सत् પૂર્વક कृ નો ભૂ૦ કૃ૦)–સત્કાર કરેલું; માન આપેલું.
समस्त–બધું.
सुचारु–અતિસુંદર.
हीन (हा ' તજવું ' નો ભૂ૦ કૃ૦)–તજાયલું, વિનાનું.

ધાતુ.

अप + हृ (अपहरति) (૧ ગ૦ ૫૦)–લઈ જવું.
उद् + मूल (उन्मूलति) (૧ ગ૦ ૫૦)–મૂળથી ઉખેડી નાખવું.

गद् (**गदति**) (૧ ગ૦ ૫૦)–બોલવું.
गाह् (**गाहते**) (૧ ગ૦ આ૦)–પેસવું.
गुञ्ज् (**गुञ्जति**) (૧ ગ૦ ૫૦)–ગણગણવું.
नि + मस्ज् [**मज्ज्**] (**निमज्जति**) (૬ ગ૦ ૫૦)–નિમગ્ન થવું; બૂડવું.
परि + नी [**णी**] (**परिणयति**) (૧ ગ૦ ૫૦)–પરણવું.
पालय (**पा** ૨ ગ૦ ૫૦ 'પાળવું' નું પ્રેરક અંગ)–પાળવું.
बाध् (**बाधते**) (૧ ગ૦ આ૦)–પીડવું.
सम् + या (**संयाति**) (૨ ગ૦ ૫૦)–જવું; પ્રવેશ કરવો.
हस् (**हसति**) (૧ ગ૦ ૫૦)–હસવું.

અવ્યય.

किल—ઐતિહ્યવાચક; ખરેખર; એમ કહે છે.
नामयित्वा (**नम्** ના પ્રેરકનો અવ્ય૦ કૃ૦)–નમાવીને.
नूनम्–નિશ્ચયવાચક છે.
पुरा–અગાઉ, પૂર્વે.
पूर्वम्–અગાઉ.
विहाय (**वि + हा** 'તજવું' નો અવ્ય૦ કૃ૦)–તજીને.

પાઠ ૩૮ મો.

પરોક્ષભૂતકાળ (જારી).

जनको हि वैदेहो बहुदक्षिणेन यज्ञेन ईजे (यज्ञेनेजे)—ખરેખર, વિદેહના રાજા જનકે બહુ દક્ષિણાવાળા યજ્ઞ વડે યજ્ઞ કર્યો (યજ્ઞ કર્યો તેમાં બહુ દક્ષિણા આપી).

ते कपीन्द्रा मन्युं रोद्धुं न शेकुः—તે વાનરોમાં શ્રેષ્ઠ વાનરો ક્રોધ અટકાવવા શક્તિમાન્ થયા નહિ.

तयोस्तुमुलं युद्धं समापेदे—તે બે વચ્ચે ભારે યુદ્ધ થયું.

निशम्य देवानुचरस्य वाक्यं मनुष्यदेवः पुनरप्युवाच—દેવના (શિવના) અનુચરનું વાક્ય સાંભળીને મનુષ્યોના રાજાએ ફરી કહ્યું.

विश्वामित्रमागतमभिप्रेक्ष्य वसिष्ठः स्वागतं व्याजहार—વિશ્વામિત્રને આવતા જોઈ વસિષ્ઠે તેને સ્વાગત કહ્યું (સત્કાર કર્યો, ભલે પધાર્યા કહ્યું).

પરોક્ષભૂતકાળ.

पच् ૫૨૦

प्र०	पपच-पाच	पेचिव	पेचिम
द्वि०	पेचिथ-पपक्थ	पेचथुः	पेच
तृ०	पपाच	पेचतुः	पेचुः

शक् ૫૨૦

प्र०	शशाक-शाक	शेकिव	शेकिम
द्वि०	शेकिथ-शशक्थ	शेकथुः	शेक
तृ०	शशाक	शेकतुः	शेकुः

तॄ ૫૨૦

तृ०	ततार	तेरतुः	तेरुः

भ्रम् ૫૨૦

तृ०	बभ्राम	बभ्रमतुः-भ्रेमतुः	बभ्रमुः-भ्रेमुः

	भज् ५२०			राज् ५२०		
तृ०	बभाज	भेजतुः	भेजुः	रराज	रराजतुः-रेजतुः	रराजुः-रेजुः

	त्यज् ५२०			वम् ५२०		
तृ०	तत्याज	तत्यजतुः	तत्यजुः	ववाम	ववमतुः	ववमुः

भञ्ज्

तृ० बभञ्ज बभञ्जतुः बभञ्जुः

રૂપો ઉપરથી નીકળતા નિયમોઃ—

૧. જે ધાતુના આદિ વ્યંજનનો અભ્યાસમાં ફેરફાર થતો ન હોય ને જેમાં अकार બે અસંયુક્ત વ્યંજનો વચ્ચે આવ્યો હોય તેમાં અવિકારક પ્રત્યય પર છતાં ને इ આગમવાળા थ પર છતાં અભ્યાસનો લોપ થાય છે ને अकारનો एकार થાય છે.

૨. तृ, फल्, भज्, त्रप् વગેરે ધાતુમાં પણ एत्व ને अभ्यासलोप થાય છે; भ्रम्, त्रस्, राज्, भ्राज् આદિ ધાતુમાં વિકલ્પે થાય છે.

૩. वकारથી શરૂ થતા ધાતુમાં એ ફેરફાર થતો નથી.

	स्मृ ५२०			ऋ ५२०			कृ ५२०	
तृ०	सस्मार	सस्मरतुः	सस्मरुः	द्वि० आरिथ	आरथुः	आर	चकार	चकरतुः चकरुः

૪. ऋની પૂર્વે જોડાક્ષર હોય એવા ऋकारान्त ધાતુઓ, ॠकारान्त ધાતુઓ, जागृ ને ऋ અવિકારક પ્રત્યયો પર છતાં પણ ગુણ પામે છે.

	यज् ५२०			वह् ५२०		
प्र०	इयज-याज	ईजिव	ईजिम	उवह-वाह	ऊहिव	ऊहिम
द्वि०	इजयिथ-इयष्ठ	ईजथुः	ईज	उवहिथ-उवोढ	ऊहथुः	ऊह
तृ०	इयाज	ईजतुः	ईजुः	उवाह	ऊहतुः	ऊहुः

यज् + थ—इअयज् + थ—इयज् + थ—इयष् + थ (પા० ૨૮ નિ० ४)—इयष् + ठ=इयष्ठ.

यज् + अथुः—इज् + अथुः—इइज् + अथुः=ईजथुः.

	ग्रह् ५२०			वस् ५२०		
तृ०	जग्राह	जगृहतुः	जगृहुः	उवास	ऊषतुः	ऊषुः

	वच् ५२०			वच् કર્મણિ આત્મ०		
तृ०	उवाच	ऊचतुः	ऊचुः	ऊचे	ऊचाते	ऊचिरे

૫ यज्, वह्, वप्, वद्, व्यध, वच्, वस् (૧ ગ०), ग्रह्, स्वप् વગેરે કેટલાક ધાતુમાં પરોક્ષભૂતકાળમાં અભ્યાસમાં સંપ્રસારણ થાય છે; અવિકારક પ્રત્યય પર છતાં પ્રથમ ધાતુમાં સંપ્રસારણ થાય છે, પછી તેનો દ્વિર્ભાવ થાય છે.

	इष् ૫૨०			इ ૫૨०		
द्वि०	इयेषिथ	ईषथुः	ईष	इययिथ इयेथ	ईयथुः	ईय
तृ०	इयेष	ईषतुः	ईषुः	इयाय	ईयतुः	ईयुः

	स्वप् ૫૨०			स्मि આ०		
तृ०	सुष्वाप	सुषुपतुः	सुषुपुः	सिष्मिये	सिष्मियाते	सिष्मियिरे

विद्-विवेद-विदांचकार.

जागृ-जागरांचकार અથવા जजागार-जजागरतुः-जजागरुः.

इष् + इथ=इइष् + इथ=इएष् + इथ=इय् एष् इथ=इयेषिथ.

इ इ + अ=इ ऐ + अ=इ आय् + अ=इय् + आय् + अ=इयाय.

इ इ + अतुः=इ य् + अतुः=ई य् + अतुः=ईयतुः.

स्वप् + अ=सु अ स्वाप् + अ=सु स्वाप् + अ=सु ष्वाप् + अ=सुष्वाप.

૬. (अ) અભ્યાસના इ કે उ નો અસવર્ણ સ્વર પર છતાં इय् કે उव् થાય છે; જેમકે इयेष, उवोख.

(आ) અવિકારક પ્રત્યય પર છતાં इ ધાતુના इ નો य् થાય છે ને અભ્યાસનો इ દીર્ઘ થાય છે.

(इ) स्वप् ને स्मि ધાતુના स् નો ष् થાય છે.

	अर्ह् ૫૨०			अर्च् ૫૨०		
तृ०	आनर्ह	आनर्हतुः	आनर्हुः	आनर्च	आनर्चतुः	आनर्चुः

अश्—आनशे.

૭. ધાતુ अ થી શરૂ થતો હોય ને તેમાં સંયુક્ત વ્યંજન હોય તો અભ્યાસના अ નો आ થાય છે ને તે પછી નકાર ઉમેરાય છે. अश् ૫ ગ० આ० वेद्द ને પણ એ નિયમ લાગુ પડે છે.

ईश्—तृ० ए० व०—ईशांचक्रे-ईशांबभूव-ईशामास
चुर्— ,, —चोरयाचकार-बभूव-आस
कृ પ્રેરક—,, कारयांचकार-बभूव-आस

दय्-दयांचक्रे-बभूव-आस.
आस्-आसांचक्रे વગેરે.
भी-बिभाय-बिभयांचकार
भृ-बभार-बिभरांचकार

ह्री-जिह्राय-जिह्रयांचकार.

૮. (अ) अ કે आ સિવાયના સ્વરથી ધાતુ શરૂ થતો હોય ને તે સ્વર જાતે દીર્ઘ હોય કે હ્રસ્વ હોઈ તેની પછી જોડાક્ષર હોય તો એવા ધાતુનો પરોક્ષભૂતકાળ ધાતુને आम् લગાડી તેની પછી कृ, भू, કે अस् ના પરોક્ષભૂતકાળનાં રૂપો વાપરવાથી થાય છે.

(आ) दय्, अय्, ने आस् પણ આમ્‌યુક્ત પરોક્ષભૂતકાળનાં રૂપો લે છે; विद् ને जागृ વિકલ્પે લે છે. भी, ह्री, भृ, ને हु પણ વિકલ્પે લે છે ને લે છે ત્યારે તેમનો દ્વિર્ભાવ ગણકાર્યવિશિષ્ટ કાળોમાં થાય છે તેવો થાય છે.

(इ) ૧૦ મા ગણના ધાતુના, પ્રેરકના, અને એવા બીજા સાધિત ધાતુના પરોક્ષભૂતકાળ એજ રીતે થાય છે.

(ई) આત્મનેપદી ધાતુને कृ નાં આત્મ૦ રૂપો લાગે છે, પણ भू ને अस्‌નાં તો પર૦ રૂપોજ લાગે છે.

૯. **કર્મણિ કે ભાવે રૂપો**—પરોક્ષભૂતકાળનાં કર્મણિ કે ભાવે રૂપો ધાતુને આત્મનેપદ પ્રત્યયો લગાડવાથી થાય છે.

समानर्माहमानानां चाधीयानानां च केचिदर्थैर्युज्यन्ते अपरे न तत्र किमस्माभिः कर्तुं शक्यं स्वाभाविकमेतत् ॥

यो वै ब्राह्मणानामनूचानतमः स एषां वीर्यवत्तमः ।

अलमलं बहु विकत्थ्य । राज्ञः समक्षमेवावयोरधरोत्तरव्यक्तिर्भविष्यति ।

उपकोसलो ह वै कामलायनः सत्यकामे जाबाले ब्रह्मचर्यमुवास ।

जनको ह वै वैदेहः कूर्चादुपावसर्पन्नुवाच नमस्ते याज्ञवल्क्य अनु मा शाधीति ।

एकदा पुत्रेषु फलाहारार्थं वनं गतेषु नियतव्रता जमदग्नेः स्त्री रेणुका स्नातुं जगाम । आगच्छन्ती यदृच्छया चित्ररथं नाम नृपमृद्धिमन्तं सभार्यं ददर्श । दृष्ट्वा च तत्सुखमधिगन्तुमियेष । एतस्माद्दुष्टविचारात् सा नियमाच्च्युत्वाश्रमं च त्रस्ता प्रविवेश । जमदग्निस्तां ब्राह्म्या लक्ष्म्या विवर्जितां धैर्याच्च्युतां दृष्टवान् धिक्शब्देन च तां जगर्ह । ततः स आनुपूर्व्याच्चतुरः पुत्रान् मातरं हन्तुमादिदेश । ते तु मातृस्नेहवशाद्विचेतसो न किंचिद् बभाषिरे । तस्मात् क्रोधान्मुनिस्ताञ् शशाप पञ्चमं पुत्रं परशुरामं च मातृवधं कर्तुं शशास । मातर्यतीव स्निग्धोऽपि परशुरामः पितुराज्ञां शिरसि कृत्वास्याः शिरः परशुना चिच्छेद । ततो जमदग्निः प्रससादेत्थमुवाच च ।

ममेदं वचनात् तात कृतं ते कर्म दुष्करम् ।
वृणीष्व कामान् धर्मज्ञ यावतो वाञ्छसे हृदा ॥

स वव्रे मातुरुत्थानमस्मृतिं च वधस्य वै ।
पापेन तेन चास्पर्शं भ्रातॄणां प्रकृतिं तथा ॥

अप्रतिद्वन्द्वितां युद्धे दीर्घमायुश्च भारत ।
ददौ च सर्वान् कामांस्तान् जमदग्निर्महातपाः ॥

गतो वनं श्वो भवितेति रामः शोकेन देहे जनतातिमात्रम् ।

हा राम हा रमण हा जगदेकवीर
हा नाथ हा रघुपते किमुपेक्षसे माम् ।
इत्थं विदेहतनयां मुहुरालपन्ती-
मादाय राक्षसपतिर्नभसा जगाम ॥

मातुलगृहादागतस्य भरतस्य कैकेय्याश्च संवादोऽयम् ।—

मातस्तातः क्व यातः, सुरपतिभवनं, हा कुतः, पुत्रशोकात्,
कोऽसौ पुत्रश्चतुर्णां, त्वमवरजतया यस्य जातः, किमस्य ।
प्राप्तोऽसौ काननान्तं, किमिति, नृपगिरा, किं तथासौ बभाषे,
मद्वाग्बद्धः, फलं ते किमिह, तव धराधीशता, हा हतोऽस्मि ॥

स्थायं स्थायं क्वचिद्यान्तं क्रान्त्वा क्रान्त्वा स्थितं क्वचित् ।
वीक्षमाणो मृगं रामश्चित्रवृत्तिं विसिष्मिये ॥

तमवेक्ष्य रुरोद सा भृशं स्तनसंबाधमुरो जघान च ।
स्वजनस्य हि दुःखमग्रतो विवृतद्वारमिवोपजायते ॥

यस्योदयेनेह जगत् प्रबुध्यते प्रवर्तते चाखिलकर्मसिद्धये ।
ब्रह्मेन्द्रनारायणरुद्रवन्दितः स नः सदा यच्छतु मङ्गलं रविः ॥

વસિષ્ઠ ને વિશ્વામિત્રને શા કારણથી વેર થયું તે અર્જુને ગન્ધર્વને પૂછ્યું. કુશિકનો પુત્ર ગાધિ નામનો મોટો રાજા હતો. તેને વિશ્વામિત્ર નામનો બળવાન્ પુત્ર હતો. એક વખતે વિશ્વામિત્ર શિકાર કરવા વનમાં ગયા, ત્યાં તરસથી પીડાયલા વસિષ્ઠના આશ્રમમાં પેઠા. વસિષ્ઠે તેમનો સત્કાર કર્યો. વિશ્વામિત્રે વસિષ્ઠ પાસે કામદુઘા ગાય માગી, પણ તેમણે તે આપી નહિ.

નામ.

अधरोत्तरव्यक्ति (स्त्री०)–ઊતરતા કે ચઢીઆતા હોવાની સ્પષ્ટતા.

अप्रतिद्वन्द्विता (स्त्री०) (अ + प्रतिद्वन्द्विन्–પ્રતિસ્પર્ધી, હરીફ)–કોઈ હરીફ થઈ શકે નહિ એવી સ્થિતિ.

अवरजता (**अवर** સ૦ પાછલું, **अवरज** પું૦ નાનો ભાઈ)–નાના ભાઈ હોવાપણું.

अस्पर्श (**अस्पर्शः**) (પું૦)–સ્પર્શ ન થવો તે.

अस्मृति (સ્ત્રી૦)–સ્મરણનો અભાવ.

आनुपूर्व्य (**आनुपूर्व्यम्**) (ન૦)–ક્રમ.

उत्थान (**उत्थानम्**) (ન૦)–ઊઠવું તે; જીવતા થવું તે.

उपकोसल (પું)–ઋષિનું નામ છે.

कानन (**काननम्**) (ન૦)–વન.

कामलायन (પું૦)–ઋષિનું નામ છે.

कूर्चः-र्चम् (પું૦)–દર્ભાસન.

चित्ररथ (**चित्ररथः**) (પું૦)–રાજાનું નામ છે.

जमदग्नि (પું૦)–ઋષિનું નામ છે.

जाबाल (પું૦)–ઋષિનું નામ છે.

तात (**तातः**) (પું૦)–વહાલનો શબ્દ; શિષ્ય, પુત્ર વગેરે માટે વપરાય છે.

धराधीशता (સ્ત્રી૦)–પૃથ્વીના રાજા હોવાપણું.

परशु (પું૦)–ફરસી.

परशुराम (**परशुरामः**) (પું૦)જમદગ્નિનો પુત્ર, જેણે ૨૧ વાર નક્ષત્રી પૃથ્વી કરી તે.

भारत (**भारतः**)(પું૦)–ભરતનો વંશજ, અર્જુન.

मन्यु (પું૦)–ક્રોધ. ૨ શોક.

मातुल (**मातुलः**) (પું૦)–મામો.

मानस (**मानसम्**) (ન૦)–મન.

याज्ञवल्क्य (પું૦)–ઋષિનું નામ.

रेणुका (સ્ત્રી૦)–જમદગ્નિની સ્ત્રી.

वैदेह (પું૦)–વિદેહનો રાજા, જનક.

सत्यकाम (પું૦)–ઋષિનું નામ છે.

सुरपति (પું૦)–દેવોનો પતિ, ઇન્દ્ર.

स्वागत (**स्वागतम्**) (ન૦)–ભલે પધારવું, સત્કાર.

हृद् (ન૦) (પ્રથમ પાંચ રૂપ નથી)–[હૃદય.

વિશેષણ.

अखिल–આખું.

अधीयान (**अधि इ** નો વ૦ કૃ૦)–અભ્યાસ કરતું.

अनूचानतम–સર્વથી શ્રેષ્ઠ, વેદનું અનુવચન કરનાર.

ईहमान (**ईह्** ૧ ગ૦ આ૦ નો વ૦ કૃ૦) –ચેષ્ટા કરતું, પ્રયત્ન કરતું.

ऋद्धिमत्–સમૃદ્ધિવાળું.

एक–અદ્વિતીય, અનુપમ.

एवंविध (**बहु**૦, **एवम्** + **विधा** સ્ત્રી૦ પ્રકાર)–એવો છે પ્રકાર જેનો, એવા પ્રકારનું. [વાળું.

चित्रवृत्ति (**बहु**૦)–અદ્ભુત આચરણ-

च्युता (**च्यु** નો ભૂ૦ કૃ૦ સ્ત્રી૦)–ભ્રષ્ટ.

त्रस्ता (**त्रस्** નો ભૂ૦ કૃ૦ સ્ત્રી)–બીધેલી.

धर्मज–ધર્મ જાણનાર.

नियतव्रता (**बहु**૦, **नियत नि** + **यम्** નો ભૂ૦ કૃ૦ + **व्रत** ન૦) નિયમપૂર્વક જેનું વ્રત છે એવી.

ब्राह्मी (સ્ત્રી૦)–બ્રાહ્મણની, પવિત્ર.

भविष्य–થનારૂં.

महातपस् (**बहु**૦, **महत्** [બહુ૦ સમાસમાં **महत्** નું **महा** થાય છે] + **तपस्** ન૦) જેનું તપ મોટું છે તે.

यावत्–જેટલું

रमण–રમાડનાર, ગમ્મત કરાવનાર.

विचेतस् (**बहु**૦)–ખિન્ન.

विवर्जिता (**वि** + **वृज्** ૧૦ ગ૦ ઉ૦ નો ભૂ૦ કૃ૦ સ્ત્રી૦)–રહિત.

विवृत (**वि** + **वृ** નો ભૂ૦ કૃ૦)–ઉઘડેલું.

ધાતુ.

अभि + प्र + ईक्ष् (**अभिप्रेक्षते**) (१ ગ૦ આ૦)–જોવું.

आ + दिश् (**आदिशति**) (૬ ગ૦ પ૦) –હુકમ કરવો.

उप + ईक्ष् (**उपेक्षते**) (१ ગ૦ આ૦) –અનાદર કરવો, ન ગણકારવું.

उप + जन् (**उपजायते**) (૪ ગ૦ આ૦) –ઉત્પન્ન થવું.

उप + आ+सृप् (**उपासर्पति**) (१ ગ૦ પ૦)–ઊઠવું.

गर्ह् (**गर्हते**) (१ગ૦આ૦) ઠપકો દેવો.

च्यु (**च्यवति**) (१ ગ૦ પ૦)–પડવું.

निशम् (**निशाम्यति**) (૪ ગ૦)–સાંભળવું.

प्रबुध् (**प्रबोधति**) (१ ગ૦ પ૦)–જાગ્રત્ થવું.

वाञ्छ् (**वाञ्छति**) (१ ગ૦ પ૦)–ઇચ્છવું.

वि + कत्थ् (**विकत्थते**) (१ ગ૦ આ૦) –પતરાજી કરવી.

वि + स्मि (**विस्मयते**) (१ ગ૦ આ૦) –વિસ્મય પામવો.

व्या+हृ (**व्याहरति**) (१ ગ૦ પ૦)–કહેવું.

शप् (**शपति–ते**) (ગ૦ ઉ૦)–શાપ દેવો.

અવ્ય૦

अग्रतः–આગળ.

एकदा–એકવાર.

फलाहारार्थम् (**चतु० तत्पु०**, **फल** ન૦ +**आहार** પું૦)–ફળના આહારને માટે.

भृशम्–અતિશય.

यदृच्छया (**यदृच्छा** નું **तृ० ए० व०**) એકાએક.

वै–વાક્યભૂષા માટે વપરાય છે; ર ખરે-ખર.

समक्षम्–નજર આગળ.

सुखम्–સુખે.

स्तनसंबाधम् (**स्तनौ संबाध्य णमुल्** [**अम्**] પ્રત્યય **संबाध्** ને લાગી)–છાતી ફૂટીને. [ખર.

ह–વાક્યભૂષા માટે વપરાય છે; ર ખરે-

પાઠ ૩૯ મો.

અદ્યતનભૂતકાળ.

सुरथो नाम राजाभूत् समस्ते क्षितिमण्डले—આખા પૃથ્વીમંડળમાં સુરથ નામનો રાજા થયો.

बाल मृत्योर्मा भैषीः—હે બાળ મૃત્યુથી ન બી.

भर्तुर्विप्रकृतापि रोषणतया मा स्म प्रतीपं गमः—ભરથારની તિરસ્કાર પામેલી એવી પણ તું ગુસ્સાથી આડી ન જા.

व्यजेष्ट षड्वर्गमरंस्त नीतौ—તે છના સમૂહને—કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ને મત્સર એ છ આન્તર શત્રુને—જીત્યો ને નીતિમાં રમ્યો.

આ પાઠમાં ત્રીજા ભૂતકાળનાં રૂપોના દાખલા છે. એ ભૂતકાળનો મૂળ અર્થ પાસેનો ભૂત સમય હતો. એ **अद्यतनभूतकाल** છે.

भू—अभूत्	अद्यतनभू० तृ० ए० व०	આજનો, પાસેનો ભૂતકાળ.
अभवत्	ह्यस्तनभू०	,,	કાલનો, સહજ દૂરનો ભૂતકાળ.
बभूव	परोक्षभू०	,,	બહુ દૂરનો ભૂતકાળ.

ह्यस्तनभू० का० ની પેઠે अद्यतनभू० का० માં પણ ધાતુની પૂર્વે अ કે आ આગમ આવે છે. આ ઉપરથી એનું રૂપ સહજ ઓળખાશે. એ કાળમાં જુદા જુદા પ્રત્યયો લે છે, તેથી એના ૭ પ્રકાર છે, તેમાં ૪ થો ને ૫ મો સામાન્ય પ્રકાર છે.

ચોથો ને પાંચમો પ્રકાર.

૧. अनिट् ધાતુઓ ચોથો, सेट् પાંચમો, ને वेट् બંને પ્રકાર લે છે.

૪ થો પ્રકાર — जि પર૦ | **૫ મો પ્રકાર** — वद् પર૦

प्र०	अजैषम्	अजैष्व	अजैष्म	अवादिषम्	अवादिष्व	अवादिष्म
द्वि०	अजैषीः	अजैष्टम्	अजैष्ट	अवादीः	अवादिष्टम्	अवादिष्ट
तृ०	अजैषीत्	अजैष्टाम्	अजैषुः	अवादीत्	अवादिष्टाम्	अवादिषुः

जि આત્મ० | शी આત્મ०

प्र०	अजेषि	अजेष्वहि	अजेष्महि	अशयिषि	अशयिष्वहि	अशयिष्महि
द्वि०	अजेष्ठाः	अजेषाथाम्	अजेढ्वम्	अशयिष्ठाः	अशयिषाथाम्	अशयिध्वम्-ढ्वम्
तृ०	अजेष्ट	अजेषाताम्	अजेषत	अशयिष्ट	अशयिषाताम्	अशयिषत

આ ઉપરથી પ્રત્યયો નીચે પ્રમાણે છે.

૪ થો પ્રકાર.

પર૦ | આત્મ०

प्र०	सम्	स्व	स्म	सि	स्वहि	स्महि
द्वि०	सीः	स्तम्	स्त	स्थाः	साथाम्	ध्वम्
तृ०	सीत्	स्ताम्	सुः	स्त	साताम्	सत

૫ મો પ્રકાર.

પર૦ | આત્મ०

प्र०	इषम्	इष्व	इष्म	इषि	इष्वहि	इष्महि
द्वि०	ईः	इष्टम्	इष्ट	इष्ठाः	इषाथाम्	इध्वम्
तृ०	ईत्	इष्टाम्	इषुः	इष्ट	इषाताम्	इषत

कृ—	अकार्षीत्	अकार्ष्टाम्	अकार्षुः; आत्म०—अकृत
पच्—	अपाक्षीत्	अपाक्ताम्	अपाक्षुः
यज्—	अयाक्षीत्	अयाष्टाम्	अयाक्षुः
चर्—	अचारीत्	अचारिष्टाम्	अचारिषुः
चल्—	अचालीत्	अचालिष्टाम्	अचालिषुः

वज्—अव्राजीत् अव्राजिष्टाम् अव्राजिषुः
गद्—अगदीत्—गादीत् વગેરે.
तॄ— अतारीत् आतारिष्टाम् अतारिषुः
जागृ—अजागरीत्; हस्—अहसीत्; मुद्—अमोदिष्ट
हन्—अवधीत्—अवधिष्टाम्—अवधिषुः

ગુણવૃદ્ધિના નિયમો.

૨. ૪ થા પ્રકારમાં પરસ્મૈપદમાં ધાતુના સ્વરની વૃદ્ધિ થાય છે; नी—अनैषीत्; रुध्—अरौत्सीत्.

૩. આત્મનેપદમાં ૪ થા પ્રકારમાં માત્ર અન્ત્ય इકાર ને उકારનો ગુણ થાય છે; બાકીના સ્વરો વિકાર પામતા નથી; व्यजेष्ट; अकृत.

૪. ૫ મા પ્રકાર ૫૨૦ માં ધાતુના અન્ત્ય સ્વરની, रકારાન્ત ને लકારાન્ત ધાતુના તેમજ वद् ને व्रज्‌ના ઉપાન્ત્ય अની વૃદ્ધિ થાય છે; अतारीत्, अचारीत्, अचालीत्, अवादीत्.

૫. रકારાન્ત ને लકારાન્ત સિવાય ધાતુનો ઉપાન્ત્ય अ વિકલ્પે વૃદ્ધિ પામે છે; नद्—अनदीत्—नादीत्.

૬. श्वि, श्वस्, जागृ, हस्, વગેરે કેટલાક ધાતુમાં વૃદ્ધિ થતી નથી; अजागरीत्, अहसीत्.

૭. આત્મનેપદમાં ૫ મા પ્રકારમાં ધાતુના અન્ત્ય સ્વર ને ઉપાન્ત્ય ह्रस्व સ્વરનો ગુણ થાય છે; शी—अशयिष्ट; मुद्—अमोदिष्ट.

रुध्—अरौत्सीत्	अरौद्धाम्	अरौत्सुः
कृ—अकृत	अकृषाताम्	अकृषत
अकृथाः	अकृषाथाम्	अकृढ्वम्

સંધિના નિયમો.

૮. અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયના વ્યંજનોની વચમાં स्तम्, स्त, ને स्ताम् આવ્યા હોય તો તેનો सકાર લોપાય છે; अरुध्+स्तम्=अरौध्+स्तम्=अरौध्+तम्=अरौध्+धम्=अरौद्+धम्=अरौद्धम्.

૯. ह्रस्व ऋકાર પછી स्थाः ને स्त નો स् લોપાય છે; अकृथाः, अकृत.

૧૦. ध्वम् નો ढ्वम् નિત્ય કે વિકલ્પે થવાનો નિયમ પરોક્ષભૂતકાળમાં ध्वे ના ढ्वे થવાના નિયમ જેવોજ છે.

૬ ઠ્ઠો પ્રકાર.

नम् ૫૨૦

प्र०	अनंसिषम्	अनंसिष्व	अनंसिष्म
द्वि०	अनंसीः	अनंसिष्टम्	अनंसिष्ट
तृ०	अनंसीत्	अनंसिष्टाम्	अनंसिषुः

यम्—अयंसीत्; विरम्—व्यरंसीत्; પણ रम् આ૦—अरंस्त, अरंसाताम् अरंसत, अरन्ध्वम् વગેરે.

पा (રક્ષવું)—अपासीत् ; ज्ञा—अज्ञासीत्.

૧૧. આ પ્રકાર પરસ્મૈપદી ધાતુનેજ લાગુ પડે છે. यम्, रम्, नम् , ને આકારાન્ત ધાતુઓ આ પ્રકાર લે છે.

૧ લો પ્રકાર.

दा પર૦			दा આત્મ૦ (૪ થો પ્રકાર).			
प्र०	अदाम्	अदाव	अदाम	अदिषि	अदिष्वहि	अदिष्महि
द्वि०	अदाः	अदातम्	अदात	अदिथाः	अदिषाथाम्	अदिढ्वम्
तृ०	अदात्	अदाताम्	अदुः	अदित	अदिषाताम्	अदिषत

पा ' પીવું '—अपात् स्था — अस्थात्

इ ' જવું '—अगात् अगाताम् अगुः

भू—अभूत् अभूताम् अभूवन्

अभूवम् अभूव अभूम

૧૨. दा, धा, જે ધાતુઓ दा ને धा રૂપો ગ્રહણ કરે છે તે, स्था, गै (इ ' જવું ' નો આદેશ), पा ' પીવું ', ને भू એ પ્રકાર લે છે. એ પ્રકાર પણ પરસ્મૈપદી ધાતુનોજ છે.

૧૩. दा, धा, ને स्था આત્મનેપદી હોય ત્યારે अनिट् હોવાથી ૪ થો પ્રકાર લે છે ને તેમના आનો इ થાય છે.

૭ મો પ્રકાર.

विष् પર૦

प्र०	अविक्षम्	अविक्षाव	अविक्षाम
द्वि०	अविक्षः	अविक्षतम्	अविक्षत
तृ०	अविक्षत्	अविक्षताम्	अविक्षन्

द्विष् આત્મ૦

प्र०	अद्विक्षि	अद्विक्षावहि	अद्विक्षामहि
द्वि०	अद्विक्षथाः	अद्विक्षाथाम्	अद्विक्षध्वम्
तृ०	अद्विक्षत	अद्विक्षाताम्	अद्विक्षन्त

अविश् + सम्=अविष् + सम् (પા૦ ૨૮ નિ૦ अ)=अविक् + सम् (પા૦ ૨૮ નિ૦ ए)=अविक् + षम्=अविक्षम्.

૧૪. अनिट् ધાતુને અન્તે श्, ष्, स्, કે ह् હોય ને તેમાં इ, उ, ऋ, કે लृ ઉપાન્ત્ય સ્વર હોય તેવા ધાતુ આ પ્રકાર લે છે; लिह्—अलिक्षत्, दुह्—अधुक्षत्.

૧૫. लिह्, गुह्, दिह्, ને दुह् નાં, त, थास्, ध्वम्, ને वहि પ્રત્યયો લાગી, આત્મ૦ માં વૈકલ્પિક રૂપો પણ થાય છે; अलीढ–लिक्षत વગેરે.

૨ જો પ્રકાર.

૧૬. એમાં ત્રણ પ્રકારના ધાતુઓ છે; (अ) કેટલાક એ પ્રકાર નિત્ય લે છે; (ब) કેટલાક વિકલ્પે લે છે; (क) ને કેટલાક આત્મનેપદી ધાતુઓ એ પ્રકાર વિકલ્પે લે છે ને લે છે ત્યારે પરસ્મૈપદી થાય છે.

પ્રત્યયો હ્યસ્તનભૂતકાળના છે તેજ છે.

દરેક વર્ગના થોડાક ધાતુઓ નીચે આપ્યા છે.

(अ) गम्, शक्, शम्[1], तम्, दम्, श्रम्, भ्रम्, क्षम्, मद्, पत् (पप्त्), वच् (वोच्), ख्या (ख्य्), अस् (अस्थ्), नश्, आप्, द्रुह्, मुह्, स्नुह्, स्निह्, मुच्, लुप्, सिच्, शास् (शिष्), शिष्, ह्वे (ह्व्).

(ब) रुध्, भिद्, रिच्, छिद्, युज्, रुद्, दृश् (दर्श्), तृप्, दृप्.

(क) वृत्, वृध्, क्लृप्, स्यन्द्, रुच्, द्युत्.

गम् ५२०

प्र०	अगमम्	अगमाव	अगमाव
द्वि०	अगमः	अगमतम्	अगमत
तृ०	अगमत्	अगमताम्	अगमन्

वच्—अवोचत्; पत्—अपप्तत्; दृश्—अदर्शत्–अद्राक्षीत्; छिद्—अच्छिदत्–अच्छैत्सीत्; वृत्—अवृतत्–अवर्तिष्ट.

૩ જો પ્રકાર.

૧ દસમા ગણના ધાતુઓ ને પ્રેરક તથા અન્ય સાધિત ધાતુઓ આ પ્રકાર લે છે. પ્રત્યયો હ્યસ્તનભૂતકાળના છે તેજ છે.

चुर—अचूचुरत् अचूचुरताम् अचूचुरन्

चोरय—चोर्–चुर्–चुचुर्–चूचुर्–अचूचुरत्

कारय—कार्–कर्–चकर्–चिकर्–चीकर्–अचीकरत्

૨ (अ) પ્રથમ અંગમાંથી अय લોપાય છે; (आ) પછી સ્વર હ્રસ્વ થાય છે; (इ) પછી દ્વિર્ભાવ થાય છે; (ई) અભ્યાસ પછીનો ભાગ હ્રસ્વ હોય તો અભ્યાસના અકારનો इ થાય છે; (उ) અભ્યાસનો હ્રસ્વ સ્વર સામાન્ય રીતે દીર્ઘ થાય છે.

---

[1] शमादि ધાતુઓ (शम्, तम्, दम्, श्रम्, भ्रम्, क्षम्, ને मद्) ૪ થા ગણના છે ને તેમનો ઉપાન્ત્ય સ્વર વિકરણ પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે. भ्रम् માં વિકલ્પે થાય છે, ને તે ૧ લા ગણનો પણ છે.

કર્મણિ કે ભાવે રૂપો—આત્મનેપદ પ્રત્યયો લગાડવાથી કર્મણિ કે ભાવે રૂપો થાય છે. **मया अभाणि**—મારાથી બોલાયું. तृ० पु० ए० व० નો પ્રત્યય इ છે, ને તે પ્રત્યય પર છતાં અન્ત્ય સ્વર ને ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય છે; ને आ કારાન્ત ધાતુમાં य् આગમ ઉમેરાય છે.

भण्—अभाणि	अभाणिषाताम्	अभाणिषत
दा— अदायि	अदायिषाताम्	अदायिषत

अन्यत्रमना अभूवं नादर्शमन्यत्रमना अभूवं नाश्रौषम् ।

शुकनाशोऽपि महान्तं कालं तं राज्यभारमनायासेनैव प्रज्ञाबलेनाभार्षीत् । यथैव राजा सर्वकार्याण्यकार्षीत्तद्वदसावपि द्विगुणितप्रज्ञानुरागश्चकार ।

उद्भूतमूर्च्छान्धकारा च पातालतलमिवावतीर्णा तदा काहमगमं किमकरवं किं व्यलपमिति सर्वमेव नाज्ञासिषम् । असवश्च मे तस्मिन् क्षणे किमतिकठिनतयास्य मूढहृदयस्य किमनेकदुःखसहस्रसहिष्णुतया हतशरीरस्य ।किं विहिततया शोकस्य किं भाजनतया जन्मान्तरोपात्तस्य दुष्कृतस्य किं दुःखदाननिपुणतया दग्धदैवस्य केन हेतुना नोदगच्छन्ति स्म तदपि नावेदिषम् ।

न तथा बाधते शीतं यथा बाधति बाधते ।

मुक्त्वा निःश्रीकमप्यब्जं मराली न गतान्यतः ।
भ्रमराली त्वगाद्वेगादिदं सदसन्तरम् ॥
निर्विषेणापि सर्पेण कर्तव्या महती फटा ।
विषं भवतु मा भूद्वा फटाटोपो भयंकरः ॥
नितरां नीचोऽस्मीति त्वं खेदं कूप मा कदापि कृथाः ।
अत्यन्तसरसहृदयो यतः परेषां गुणग्रहीतासि ॥
सूर्याचन्द्रमसोर्मार्गे नक्षत्राणां गतिं तथा ।
शैलराजो वृणोत्येष विन्ध्यः क्रोधवशानुगः ॥
तं निवारयितुं शक्तो नान्यः कश्चिद् द्विजोत्तम ।
[2]ऋते त्वां हि महाभाग तस्मादेनं निवारय ॥

---

૧ बाधृ ધાતુ આત્મ૦ છે; માટે बाधति એ ખોટો પ્રયોગ. જેટલો પીડે છે તેટલી ટાઢ પીડતી નથી એવો અર્થ છે. बाधति એટલે बाधते इति प्रयोगः. ૨ આમાં ऋते નો द्वितीया સાથે પ્રયોગ છે.

चिन्ता शशाम सकलापि सरोरुहाणा-
मिन्दोश्च बिम्बमसमां सुषमामयासीत् ।
अभ्युद्गतः कलकलः किल कोकिलानां
प्राणप्रिये यदवधि त्वमितो गतासि ॥

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत् क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम् ॥

यद्यपि बहु नाधीषे तथापि पठ पुत्र व्याकरणम् ।
स्वजनः श्वजनो मा भूत् सकलं शकलं सकृच्छकृत् ॥

मा भैष्ट विद्वंस्तव नास्त्यपायः
संसारसिन्धोस्तरणेऽस्त्युपायः ।
येनैव याता यतयोऽस्य पारं
तमेव मार्गं तव निर्दिशामि ॥

अस्त्युपायो महान् कश्चित् संसारभयनाशनः ।
तेन तीर्त्वा भवाम्भोधिं परमानन्दमाप्स्यसि ॥

वेदान्तार्थविचारेण जायते ज्ञानमुत्तमम् ।
तेनात्यन्तिकसंसारदुःखनाशो भवत्यनु ॥

शब्दजालं महारण्यं चित्तविभ्रमकारणम् ।
अतः प्रयत्नात् ज्ञातव्यं तत्त्वज्ञात्तत्त्वमात्मनः ॥

પ્રેમની વાતો કરતા રામ અને સીતાની રાત્રીજ વિરામ પામી.
તેના સર્વ મનોરથો સફળ થયા.
મુમ્બાપુરીથી તમે ક્યારે પાછા ફર્યા એમ મેં પૂછ્યું.
રાજાએ પ્રધાનને કહ્યું કે હું મારૂં જીવન અફળજ જોઉં છું.
તેણે બ્રાહ્મણોને ઘણું ધન આપ્યું.

નામ.

अतिकठिनता (स्त्री०)—અતિકઠણપણું.
अनुराग (**अनुरागः**) (पुं०)—પ્રેમ.
अन्तर (**अन्तरम्**) (न०)—તફાવત.
अपाय (**अपायः**) (पुं०)—નાશ.
अब्ज (**अब्जम्**) (न०)—કમળ.
असु (पुं०)—પ્રાણ (**प्राण** શબ્દની પેઠે બહુવચનમાં વપરાય છે).
आली (स्त्री०)—પંક્તિ, હાર.
कलकल (**कलकलः**) (पुं०)—કકલાણ.
क्रौञ्चमिथुन (**क्रौञ्चमिथुनम्**) (न०)

---

૧ એકત્વના વિચારમાં ભયને અવકાશજ નથી, ભયમાં નાનાત્વનો—બહુત્વનો વિચાર છે, માટે બ૦ વ૦ વાપર્યું છે.

(क्रौञ्च પું૦-પક્ષીનું નામ છે + मिथुन ન૦ જોડું)-ક્રૌંચ પક્ષીનું જોડું.
तरण (तरणम्) (ન૦)-તરવું તે.
दग्धदैव (दग्धदैवम्) (ન૦) (दग्ध, दह् નો ભૂ૦ કૃ૦ નિન્ધ, दैव ન૦ નસીબ) -નિન્ધ દૈવ.
दुष्कृत (दुष्कृतम्) (ન૦)-નઠારૂં કામ, પાપ. [જાત.
निषाद (निषादः) (પું૦)-નિષાદ, જંગલી
प्रतिष्ठा (સ્રી૦)-માન.
फटा (સ્રી૦)-ફેણ.
फटाटोप (फटाटोपः) (પું૦) (फटा + आटोप પું૦-આડંબર) ફેણનો આડંબર.
बिम्ब (बिम्बम्) (ન૦)-બિંબ.
भवाम्भोधि (પું૦) (भव પું૦-સંસાર + अम्भोधि પું૦-સાગર)-સંસારરૂપી સાગર.
भाजनता (સ્રી૦)-ભાજન-પાત્ર થવું તે.
भ्रमराली (સ્રી૦) (भ्रमर પું૦-ભમરો + आली સ્રી૦ હાર)-ભમરાઓની હાર.
मराली (સ્રી૦)-હંસણી.
मूर्च्छा (સ્રી૦)-બેભાન સ્થિતિ.
राज्यभार (राज्यभारः) (પું૦)-રાજ્યનો ભાર.
विभ्रम (विभ्रमः) (પું૦)-ખૂબ ભમાવવું તે, ભ્રમણા.
विहितता (સ્રી૦)-નિર્માણ થવું તે.
शब्दजाल (शब्दजालम्) (ન૦) (शब्द પું૦ + जाल ન૦-સમૂહ)-શબ્દસમૂહ.
शीत (शीतम्) (ન૦)-ટાઢ
शुकनाश (शुकनासः) (પું૦)-પ્રધાનનું નામ છે.
संसारसिन्धु (પું૦)-સંસારરૂપી સાગર.
समा (સ્રી૦) (બ૦ વ૦ માં વપરાય છે)-વર્ષ.
सहिष्णुता (સ્રી૦)-સહિષ્ણુપણું.
सरोरुह (सरोरुहम्) (ન૦)-કમળ.
सुषमा (સ્રી૦)-શોભા.
हतशरीर (हतशरीरम्) (ન૦) (हत हन् નો ભૂ૦ કૃ૦, નિન્ધ + शरीर ન૦, -નિન્ધ શરીર.

વિશે૦

अनुग-પાછળ જનાર.
अन्यत्रमनस् (બહુ૦)-જેનું મન અન્યત્ર -અન્ય વસ્તુમાં છે એવું.
अभ्युद्गत (अभि + उद् + गम् નો ભૂ૦ કૃ૦)-ઉત્પન્ન થયલું.
आत्यन्तिक-સંપૂર્ણ.
उद्भूत (उद् + भू નો ભૂ૦ કૃ૦)-ઉત્પન્ન થયલું. [કરેલું.
उपात्त (उप + आ + दा નો ભૂ૦ કૃ૦)-
गुणग्रहीतृ (गुण પું૦-૧ ગુણ, ૨ દોરડું)-ગુણોનો ગ્રહણ કરનાર.
द्विगुणित-બેવડું.
नाशन-નાશ કરનાર.
निपुण-હોશિયાર.
निर्विष (બહુ૦)-જેમાંથી વિષ જતું રહ્યું છે તે, વિષરહિત.
निःश्रीक (બહુ૦)-જેમાંથી શ્રી જતી રહી છે તે, શોભારહિત.
नीच-૧ ઊંડું; ૨ અધમ, નીચું, હલકું.
महाभाग-મોટું છે ભાગ્ય જેનું, ભાગ્યશાળી)
मोहित (मुह् ના પ્રેરકનો ભૂ૦ કૃ૦)-મોહ પામેલું.
रोषण-ક્રોધી.
विप्रकृत-તિરસ્કારાયલું.
शाश्वत (સ્રી૦ शाश्वती)-હમેશનું.
सकल-બધું (બહુ૦, कला-ભાગ).
सरस (બહુ૦)-૧ રસ-પાણીવાળું; ૨ રસવાળું, રસિક.

ધાતુ.

निर् + दिश् (निर्दिशति) (૬ ગ૦ પ૦)-બતાવવું.
नि + वृ (પ્રેરક निवारयति) (૫, ૯, ૧ ગ૦ ઉ૦)–અટકાવવું.
बाध् (बाधते) (૧ ગ૦ આ૦)–પીડવું.
वि + लप् (विलपति) (૧ ગ૦ પ૦)-વિલાપ કરવો.
वृ (वृणोति–ते) (૫ ગ૦ પ૦)-ઢાંકવું.
शम् (शाम्यति) (૪ગ૦પ૦)–શાન્ત થવું.

અવ્યય.

अनायासेन (अनायास પું૦ નું तृ० ए० व०)–મુશ્કેલી વગર.
अनु–પછી.
इतः–અહિંથી.
तद्वत्–તેની પેઠે.
नितराम्–પુષ્કળ.
प्रतीपम्–ઉલટું, વાંકું.
मा–નહિ (अद्य० भूत० સાથે आज्ञा० ના અર્થમાં વપરાય છે).
यदवधि–જ્યારથી.
स्म–૧ वर्त० સાથે ભૂતકાળના અર્થમાં વપરાય છે; ૨ अद्य० भूत० સાથે मा જોડે आज्ञा० ના અર્થમાં વપરાય છે.

પાઠ ૪૦ મો.

આશિરર્થ, સન્નન્ત, યઙન્ત, ને નામધાતુઓ.

कुशलं ते **भूयात्**—તારૂં કુશળ થાઓ.

केशवो वः शिवं **दद्यात्**—કેશવ તમારૂં કલ્યાણ આપો (કરો).

शिवो वः श्रियं **पुष्यात्**—શિવ તમારી શ્રી પોષો.

राजन् **दुधुक्षसि** यदि क्षितिधेनुमेतां तेनाद्य वत्समिव लोकममुं पुषाण—હે રાજન્, જો તું આ પૃથ્વીરૂપી ગાયને દોહવા ઇચ્છતો હોય તો વાછરડા જેવા આ લોકને તું આજ પોષ.

क्षितिधेनुम्—આ કર્મધારય સમાસનો વિગ્રહ બે રીતે થાય; ૧ क्षितिरेव धेनुः क्षितिधेनुस्ताम् કે ૨ क्षितिः धेनुरिव क्षितिधेनुस्ताम्. ૧ લો વિગ્રહ હોય તો ક્ષિતિને ધેનુનું રૂપ આપ્યું છે, ધેનુ તરીકે વર્ણવી છે, માટે રૂપક અલંકાર કહેવાય છે; ૨ જો વિગ્રહ હોય તો ઉપમા અલંકાર છે. આ સ્થળે वत्समिव लोकम् કહ્યું છે, वत्समेव लोकम् કહ્યું નથી, માટે क्षितिधेनुम् નો વિગ્રહ क्षितिर्धेनुरिव क्षितिधेनुस्ताम् એમ કરવાનો છે ને અલંકાર ઉપમા છે.

दिशि **मन्दायते** तेजो दक्षिणस्यां रवेरपि—દક્ષિણ દિશામાં રવિનું પણ તેજ મન્દ થાય છે.

दक्षिण, उत्तर, पूर्व, पर, अवर, अपर, अधर, स्व 'પોતાનું', એ શબ્દો સર્વનામ છે. प्र० ब० व०, पं० ए० व०, ને स० ए० व० માં વિકલ્પે સર્વનામ છે.

तेजोभी रविरिव जाज्वल्यमानोऽयं नृपः—તેજ વડે આ રાજા રવિ જેવો અતિશય પ્રકાશમાન છે.

પ્રેરક રૂપોનો સામાન્ય નિયમ અગાઉના પાઠોમાં આપ્યો છે. કેટલાંક નિયમ-વિરુદ્ધ રૂપો નીચે આપ્યાં છે.

दा—दापयति-ते ; स्था-स्थापयति-ते ; म्लै-म्लापयति-ते.

ऋ—अर्पयति-ते ; ह्री-ह्रेपयति-ते.

रुह्—रोहयति ते-रोपयति-ते ; हन्-घातयति-ते.

लभ्—लम्भयति-ते ; रभ्-रम्भयति-ते.

नम्—नमयति-ते; नामयति-ते ; उन्नम्-उन्नमयति-ते.

આ પાઠમાં આશિરર્થનાં, તેમજ સન્નન્ત, યઙન્ત, એ સાધિત ધાતુઓ, નામધાતુ વગેરેનાં રૂપોના દાખલા છે.

આશિરર્થ.

	भू० પર૦			कृ० આત્મ०		
प्र०	भूयासम्	भूयास्व	भूयास्म	कृषीय	कृषीवहि	कृषीमहि
द्वि०	भूयाः	भूयास्तम्	भूयास्त	कृषीष्ठाः	कृषीयास्थाम्	कृषीढ्वम्
तृ०	भूयात्	भूयास्ताम्	भूयासुः	कृषीष्ट	कृषीयास्ताम्	कृषीरन्

जि-जीयात्-जेषीष्ट ; स्तु-स्तूयात्-स्तोषीष्ट; यज्-इज्यात्-यक्षीष्ट; वच्-उच्यात् ; दा-देयात्-दासीष्ट; पा-पेयात्; स्था-स्थेयात्.

નિયમો:—

૧. પરસ્મૈપદ પ્રત્યયો **यासम्, यास्व, यास्म**, વગેરે અવિકારક છે. એ પ્રત્યયો પર છતાં ઘણા નિયમો **कर्माणि** કે **भावे** રૂપોના **य** પર છતાં જે નિયમો છે તેજ છે.

૨. આત્મનેપદ પ્રત્યયો વિકારક છે. ગુણના ને **षीध्वम्** નો **षीढ्वम्** થવાના નિયમો અદ્યતન ભૂતકાળના આત્મ૦ ૪ થા પ્રકારના નિયમો જેવા છે.

सन्नन्त.

भू—बुभूषति (भवितुमिच्छति)
पा—पिपासति (पातुमिच्छति)
जि—जिगीषति
हन्—जिघांसति

ज्ञा—जिज्ञासते
श्रु—शुश्रूषते
दृश्—दिदृक्षते
स्मृ—सुस्मूर्षते
क्षुभ्—चुक्षुभिषते
(આત્મ૦ પ્રત્યયો લે છે.)

कृ—चिकीर्षति
ग्रह—जिघृक्षति
दा—दित्सति
धा—धित्सति
आप्—ईप्सति
रभ्—रिप्सते
मृ—मुमूर्षति (પર૦ છે).
तॄ—तितीर्षति, तितरिषति, तितरीषति
लभ्—लिप्सते

पिपासु:—પીવા ઇચ્છનાર; **पिपासा**–પીવાની ઇચ્છા.

૩. **सन्नन्त** એટલે ઇચ્છાવાચક રૂપ ધાતુને **स** પ્રત્યય લગાડવાથી થાય છે. એ **स** પર છતાં ધાતુનો દ્વિર્ભાવ થાય છે ને અભ્યાસના **अ** નો **इ** થાય છે. **स** પૂર્વે કેટલેક સ્થળે **इ** આગમ આવે છે ને કેટલેક સ્થળે નથી આવતો.

૪. **सन्नन्त**—અંગ સાધિત ધાતુ છે; એના, પ્રેરકના થાય છે તેમ, દસે કાળ ને અર્થ થાય છે.

कृ—कारय (પ્રેરક)–कारयति, कारयतु, अकारयत्, कारयेत्, कारयांचकार-बभूव-आस, कारयिता, कारयिष्यति, अकारयिष्यत्, अचीकरत्, कार्यात्.

कृ—चिकीर्ष (સન્નન્ત)–चिकीर्षति, चिकीर्षतु, अचिकीर्षत्, चिकीर्षेत्, चिकीर्षांचकार-बभूव-आस, चिकीर्षिता, चिकीर्षिष्यति, अचिकीर्षिष्यत्, अचिकीर्षीत्, चिकीर्ष्यात्.

यङन्त.

भू—बोभूयते (पौनःपुन्येन भृशं वा भवति)–વારંવાર કે ઘણું થાય છે.

दीप—देदीप्यते; ज्वल्—जाज्वल्यते; नृत्—नरीनृत्यते; अट्—अटाट्यते.

૫. यङन्त એટલે પૌનઃપુન્યવાચક રૂપ ધાતુને **य** લગાડવાથી થાય છે. ધાતુ આત્મનેપદ પ્રત્યયો લે છે. **यङ्** પર છતાં ધાતુનો દ્વિર્ભાવ થાય છે અને અભ્યાસના સ્વરનો ગુણ થાય છે. ज्वल्, नृत्, ને अट् નાં રૂપ નિયમવિરુદ્ધ છે.

यङ्लुगन्त.

भू—बोभवीति; रट्—रारटीति.

૬. આ રૂપોમાં **यङ्** નો લોપ થાય છે.

૭. **यङन्त** ને **यङ्लुगन्त** ના પણ દસે કાળ ને અર્થ થાય છે.

नामधातु.

गगनायते—गगनमिवाचरति (आचारार्थे क्यङ्); तरुणायते.

तपस्यति—तप आचरति; नमस्यति—नमस्कारं करोति.

सर्वमिदं सुखमनुभवन्नपि न प्रत्येमि । यद्वा प्रकृतिरियमभ्युदयानाम् ।

द्वारकां रोहिणीजानिर्हर्तुं नेयेष ।

न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवति । आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति । आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम् ।

तमेतमौपनिषदं पुरुषं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति ।

तस्मादेवंविच्छान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वात्मन्येवात्मानं पश्येत् ।

एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषते । एष ह्येवासाधु कर्म कारयति तं यमधो निनीषते ।

एकः शब्दः सम्यग्ज्ञातः सुप्रयुक्तः स्वर्गे लोके च कामधुग् भवति।

रामरावणयोर्युद्धं रामरावणयोरिव ।–अनुपममित्यर्थः । अनन्वयालंकारोऽयम् ।

बन्धनानि खलु सन्ति बहूनि प्रेमबन्धनसमं न हि किंचित् ।

मन्दाक्रान्ताम्बुधिरसनगैर्मो भनौ तौ गयुग्मम् ।

कस्यात्यन्तं सुखमुपनतं दुःखमेकान्ततो वा
नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥

एक एव खगमणिश्चिरं जीवतु चातकः ।
पिपासया वा म्रियते याचते वा पुरन्दरम् ॥

सविषोऽप्यमृतायते भवान् शवमुण्डाभरणोऽपि पावनः ।
भव एव भवान्तकः सतां समदृष्टिर्विषमेक्षणोऽपि सन् ॥

विलुठाम्यवनौ किमाकुलः किमुरो हन्मि शिरश्छिनद्मि वा ।
किमु रोदिमि रारटीमि किं कृपणं मां न यदीक्षसे प्रभो ॥

रसै रुद्रैश्छिन्ना यमनसभला गः शिखरिणी ।

गुणायन्ते दोषाः सुजनवदने दुर्जनमुखे
गुणा दोषायन्ते किमिति जगतां विस्मयपदम् ।
यथा जीमूतोऽयं लवणजलधेर्वारि मधुरं
फणी पीत्वा क्षीरं वमति गरलं दुःसहतरम् ॥

शरणं तरुणेन्दुशेखरः शरणं मे गिरिराजकन्यका ।
शरणं पुनरेव तावुभौ शरणं नान्यदुपैमि दैवतम् ॥

न धनं न च राज्यसंपदं न हि विद्यामिदमेकमर्थये ।
मयि धेहि मनागपि प्रभो करुणाभङ्गितरङ्गितां दृशम् ।

मुनिरसग्रहेन्दुमिते विक्रमसंवत्सरे (सप्तषष्ट्यधिकैकोनविंशति–

शततमे इति यावदङ्कानां वामतो गतित्वात्) पुस्तकस्यास्य प्रथमावृत्तिर्विरचिता ।

જેઓ ગોવિન્દને નમે છે તેમને ભય નથી.

યુદ્ધ કરવા ઇચ્છતા મારા પુત્રો ને પાંડવોએ રણક્ષેત્રમાં શું કીધું તે તું, હે સંજય, મને કહે.

જે ખળને સાધુ કરવા ઇચ્છે છે તે હાથ વડે સમુદ્ર તરવા ઇચ્છે છે.

વૃદ્ધ પુરુષને ધિક્કાર છે, તેનો પુત્ર પણ અમિત્રની પેઠે આચરે છે.

નામ.

अङ्क (**अङ्कः**) (પું૦)–સંખ્યા, આંકડો.

अनन्वय (**अनन्वयः**) (પું૦)–અલંકારનું નામ છે; એમાં ઉપમેય ને ઉપમાન એકજ હોય છે.

अनुवचन (**अनुवचनम्**) (ન૦)–પઠવું તે.

अम्बुधि (પું૦)–એ શબ્દ ચાર એ સંખ્યાનો વાચક છે; કેમકે ચાર દિશાના ચાર સમુદ્ર છે.

अवनि (સ્ત્રી૦)–પૃથ્વી.

काम (**कामः**) (પું૦)–પ્રેમ.

खगमणि (પું૦) (तत्पु૦, **खग** પું૦–આકાશમાં ફરનાર, પક્ષી + **मणि** પું૦ શ્રેષ્ઠ)–પક્ષીઓમાં શ્રેષ્ટ.

गरल (**गरलम्**) (ન૦)–વિષ.

चातक (**चातकः**) (પું૦)–ચાતક પક્ષી.

जीमूत (**जीमूतः**) (પું૦)–મેઘ.

तरुणेन्दुशेखर (પું૦) (बहु૦, **तरुण** વિશે૦ નાનો + **इन्दु** પું૦ ચન્દ્ર + **शेखर** પું૦-મસ્તકમાળા)–જેની મસ્તકમાળામાં તરુણ ઇન્દુ છે એવો ; શિવ.

दैवत (**दैवतम्**) (ન૦)–દેવ.

नग (**नगः**) (પું૦)–એ શબ્દ સાત એ સંખ્યાનો વાચક છે.

नेमि (પું૦)–વાટ.

पुरन्दर (**पुरन्दरः**) (પું૦)–ઇન્દ્ર.

पुरुष (**पुरुषः**) (પું૦)–આત્મા.

भङ्गि (સ્ત્રી૦)–મોજું.

भव (**भवः**) (પું૦)–૧. જે ઉત્પન્ન થયો છે તે ; ૨. શિવ.

मन्दाक्रान्ता (સ્ત્રી૦)–વૃત્તનું નામ છે.

मुण्ड (**मुण्डः**) (પું૦)–મસ્તક.

मैत्रेयी (સ્ત્રી૦)–યાજ્ઞવલ્ક્ય ઋષિની પત્ની.

रस (**रसः**) (પું૦)–છ એ સંખ્યાનો વાચક છે; કેમકે રસ છ છે.

रुद्र (**रुद्रः**) (પું૦)–એ શબ્દ એકાદશ સંખ્યાનો વાચક છે ; કેમકે રુદ્ર અગીઆર છે.

शरण (**शरणम्**) (ન૦)–આશ્રયસ્થાન; આસરો.

शव (**शवः**) (પું૦)–શબ.

शिखरिणी (સ્ત્રી૦)–વૃત્તનું નામ છે.

વિશેષણ.

अनुपम (बहु૦, **अन्** + **उपमा** સ્ત્રી૦ સાદૃશ્ય)–જેને ઉપમા–સાદૃશ્ય નથી એવું.

उपरत (**उप** + **रम्** નો ભૂ૦ કૃ૦)–જેણે કર્મનો ત્યાગ કીધો છે એવું. [એવું.

औपनिषद–ઉપનિષદ્થી જેનું જ્ઞાન મળે

कामदुह्–મનોરથોને સફળ કરનાર.

खड्गचर्मधर–ખડ્ગ ને ચર્મ ધારણ કરનાર.

छिन्न (छिद् નો ભૂ૦ કૃ૦)–યતિ–વિરામ-સ્થાનવાળું.

तरङ्गिता (સ્ત્રી૦)–જેમાં મોજાં થયાં હોય એવું.

तितिक्षु–શીતોષ્ણ, સુખદુઃખ આદિ યુગ્મ સહન કરનાર.

दान्त (दम् નો ભૂ૦ કૃ૦)–જેણે બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ કર્યો છે એવો.

दुःसहतर–અતિશય દુઃસહ.

द्रष्टव्य (दृश् નો વિધ્ય૦ કૃ૦)–દર્શન કરવા યોગ્ય.

निदिध्यासितव्य (नि + ध्यै ના सन्नन्त અંગનો વિધ્ય૦ કૃ૦)–એકાગ્ર ચિત્તથી મનન કરવા યોગ્ય.

पावन–પવિત્ર.

भवान्तक–ભવનો–સંસારનો નાશ કરનાર.

मन्तव्य (मन् નો વિધ્ય૦ કૃ૦)–મનન કરવા યોગ્ય.

मित (मा ૩ જો ગ૦ નો ભૂ૦ કૃ૦)–મપાયલું.

रोहिणीजानि (रोहिणी સ્ત્રી૦ બળરામની સ્ત્રી, બહુ૦ ને અન્તે जाया નું जानि થાય છે)–રોહિણી છે જાય જેની, બળરામ.

लवण–ખારૂં.

विषमेक्षण (બહુ૦, विषम=૧. એકીવાળું; ૨. સમતા વિનાનું + ईक्षण ન૦= આંખ)–૧.એકી–ત્રણ આંખ છે જેની, ત્રણ આંખવાળું; ૨. સમતા વિનાની નજરવાળું.

शान्त (शम् નો ભૂ૦ કૃ૦)–જેણે ઇન્દ્રિયોને લૌકિક વ્યાપારથી ખેંચી લીધી છે.

श्रोतव्य (श्रु નો વિધ્ય૦ કૃ૦)–શ્રવણ કરવા યોગ્ય.

श्रद्धावित्त–શ્રદ્ધા-આસ્તિક્યબુદ્ધિથી યુક્ત.

समाहित (सम् + आ + धा નો ભૂ૦ કૃ૦)–જેણે નિદ્રા, પ્રમાદ, આળસ વગેરે તજીને મનને એકાગ્ર કર્યું છે.

सुप्रयुक्त (सु + प्रयुक्त, प्र + युज् નો ભૂ૦ કૃ૦)–બરાબર વાપરેલું.

ધાતુઓ.

अर्थ् (अर्थयति-ते) (૧૦ ગ૦ ઉ૦)–યાચવું.

उद् + नी (उन्नयति-ते) (૧ ગ૦ ઉ૦)–ઊંચે લઈ જવું.

प्रति + इ (प्रत्येति) (૨ ગ૦ પ૦)–વિશ્વાસ રાખવો, પતીજ રાખવી.

वि + लुट् (विलुठति) (૧ ગ૦ પ૦)–આળોટવું.

रट् (रटति) (૧ ગ૦ પ૦)–રટન કરવું.

અવ્યય.

अत्यन्तम्–હમેશ.

अधः–નીચે.

एकान्ततः–નક્કી, બદલાય નહિ એમ, હમેશ.

नीचैः–નીચું.

मनाक्–જરાક.

यद्वा–અથવા, પક્ષાન્તરવાચક.

वामतः–ઉલટે ક્રમે.

१. चटकदम्पत्योः।

अस्ति कस्मिंश्चिद्वनोद्देशे चटकदम्पती तमालतरुकृतनिलयौ प्रतिवसतः स्म। अथ तयोर्गच्छता कालेन संततिरभवत्। अन्यस्मिन्नहनि प्रमत्तो वनगजः कश्चित्तं तमालवृक्षं घर्मार्तश्छायार्थी समाश्रितः। ततो मदोत्कर्षात्तां तस्य शाखां चटकाश्रितां पुष्कराग्रेणाकृष्य बभञ्ज। तस्या भङ्गेन चटकाण्डानि सर्वाणि विशीर्णानि। आयुःशेषतया च चटकौ कथमपि प्राणैर्न वियुक्तौ। अथ चटका स्वाण्डभङ्गाभिभूता प्रलापान् कुर्वाणा न किंचित्सुखमाससाद। अत्रान्तरे तस्यास्तान्प्रलापाञ्श्रुत्वा काष्ठकूटो नाम पक्षी तस्याः परमसुहृत्तद्दुःखदुखितोऽभ्येत्य तामुवाच। भगवति किं वृथा प्रलापेन। उक्तं च।

नष्टं मृतमतिक्रान्तं नानुशोचन्ति पण्डिताः।
पण्डितानां च मूर्खाणां विशेषोऽयं यतः स्मृतः॥

तथा च।

अशोच्यानीह भूतानि यो मूढस्तानि शोचति।
स दुःखे लभते दुःखं द्वावनर्थौ निषेवते॥

अन्यच्च।

श्लेष्माश्रु बान्धवैर्मुक्तं प्रेतो भुङ्क्ते यतोऽवशः।
तस्मान्न रोदितव्यं हि क्रियाः कार्याश्च शक्तितः॥

चटका प्राह। अस्त्वेतत्। परं दुष्टगजेन मदान्मम संतानक्षयः कृतः। तद्यदि मम त्वं सुहृत्सत्यस्तदस्य गजापसदस्य कोऽपि वधोपायश्चिन्त्यतां यस्यानुष्ठानेन मे संततिनाशदुःखमपसरति। उक्तं च।

आपदि येनापकृतं येन च हसितं दशासु विषमासु।
अपकृत्य तयोरुभयोः पुनरपि जातं नरं मन्ये॥

काष्ठकूट आह। भगवति सत्यमभिहितं भवत्या। उक्तं च।

स सुहृद् व्यसने यः स्यादन्यजात्युद्भवोऽपि सन्।
वृद्धौ सर्वोऽपि मित्रं स्यात् सर्वेषामेव देहिनाम्॥

स सुहृद् व्यसने यः स्यात् स पुत्रो यस्तु भक्तिमान्।
स भृत्यो यो विधेयज्ञः सा भार्या यत्र निर्वृतिः॥

तत् पश्य मे बुद्धिप्रभावम् । परं ममापि सुहृद्भूता वीणारवा नाम मक्षिकास्ति । तत्तामाहूयागच्छामि येन स दुरात्मा दुष्टगजो वध्यते । अथासौ चटकया सह मक्षिकामासाद्य प्रोवाच । भद्रे ममेष्टेयं चटका केनचिद् दुष्टगजेन पराभूताण्डस्फोटनेन । तत्तस्य वधोपायमनुतिष्ठतो मे साहाय्यं कर्तुमर्हसि । मक्षिकाप्याह । भद्रे किमुच्यतेऽत्र विषये । उक्तं च ।

पुनः प्रत्युपकाराय मित्राणां क्रियते प्रियम् ।
यत् पुनर्मित्रमित्रस्य कार्यं मित्रैर्न किं कृतम् ॥

सत्यमेतत् । परं ममापि भेको मेघनादो नाम मित्रं तिष्ठति । तमप्याहूय यथोचितं कुर्मः । उक्तं च ।

हितैः साधुसमाचारैः शास्त्रज्ञैर्मतिशालिभिः ।
कथंचिन्न विकल्पन्ते विद्वद्भिश्चिन्तिता नयाः ॥

अथ ते त्रयोऽपि गत्वा मेघनादस्याग्रे समस्तमपि वृत्तान्तं निवेद्य तस्थुः । अथ स प्रोवाच । कियन्मात्रोऽसौ वराको गजो महाजनस्य कुपितस्याग्रे । तन्मदीयो मन्त्रः कर्तव्यः । मक्षिके त्वं गत्वा मध्याह्नसमये तस्य मदोद्धतस्य गजस्य कर्णे वीणारवसदृशं शब्दं कुरु येन श्रवणसुखलालसो निमीलितनयनो भवति । ततश्च काष्ठकूटचञ्च्वा स्फोटितनयनोऽन्धीभूतस्तृषार्तो मम गर्ततटाश्रितस्य सपरिकरस्य शब्दं श्रुत्वा जलाशयं मत्वा समभ्येति । ततो गर्तमासाद्य पतिष्यति पञ्चत्वं यास्यति चेति । एवं समवायः कर्तव्यो यथा वैरसाधनं भवति । अथ तथानुष्ठिते स मत्तगजो मक्षिकागेयसुखान्निमीलितनेत्रः काष्ठकूटहृतचक्षुर्मध्याह्नसमये भ्राम्यन् मण्डूकशब्दानुसारी गच्छन् महतीं गर्तामासाद्य पतितो मृतश्च । अतोऽहं ब्रवीमि ।

૧.—**वनोद्देशे**—(उद्देशः=સ્થાન) વનસ્થાનમાં. **चटकदम्पती** (चटकः-ચકલો + दम्पती, द्वन्द्वस०, जाया च पतिश्च जायापती जम्पती दम्पती वा)-ચકલાનું જોડું. **निलयः**-સ્થાન. **घर्मार्तः** (घर्मेण आर्तः. आर्त=आ + ऋत, ऋ નો ભૂ૦ કૃ૦. સંધિમાં ऋના ગુણને બદલે વૃદ્ધિ થઈ છે.)-ઘામથી પીડાયલો. **मदोत्कर्षात्** (उत्कर्षः=આધિક્ય)-અતિશય મદથી. **पुष्करम्**-સૂંઢ. **विशीर्णानि** (वि + शॄ ૯ ગ૦ પર૦ નો ભૂ૦ કૃ૦) ભાંગ્યાં. **आयुःशेषतया**-आयुः शेषो ययोस्तौ आयुःशेषौ तयोर्भावः आयुःशेषता तया. આવરદા બાકી હતું તેથી. **चटकौ**=चटकश्च चटकी च. આ एकशेष સમાસ કહેવાય છે. हंसी च हंसश्च हंसौ, भ्राता च स्वसा च भ्रातरौ, पुत्रश्च दुहिता च पुत्रौ, माता च पिता च पितरौ, श्वश्रूश्च श्वशुरश्च श्वशुरौ એ એવા બીજા एकशेष સમા૦ ના દાખલા છે. मातापितरौ, श्वश्रूश्वशुरौ પણ થાય છે. **कथमपि**=દૈવયોગે. **विशेषः**-વધારો, તફાવત. **श्लेष्माश्रु** (श्लेष्मन् પું૦-લીંટ)-લીંટ સાથે મિશ્ર થયલું આંસુ (मध्यमपदलोपी समा०, श्लेष्मणा मिश्रितमश्रु श्लेष्माश्रु). **गजापसदस्य**-(अपसद-નીચ) ગજોમાં નીચનો; દુષ્ટ ગજનો **अन्यजात्युद्भवः**-જેનો જન્મ અન્ય જાતિમાં થયો છે એવો. **विधेयज्ञः** (उपपदस०, विधेयं जानातीति विधेयज्ञः)—શું કરવું જોઈએ તે જાણનાર. **सुहृद्भूता**-મિત્ર જેવી. **स्फोटनम्**-ફોડવું તે. **मतिशालिभिः**-मत्या शालन्ते शोभन्ते ते मतिशालिनस्तैः-બુદ્ધિથી પ્રકાશનારા વડે; બુદ્ધિપ્રભાવવાળા વડે. **न विकल्पन्ते**-શંકાવાળા થતા નથી, નિશ્ચિત થાય છે. **नयाः**=નીતિવિચારો. **कियन्मात्रः** (कियती मात्रा यस्य सः)-શી ગણત્રીમાં? **वराकः**-ક્ષુદ્ર. 'બાપડો' એવો પણ અર્થ થાય છે; આ સ્થળે 'ક્ષુદ્ર' 'નીચ'ના અર્થમાં છે. **लालसः**-આતુર. **चञ्चू** (સ્ત્રી૦)-ચાંચ. **सपरिकरस्य**=અનુયાયિસહિતનો. **गर्तः-तम्-र्ता**-ખાડો. **समवायः**-સમુદાય, સંઘાત. **पञ्चत्वं यास्यति**=મરણ પામશે (પાંચ તત્ત્વમાં જશે). **मण्डूकः**-દેડકો. **दर्दुरः**-દેડકો.

૨.—**क्रियतां समयधर्मः**—કરાર પ્રમાણે વર્તવું એમ કબૂલ કરો. **समय**-કરાર. धर्म શબ્દ बहु० ને અન્તે હોય ને પૂર્વે એકજ પદ હોય તો તેનું **धर्मन्** થાય છે; **कल्याणधर्मा**, **मनुष्यधर्मा**; પણ **परमस्वधर्मः**. **क्षुत्क्षामकण्ठः**—ક્ષુધાથી ક્ષય પામ્યો છે-સુકાઈ ગયો છે કંઠ જેનો એવો.

क्षाम એ क्षै ૧ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦ છે (क्षायो मः ।८।२।६३ क्षैમાં त પ્રત્યયનો म થાય છે). सृक्किणी परिलेलिह्यमानः—' प्रान्तावोष्ठस्य सृक्किणी ' इत्यमरः–सृक्किन् (न०) હોઠના વામ ને દક્ષિણ છેડા. परिलेलिह्यमानः– વારંવાર ચાટતો; लिह् ના यङन्त રૂપનો वर्त० कृ०. भर्त्सयन्—સામાન્ય રીતે भर्त्स् આત્મ૦ છે. विश्वासस्थाने—તું પાછો આવીશ એવી ખાતરી થાય તેને માટે.

૩—दायादः—दायमादत्ते इति दायादः–સગો, દાય-વારસો લે તે. अरघट्टघटीम्—अरः–આરો (પૈડાનો); अरैर्घट्यते रच्यते इति अरघट्टः–રેંટ. आहूतवान्—आह्वे (૧ ગ૦ ઉ૦) નો ભૂ૦ कृ० आहूत. તે कर्मणि છે ને તેને वत् લગાડવાથી कर्तरि થાય છે. ह्वे નું પરોક્ષ ભૂ૦ માં સંપ્રસારણ થાય છે. जुहाव–हूयात्–ह्वासीष्ट (આશીલિંઙ્), अह्वत, अह्वास्त (लुङ्). परिणतवयाः–परिणतं वयो यस्य सः पश्चिमे वयसि वर्तमानो वृद्ध इति यावत्. कवलितम्—कवलोऽस्य संजात इति–કોળીઓ કરાયું.

૪.—अवनि (સ્ત્રી૦) –પૃથ્વી. (अवनी સ્ત્રી૦ પણ છે). सादरमभाणि—सादरम्=આદર સાથે; बहु०. क्रियाविशे० अभाणि–भण् નું अद्य० भूत० कर्मणि तृ० ए०. स्थविरे=હે વૃદ્ધ સ્ત્રી. वैश्यवरः=वैश्येषु वरः (सप्त० तत्पु०, આવે સ્થળે નિર્ધારણના અર્થમાં षष्ठी तत्पु० પ્રતિષિદ્ધ છે). नन्दिनी–પુત્રી. व्यवहारी–વેપારી. उपयेमे–પરણ્યો. सोदरः–ભાઈ; समानमुदरं यस्य सः, समान નો स થયો છે. प्रवहणम्–વહાણ. पोतः–વહાણ. अभिप्रतस्थे–(समवप्रविभ्यः स्थः ॥१।३।२२) सम्, अव, प्र, ને वि ની પછી स्था ને આત્મનેપદ પ્રત્યયો લાગે છે. कल्लोलः–મોટું મોજું. मालिका–સમૂહ. धात्रीभावेन कल्पिताहम्–ધાવ તરીકે થયલી હું. फलकम्–પાટીઉં. परां काष्ठामधिगता–અતિસીમાએ પહોંચેલી. विचेतना–विगता चेतना यस्याः सा. प्रच्छायशीतले प्रकृष्टा छाया यस्य तत् प्रच्छायं प्रच्छायं च तत् शीतलं च प्रच्छायशीतलं तस्मिन् (विशेषणसमास. कर्म० स०). પૂર્વપદ બહુવચનના અર્થમાં હોય એવા तत्पु० ને અન્તે छाया નું छाय થાય છે; इक्षूणां छाया इक्षुच्छायम् जनपदगामिनम् (जनपदं गच्छतीति जनपदगामी तम्)–દેશમાં જતાં. वारणः–હાથી. प्राद्रवत्–નાસી ગઈ. गुल्मकः–कम्–સમૂહ. कण्ठीरवः–કેસરી; સિંહ; (कण्ठी સ્ત્રી૦–કંઠ). आददाति (स० ए० व० आददत् आ+दा ૩ ગ૦ ૫૨૦ ના वर्त० कृ० નું). शास्, जक्ष्, चकास्, जागृ, ને दरिद्रा તેમજ ૩ ગ૦ ના ધાતુઓ, જેના રૂપમાં तृ० ब० व० માંના

પ્રત્યયનો નકાર લોપાય છે. તેને સર્વનામસ્થાનમાં નકાર આવતો નથી. ને ન० પ્ર०, દ્વિ०, ને સં० ના બ० વ० માં વિકલ્પે આવે છે–દદત્, દદતૌ, દદતઃ દદતમ્, દદતૌ. ન० પ્ર० દદત્–દદતી–દદતિ, દદન્તિ. દન્તાવલઃ–હાથી. (વલ–મત્વર્થીય પ્રત્યય; વાળો. અન્ત્ય અ દીર્ઘ થયો છે. કૃષીવલઃ–ખેડુત. એમાં પણ ઇ દીર્ઘ થયો છે). સમાસીનેન=(સમ્ + આસ નો વર્ત० કૃ० સમાસીન) બેઠેલા વડે. નિકટઃ મ્–સામીપ્ય; અવ્ય०–પાસે.

૫.—ભૂરિ–બહુ. વનનિત્યઃ નિત્યઃ=આસક્તઃ. इष्टि–યત્ન. ક્રોશતઃ–ક્રુશ ૧ ગ० પ૦–બૂમ પાડતી. બ્રહ્માહિતમ્–બ્રહ્મ–બ્રાહ્મણનું સામર્થ્ય, તપોબળ, બ્રહ્મતેજ. ધાસ્યતિ–ધાવશે. ધે० ૧ ગ० પ૦ (ધયતિ)=ધાવવું. સ્તનંધયઃ–બાળક. આસ્યે–મુખમાં. દિવૌકસઃ–દ્યૌઃ ઓકઃ યેષાં તે દિવૌકસઃ । પૃષોદરાદિત્વાત્ સાધુઃ પૃષોદરાદિ વર્ગમાં છે, તેથી સાધુ–દોષરહિત પ્રયોગ છે. દિવોકસ ને બદલે દિવૌકસ થયું છે.

૬.—સકલાઃ—(બહુ० કલાભિઃ અંશૈઃ સહિતાઃ)–સઘળી, બધી. ગન્ધગજકુમારકમ્–ગન્ધપ્રધાનો ગજઃ ગન્ધરાજઃ (મધ્યમપદલોપી સ०)–ઉત્તમ વર્ગના હાથી; હાથીના ગંડસ્થળ–લમણામાંથી તે જુવાનીમાં ને મદમાં હોય છે ત્યારે સુગંધીદાર રસ નીકળે છે તે રસ મદ કે દાન કહેવાય છે. કુમારક માં ક વાત્સલ્યવાચક પ્રત્યય છે. વારિબન્ધાત્–ગજશાળામાંથી; વારિ–રી (સ્ત્રી०)–ગજબન્ધનસ્થાન. અવગતસકલકલાકલાપમ્—૧ પ્રાપ્ત કર્યો છે સકળ કળાનો સમૂહ જેણે, જે સકળ કળા–હુન્નર શીખ્યો છે એવો કુમાર; ૨ જેણે સકળ કળા પ્રાપ્ત કરી છે એવો ચન્દ્ર. સફલતામ્–ફલેન સહિતાનિ સફલાનિ તેષાં ભાવસ્તત્તા તામ્. એવં સંપિણ્ડિતેનામુના–પ્રવર્ધસે=એ પ્રમાણે એકઠા થયલા–સર્વાળો કરતાં થયલા–આ સોળ વર્ષ વડે તું વૃદ્ધિ પામે છે–તું સોળ વર્ષનો થયો છે એ ખુશીની વાત છે. નિયન્ત્રણમ્–બન્ધન. લાલિતમ્–ક્રીડા; ભાવના અર્થમાં લલ્નો ભૂ० કૃ०. જવઃ–વેગ ત્રિભુવનાશ્ચર્યમિતિ કૃત્વા–ત્રણ ભુવનમાં આશ્ચર્યકારક છે એમ વિચારીને. ઉચ્ચૈઃશ્રવસ્ પું०–ઇન્દ્રનો અશ્વ. એવંવિધઃ–બહુ०, એવં વિધા પ્રકારો યસ્ય સઃ. પરિચારાર્થમ્–પરિચારાય ઇદં યથા સ્યાત્ તથા (ચતુ० તત્પુ०, ક્રિયાવિશે० છે). અભિરૂપ–સુંદર, રમણીય. કુલક્રમાગત–વંશપરંપરાથી ઊતરી આવેલું. શિરસિ કૃત્વા–માથે ચઢાવીને. ધ્વાનઃ–ધ્વનિ, અવાજ.

૭—દર્શનાર્થમ્—દર્શનાય ઇદં યથા સ્યાત્ તથા; ચતુ० તત્પુ० છે ને તે આગતમ્ ક્રિયાનું વિશેષણ છે. અર્થ શબ્દ ચતુ० વિ० સાથે સમાસ પામે

છે, તે તત્પુરુષ સમાસ છે. એ નિત્ય સમાસ કહેવાય છે. જે સમાસનો વિગ્રહ થાયજ નહિ કે સમાસમાં આવેલાં પદથી ન થાય એવો અસ્વપદવિગ્રહ સમાસ તે નિત્ય સમાસ છે. **खट्वारूढः** એ નિત્ય સમાસ છે. એનો વિગ્રહ થતો નથી. એનો અર્થ जाल्म, नीच છે. વિદ્યાર્થીએ ભૂમિ પર સૂવું જોઈએ તે ખટ્વા-ખાટલા પર સૂએ તો નીચ કહેવાય. આ શબ્દ પૂર્વ સમયના વિદ્યાર્થીના ધર્મનો ખ્યાલ કરાવે છે. **अर्थ** સાથેનો સમાસ વિશેષણ છે, ને એને વિશેષ્ય પ્રમાણે લિંગ લાગે છે. વળી **दर्शनार्थम्** ની પેઠે ક્રિયાનું પણ વિશેષણ હોય છે. ' अर्थेन सह नित्यसमासो विशेष्यलिङ्गं च '. ' अविग्रहः अस्वपदविग्रहो वा नित्यसमासः '. **अमात्यः**—अमा सह (राज्ञा) भवः अमात्यः. अमा અવ્ય૦; अमावास्या-अमा सह वसतः सूर्याचन्द्रमसौ यस्यां तिथौ सा. **केवलं च**=માત્ર એનો સંબન્ધ આગળ इति विस्तरणाभिधीयसे સાથે છે=**इति**=इति हेतोः, એ કારણથી, માત્ર આવાં સ્વાભાવિક કારણો છે તેથી. **अभानुभेद्यम्**—भानुना भेद्यं भानुभेद्यम्; न भानुभेद्यमभानुभेद्यम् નઞ્તત્પુ૦; સૂર્યથી ભેદાય નહિ એવું. **यौवनप्रभवम्**=यौवनं प्रभवो यस्य तत्; જુવાની જેનું ઉત્પત્તિસ્થાન છે એવું અંધારૂં-અજ્ઞાન. એ અંધારૂં સામાન્ય અંધારાથી જુદું છે. સામાન્ય અંધારૂં સૂર્યકિરણથી ભેદી શકાય છે, રત્નના આલોકથી-તેજથી ઉચ્છેદી શકાય છે, પ્રદીપની પ્રભાથી દૂર કરી શકાય છે, ને અતિગ્રહન નથી. **यौवनप्रभवं तमः**—એ ઉપમેય છે ને સાધારણ **तमस्** એ ઉપમાન છે. ઉપમાન કરતાં ઉપમેયનું આધિક્ય કર્યું છે, માટે **व्यतिरेक** અલંકાર છે. **अपरिणामोपशमः**—પરિણામે શાન્તિ ન થાય એવો. **दारुण**-ભયંકર. **रागमलावलेपः**=રાગરૂપી મેલથી ઉત્પન્ન થતો ગર્વ. **अज्ञानशौचवध्यः**=જ્ઞાનની પવિત્રતાથી જેનો નાશ ન થાય એવો. **गर्भेश्वरत्वम्**-ગર્ભથીજ ઇશ્વરત્વ-આધિપત્ય. **अविनयाना...समवायः**=एषामेकैकमप्यविनयानामायतनं समवायः (એ બધાનો સમૂહ) अविनयानामायतनमिति किमुत (किं वक्तव्यम्)-એમાંનું એકેક પણ અવિનયનું સ્થાન છે, તો એનો સમુદાય તો અવિનયનું સ્થાન થાય એમાં કહેવુંજ શું ! આ કૈમુતિક ન્યાય કહેવાય છે. કૈમુતિક ન્યાયે એ બધાં કારણો એકઠાં થયે અવિનયને ઉત્પન્ન કરનાર થાય એમાં નવાઈજ શી એવો અર્થ છે. अभिनवं यौवनं यस्य सः अभिनवयौवनः तस्य भावः अभिनवयौवनत्वम्. એજ પ્રમાણે अप्रतिमरूपत्वम् ને अमानुषशक्तित्वम् નો વિગ્રહ કરવો. **कालुष्य**—મેલ. **कलुष**-ડોહળાયલું. **भवादृशाः**-भवादृश्-शा-क्ष

એવા ત્રણ શબ્દ છે. એજ પ્રમાણે તાદૃશ-શ-ક્ષ વગેરે શબ્દ છે. **अपगतमल**—मलः-लम्- ૧ મેલ, કચરો. માલિન્ય, મલિન વિચાર. गभस्ति (પુ૦, સ્ત્રી૦)-કિરણ. **कल्याणाभिनिवेशी**-कल्याणे अभिनिवेशः कल्याणाभिनिवेशः । सोऽस्यास्तीति कल्याणाभिनिवेशी. તત્પુ૦ ને इन् પ્રત્યય લાગ્યો છે. કલ્યાણને વિષે જેનો અભિનિવેશ-આગ્રહ છે. **रागः**= ૧ રંગ; ૨ અનુરાગ. **एकान्तवक्रता**=૧ અત્યન્ત વાંકાપણું; ૨ અત્યન્ત વાંકે માર્ગે જવું તે. **चञ्चलता**=૧ ચપળતા; ૨ અસ્થિરતા. **मोहनशक्ति**= ૧ મોહ પમાડે-બેભાન કરે એવી શક્તિ; ૨ મનને મોહ પમાડે એવી શક્તિ. **मद**=૧ કેફ; ૨ અભિમાન. **नैष्ठुर्य**=૧ સખ્તાઈ; ૨ નિર્દયતા. આ પ્રમાણે શ્લેષાલંકારથી બે અર્થો લેવાના છે; એક લક્ષ્મીને ને બીજો પારિજાત આદિને લાગુ પડે છે. **शकलः**-ખંડ. **कालकूटम्**-વિષ. **विरहविनोदचिह्नानि**-વિયોગથી થતી પીડા દૂર કરવાનાં ચિહ્નો. **प्रपलायते**- अय् ૧ ગ૦ આત્મ૦ ની પૂર્વે परा ઉપસર્ગ હોય તો य् નો ल् થાય છે. अय् आम्युक्त પરોક્ષ૦ લે છે; अयांचक्रे-बभूव-आस. **अभिजनः**-ઊંચું કુળ. **कामम्**-ભલે. **समारोपित**-જેના ઉપનયન આદિ સંસ્કારો દેહ-શુદ્ધ કરવાના વિધિ-પિતાએ કર્યા છે તે. **तरल**-અસ્થિર, ચપલ **अप्रतिबुद्ध**-બોધ-જ્ઞાન થયું નથી એવું. **मुखरीकृतवान्**-શબ્દાયમાન કર્યો, બોલાવ્યો. ભૂતકૃદન્તને वत् પ્રત્યય લગાડવાથી કર્તરિ અર્થ થાય છે. कृतं मयेदम्; कृतवानहमिदम्. ક્રિયાપદ અકર્મક હોય તો અર્થમાં ફેર પડતો નથી. गतोऽहं ग्रामम्, गतवानहं ग्रामम्-એ બંનેનો એકજ અર્થ છે-હું ગામ ગયો. **इदमेव**=पुरुषमियं दुर्विनीता लक्ष्मीः खलीकरोतीति. धुर्-ધૂસરી, રાજ્યકારભાર. સમાસને અન્તે पुर् ને धुर् શબ્દને अ પ્રત્યય લાગે છે; विष्णुपुरम्, राज्यधुरा. **विजयस्व**-जि ધાતુ वि ને परा ઉપસર્ગ સાથે આત્મનેપદી છે. ('विपराभ्यां जेः'-वि ને परा પછી जि નું આત્મનેપદ છે). **सिद्धादेशः**-જેનો આદેશ સિદ્ધ-સફળ થાય છે એવો.

૮.—**श्रुतिस्मृतिभिर्गृहीतपरमात्मलक्षणम्**=વેદ ને સ્મૃતિઓથી પરમાત્માનું લક્ષણ-સ્વરૂપ જે સમજ્યો છે તેને. **परमहंसपरिव्राट्**—ચાર પ્રકારના ભિક્ષુ છે, કુટીચક, બહૂદક, હંસ, ને પરમહંસ; તેમાં પૂર્વપૂર્વના કરતાં ઉત્તરોત્તર ઊંચા પ્રકારના છે; આ રીતે પરમહંસ એ સર્વોત્તમ ભિક્ષુ છે. **न हि**-જેમ નદીનો આ કાંઠો બળી ગયો હોય તો નદીને પાર તરવા કોઈ ઇચ્છતું નથી, તેમ મૃત શરીરને પક્ષીઓ ખાઈ જાય છે કે તે મૃત્તિકારૂપ પામે છે ત્યારે સંસારમાંથી ઉદ્ધાર પામવા કોઈ ઇચ્છતું નથી.

તું કેમ પૂછે છે? **पार** ને **अवर** એ કિનારા પરથી **पारावारः**=સમુદ્ર. **ग्राहः**-મગર. **वयम्** (ન૦)-પક્ષી. **साध्ववादीः**-હવે તું બરોબર કહે છે; પૂર્વે કેમ ખોટું કહ્યું કે હું અમુક વંશનો બ્રહ્મચારી કે ગૃહસ્થ હતો ને હવે પરમહંસ પરિવ્રાટ્ છું? **मृषोद्यम्**-જૂઠું વચન. **अदोन्वयः**-**असौ अन्वयः यस्य सः**, આ છે અન્વય-વંશ જેનો એવો. **प्रत्यभ्यज्ञासीः**-જેને ભિન્ન જાતિ, ભિન્ન અન્વય, ને ભિન્ન સંસ્કાર છે તેને જાતિ, અન્વય, ને સંસ્કારથી રહિત જે આત્મા તે તરીકે તેં ઓળખ્યો.

૯.—**पङ्गु**—લંગડો (સ્ત્રી૦ **पङ्गुः**-**पङ्ग्वी**). **परमानन्दमाधवम्**—પરમ આનન્દસ્વરૂપ વિષ્ણુ. **मा**=લક્ષ્મી તેના **धव**=પતિ. સત, ચિત, ને આનન્દ એ ત્રણ બ્રહ્મનાં સ્વરૂપ છે. **बकः**-બગલું. **लालयेत्**-**लल्** ૧ ગ૦ ઉ૦-ક્રીડા કરવી. એના પરથી **ललना** (સ્ત્રી૦)-સ્ત્રી એ શબ્દ આવ્યો છે. ૧૦ ગ૦ ઉ૦-લાડ લડાવવું. **सुगन्धिना**-**गन्ध**ની પૂર્વે **उद्**, **पूति**, **सु**, **सुरभि**, ને ઉપમાન વાચક શબ્દ હોય તો **बहु०** ને અન્તે **गन्ध**નું **गन्धि** થાય છે. **वस्त्रनम्**-ડગાઈ. **कार्यकाले**=વાપરવાને વખતે. **सिता**-ખાંડ.

૧૦.—**अर्कः**-સૂર્ય. **लोकपालः**-દિક્પાલ, દિશાના રક્ષક દેવ. **तपनः**-સૂર્ય. **वैश्रवणः**-કુબેર. **वित्ताप्पत्योः**=વિત્તપતિ એટલે ધનેશ, કુબેર, ને અપ્પતિ=જલદેવ, વરુણ. **द्वन्द्वान्ते श्रूयमाणं पदं प्रत्येकं संबध्यते** (**पति** શબ્દ **वित्तापः** એ દ્વન્દ્વ સમાસને અન્તે સંભળાય છે, તે પ્રત્યેક પદ સાથે સંબન્ધ રાખે છે; અર્થાત્, વિત્તપતિ ને અપ્પતિ, એવો અર્થ સમજવો). **व्यलीकेन**-કપટથી. **द्रुतम्** જલદી. **विद्रुत**-નાસી ગયલું. **मनुष्य इति**-મનુષ્ય છે એમ માનીને. **दुरुपसर्पणम्**-દુઃખે પાસે જઈ શકે એવો.

૧૧.—**इक्ष्वाकु**-ઇક્ષ્વાકુ રાજાનો વંશજ. **बीजमुष्टिः प्रकीर्यते**=બીજની મુઠ્ઠી વિખેરાતી નથી; બી રોપાતાં નથી. (**फलकाले लुण्टाकशङ्कया**=ફળને સમયે લુટારાઓના ભયથી). **पितुः पुत्रो-वशो**=પુત્ર પિતાને વશ ને ભાર્યા પતિને વશ રહેતી નથી; કેમકે આજ્ઞાનુ ઉલ્લંઘન કરનારને કોઈ દંડનાર નથી. **अत्याहितम्**=મોટું ભય. '**अत्याहितं महाभीतिः**' **इत्यमरः**. **विषाणिनः** પ્રશસ્ત દન્તવાળા. **हायनः**-**नम्**-વર્ષ. **क्षेम**-કલ્યાણકારક, સહી-સલામત. **पण्यम्**-માલ. **विभजन्** વિભાગ કરતો, વહેંચી આપતો. **स्वकम्**=જીવન. **सत्यं च धर्मश्च**=સત્ય ને ધર્મનો પ્રવર્તક. **महता वृत्तेन**=યમમા દંડમાત્ર ગુણ છે, કુબેરમા ધનદત્વ છે, ઇન્દ્રમાં પાલન, ને વરુણમાં સદાચારમાં નિયમન છે; પણ રાજામાં ચારે હોવાથી, પોતાના મોટા આચરણથી એ ચારેથી ચઢીઆતો છે.

૧૨.—**नाना** (અવ્ય૦)–ભિન્ન ભિન્ન. **व्याल:** હાથી, સર્પ. **संनिकृष्ट**–પાસેનું. **संयताञ्जलि:**–બદ્ધ છે અંજલિ–નમસ્કારાર્થે હાથ જોડવા તે–જેણે. **परवान् स्मि—स्थिते**=તમે છો એટલે સો વર્ષ પર્યન્ત પણ હું પરવાનજ–તમને આધીનજ છું; કદાચિત્ પણ સ્વતન્ત્ર નથી. **यथावत्**–ઘટે તેમ. **संकाश**–સદૃશ. **सुरभि** મનોહર. **भावित**–પવિત્ર. **चक्रवाक:** ચકવો. એ પક્ષી રાત્રે સ્ત્રીથી જુદું પડે છે. **प्रांशु**–ઊંચું. **पक्षिणा**=जटायुषा. **कन्दरा**–ગુફા. **आसन्न**=સમીપ.

૧૩ —**भरतर्षभ** भरतेषु ऋषभः भरतर्षभस्तत्संबुद्धौ भरतर्षभ. ભરતોમાં–ભરતના વંશજોમાં શ્રેષ્ઠ. ऋषभ, शार्दूल, सिंह, पुङ्गव વગેરે શબ્દો સમાસના ઉત્તરપદમાં શ્રેષ્ઠના અર્થમાં વપરાય છે. 'स्युरुत्तरपदे व्याघ्र-पुङ्गवर्षभकुञ्जराः । सिंहशार्दूलनागाद्याः पुंसि श्रेष्ठार्थगोचराः ॥' (સમાસના ઉત્તર પદમાં व्याघ्र, पुङ्गव, ऋषभ, कुञ्जर, सिंह, शार्दूल, नाग આદિ શબ્દો પુલિંગમાં શ્રેષ્ઠાર્થવાચક છે) 'उपमितं व्याघ्रादिभिः सामान्याप्रयोगे' (ઉપમિત–ઉપમેય व्याघ्र વગેરે શબ્દો સાથે સમાસ પામે છે સામાન્યનો—સાધારણધર્મનો પ્રયોગ ન હોય ત્યારે). पुरुषः व्याघ्र इव पुरुषव्याघ्रः; પણ पुरुषः व्याघ्र इव शूरः એમાં शूरः એ સામાન્યનો પ્રયોગ, છે, માટે સમાસ થતો નથી, વાક્યજ રહે છે. **नृसोमः**=ना सोम इव. **श्रीः**=રૂપ, ઔદાર્ય વગેરે શોભા. **पद्मा**=ધનસમૃદ્ધિ. **मकरध्वजस्य**–પ્રદ્યુમ્નની. **प्रगल्भे**=વાગ્મી પુરુષમાં; છટાદાર બોલનારને વિષે. **देवपरे**=देवः परः प्रधानं वस्तु यस्य सः देवपरः तस्मिन् देवपरे. **उदीर्ण**—ઉદાર–ઉચ્ચ સ્વભાવ-વાળું (उद्+ईर् ૨ ગ૦ આ૦ નો ભૂ૦ કૃ૦). **सांकरिके**=જાતિનો સંકર-મિશ્રણ જેનામાં છે એવાને વિષે. **असूयक** અસૂયા કરનાર, દ્વેષ કાઢનાર. **कृतात्मन्**—જિતેન્દ્રિય, પવિત્ર. **स्वाध्यायनित्य**–વેદાધ્યયનમાં આસક્ત; **नित्य**–નિમગ્ન. **संगुप्तमनोरथेषु**-જેમના મનોરથ છૂપા છે, જેમના મનમાં કંઈ છે ને દર્શાવે છે કંઈ, તેમને વિષે.

૧૪.—**तनूरुहः**—કેશ. **आकीर्ण** (आ+कॄ ૬ ગ૦ ૫૦ નો ભૂ૦ કૃ૦) વ્યાપ્ત. **तपस्विनी**—બિચારી (અનુકંપાવાચક છે). **कृच्छ्रम्**—સંકટ. **भेषजम्**—ઔષધ. **कल्यगता**—कल्यं प्रातरहर्मुखं वा; સવારે. **शकुनिघ्नेन**–शकुनिं हन्तीति शकुनिघ्नस्तेन; પારધિએ. **अग्निसाक्षिकम्**—अग्निः साक्षी यस्मिंस्तत्. **एतत्**—भर्ता हि शरणं परमित्येतत्. **स्तबकः**—ગુચ્છો.

૧૫.—**ऋच्छति**—ऋ (ऋच्छ्) १ ग० प० वर्त० ३ पु० ए० व०.

૧૬.—**त्रैविद्यवृद्धान्**—तिस्रो विद्या अधीयते विदन्ति वा त्रैविद्याः तेषु वृद्धास्तान्–ત્રણ વેદ જાણનારાઓમાં વૃદ્ધ. **परावरज्ञाः**—परं च अवरं च परावरे ते जानन्तीति–ભૂત ને વર્તમાન જાણનાર. **एवं प्रवृद्धं-शरीरात्**= एवं प्रवृद्धं सकलं मनोज्ञं संतापनीयं शरीरात् प्रणुदन्—दूरीकुर्वन्नित्यर्थः.

૧૭.—**भैषज्यमेतद्— चिन्तयेत्**=यदेतत् (दुःखं) नानुचिन्तयेत् तदेतत् अननुचिन्तनमित्यर्थः दुःखस्य भैषज्यम्=પુરુષે દુખનું અનુચિન્તન ન કરવું—વિચાર ન કર્યા કરવો એ દુઃખનું ઔષધ છે. દુઃખનું જે અનનુ-ચિન્તન છે તે એ દુઃખનું ઔષધ છે. **गृध्येत्**—લોભ કરવો. **स्निग्धत्वं—मप्रियम्**=ઇન્દ્રિયોના અર્થને એટલે વિષયોને વિષે મોહથી આસક્તિ એ અપ્રિય, મરણજનક છે. **सर्वे क्षयान्ताः—जीवितम्**=સર્વે સંચય ક્ષયને વિષે જેનો અન્ત છે એવા છે; સર્વ ઉન્નતિનો પતનમાં અન્ત થાય છે (ચડે છે તે પડે છે એવી કહેવત છેજ), સર્વ સંયોગનો અન્ત વિયોગમાં ને જીવિતનો મરણમાં થાય છે. **वयो गच्छन्न तिष्ठति**-વય જતું અટકતું નથી; वयोऽगच्छन् न तिष्ठति એવો પાઠ હોય તો—વય ગયા વગરનું રહેતું નથી; જાય છે જ. **अध्यात्मरतिः**-आत्मनीत्यध्यात्मं (વિભક્તિના અર્થમાં अव्य० स०), अध्यात्मं रतिर्यस्य सः. **निरामिषः**-વિષયલાલસા જેની જતી રહી છે એવો.

૧૮.—**पुत्रक**—પ્રિય પુત્ર. **गुहां प्रविष्टम्**—હૃદયના ઉંડાણમાં રહેલો. **न हि प्रतीक्षते...कृतम्**=એનું કામ પૂરું થયું છે કે નહિ તેની મૃત્યુ વાટ જોતું નથી. अस्य कार्यं कृतं वा न वेति मृत्युः न प्रतीक्षते. **न देहभेदे—विजानताम्**=દેહનો ભેદ થયે મરણ ન જાણો. પ્રાણી મરી જાય છે એમ કહીએ છીએ તે મરણ નથી, માત્ર દેહભેદ છે, એક દેહમાંથી આત્મા બીજા દેહમાં જાય છે. **न तेन किंचिन्न प्राप्तम्**—तेन किंचिन्न प्राप्तमिति न अपि तु प्राप्तमेव. द्वौ नञौ प्रकृतार्थं दृढीकुर्वतः—બે નકાર પ્રકૃતાર્થને દૃઢ કરે છે.

૧૯.—**बाष्पगद्गदम्**—बाष्पैः गद्गदं यथा स्यात् तथा; આંસુઓને લીધે ગદ્ગદ; અક્ષર વિશીર્ણ થાય, તૂટી જાય, ન સમજાય એવી રીતે. **अयः**—લોઢું. **कैव कथा शरीरिषु**—ચેતનોને વિષે તો કહેવુંજ શું; ચેતન પદાર્થો શોકથી તપે ત્યારે નરમ થાય એમાં તો કહેવુંજ શું? **हन्त**—વિષાદવાચક છે; અરેરે! **प्रहरिष्यतः**—પ્રહાર કરવા ઇચ્છતાનું. **अथवा**—પક્ષાન્તર-

વાચક. **हिमसेकविपत्ति**—હિમના—ઝાકળના વરસાદથી મરણ છે જેનું એવી. **पूर्वनिदर्शनम्**—પૂર્વ દૃષ્ટાંત. **अशनिः कल्पित एष वेधसा**—આ માળા વિધિએ વજ્ર કલ્પી છે. अशनिः એ વિધેય છે ને વાક્યમાં [1]વિધેય પ્રધાન છે તેથી एषः પું૦ માં છે. विधेयप्राधान्यादेष इति पुंलिङ्गता. **विटपः**—ડાળી. **कृतपूर्वम्**—पूर्वं कृतं कृतपूर्वम्. सुप्सुप्समास. **शब्दपतिः**—शब्देन पतिः न त्वर्थेन, નામનો ધણી. **भावनिबन्धना**—ભાવ એટલે સ્વભાવ જેનો આશ્રય છે એવી; સ્વાભાવિક. **शर्वरी**—રાત્રી. **द्वन्द्वचर**—સ્ત્રીપુરુષ સાથે ફરનાર. ચકવો ને ચકવી હમેશ સાથે ફરે છે ને રાત્રે જુદાં પડે છે. **पतत्रिणम्**—પક્ષીને; ચક્રવાકને. पतत्र (ન૦)-પાંખ. **वामोरु**—वामौ सुन्दरौ ऊरू जङ्घे यस्याः सा वामोरूः तत्संबुद्धौ वामोरु (સ્ત્રી૦ માં સમાસને અન્તે ऊरु નું ઘણુંધા ऊरू થાય છે; જેમકે रम्भोरूः, करभोरूः). **कलम्**—કાલું; અવ્યક્તમધુર; અસ્પષ્ટ પણ મધુર. **संस्तरः**—પથારી. **अन्यभृतासु**—કોકિલાઓમાં. परभृता, अन्यभृता (અન્યથી પોષાયલી) એ કોકિલાવાચક છે; કેમકે કાગડો કોકિલાના-કોયલના ઈંડાં સેવે છે એમ કહે છે; એટલાજ માટે परभृत=(અન્યને પોષનાર) કાક. **पृषतीषु**—હરણીઓમાં. ત્રિલોલ—ચપળ, ફરતી. **विभ्रमाः**—વિલાસ. **कलाविधौ**—કલાના વિધાનમાં, કલાનો પ્રયોગ કરવામાં. **करुणाविमुखेन**—विगतं मुखं यस्य सः विमुखः कलाया विमुखः कलाविमुखस्तेन.

૨૦.—**अर्थोष्मणा**—પૈસાની ગરમીથી. **त्रिलोकीतिलकः**—त्रयाणां लोकानां समाहारस्त्रिलोकी (समाहारद्विगु). त्रिलोक्यास्तिलकः भूषणं त्रिलोकीतिलकः—ત્રણ લોકનું ભૂષણ.

शीतसितया-शीता चासौ सिता च शीतसिता तया-થંડી અને શ્વેત (ગંગા); હૃદયને થંડક-આનન્દ આપનારી ને ઉજ્જ્વલ કલંકરહિત.

पात्रं पवित्रयति—દીવો પાત્રને (કોડીઆને) અપવિત્ર-મેલું કરે છે; સજ્જનોની સોબત પાત્રને-સોબત કરનારને પવિત્ર-દુષ્ટ વિચારરૂપ મલ-રહિત-કરે છે. દીવો ગુણોનો (વાટોનો) ક્ષય કરે છે; સાધુસંગ ગુણોનો ક્ષય કરતો નથી, પણ વૃદ્ધિ કરે છે. દીવો સ્નેહ (તેલ) નો નાશ કરે છે; સત્સંગ સ્નેહનો સંહાર-નાશ કરતો નથી. દીવો મલ (મેસ) ઉત્પન્ન કરે છે; સાધુસંગમ મલ-પાપ-દુર્વિચારાદિ ઉત્પન્ન કરતો નથી. દીવો દોષાને-

[1] દરેક વાક્યના બે વિભાગ છે, જેને વિષે કહ્યું હોય તે ને જે કહ્યું હોય તે. પ્રથમ ભાગ उद्देश्य ને દ્વિતીય ભાગ विधेय કહેવાય છે.

રાત્રિને અન્તે રુચિર સુંદર દેખાતો નથી; સારા માણુસોની સોબત દોષોના અન્તને લીધે સુંદર દેખાય છે-સારી સોબતથી પુરુષના દોષો નાશ પામે છે ને તે શોભે છે. દીવો ચળે છે; સાધુસંગમ ચલિત નથી-દૃઢ છે. આ પ્રમાણે સત્સંગ પુણ્યગૃહને વિષે કોઈક અપૂર્વ-અનિર્વચનીય દીપ છે. અન્ય દીપોથી એ દીપને ચઢીઆતો વર્ણવ્યો છે. ઉપમાન કરતાં ઉપમેયનું આધિક્ય વ્યંગ્ય હોવાથી વ્યતિરેક અલંકારનો ધ્વનિ છે.

पवित्रयति (पवित्रं करोति)—નામધાતુ.

नार्घन्ति—अर्घो मूल्यमर्घवन्ति न भवन्तीत्यर्थः—નામધાતુ.

प्रतिभावतः—નૈસર્ગિક અપૂર્વ બુદ્ધિવાળાના. प्रतिभा='प्रज्ञा नवनवोन्मेषशालिनी प्रतिभा मता'—નવા નવા અંકુર-પ્રકાશથી શોભતી બુદ્ધિ. એવી ઊંચા પ્રકારની કલ્પનાશક્તિ વગર સારાં કાવ્ય રચી શકાતાં નથી. कस्यचित्–कस्यचिदेव, न सर्वस्य.

नाकवित्व—કવિતા ન બનાવવાથી કંઈ અધર્મ, વ્યાધિ, કે દંડ થતો નથી; પણ (पुनः–વિરોધવાચક છે) નઠારી કવિતાને વિદ્વાનો સાક્ષાત મરણ (કીર્તિનું મરણ-અપકીર્તિ) કહે છે.

व्याख्यागम्यानि—કાવ્યો પણ શાસ્ત્રોની પેઠે ટીકાથીજ સમજાય તો સુબુદ્ધિવાળા પુરુષોને તો એ ઉત્સવ છે. પણ અરેરે! નબળી બુદ્ધિવાળા તો બિચારા માર્યાજ ગયા! અર્થાત્, કાવ્યો પ્રસાદિક, તરત સમજાય એવાં જોઈએ, શાસ્ત્રોની પેઠે દુર્ગમ ને વ્યાખ્યાથીજ સુગમ થાય એવાં ન હોવાં જોઈએ. **दुर्मेधसः**—दुष्टा मेधा येषां ते (नित्यमसिच् प्रजामेधयोः ॥૫।૪।૧૨૨॥ नञ् (अ કે अन्), दुस्, ને सुथी પર प्रजा ને मेधानुं बहु०-માં प्रजस् ને मेधस् થાય છે; अप्रजाः, सुप्रजाः, अमेधाः ઇત્યાદિ).

मूर्धजाः—मूर्धनि जायन्त इति मूर्धजाः केशाः. **जीवमानः**–जीव् ૧ ગ૦ પર૦ છે, પણ તાચ્છીલ્યના-સ્વભાવના અર્થમાં અહિં આત્મ૦ છે. અહિં 'જીવવાના સ્વભાવવાળો' એવો અર્થ છે. 'ताच्छील्यवयोवचनशक्तिषु चानश्' ॥૩।૨।૧૨૯॥ એ સૂત્ર છે. તાચ્છીલ્યના, વયોવચનના (ઉમર કહેવાના), ને શક્તિના અર્થમાં आनश् (आन) પ્રત્યય થાય છે, એટલે આત્મ० वर्त० कृ० નો પ્રત્યય લાગે છે. भोगं भुञ्जानः—ભોગ ભોગવવાની જેને ટેવ છે એવું. कवचं बिभ्राणः—કવચ ધારણ કરનાર (કરવાની ઉમ્મરવાળો). शत्रून्निघ्नानः—શત્રુને હણવાને શક્તિમાન્.

भागधेयम्—भाग एव भागधेयम्. સ્વાર્થવાચક धेय પ્રત્યય છે. પ્રકૃ-

તિના (જેને પ્રત્યય લગાડાય તેના) પોતાનાજ અર્થમાં એ પ્રત્યય લાગે છે; અર્થાત્, એથી પ્રકૃતિના અર્થમાં કંઈ ફેર થતો નથી.

नाम एव नामधेयम्. बाल एव बालकः (અહિં क સ્વાર્થવાચક છે). चत्वारो वर्णाश्चातुर्वर्ण्यम् (અહિં य સ્વાર્થવાચક છે). सुखमेव सौख्यम्.

इतरतापशतानि—અરસિક પુરુષોને વિષે રસનો અભિનિવેદ કરવાથી જુદા સેંકડો તાપો.

अस्यां सखे=આ अन्योक्ति કે **अप्रस्तुतप्रशंसा** કહેવાય છે. અપ્રસ્તુતનું વર્ણન કરી પ્રસ્તુતને લાગુ પાડવામાં આવે ત્યારે એ અલંકાર છે. અરસિકને વિષે રસનું નિવેદન કરવું—મૂર્ખની આગળ વિદ્વાનોનું બોલવું—એ બહેરાના ગામમાં કોકિલના ટુહુકારના જેવું છે. કોકિલને કહીને વિદ્વાનને કવિ સંભળાવે છે.

दैवहतकाः—दैवं हतं निन्द्यं येषां ते. નિષ્ઠાનો–ભૂતકૃદન્તનો પરનિપાત થયો છે. બહુવ્રીહિમાં કવચિત્ ભૂતકૃદન્તનો પરનિપાત પણ થાય છે, ઉત્તરપદ તરીકે પણ તે આવે છે; જેમકે आहिताग्निः કે अग्न्याहितः (અગ્નિહોત્રી, જે અગ્નિ રાખે છે તે). **कलानभिज्ञाः**—કલ–અવ્યક્તમધુર ધ્વનિને ન સમજનારા; ૨ કલાને ન સમજનારા.

कृतान्तः—યમ. **मनाक्** (અવ્ય૦)-લગાર.

लोभश्चेद्—લોભ વહ્નિસમાન છે, પિશુનતા–ચાડી કરવાનો સ્વભાવ ઘણાં પાપની બરાબર છે, ઇત્યાદિ.

विद्यायां व्यसनम्—व्यसन=આસક્તિ. ગુજરાતીમાં નઠારાજ અર્થમાં વપરાય છે. અર્થ ભ્રષ્ટ થવાનું કે સંકુચિત થવાનું ઉદાહરણ.

भवन्ति नम्रा—પ્રથમ ત્રણ પાદમાં વિશેષ દાખલા છે. તેનું ચોથા પાદમાં સામાન્યના વર્ણનથી સમર્થન કર્યું છે (તેને ટેકો આપ્યો છે). આમ વિશેષનું સામાન્યથી કે સામાન્યનું વિશેષથી સમર્થન કર્યું હોય તે **अर्थान्तरन्यास** અલંકાર કહેવાય છે.

> ज्ञेयः सोऽर्थान्तरन्यासो वस्तु प्रस्तुत्य किंचन ।
> तत्साधनसमर्थस्य न्यासो योऽन्यस्य वस्तुनः ॥

તે अर्थान्तरन्यास જાણવો, જેમાં કોઈક વસ્તુનું વર્ણન કરીને, તેને સાધવા–સિદ્ધ કરવા સમર્થ અન્ય વસ્તુનો ન્યાસ–વર્ણન હોય છે.

पूर्वार्धपरार्धभिन्ना—પૂર્વાર્ધમાં છાયા ઓછી થતી જાય છે. તેવી મૈત્રી ખળની છે, ને પરાર્ધમાં છાયા વધતી જાય છે, તેવી મૈત્રી સજ્જનની છે.

तज्ज्ञाः—સન્મિત્રનાં લક્ષણને જાણનાર.

छिन्धि—छिन्द्धि, रुन्द्धः વગેરે ૩૫માંના द्નો ' झरो झरि सवर्णे ' (હલ્-થી પર झर्નો સવર્ણ झर् પર છતાં લોપ થાય છે) પ્રમાણે વિકલ્પે લોપ થાય છે.

अनुविधेयम्=अनुसरणीयम्. **उद्दिष्टम्**—उपदिष्टम्. **असिधाराव्रतम्**—असिधाराचङ्क्रमणवद् दुष्करम्-તરવારની ધાર પર ચાલવા જેવું દુષ્કર. एकस्यामेव शय्यायां मध्ये खड्गं निधाय स्त्रीपुंसौ यत्र ब्रह्मचर्येण शयाते तदसिधाराव्रतम्—એમ દિનકર ટીકાકાર સમજાવે છે.

संभ्रमविधिः—ગભરાટ, ઉતાવળ, કેવી રીતે સન્માન કરૂં એ વિચારથી ગભરાટ. **सदसि कथनं नाप्युपकृतेः**—પોતે કરેલા ઉપકાર સભામાં કહેવા નહિ. **अनुत्सेकः**—ઉત્સેકનો-ગર્વનો અભાવ. उत्सिक्त—ગર્વિષ્ઠ. **निरभिभवसाराः**—निर्गतः अभिभवः अपमान एव सारो यासां ताः, જે વાતનો સાર અન્યની નિન્દા કરવામાં નથી તેવી વાતો કરવી.

लालायते—લાળ કાઢે છે. **अमित्रायते**—अमित्र इव आचरति. **प्रणयगर्भगिरः**-प्रणयः गर्भः यासां ताः प्रणयगर्भाः प्रणयगर्भाः गिरः येषां ते प्रणयगर्भगिरः (बहुव्रीहिगर्भो बहुव्रीहिः—જેમાં બહુવ્રીહિ અન્તર્ગત છે એવો બહુવ્રીહિ છે; સ્નેહયુક્ત વાણી બોલનારા. **वल्गन्ति**—ચારુ-સુંદર દેખાય છે. **निवहः**-સમૂહ. **संमीलने**—આ પદ ' ભોજપ્રબન્ધ '-માં છે. પહેલા ત્રણ પાદમાં ભોજરાજા પોતાનું સુખ વર્ણવે છે; ચોથો પાદ કરવા રાજા પ્રયત્ન કરે છે, એવામાં મહેલમાં ભરાયલો ચોર ચોથો પાદ કહે છે કે આંખ મીચાયે એમાંનું કંઈ નથી.

झटिति—જલદી; હે કાન્તે, ચન્દ્રગ્રહણ સમીપ છે, તારો મુખચન્દ્ર કલંકરહિત છે, પૂર્ણ ચન્દ્ર જે કલંકિત છે તેનો ત્યાગ કરી રાહુ તારા મુખ-ચન્દ્રનો ગ્રાસ કરશે, માટે જલદી ઘરમાં પેસી જા. વ્યતિરેક અલંકારનો ધ્વનિ છે-એ અલંકાર વ્યંગ્ય-દ્વારથી સમજાય એવો છે.

पुरा—પૂર્વે કવિની ગણના કરવાને પ્રસંગે પ્રથમ કનિષ્ટિકાએ-ટચલી આંગળીએ કાલિદાસની ગણના કરી; હાલ પણ એના જેવો કવિ ન હોવાથી અનામિકા-ટચલી આંગળીની પાસેની, વીંટી પહેરવાની આંગળી (જેનું નામ નથી એવી) અતિશય સાર્થક થઈ. શિવે બ્રહ્માનું શિર એ આંગળીએ કાપ્યું, માટે એ આંગળી અપવિત્ર થઈ. આ કારણથી યજ્ઞાદિ-પ્રસંગે એને પવિત્ર કરવા દર્ભની વીંટી પહેરાવાય છે. अङ्गुष्ठ, तर्जनी કે प्रदेशिनी, मध्यमा, अनामिका, ને कनिष्ठिका અંગુઠાથી ક્રમે આંગળીઓનાં નામ છે.

यास्यत्यद्य—**यास्यति**=જવાની છે, ગઈ નથી કે જતી નથી તોપણ. **संस्पृष्टम्**—सम्यक् स्पृष्टम्. **कलुषः**—સ્વરભંગવાળો. **वैक्लव्यम्**—વિહ્વલતા. ગભરાટ. **विश्लेषः**—વિયોગ. **दक्षिणा**—અનુકૂળ, સભ્ય. **वामाः**—વિપરીત આચરણવાળી સ્ત્રીઓ. **आधिः**—મનની પીડારૂપ.

युष्मास्वपीतेषु—अपीतेषु કર્તરિ અર્થે છે. पीतं पानमेषामस्तीति पीताः न पीता अपीतास्तेषु. મત્વર્થમાં (मत् ના જેવા અર્થમાં) अ પ્રત્યય पीत ને લાગી કર્તરિ અર્થ થયો છે.

अर्थो हि—કન્યા એ પારકું ધન છે એવી ગુજરાતીમાં કહેવત છે. **न्यासः**—નિક્ષેપ; કોઈએ સંરક્ષણ કરવા સોંપેલી વસ્તુ. **विशदः**—શુદ્ધ. **प्रकामम्**—અત્યન્ત.

ध्वान्तम्—અન્ધકાર.

रसपातिः—પારો.

म्लानस्य—**सरोरुहाक्षि**—હે કમલાક્ષિ સીતે, એમ સીતા પ્રતિ રામની ઉક્તિ છે. बहु० ને અન્તે अक्षिનું अक्ष થાય છે. સ્ત્રી० છે માટે ई લાગી सरोरुहाक्षी થયું છે.

रसायनानि—रसस्य अयनानि प्रापकानि—રસ—આનન્દ આપનાર.

दोषाकरोऽपि—**दोषाकरः**=૧ दोषानो—રાત્રીનો કરનાર; ૨ दोष—નો આકર—ખાણ, સંગ્રહસ્થાન. **कुटिलः**—૧ વાંકો; ૨ અપ્રામાણિક. **कलङ्कितः**—૧ કલંક-ડાઘાવાળો; ૨ નામોશીવાળો. **मित्रावसानसमये**—૧ मित्र ના—સૂર્યના અસ્તકાળે જેનો ઉદય થાય છે એવો; ૨ મિત્રની પડતી વખતે જેની ચડતી થાય છે એવો. આ પ્રમાણે શ્લેષાલંકારથી બે અર્થ છે. दोषाकरः માં दोषां रात्रिं करोतीति दोषाकरः (दोषा + कर), ને दोषाणामाकरः (दोष + आकर) એમ પદને ભાંગવા પડે છે માટે **सभङ्गश्लेष** છે ને कुटिलः વગેરે સ્થળે अभङ्गश्लेष છે. अपि એ વિરોધાભાસવાચક છે, વિરોધ દેખીતો છે, ખરેખરો નથી; એક અર્થમાં વિરોધનો આભાસ દેખાય છે, તેનો બીજા અર્થથી પરિહાર થાય છે. આ અલંકાર વિરોધાભાસ કહેવાય છે.

नन्वात्मानं—પોતાની સ્ત્રીથી છૂટો પડેલો યક્ષ મેઘની મારફતે સ્ત્રીને કહાવે છે. ૫૨ ને ૫૩ માં પદ્યો मेघदूतમાંનાં છે.

श्यामास्वङ्गम्—श्यामा—એ નામની લતા. चण्डी—ક્રોધયુક્ત સ્ત્રી

पाथोधिः—पाथांसि जलानि दधातीति पाथोधिर्जलधिः समुद्र इत्यर्थः ।

दूरादर्थं घटयति—૧ દૂરથી મતલબ સાધે છે (મન્ત્રી); ૨ દૂરથી અર્થ મેળવે છે, વ્યંગ્ય અર્થ રાખે છે (કવિ). **अपशब्दं**—૧ અશ્લિષ્ટ વચન; ૨ વ્યાકરણશાસ્ત્રના નિયમથી વિરુદ્ધ શબ્દ. **पदं रचयति**–૧ પગલું ભરે છે, (મન્ત્રી); ૨ શબ્દ બનાવે છે (કવિ).

यत्र नास्ति—પૂર્વ સમયની ગૃહસ્થાઈની ભાવના એ પદ્યમાં છે. જે ઘરમાં દહીં વલોવાતું નથી, નાનાં બાળકો નથી, ને વડીલો તરફ યોગ્ય સત્કાર નથી તે ઘર નથી, વન છે.

सौमित्रे—રામને સીતાનો વિરહ થયો છે તે અવસ્થાનું વર્ણન રામ-લક્ષ્મણના સંવાદરૂપે છે. વિરહાવસ્થામાં ચન્દ્ર ને અન્ય શીતલ પદાર્થો ગરમ લાગે છે. ચન્દ્ર એ સૂર્ય છે એમ રામને ભ્રમ થયો છે. માંહે કુરંગ-હરણ (ડાઘો છે તેને હરણ કહ્યું છે) છે તેથી એ ચન્દ્ર છે એમ લક્ષ્મણ કહે છે, એટલે રામને સાદૃશ્યથી સીતાના મુખ ને નયનનું સ્મરણ થાય છે ને कुरङ्गनयने ને चन्द्रानने એમ સીતાને સંબોધે છે.

हिमांशु—સીતાને હનુમાને કહેલો રામનો સંદેશો આ અને નીચેના શ્લોકોમાં વર્ણવ્યો છે.

व्यतिकरः—वृत्तान्तः. એનો અર્થ ક્વચિત્ સંયોગ પણ થાય છે. 'व्यतिकर इह भीमस्तामसो वैणुतश्च'.

मा गा—હે મિત્ર તમે પ્રસ્થાન કરો–જવા નિકળો ત્યારે મારે શું કહેવું તે શિખવો. 'ન જાઓ' એમ કહું તો અપશકુન થાય, 'જાઓ' કહું તો મારૂં વાક્ય સ્નેહશૂન્ય થાય, 'રહો' કહું તો હું ઉપરિપણું કરતો હોઉં એમ થાય, 'ઇચ્છામાં આવે એમ કરો' એમ કહું તો તમારી તરફ ઉદાસીન છું–મારો સ્નેહ પણ નથી ને અસ્નેહ પણ નથી એમ થાય, 'તમારા વિના જીવી શકીશ નહિ' એ વચન સંભવે કે ન સંભવે.

श्मशानम्—श्मानः शवाः शेरत अत्रेति श्मशानम् ।

बाले नाथ—પતિપત્ની વચ્ચે સંવાદ છે. પતિ કહે છે–**बाले**. સ્ત્રી કહે છે–**नाथ**. વળી પતિ કહે છે–**विमुञ्च मानिनि रुषम्**. પત્ની–**रोषान्मया किं कृतम्**. પતિ–**खेदोऽस्मासु**. પત્ની–**न मेऽपराध्यति...मयि**. પતિ–**तत्किं रोदिषि...वचसा**. પત્ની–**कस्या...रुद्यते**. પતિ–**नन्वेतन्मम**. પત્ની–**का तवास्मि**. પતિ–**दयिता**. પત્ની–**नास्मीत्यतो रुद्यते**.

अम्बा कुप्यति—ષડાનન કાર્તિકેય શિવને કહે છે. **अम्बा–त्यज्यताम्**. માતા કોપે છે, માથે ચઢાવેલી આ ગંગા તજી દો. પાર્વતી કરતાં ગંગાજીને

અધિક વહાલાં કરી માથે ચઢાવ્યાં છે, માટે પાર્વતી કોપે છે, ગંગાને છોડી દો. શિવ-विद्वन्-वद. મારે વિષે એ સતત આસક્ત છે તે ક્યાં જાય તે કહે. विवृद्धवदनः-ચડેલાં છે મો જેનાં. ૭ મો વધારી કાર્તિકેયે કહ્યું કે अम्भोधिः-वारिधिः-સમુદ્રમાં જાય. ૭ મોંએ સમુદ્રના ૭ જુદા શબ્દો ઉચ્ચાર્યા.

काष्ठाद०—આ અને એની પછીના બે શ્લોકો ભાસનાં નાટકોમાંના છે. यस्यां न०—એ પદ્યને शकुन्तला ના पातुं न प्रथमं પદ્ય સાથે સરખાવો. वीजन्ति—पचादि अच् થઈ क्विप् થાય છે; નામધાતુ; वीज् ધાતુ ૧૦ ગ૦ ઉ૦ પરથી वीजयतीति वीजः એમ નામ બનાવી, वीज इवाचरतीति वीजति એમ નામધાતુ બનાવવો. 'વીજે છે' એવો અર્થ છે.

रे रे चातक—આ अन्योक्ति થી જેનીતેની ખુશામત ન કરવી, સ્વાભિમાન રાખવું, એમ કવિ ઉપદેશ કરે છે. एकादृशाः—એક સરખાં.

आर्द्रयन्ति—आर्द्र ઉપરથી નામધાતુ. આર્દ્ર-ભીની કરે છે.

यद्वक्त्रं मुहुरीक्षसे—આ પણ अन्योक्ति છે; એથી સંતોષી સ્વાભિમાન પુરુષનું કવિ વર્ણન કરે છે.

निर्दौवारिकनिर्दयोक्त्यपरुषम्=निर्गतः दौवारिकः (द्वारपालः) यस्मात् तत् निर्दौवारिकम् निर्दया चासौ उक्तिश्च निर्दयोक्तिः निर्दयोक्त्या अपरुषं निर्दयोक्त्यपरुषम्=निर्दौवारिकं च तन्निर्दयोक्त्यपरुषं च निर्दौवारिकनिर्दयोक्त्यपरुषम्-ભગવાનને ઘેર દ્વારરક્ષક અટકાવનાર નથી તેથી તે નિર્દય વચ નથી પરુષ-કઠોર નથી.

करबदर—હાથમાં બોર હોય તેવું, હસ્તગત; करतलामलकवत्—એ સામાન્ય રીતે વપરાય છે. आमलकः—આમળું.

श्रीवत्साङ्कं—શ્રીવત્સ છે ચિહ્ન જેને એવા.

श्रीवत्सः—उरसि रोमावर्तः—છાતી પર વાળનું ગૂછળું. ભૃગુ ઋષિની લાતનું એ ચિહ્ન છે એવી ભાગવતમાં કથા છે. બ્રહ્મા, વિષ્ણુ, ને રુદ્ર એ ત્રણમાં મોટામાં મોટું કોણ એની પરીક્ષા કરવા ઋષિ ત્રણે પાસે ગયા ને તેમનું અપમાન કર્યું. બ્રહ્મા ને શિવે તે સહન ન કર્યું. પછી વિષ્ણુ પાસે જઈ તેમની છાતીમાં લાત મારી, પણ તે કંઈ બોલ્યા નહિ. એ ચિહ્ન તે શ્રીવત્સ.

हृत्कल्पितम्—મને કલ્પેલું. એ શ્લોકમાં માનસિક પૂજા છે.

भेदप्रतिपत्तिः—ભેદનું જ્ઞાન. હું એ બેને ભિન્ન જાણતો નથી.

रामो राजमणिः—એ શ્લોકમાં राम શબ્દની સર્વ વિભક્તિનાં એ૦ વ૦ નાં રૂપો આવે છે.

परिशिष्ट.

સંસ્કૃત વૈયાકરણોમાં **पाणिनि**નું નામ સુપ્રસિદ્ધ છે. એમનું વ્યાકરણ આઠ અધ્યાયમાં હોવાથી **अष्टाध्यायी** કહેવાય છે. એ પરની ટીકાઓમાં **भट्टोजि** દીક્ષિતની **सिद्धान्तकौमुदी** વિશેષ પ્રચાર પામેલી છે. સંસ્કૃત વ્યાકરણનું શાસ્ત્રીય જ્ઞાન **सिद्धान्तकौमुदी**ના અભ્યાસ વિના પ્રાપ્ત કરાતું નથી. એનો લઘુ ગ્રન્થ **लघुसिद्धान्तकौमुदी** છે. એવા ગ્રન્થમાં પ્રવેશ કરવા ઇચ્છનારનો માર્ગ સુગમ કરવાના હેતુથી આ પરિશિષ્ટ આપ્યું છે.

પાણિનિના નિયમો સંક્ષેપમાં ઘણી હકીકત દર્શાવે છે તેથી **सूत्र** કહેવાય છે. એ સૂત્રો ટૂંકાં હોવાથી સહેલથી યાદ રહે છે ને વ્યાકરણનો માર્ગ સુગમ થાય છે. **संस्कृतशिक्षिका** નું અધ્યયન કર્યા પછી, પુનરાવર્તન કરતી વખતે આ પરિશિષ્ટમાં આપેલાં સૂત્રો શીખવાથી સંસ્કાર દૃઢ થશે. એ સૂત્રો સમજવા માટે પ્રથમ કેટલીક સંજ્ઞા ને પરિભાષાનું જ્ઞાન જરૂરનું છે. પાણિનિના વ્યાકરણનું બંધારણ નીચેનાં ૧૪ માહેશ્વર સૂત્રો પર છે.

अइउण् । ऋऌक् । एओङ् । ऐऔच् । हयवरट् । लण् । ञमङणनम् । झभञ् । घढधष् । जबगडदश् । खफछठथचटतव् । कपय् । शषसर् । हल् ।

આ સૂત્રોના અન્ત્ય તેમજ **लण्** સૂત્રમાંના **ल** માંનો **अ**કાર **इत्** કહેવાય છે. આ પ્રમાણે **ण्**, **क्** વગેરે **इत्** છે. **ह**કારાદિમાં **अ**કાર ઉચ્ચાર કરી શકાય માટે છે.

સૂત્રોમાંના કોઈ પણ અક્ષર સાથે આ **इत्**સંજ્ઞક વર્ણને જોડવાથી **अण्**, **अक्**, **अच्**, **इक्**, **हल्**, **अल्**, વગેરે સંજ્ઞા થાય છે તે **प्रत्याहार** કહેવાય છે, તેમાં તે તે આદિવર્ણથી માંડીને તે તે અન્ત્ય વર્ણ સુધી **इत्**સંજ્ઞક વર્ણ સિવાય તમામ વર્ણોનો સમાવેશ થાય છે; જેમકે **अक्** માં **अ**, **इ**, **उ**, **ऋ**, ને **ऌ** વર્ણો આવે છે, **ण्** ને **क्** આવતા નથી; કેમકે તે **इत्संज्ञक** છે; **अच्** માં **अ**, **इ**, **उ**, **ऋ**, **ऌ**, **ए**, **ओ**, **ऐ**, ને **औ** આવે છે. **हल्** માં પ્રથમ **ह** થી એટલે **हयवरट्** એ સૂત્રના **ह** થી, **ल** પર્યન્ત **इत्** સંજ્ઞક સિવાય તમામ વર્ણ આવે છે; અર્થાત્, બધાં વ્યંજન આવે છે.

સ્વરના ત્રણ પ્રકાર છે. **ह्रस्व**, **दीर्घ**, ને **प्लुत**—દીર્ઘથી પણ જે સ્વર લાંબો બોલાય છે તે **प्लुत** કહેવાય છે. દૂરથી કોઈને બોલાવતી વખતે જે નામ ઉચ્ચારાય છે તેનો છેલ્લો સ્વર **प्लुत** હોય છે. વળી એમાંનો દરેક પ્રકાર **अनुनासिक** (નાસિકા વડે જેનો ઉચ્ચાર થાય તે) ને **अननुनासिक** એમ બે પ્રકારનો છે. આમ છ પ્રકાર થયા. વેદમાં **उदात्त** (ઊંચેથી બોલાતો), **अनुदात्त** (નીચેથી બોલાતો), ને **स्वरित** (વચલો) એવા પણ સ્વરના વિભાગ છે. ઉપલા છ પ્રકારમાંના દરેકના આ ત્રણ વિભાગ થાય છે. આ પ્રમાણે **अ**, **इ**, **उ** એ દરેક અઢાર પ્રકારનો છે. **ऋ** ના પણ એ રીતે અઢાર પ્રકાર થાય છે, **ऌ** નું દીર્ઘરૂપ નથી તેથી તેના ૧૨ પ્રકાર છે; વળી **ऋ** ને **ऌ** પરસ્પર સવર્ણ હોવાથી એક એકના પ્રકાર એક એકને લાગુ પડી દરેકના ત્રીસ પ્રકાર છે. **ए**, **ऐ**, **ओ**, **औ** નાં હ્રસ્વરૂપ નથી; તેથી તે દરેકના બાર પ્રકાર છે.

ઉપરનાં કારણથી સૂત્રોમાં જ્યાં સ્વરોનું જ્ઞાન પ્રત્યાહારોથી થતું હોય ત્યાં દરેક પ્રકારના સ્વર સમજવા; અર્થાત્, **अक्** માં अ, इ, उ, ऋ ને ऌ બધા પ્રકારના સમજવા. જ્યાં અમુકજ પ્રકારનો સ્વર સમજવાનો હોય છે ત્યાં પાણિનિ તે સ્વર પછી તકાર ઉચ્ચારે છે. જેમકે **अत्**, એટલે अ જ–હ્રસ્વનાજ છ પ્રકારવાળો. **आत्** એટલે आ જ–દીર્ઘનાજ છ પ્રકારવાળો

स्थानानि (જુઓ પૃ૦ ૮).

अकुहविसर्जनीयानां कण्ठः (अ, कु–कवर्ग, ह्, ને વિસર્ગનું કંઠસ્થાન).

इचुयशानां तालु (इ चु–चवर्ग, य् ને श् નું તાલુસ્થાન).

ऋटुरषाणां मूर्धा (ऋ, टु–टवर्ग र् ને ष् નું મૂર્ધસ્થાન).

लृतुलसानां दन्ताः (ऌ, तु–तवर्ग, ल्, ને स् નું દન્તસ્થાન).

उपूपध्मानीयानामोष्ठौ (उ, पु–पवर्ग, ને उपध्मानीय નું ઓષ્ઠસ્થાન).

ञमङणनानां नासिका च (ञ् ,म्,ङ्, ण्, ને न् નું નાસિકા પણ છે).

एदैतोः कण्ठतालु (ए ને ऐ નું કંઠતાલુ).

ओदौतोः कण्ठोष्ठम् (ओ ને औ નું કંઠોષ્ઠ).

वकारस्य दन्तोष्ठम् (वकारनुं દન્તોષ્ઠ છે).

जिह्वामूलीयस्य जिह्वामूलम् ([1]જિહ્વામૂલીયનું જિહ્વામૂલ).

नासिकानुस्वारस्य (અનુસ્વારનું નાસિકાસ્થાન).

संधिनियमाः ।

इको यणचि ॥ ६ । १ । ७७ ॥–**इक्** નો इ, उ, ऋ, ऌનો **यण्**–य्, व्, र्, ल् થાય છે **अच्**–સ્વર પર છતાં. જુઓ પૃ૦ ૧૯ નિ૦ ૧.

अकः सवर्णे दीर्घः ॥ ६ । १ । १०१ ॥–**अक्** નો સવર્ણ (**अच्**) પર છતાં દીર્ઘરૂપ એક આદેશ થાય. પૃ૦ ૧૨ નિ૦ ૪.

अदेङ् गुणः ॥ १ । १ । २ ॥–**अत्**–अ ને **एङ्**–ए ને **ओ** ગુણ કહેવાય છે. પૃ૦ ૪.

वृद्धिरादैच् ॥ १ । १ । १ ॥–**आत्**–आ ને **ऐच्**–ऐ ને **औ** એ વૃદ્ધિ કહેવાય છે, પૃ૦ ૪.

एचोऽयवायावः ॥ ६ । १ । ७८ ॥–**एच्** ના (**अच्** પર છતાં) અનુક્રમે **अय्**, **अव्**, **आय्**, ને **आव्** થાય છે. પૃ૦ ૧૬ નિ૦ ૪.

आद्गुणः ॥ ६ । १ । ८७ ॥–અવર્ણથી (**अच्** પર છતાં), બંનેને સ્થાને એક ગુણાદેશ થાય પૃ૦ ૧૩ નિ૦ ६.

स्तोश्चुना श्चुः ॥ ८ । ४ । ४० ॥–**स्** ને તવર્ગનો **श्** ને ચવર્ગની સાથે યોગ થયે **श्** ને ચવર્ગ થાય. પૃ૦ ૧૬ નિ૦ ६.

---

૧ क ની પૂર્વે અર્ધવિસર્ગ જેવો (ᳵ) તે जिह्वामूलीय ને प ની પૂર્વે અર્ધવિસર્ગ જેવો તે उपध्मानीय કહેવાય છે. रामः + करोति=रामः करोति કે राम ᳵ करोति रामः + पाति=रामः पाति કે रामः ᳶ पाति જિહ્વામૂલીય ને ઉપધ્માનીય લખવાનો પ્રચાર લુપ્ત થયા જેવો છે.

૨ ओष्ठ ની પૂર્વે અકાર હોય તો अ ને ओनी સંધિ ओ કે औ થાય છે; कण्ठोष्ठम् કે कण्ठौष्ठम्.

૩ अष्टाध्यायी માં દરેક અધ્યાયના ચાર પાદ છે; ને દરેક પાદમાં સૂત્રો છે. આ સૂત્ર છઠ્ઠા અધ્યાયના ૧ પાદનું ૭૭ મું છે. એમ અન્ય સ્થળે સમજવું.

ष्टुना ष्टुः ॥ ८ । ४ । ४१ ॥–(स ને तवर्गનો) ष् ને टवर्गની સાથે યોગ થયે ष् ને ટવર્ગ થાય. પૃ૦ ૧૯ નિ૦ ૫.

रषाभ्यां नो णः समानपदे ॥ ८ । ४ । १ ॥–र् ને ष् થી પર न् નો ण् થાય સમાન પદમાં.

ऋवर्णान्नस्य णत्वं वाच्यम्–ऋવર્ણની પર न् નો ण् થાય. પૃ૦ ૧૨ નિ૦ ૧.

अट्कुप्वाङ्नुम्व्यवायेऽपि ॥ ८ । ४ । २ ॥–अट् , કવર્ગ, પવર્ગ, आङ्, (આઉપસર્ગ), ને नुम्–અનુસ્વાર) નું વ્યવધાન હોય (એ વર્ણો ऋ, र्, ને ष्માંના કોઈ વર્ણ ને न्ની વચ્ચે હોય) તોપણ न्નો ण् થાય. પૃ૦ ૧૨ નિ૦ ૨.

आदेशप्रत्यययोः ॥ ८ । ३ । ५९ ॥–(इण ને कवर्ग થી પર) આદેશ ને પ્રત્યયનો (અપદાન્ત સકારનો મૂર્ધન્ય=षकार થાય છે). પૃ૦ ૩૩ નિ૦ ૨.

ईदूदेद्द्विवचनं प्रगृह्यम् ॥ १ । १ । ११ ॥–ईत् , ऊत् , ને एत् એ જેને અન્તે હોય એવું દ્વિવચન प्रगृह्य કહેવાય છે. પૃ૦ ૧૯ નિ૦ ૪.

प्लुतप्रगृह्या अचि नित्यम् ॥ ६ । १ । १२५ ॥–પ્લુત ને પ્રગૃહ્ય अच् પર છતાં નિત્ય પ્રકૃતિરૂપે રહે છે (તેની સંધિ થતી નથી). પૃ૦ ૧૯ નિ૦ ૪.

सुप्तिङन्तं पदम् ॥ १ । ४ । १४ ॥–सुप् (વિભક્તિના પ્રત્યયો) ને तिङ् (કાળ ને અર્થના પ્રત્યયો) જેને અન્તે હોય તે पद કહેવાય છે. પૃ૦ ૧૧ નિ૦ ૩.

चोः कुः ॥ ८ । २ । ३० ॥–चवर्गનો कवर्ग થાય (झल् પર છતાં ને પદાન્તે). પૃ૦ ૩૩ નિ૦ ૧.

हो ढः ॥ ८ । २ । ३१ ॥–ह्નો ढ् થાય છે (झल् પર છતાં ને પદાન્તે). પૃ૦ ૧૧૫ નિ૦ (अ).

दादेर्धातोर्घः ॥ ८ । २ । ३२ ॥–दકારથી શરૂ થતા ધાતુના (ह्નો) घ् થાય (झल् પર છતાં ને પદાન્તે). પૃ૦ ૧૧૬ નિ૦ (ई).

वा द्रुहमुहष्णुहष्णिहाम् ॥ ८ । २ । ३३ ॥–द्रुह्, मुह्, स्नुह्, ને स्निह् ના (ह्નો) વિકલ્પે (घ् થાય, અર્થાત્ , घ् ને ढ् બંને થાય) (झल् પર છતાં ને પદાન્તે). પૃ૦ ૧૧૬ નિ૦ (उ).

रो रि ॥ ८ । ३ । १४ ॥–રેફનો રેફ પર છતાં (લોપ થાય). પૃ૦ ૧૬ નિ૦ ૨.

ढ्रलोपे पूर्वस्य दीर्घोऽणः ॥ ६ । ३ । १११ ॥–ढ् ને र्નો લોપ કરાવે એવા વર્ણ પર છતાં પૂર્વના अण् નો (अ इ उ નો) દીર્ઘ થાય. પૃ૦ ૧૧૫ નિ૦ (आ).

सहिवहोरोदवर्णस्य ॥ ६ । ३ । ११२ ॥—सह् ને वह्ना अवर्णનો (ढ्નો લોપ થયે) ओ થાય. પૃ૦ ૧૧૬ નિ૦ (ऊ).

झषस्तथोर्धोऽधः ॥ ८ । २ । ४० ॥—झष्થી પર त् ને थ् નો ध् થાય, धा ધાતુનાનો નહિ. પૃ૦ ૧૧૫ નિ૦ (इ).

---

૧ પાણિનિનાં સૂત્રોની ન્યૂનતા કાત્યાયને વાર્તિકથી પૂરી. એ વાર્તિકને અન્તે वाच्यम् કે वक्तव्यम् એ શબ્દ વાપર્યો છે. એ બેમાં પણ જે અપૂર્ણતા રહી તે ભાષ્યકાર પતંજલિએ પોતાની ઇષ્ટિથી પૂરી. એ ઇષ્ટિને અન્તે इष्यते જેવો શબ્દ છે.

झलां जश् झशि ॥ ८ । ४ । ५३ ॥ झल् નો झश् પર છતાં जश् થાય.
પૃ૦ ૧૦૪ નિ૦ (आ).

झलां जशोऽन्ते ॥ ८ । २ । ३९ ॥—झल् નો जश् થાય પદાન્તે.
પૃ૦ ૪૨ નિ૦ ૩.

यरोऽनुनासिकेऽनुनासिको वा ॥ ८।४।४५—(પદાન્તે) यर् નો અનુનાસિક પર છતાં અનુનાસિક વિકલ્પે થાય. પૃ૦ ૪૨ નિ૦ ૩.

व्रश्चभ्रस्जसृजमृजयजराजभ्राजच्छशां षः ॥ ८ । २ । ३६ ॥–व्रश्च्, भ्रस्ज्, सृज्, मृज्, यज्, राज्, भ्राज्, છકારાન્ત ને शकारान्तनो (અન્ત્ય વર્ણનો) षकार થાય (झल् પર છતાં ને પદાન્તે). પૃ૦ ૧૦૪ નિ૦ (अ).

नश्चापदान्तस्य झलि ॥ ८ । ३ । २४॥–અપદાન્ત नूनुं ને (मूनुं) झल् પર છતાં (અનુસ્વાર થાય). પૃ૦ ૭૩ નિ૦ ૨.

इग्यणः संप्रसारणम् ॥ १ । १ । ४५ ॥ यण् ને સ્થાને इक् થાય તે સંપ્રસારણ કહેવાય છે. પૃ૦ ૬૪ નિ૦ ૬.

शासिवसिघसीनां च ॥ ८ । ३ । ६० ॥–(इण् ને कवर्गथी પર) शास्, वस्, ને घस्ना (स्नो ष् થાય છે). પૃ૦ ૧૦૬ નિ૦ (इ).

अचोरहाभ्यां द्वे ॥ ८ । ४ । ४६ ॥—अच् થી પર र् કે ह्थी પર (यर् નો વિકલ્પે દ્વિર્ભાવ થાય છે. પૃ૦ ૪૧ નિ૦ ૨.

उपान्वध्याङ्वसः ॥ १ । ४ । ४८ ॥–उप, अनु, अधि, ને आ ઉપસર્ગપૂર્વક वस् નું (અધિકરણ કર્મ થાય). પૃ૦ ૭૨ ટિ૦ ૨.

व्याङ्परिभ्यो रमः ॥ १ । ३ । ८३ ॥; उपाच्च ॥ १ । ३ । ८४ ॥–वि, आ, परि, ને उपथी પર रम् ને (પરસ્મૈપદ થાય). પૃ૦ ૪૪ ટિ૦ ૧.

मृजेर्वृद्धिः ॥७।२।११४–मृज् ના (इक् ની) વૃદ્ધિ થાય છે (ધાતુપ્રત્યય પર છતાં).
क्ङित्यजादावेष्यते–कित् ને ङित् (અવિકારક) अजादि પ્રત્યય પર છતાં વિકલ્પે થાય છે. પૃ૦ ૧૦૮ નિ૦ (ऊ).

षढोः कः सि ॥ ८ । २ । ४१ ॥–ष् ને ढ् નો क् થાય स् પર છતાં.
પૃ૦ ૧૦૮ નિ૦ (ए).

स्कोः संयोगाद्योरन्ते च ॥ ८ । २९॥–પદાન્તે ને (झल् પર છતાં) સંયોગના આદિભૂત स्ने क्नो (લોપ થાય). પૃ૦ ૧૦૮ નિ૦ (ऐ).

हुझल्भ्यो हेर्धिः ॥ ६।४।१०१ ॥ हु ધાતુ ને झलन्तथी પર हि નો धि થાય.
પૃ૦ ૧૦૦ નિ૦ ૧૫.

अहःसर्वैकदेशसंख्यातपुण्याच्च रात्रेः ॥ ५।४।८७॥ अहन्, सर्व, एकदेश (અવયવ) વાચક શબ્દો, संख्यात ને पुण्य, (સંખ્યા ને અવ્યય આદિથી) પર रात्रिને (अच् સમાસાન્ત પ્રત્યય) થાય છે. પૃ૦ ૧૩૬.

अन्तरान्तरेण युक्ते ॥ २।३ ॥ ४ ॥ अन्तरा ને अन्तरेणને યોગે (દ્વિતીયા થાય).
પૃ૦ ૯૬ કોશ.

अधिशीङ्स्थासां कर्म ॥ १।४।४६ ॥ अधिपૂર્વક **शी, स्था,** ને **आस** ને। (આધાર) કર્મ થાય. **પૃ૦ ૭૮ ટિ૦ ૧.**

राजाहस्सखिभ्यष्टच् ॥ ५।४।९१ ॥ राजन्, अहन्, ને **सखि** અન્તે હોય એવા (તત્પુરુષથી સમાસાન્ત) **टच्** પ્રત્યય થાય. **પૃ૦ ૧૫૩ ટિ૦ ૧.**

सृजिदृशोर्झल्यमकिति ॥ ६।१।५८॥—**सृज्** ને **दृश्** ને **अम्** આગમ થાય (તેનો **स्रज्** ને **द्रश्** થાય; **अम्** આગમ **मित्** હોવાથી અન્ત્ય **अच्**ની પૂર્વે થાય છે), **झल्**થી શરૂ થતા **अकित्** (જેનો **क् इत्** નથી એવા. એટલે વિકારક, **अकित्**=વિકારક) પ્રત્યય પર છતાં. **પૃ૦ ૧૬૫ (अ) નો પ્રથમ ભાગ.**

मस्जिनशोर्झलि । ७ । १ । ६० ॥ मस्ज् ને **नश्** ધાતુને **झल्** પર છતાં (**नुम्** આગમ થાય). (**नुम्** માં **म् इत्** છે, માટે **नुम् मित्** હોવાથી અન્ત્ય **अच्** ની પૂર્વે **न्** આગમ થાય છે). **પૃ૦ ૧૬૫ નિ૦ (आ).**

કેટલાક સંજ્ઞાશબ્દોના અર્થ.

लट्=વર્તમાનકાળ; **लिट्**=પરોક્ષભૂતકાળ; **लुट्**=શ્વસ્તન ભવિષ્યકાળ; **लृट्**=સામાન્ય ભવિષ્યકાળ; **लेट्**=વિધ્યર્થ (વેદમાં વપરાય છે); **लोट्**=આજ્ઞાર્થ; **लङ्**=ભૂતકાળ (અનદ્યતન); **लिङ्**=વિધ્યર્થ (આશીર્વાદના અર્થમાં **आशीर्लिङ्**); **लुङ्**=અદ્યતન ભૂતકાળ; **लृङ्**=ક્રિયાતિપત્ત્યર્થ.

णिच्—પ્રેરક સાધિત ધાતુનો પ્રત્યય; **सन्**—ઇચ્છાદર્શક સાધિત ધાતુનો પ્રત્યય; **यङ्**—પૌનઃપુન્યદર્શક સાધિત ધાતુનો પ્રત્યય.

अजन्तोऽकारवान् वा यस्तास्यनिट् थलि वेडयम् ।
ऋदन्त ईदृङ्नित्यानिट् क्राद्यन्यो लिटि सेड् भवेत् ॥

જે **अजन्त** ને **अ**કારવાળો ધાતુ **तास्** (શ્વસ્તન ભવિષ્યકાળનો પ્રત્યય) પર છતાં **अनिट्** છે તે **थल्** (પરોક્ષભૂતકાળના **थ**) પર છતાં વિકલ્પે **इ** લે છે. એવો **ऋ**કારાન્ત ધાતુ નિત્ય અનિટ્ છે ને **कृ** આદિથી (**कृ, सृ, भृ, वृ, स्तु, द्रु, स्रु, श्रु,** થી) અન્ય ધાતુ **लिट्** માં (પરોક્ષભૂતકાળમાં **सेट्** છે.

પૃ૦ ૧૭૩ નિ૦ ૯, ૧૦, ૧૧.

સંસ્કૃત વ્યાકરણોમાં ધાતુઓ અનુબન્ધસહિત આપ્યા છે: જેમકે **शक्लृ शक्तौ; मृङ् मरणे; डुकृञ् करणे; गुपू रक्षणे; छिदिर् द्वैधीकरणे; भमु अनवस्थाने; नृती गात्रविक्षेपे.** આમાં **लृ, ङ्, ञ्, ऊ, इर्, उ, ई** એ અનુબન્ધો કહેવાય છે. **लृ** અનુબન્ધ જે ધાતુને હોય તે અદ્યતનભૂતકાળમાં બીજો પ્રકાર લે છે. **इर्** અનુબન્ધ હોય તે બીજો પ્રકાર વિકલ્પે લે છે. **ऊ** અનુબન્ધવાળા ધાતુ **वेट्** છે. **ङ्** અનુબન્ધવાળા આત્મનેપદી, ને **ञ्** અનુબન્ધવાળા ઉભયપદી છે. **उ** અનુબન્ધવાળા ધાતુને અવ્ય૦ કૃ૦ ના **त्वा** પ્રત્યય પૂર્વે **इ** આગમ વિકલ્પે આવે છે. **ई** અનુબન્ધવાળા ધાતુમાં ભૂ૦ કૃ૦ ના **त** પ્રત્યય પૂર્વે **इ** આગમ આવતો નથી. આમ અનુબન્ધસહિત ધાતુઓ યાદ રાખવામાં શ્રમ છે; પણ તે શ્રમ સાથે લાભ પણ છે. અગત્યના ધાતુઓ નીચે આપ્યા છે:—

भ्वादि (१ ग०)

वदि अभिवादनस्तुत्योः
स्पदि किंचिच्चलने
त्रपूष् लज्जायाम्
क्षमूष् सहने
क्रमु पादविक्षेपे
ग्रसु अदने
गाहू विलोडने
शंसु स्तुतौ
स्रंसु ध्वंसु भ्रंसु अवस्रंसने
वृतु वर्तने
वृधु वृद्धौ
स्यन्दू प्रस्रवणे
कृपू सामर्थ्ये
रमु क्रीडायाम्
भ्रमु चलने
पद्लृ विशरणगत्यवसादनेषु
गुहू संवरणे
गम्लृ सृप्लृ गतौ
पत्लृ गतौ
दृशिर् प्रेक्षणे
डीङ् विहायसा गतौ
त्रैङ् पालने
श्रिञ् सेवायाम्
भृञ् भरणे
हृञ् हरणे
णीञ् प्रापणे
धृञ् धारणे

अदादि (२ ग०)

चक्षिङ् व्यक्तायां वाचि
शीङ् स्वप्ने
षूङ् प्राणिगर्भविमोचने
ष्टुञ् स्तुतौ
ब्रूञ् व्यक्तायां वाचि
मृजू शुद्धौ
रुदिर् अश्रुविमोचने
शासु अनुशिष्टौ

जुहोत्यादि (३ ग०).

डुभृञ् धारणपोषणयोः
ओहाङ् गतौ
डुदाञ् दाने
डुधाञ् धारणपोषणयोः

दिवादि (४ ग०).

दिवु क्रीडादिषु
त्रसी उद्वेगे
नृती गात्रविक्षेपे
जनी प्रादुर्भावे
शमु उपशमे
तमु काङ्क्षायाम्
दमु उपशमे
श्रमु तपसि खेदे च
भ्रमु अनवस्थाने
क्षमू सहने
क्लमु ग्लानौ
मदी हर्षे
असु क्षेपणे

स्वादि (५ ग०).

षुञ् अभिषवे
चिञ् चयने
स्तृञ् आच्छादने
वृञ् वरणे
धुञ् कम्पने
शक्लृ शक्तौ
आप्लृ व्याप्तौ

तुदादि (६ ग०.)

उन्दी क्लेदने
दृङ् आदरे
धृङ् अवस्थाने
पृङ् व्यायामे
मृङ् प्राणत्यागे
षद्लृ विशरणादिषु
मुच्लृ मोक्षणे

लुप्लृ छेदने
विदॢ लाभे
कृती छेदने

रुधादि (७ ગ०)

रुधिर् आवरणे
छिदिर् द्वैधीकरणे
भिदिर् विदारणे
रिचिर् विरेचने
युजिर् योगे
शिष्लृ विशेषणे
पिष्लृ संचूर्णने
अञ्जू व्यक्त्यादिषु

तनादि (८ ગ०).

तनु विस्तारे
क्षणु क्षिणु हिंसायाम्
मनु अवबोधने
वनु याचने
डुकृञ् करणे

क्र्यादि (९ ગ०).

डुक्रीञ् द्रव्यविनिमये
प्रीञ् तर्पणे कान्तौ च
पूञ् पवने
स्तृञ् आच्छादने
वृञ् वरणे
धूञ् कम्पने
लूञ् छेदने
क्लिश विबाधने

चुरादि (१० ગ०).

धूञ् कम्पने
प्रीञ् तर्पणे

મુંબઈ—ખેતવાડી બૅકરોડ ઘર નં. ૧-૨ અને ૩, "તત્ત્વવિવેચક" છાપખાનામાં રા. ભીવાજી હરી શિંદે એ છાપ્યું, તે રાવબહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ., એ સુરત હવાડીઆ ચકલામાં પ્રસિદ્ધ કર્યું.